માર્ચ ૨૦૧૯ વાર્ષિક લવાજમ રૂ.૧૫૦/-

પાવન હૃદય

# દૂત



‘ક્રૂસમાં જીવન, મુક્તિ ને પુનરુત્થાન .....’


J&A Investments & Holidays
ફરીથી લઈને આવે છે...
પવિત્ર ભૂમિની યાત્રા...
જોર્ડન - ઈઝરાયેલ - પેલેસ્ટાઈન - ઈજીપ્ત ( ૧૧ દિવસ )
ફક્ત રૂ|. ૯૯,૦૦૦ માં જ
રીટ્રીટ અને ધર્મબોધ
ફાધર પરેશ પરમાર દ્વારા
બુકિંગ માટે સંપર્ક કરો
એલેક્ષ : 9879592282 /પૂર્વિશા : 9712991282
મૌલિની : 9727292282/ જેકલીન : 9586005774
ઓફિસ :- ૯, મારૂતિ સ્પંદ , એસ.બી.આઈ. બેંકની બાજુમાં ,આણંદ - ચાવડાપુરા રોડ, આણંદ.

**Publisher's Name**
**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રીઃ**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રીઃ**
જસવંત મેકવાન
મો. ૯૪૨૭૩ ૮૨૯૯૭

**સહતંત્રીઃ**
શૈલેષ ક્રિસ્ટી

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા, ફ્રાન્સિસ ડાયર્સા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
માર્ટિન એમ. મેકવાન

**ટાઈપ સેટિંગઃ** મેલકમ પી. પરમાર

**ડિઝાઈનઃ** વિજય મેકવાન

**અંકઃ ૩ વર્ષઃ ૨૦૧૯**

પાવન હૃદય **દૂત**

# અનુક્રમણિકા

**આમંત્રિત તંત્રીલેખ**
સમકક્ષ વિચારો, કાબેલ બનો, પરિવર્તન માટે નવું કરો ✧ ઈન્દુ રાવ ૦૫

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૦૭
જોસેફ વાય. મેકવાન ✧ શૈલેષ વાણિયા ✧ જોન બેડા પરમાર 'રમણ'
✧ રજનીકાંત જોસેફ રાઠોડ ✧ સિલાસ પટેલિયા

**લેખો**
સતાવણીના સમયમાં...શ્રદ્ધાનું સિંચન ✧ બ્રધર મેલ્વીન ડિસા એસ.જે. ૦૮
રાષ્ટ્રીય રસીકરણ દિવસ ✧ આલ્ફોન્સ ફ્રાન્સિસ ૧૦
તપઋતુમાં હૃદય પરિવર્તન ✧ બ્રધર કિશોર ગાવિત એસ.જે. ૧૨
જ્યૂપણું ✧ જોન કાનીસ ૧૪
મનોરંજન આધ્યાત્મિકતા ! ✧ ફાધર હેરી પિન્ટો ૧૬
ખ્રિસ્તી જીવનની પરિપૂર્ણતા ✧ બ્રધર રોબર્ટ ક્રિસ્ટી એસ.જે. ૧૭
યોસેફ : ઈસુના પિતા, મરિયમના પતિ ✧ ફાધર વર્ગીસ પોલ એસ.જે. ૧૮
સ્ત્રી સશક્તિકરણની સાઈડ ઈફેક્ટસ ✧ સુશીલા મેકવાન ૨૦
મહિલાઓ હાંસિયામાં ! ✧ ફાધર ડો. વિનાયક જાદવ / અનુ. : બકુલ મેકવાન ૨૧
સતી ✧ અન્નપૂર્ણા મેકવાન ૨૨
અનોખી શરત ✧ વિમળા બાસીલ પરમાર ૨૩
ટ્રાન્સજેન્ડર સમુદાયના અધિકાર ✧ સ્નેહલતા ભાટિયા ૨૪
ધર્મસભા અને મહિલા ગરિમા ✧ આગ્નેસ વાઘેલા ૨૬
પરીક્ષાનું પ્રેશર ✧ શ્રેયા રાજેશ ચૌહાણ ૨૮

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૩૧

પરીક્ષાઃ વિદ્યાર્થી, વાલી અને આપણે ✧ શૈલેષ રાઠોડ 'અભિધેય' ૩૬
સ્વચ્છતા ✧ રીપલ ડાભી ૩૮
સ્વ. ફાધર ઉત્તમ ✧ ફાધર પોલ રાજ અને પરમ આદરણીય સ્ટેની ૩૯
સ્વ. માસ્તર આલ્બાન ✧ એડવર્ડ ઈ. પરમાર ૩૯
સ્વ. ફાધર લારુમ્બે એસ.જે. ✧ પ્રકાશકુમાર મહેન્દ્રભાઈ અસારી ૪૧
સર્જક વિના સર્જન હોઈ શકે ? ✧ ડો. થોમસ પરમાર ૪૨
સંન્યસ્તજીવનની સુવર્ણજયંતી ✧ તંત્રીશ્રી ૪૪
પુરોહિતદીક્ષાની રજતજયંતી ✧ ફ્રાન્સિસ ડાયર્સા ૪૬

**પંખીની પાંખે (સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી )** ૫૧

**આવરણઃ** છઠ્ઠી માર્ચ ૨૦૧૯ ભસ્મ બુધવારથી તપઋતુનો શુભારંભ થાય છે, જેનું સમાપન પાસ્ખાપર્વની ઉજવણી દ્વારા થશે. ક્રૂસમાં જ આપણું જીવન, મુક્તિ અને પુનરુત્થાન છે તેનું સ્મરણ ક્રૂસ કરાવે છે.

Cover photo courtesy : museumcenter.org
અને અંકની અંદરના ફોટો : સૌજન્ય ગુગલ




'સ્વત્યાગ અને સ્વાર્પણ માટે તપઋતુ એ સાનુકૂળ સમય છે. રોજબરોજ સ્વાત્માર્પણ દ્વારા અન્યને મદદ કરીએ.'

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✝ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✝ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✝ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 240161**
**Mob. 94084 20847 / (02692) 240178**
**Website: http://www.gspbooks.in**
**e-mail : phdoot@gmail.com**

### રવિવારે કાર્યાલયમાં રજા રહેશે

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### નવેમ્બર, ૨૦૧૬થી જાહેરાતના નવા દર

| | |
|---|---|
| છેલ્લું કવરપેજ | : રૂા. ૧૪,૦૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : રૂા. ૧૩,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૮,૪૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૪,૨૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૨,૧૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૭૦૦ |

### જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું
પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧



# આમંત્રિત તંત્રીલેખ...

# સમકક્ષ વિચારો, કાબેલ બનો, પરિવર્તન માટે નવું કરો

કેરાલાના સબરીમાલા મંદિરમાં સ્ત્રીઓના પ્રવેશનો વિવાદ ઘણો ચર્ચાસ્પદ રહ્યો છે. સુપ્રિમ કોર્ટના આદેશ પછી પણ અમુક વયની સ્ત્રીઓના પ્રવેશ સામે વિરોધ ચાલુ રાખનારાઓએ અચાનક જ પોતાનો નિર્ણય બદલી કાઢીને દરેક સ્ત્રીને મંદિરમાં પ્રવેશ કરવાની છૂટ આપી છે ખરી, પરંતુ એનાથી સ્ત્રીઓ સ્વમાનભેર મંદિરમાં પ્રવેશ કરી શકશે ખરી ? આપણે જાણીએ છીએ કે બિંદુ અમીની અને કનકદુર્ગાએ પોલિસ આરક્ષણ હેઠળ અયપ્પા મંદિરમાં પ્રવેશ કરવાની હામ ભીડી સ્ત્રી સશક્તિકરણનું ઉદાહરણ પૂરું પાડીને દેશભરમાં નામના મેળવી. જોકે કનકદુર્ગાને મંદિર પ્રવેશ પછી પોતાના શ્વસુર અને પિયરના લોકોએ પોતાના ઘરના દરવાજા બંધ કરી દીધા ને એને ગૃહ પ્રવેશ માટે જંગે ચડવું પડ્યું તથા પતિ અને બાળકોથી દૂર થવું પડ્યું છે, એ શું બતાવે છે ?

બીજી બાજુ સુપ્રિમ કોર્ટે સબરીમાલા મંદિરમાં મહિલાઓનો પ્રતિબંધ હટાવીને સ્ત્રીઓને પ્રવેશ કરવાનો અધિકાર આપ્યો, એ ફેંસલાથી પ્રેરિત થઈને કેરાલાની મુસ્લિમ મહિલાઓના જૂથ NISA - જે પ્રગતિશીલ મહિલાઓનું એક ફોરમ છે, તેઓએ કેવળ મસ્જિદમાં પ્રવેશ કરવાનો જ મુદ્દો લીધો નથી, એની સાથે તેઓએ ઈમામ થવાનો અધિકાર માગ્યો છે તથા બહુવિવાહ પ્રથા અને નિકાહ - હલાલા જેવી પરંપરાગત પ્રથાઓની વિરુદ્ધ અવાજ ઊઠાવ્યો છે. NISA અધ્યક્ષ વી.પી. જુહરાનું કહેવું છે કે 'પવિત્ર કુરાનમાં કે પયગંબર મોહમ્મદ સાહેબે મહિલાઓને મસ્જિદમાં ઈબાદત કરવા અંગેની ક્યાંય મના કરી નથી. તેઓ શું કહેવા માંગે છે ?'

આવી રીતે સ્વાધિકાર માટે લડનારી, જંગે ચડનારી સ્ત્રીઓ કેટલી ? સ્ત્રીઓ જાતે પોતાના હકો-સ્વાધિકારો માટે જાગૃત ન થાય અને પરંપરાગત જે ચાલ્યું આવ્યું છે તે ઘરેડમાં રૂઢ થયેલા રીતિ-રિવાજોના માળખામાં જીવી કાઢવાની એમની માનસિકતામાં કોણ પરિવર્તન આણી-લાવી શકે ? જાગૃત થવાનો પ્રયત્ન સ્વથી - ખુદથી જ થાય. વળી પોતાના અસ્તિત્વ અને અસ્મિતાની ઓળખ માટે પ્રતિપળ સભાન રહેવાનું છે.

પ્રવર્તમાન સમયને ધ્યાનમાં રાખીને 'યુનાઈટેડ નેશન્સ વિમેન્સ' ('UN WOMEN Org') સંસ્થા જેઓ સ્ત્રીઓના સશક્તિકરણ માટે કામ કરે છે, તેમણે આ વર્ષના આંતરરાષ્ટ્રીય મહિલાદિન ૮મી માર્ચ ૨૦૧૯ નો વિષય પસંદ કર્યો છે, 'Think equal, build smart, innovate for change' - 'સમકક્ષ વિચારો, કાબેલ - બાહોશ બનો, પરિવર્તન માટે નવું કરો.' એમની વિષય પસંદગીમાં સ્ત્રીઓ સબળ - સશક્ત બને એ માટેનાં સઘળા પાસાંઓ આવરી લેવાયાં છે. એમાં જ એમની કાબેલિયતને દાદ દેવી પડે ! પ્રથમ હેતુ મૂક્યો છે : સમકક્ષ - સમાન વિચારો. અર્થાત્ જેમાં લિંગ જાતિ વિષયક સમાનતા સમાયેલી છે. સ્ત્રી-પુરુષ એક સમાન, એની સાથે બંનેની સમાન વિચારસરણીની અપેક્ષા રાખીને 'Ballence for better' જેમાં લિંગ સંતુલિત વિશ્વ બનાવીને ભવિષ્ય વધુ ઉજ્જવળ બનાવવાની ગુંજાઈશ કરવામાં આવી છે. આદિકાળથી ચાલી આવેલી સ્ત્રી-પુરુષ અસમાનતા(શારીરિક-માનસિક ભિન્નતા) ને કારણે થતા અન્યાયો સામે ન્યાય માટે વર્ષ ૧૯૧૧માં શરૂ કરાયેલ આંતરરાષ્ટ્રીય મહિલા દિન આજે વર્ષ ૨૦૧૯ એટલે ૧૦૮ વર્ષથી સ્ત્રીઓ જરાય થાક્યા-હાર્યા વિના મોટી આશા રાખીને જાતિ સમાનતા અને વધુ સામાજિક સુરક્ષા સાથે મહિલાઓના સશક્તિકરણ માટે સતત પ્રયત્નશીલ રહી છે.

સ્ત્રીને કાબેલ-દક્ષ બનાવો : આપણે આપણા દેશમાં સમકક્ષ વિચારો સાથે સ્ત્રી-પુરુષ સમાનતા લાવવા માટે તથા સ્ત્રીઓ વધુને વધુ શારીરિક અને માનસિક રીતે સશક્ત બને એ માટે વધુને વધુ પ્રયાસો ચાલુ રાખવાના છે. જેના પાયામાં સૌ પ્રથમ આવે છે 'બેટી બચાઓ, બેટી પઢાઓ.' સરકાર આ મુદ્દા પર જાગૃત રહીને-સાવધાન બનીને બેટી જન્મ માટે દબાણ લાદે છે. પરંતુ જે મા-બાપ સરકારના દબાણ હેઠળ દીકરીને જન્મ આપવા મજબૂર થતાં હોય તેઓ દીકરીને જન્મ આપ્યા બાદ એનો ઉછેર કેવી રીતે કરતાં હશે ! દીકરાના ઉછેરમાં-પોષણમાં અને શિક્ષણમાં વધુ પડતી કાળજી લેવાય છે.

વાસ્તવમાં દીકરા-દીકરી બંનેનો સમાન ઉછેર ધીરે ધીરે સમાજમાં સ્ત્રી-પુરુષ સમાનતા લાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. વિશ્વમાં સ્ત્રીઓ જ્યાં વધુ સ્વાતંત્ર્ય, અધિકાર અને મુક્તિ ભોગવે છે તેવા દેશોમાં આપણા ભારત દેશનો નંબર છેલ્લેથી બીજો હતો તેવું ઈન્ફોસીસ ફાઉન્ડેશન-સેવા સંસ્થાના સંચાલક સુધામૂર્તિનું નિવેદન છે. સ્ત્રી જ સ્ત્રીને સશક્ત બનાવવામાં નિરસતા દાખવે તો અસમાન શોચ-વિચાર સ્ત્રીઓની પ્રગતિમાં બાધક બને છે. સાચી વાત છે કે દીકરી આપણા ઘરમાં નથી રહેવાની એ પારકે ઘેર જવાની છે પરંતુ એને એનાં સ્વપ્નાં પૂરાં કરવાનો અધિકાર છે. એની મહત્ત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવા એને માબાપના સાથ-સહકારની ડગલે ને પગલે જરૂર પડે છે. વળી એના વિકાસમાં જ કુટુંબ અને સમાજના વિકાસનું સામર્થ્ય સમાયેલું છે.

અનીસ જંગના 'Unveiling india'ની આ ટૂંકી વાર્તા સમજવા જેવી છે. 'સદીઓ પહેલાંની વાત છે. એક રાજાએ પોતાના રાજ્યમાં અંધારી ગુફાઓમાં વસતા લોકોને દીઠા. તેને દુઃખ થયું. પોતાના રાજ્યમાં લોકોના આવા હાલ ? તરત તેણે હુકમ કર્યો, 'આ લોકોને તાબડતોબ દીવા ને તેલ પૂરાં પાડો. જેથી તેઓ પ્રકાશમાં જીવી શકે.'

પચાસ વર્ષ વીતી ગયાં. ફરી એકવાર રાજા તે જ પ્રદેશમાં જઈ ચડ્યો. ગુફામાં વસતા લોકો આજે પણ અંધારામાં જ વસતા હતા !

'મેં આપેલ તેલ અને દીવાનું શું થયું ?' રાજાએ પ્રશ્ન કર્યો.

'રાજાજી, તમે દીવા પુરુષોને આપેલા, તમારે તે સ્ત્રીઓને

## ગુજરાત યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ ફોર હ્યુમન રાઈટ્સ

બિશપ હાઉસ, મિરઝાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
૧૮-૦૨-૨૦૧૯

**રાષ્ટ્ર સાથે એકરૂપતાનો સંદેશ**

ગુજરાત યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ ફોર હ્યુમન રાઈટ્સ, ભારતીય સેના કાફલા પર થયેલ પુલવામા આતંકી હુમલાને ગંભીરપણે વખોડી કાઢે છે. હુમલામાં શહીદ થયેલા ૪૪ સેનાનીઓ બદલ અંતઃકરણ પૂર્વક શોક અનુભવે છે. રાષ્ટ્રપ્રેમી જવાનોની વીરતા અને આહુતિને નતમસ્તક શ્રદ્ધાંજલિ અર્પે છે અને સર્વ શહીદોનાં પરિવારોને આશ્વાસન પાઠવે છે. સાથોસાથ ભારત દેશની સરકાર તથા સમસ્ત નાગરિકગણ સાથે આતંકવાદ સામેની લડતમાં ગર્વભેર જોડાય છે.

સદ્ગત સેનાનીઓની શહાદત અમર રહો અને પરમકૃપાળુ પરમેશ્વર આપણા ભારત દેશની રક્ષા કરો. જય જવાન, જય ભારત.

**મહાધર્માધ્યક્ષ, થોમસ મેકવાન**
**પ્રેસિડેન્ટ, ગુજરાત યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ ફોર હ્યુમન રાઈટ્સ**

આપવાની જરૂર હતી.' અનુભવી કારભારીએ જવાબ આપ્યો. રાજાએ કારભારીની સલાહ માની. તે દિવસથી તે દિવાઓ સતત બળતા રહ્યા છે, પ્રકાશ પાથરતા રહ્યા છે. (નિજી આકાશ - રંજના હરીશ)

આથી સ્ત્રીઓ-છોકરીઓ શારીરિક-માનસિક રીતે સશક્ત બનતાંની સાથે તેમનામાં શિક્ષણ થકી કાબેલિયત આવવાથી એ પોતે જે ધારે છે તે કરવા માટે સક્ષમ બને છે. તે ક્યારેય થાકશે નહીં. કદાચ હારશે તો ય એનામાં ઊભાં થવાની ક્ષમતા અને આવડતને પરિણામે હિંમતભેર પરિસ્થિતિઓનો-સંઘર્ષનો સામનો કરી તે પોતાનું ધાર્યું ફળ મેળવી શકવાની એ નિઃશંકપણે કહી શકાય. વળી છોકરીઓ - સ્ત્રીઓ સાહસિકતા સાથે ઉત્સાહીપણાથી તે કઠિન કાર્યોમાં ઝંપલાવશે.

પરિવર્તન માટે નવું કરો : નાવીન્ય લાવીશું - આચરણમાં મૂકીશું તે ચોક્કસ આંખે ઊડીને વળગશે. સ્ત્રી-પુરુષ સમાનતાના વિચારો સાથે સ્ત્રી શિક્ષણને પ્રાધાન્ય આપવાથી સ્ત્રીઓમાં આવતી કાબેલિયત-કાર્યદક્ષતા અને દૂરદર્શીપણું, સ્ત્રી સશક્તિકરણના અગત્યનાં પાસાંઓ સમાજ વિકાસના પાયામાં નિહિત છે. આપણા સમાજમાં સ્ત્રીઓ શૈક્ષણિક રીતે આગળને આગળ વધી રહી છે. જેથી આપણે ગૌરવભેર કહીએ છીએ કે 'આપણા સમાજમાં દીકરીઓ શિક્ષણ અને વ્યવસાયમાં દીકરાઓ કરતાં ઘણી આગળ છે.' ત્યારે આપણી સમક્ષ સમાજમાં દીકરાઓ પાછા કેમ પડે છે ? એવો ચિંતાજનક સવાલ ઊભો થાય છે. સમકક્ષ વિચારોની વાત ત્યારે જ કરી શકાય જ્યારે સ્ત્રી-પુરુષ બધી દૃષ્ટિએ સમાનતાપૂર્વક વિચારતાં રહે. આથી દીકરાઓના શિક્ષણ-વ્યવસાય તેમના વિકાસ પ્રતિ દુર્લક્ષ ન સેવાય. દીકરીઓની સાથે દીકરાઓ પણ જીવનમાં સફળ થવા પરિશ્રમ કરતા રહી, જવાબદારીઓ ઉપાડવા સક્ષમ બને એ વર્તમાન સમયની માંગ છે. તો જ બે પલ્લાંઓનું સંતુલન જળવાય ને !

'યુએન વિમેન' સંસ્થાનું કહેવું છે કે છોકરીઓ-સ્ત્રીઓ માત્ર સુશિક્ષિત થાય એટલું જ પૂરતું નથી. તેઓમાં કાબેલિયત આવે, કાર્યદક્ષતા અને બાહોશપણું આવે એ પણ એમના વ્યક્તિત્વના વિકાસ માટે આવશ્યક છે. હવે માત્ર શિક્ષક, નર્સ, ક્લાર્ક બનીને સુરક્ષા-સલામતીભર્યા વાતાવરણમાંથી બહાર અન્ય ક્ષેત્રોમાં ઝંપલાવવાનો સમય પાકી ગયો છે. પ્રત્યેક પળે બદલાતી દુનિયામાં અનેકાનેક ક્ષેત્રો છે. આથી જે છોકરીઓનો બુદ્ધિઆંક(આઈક્યુ) ઊંચો હોય તો એને સુરક્ષિત કવચમાં પૂરી- બાંધી ન રખાય. કારણ એના માટે વૈશ્વિક સ્તરે વિવિધ ક્ષેત્રોનાં દ્વાર ખુલ્લાં છે. તેઓ યોગ્ય-પૂરતાં માર્ગદર્શન દ્વારા નવું નવું કરવાની તકો ઝડપી લેવા તૈયાર રહે એ માટે કુટુંબમાંથી પ્રોત્સાહન-પ્રેરણાની સાથે મુક્ત વાતાવરણ આપવું પડે. છોકરીઓ-સ્ત્રીઓનો શારીરિક-માનસિક, બૌદ્ધિક વિકાસ ન રુંધાય તેની મોટી જવાબદારી માબાપની છે. આપણે જોઈએ છીએ કે ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન - અનુસંધાન, ખગોળશાસ્ત્ર, ટેકનિકલ(એન્જિનિયર આર્કિટેકટ) તથા વિભિન્ન કલાઓનાં ક્ષેત્રો તથા વેપાર-વાણિજ્યમાં સ્ત્રીઓની સંખ્યા જૂજ પ્રમાણમાં છે. આવાં વણખેડાયેલાં ક્ષેત્રોમાં સ્ત્રીઓએ સંઘર્ષનો સામનો કરીને, આગળ ધપતા રહીને પોતાનું સામર્થ્ય પ્રગટ કરવાનું છે. તેય પૂરેપૂરી સજ્જતા અને સાવધાનીપૂર્વક !

કહેવાય છે કે દરેક સફળ પુરુષની પાછળ સફળ સ્ત્રીનો હાથ રહેલો છે, તેમ એ પણ એટલું જ સાચું છે કે દરેક સફળ સ્ત્રીની પાછળ સફળ પુરુષનો સાથ-સહકાર રહેલો હોય છે. જ્યાં સ્ત્રી-પુરુષ બંને પોતપોતાના અલગ સ્વતંત્ર વ્યક્તિત્વ સાથે પારસ્પરિક જોડાયેલાં રહીને જીવનમાં આગળ વધતાં રહે છે. માત્ર સતત એક સાવધાની રાખતાં રહેવાનું કે ક્યાંય ક્યારેક એકબીજાનો અહં ટકરાય નહીં. સ્ત્રી-પુરુષ બંનેએ સ્વવિકાસની સાથે અન્યોના ઉત્કર્ષમાં યોગદાન આપતા રહેવાથી કુટુંબ અને સમાજ પ્રગતિના પંથે આગેકૂચ કરી શકશે, માત્ર આવશ્યકતા છે બેલેન્સની, બંને પલ્લાંને સમાન રાખવાની, જેના થકી સંતુલિત નવીન સમાજ રચાશે.

દર વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિન-જે સ્ત્રીઓના સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય સિદ્ધિઓની ઉજવણી કરે છે. આ વર્ષે ૮ મી માર્ચ ૨૦૧૯ દિને સમકક્ષ વિચારોની સાથે કાબેલ બનીને, પરિવર્તન માટે નવું કાર્ય કરવા આપણને પ્રોત્સાહિત કરે છે. આપણે સહુ સાથે મળીને સમન્વિત સમાજનું સ્વપ્ન સાકાર કરવા કટિબદ્ધ બનીને પરસ્પર પ્રગતિ સાધીએ.● (ગૂગલ સૌજન્યથી)

**- ઈન્દુ રાવ-નિવૃત્ત આચાર્યા,'દૂત' તંત્રીમંડળ સભ્ય, લેખિકા**

પાવન હૃદય
**દૂત**

# કાવ્યધારા



## દરિયાઈ

ખોલો દયાનાં દ્વાર, પ્રભુ તમને યાચું છું,
મારો તમે આધાર, પ્રભુ તમને યાચું છું...
ખોલો દયાનાં દ્વાર...

જીવનના ઝંઝાવાતોથી આ મન મૂંઝાયું છે,
થઈ રહ્યો બેહાલ, પ્રભુ તમને યાચું છું...

મળતો નથી કિનારો, પ્રભુ શોધીને થાક્યો છું
મધદરિયે ડૂબે વહાણ, પ્રભુ તમને યાચું છું...

જીવન જીવી લીધું છે બધું મોહમાયામાં
જીવનમાં આવી તાણ,
પ્રભુ તમને યાચું છું...

કરશો નહીં પરીક્ષણ, મુજ ગરીબનું
મારો કરો ઉપચાર, પ્રભુ તમને યાચું છું...

સ્વર્ગ તણી ખેવના મને અને સૌને પણ છે
સૌનું કરો કલ્યાણ પ્રભુ તમને યાચું છું...

ભૂલીને બેઠો તમને ને પસ્તાઈ રહ્યો છું
દરિયાઈ દિલદાર, પ્રભુ તમને યાચું છું...

*- જોસેફ વાય. મેકવાન*

## સ્મરણ

આ જિંદગીમાં મસ્તક નમે તુજને,,
હાર થઈ મારી ને જીત થઈ તારી !

આંખોના ઈશારા થાય ને...
ભોળા પારેવડાંનો શિકાર થાય !

તારી બનાવેલી દુનિયામાં હે ઈશ,
માનવ માનવને ભૂલી જાય !

મોહ, લોભ, વેરઝેર ત્યજી -
આયખું તુજમાં સમર્પિત થાય !

*— શૈલેષ વાણિયા*

## ઈસુનું નામ

ઈસુનું નામ સૌને મુક્તિ આપનાર
ઈસુ નામ બોલું વારંવાર !

ઈસુ વિના મને કંઈક થઈ જતું,
તારું નામ યાદ આવતાં હૃદય થનગનતું !

ઓ મારા ઈસુ, તું મારો તારણહાર,
ઈસુ નામ બોલું વારંવાર !

ખાતાં પીતાં તું બહુ યાદ આવતો,
યાદ આવીને મારા હૃદયને ડોલાવતો,

તું મારો પિતા ને હું તારું બાળ,
ઈસુનામ બોલું વારંવાર !

ઈસુનો બધા જય જયકાર કરે -
નાચીકૂદીને એનો જય જયકાર કરે,

એના વિના આપણું જીવન બેકાર,
ઈસુનામ બોલું વારંવાર

*- જોન બેડા પરમાર 'રમણ'*

## જીવિત કૂંપળો

ઘોર અપમાન ક્રૂર મૃત્યુ પર થયો વિજય,
પોઢેલાંની કબર મહીં પાપ પર થયો વિજય !

પાનખર ગઈ ને વસંત મધ્યે ફૂટ્યું નવજીવન,
કળી કળીએ મ્હાલતું ઈસુ કેરું નવજીવન !

ઠૂંઠા અને કપાયેલ વૃક્ષો પરે જીવિત કૂંપળો,
પાપ ત્યજી માણવું ભરપટ્ટે જીવન આંગણે !

સૃષ્ટિ પર બંધાઈ પુનરુત્થાનની આશ,
આકાશ-ચંદ્ર, તારા-નક્ષત્રો પર સૌ કરે વિશ્વાસ !

ઝાડ-પાન, ફળ-ફૂલ,
ફેલાવે શાશ્વત શુભસંદેશ,
ઊઠ'લ્યા ! શાને ડરે ?
પ્રભુ કાજ જીવીશ, મરીશ, ઊઠીશ...

*- રજનીકાંત જોસેફ રાઠોડ*

## આનંદ

ઘનઘોર અંધાર ટેકરીઓ પર
ઝબૂક ઝબૂક થતા આગિયા જેવી

આશા જે
ટેકરીઓની પેલેપારથી
ઊગવાના પરોઢની
રાહ જોતાં શીખવે છે !


એવા પરોઢમાં પછી પરોવવાનાં હોય છે
ફૂટી રહેલાં અજવાળાં
શાંતિથી જોવાનાં સ્વપ્નાં !

એ જ સ્વપ્નાંથી રળિયાત
બનતો રહે છે દિવસ -
ને એને સાકાર કરવા ભરેલાં ડગ
હૈયે સંચિત થતાં રહે છે -
એ જ તો હોય છે દિવસભરનો આનંદ !

ને એ આનંદ જ પછી
નિદ્રાનું હાલરડું બની રહે છે !

*- સિલાસ પટેલિયા*

સ્મરી લે માનવ,
માટી જાયો તું મળશે માટી માંહે.
*- કીર્તનસાગર ૨૬૩*





# સતાવણીના સમયમાં... શ્રધ્ધાનું સિંચન



✍ બ્રધર મેલ્વીન ડિસા એસ.જે

ગુજરાત વિદ્યાદીપ, સેવાસી - વડોદરા

**વડાધર્મગુરુ માન્ય પ્રાર્થના હેતુ : માર્ચ ૨૦૧૯ : ખ્રિસ્તના કારણે જેમની સતામણી થાય છે, તેવા ખ્રિસ્તના અંતેવાસીઓના અધિકારની સુરક્ષા માટે વિશ્વભરનાં ખ્રિસ્તીઓ એકબીજાના સંપર્કમાં રહે.**

'ધર્મને ખાતર જુલમ વેઠનારાઓ પરમસુખી છે, ઈશ્વરનું રાજય તેમનું છે! (માથ્થી ૫:૧૦ ) આખું વિશ્વ વિવિધ ધર્મ અને સંપ્રદાયનું જાણે સંગ્રહસ્થાન છે ! દરેક ધર્મની પોતાની આગવી ઓળખ, સંસ્કૃતિ અને જીવનરીત હોય છે. અલગ અલગ ધર્મ માટે દરેકનો અભિપ્રાય હોય છે, પછી ભલે આપણે ઈશ્વરમાં માનતા હોઈએ કે ના માનતા હોઈએ ! દરેક ધર્મ ઘણીબધી બાબતોમાં પરસ્પર ભિન્નતા ધરાવે છે, કારણ દરેક ધર્મની પોતાની અલગ પરંપરા, ધર્મસ્થાન, રીતભાત, પોશાક, વિચારસરણી, આદર્શ અને મૂલ્યો હોય છે અને આ બધું દરેક ધર્મને પોતાની અલગ વિશિષ્ટતા તેમજ ઓળખ અપાવે છે. તેમ છતાં, એક મહત્ત્વનું અને સનાતન સત્ય એ પણ છે કે દરેક ધર્મ એક અથવા બીજી રીતે પોતાનાં અનુયાયીઓને પોતાનાં ધાર્મિક મૂલ્યો અને આદર્શોને અનુસરવા પ્રેરે છે, તેમજ જીવનમાં સાચા રસ્તા પર ચાલવા પ્રોત્સાહિત કરે છે. તેથી જ આપણી સોથી મોટી જવાબદારી એ છે કે આપણે દરેક ધર્મનો ખૂબ આદર કરીએ.

ઘણીવખત આપણને દરેક ધર્મમાં કોઈક ને કોઈક વિશેષતા અને વિવિધતા નિહાળીએ છીએ. આવું કરતાં અને વિચારતાં આપણે જાણ્યે અજાણ્યે ધર્મ વચ્ચે સરખામણી કરવા લાગીએ છીએ. ધર્મો વચ્ચેની અસમાનતા આપણને જાણ્યે અજાણ્યે ધર્મ કોઈક હાનિ કે ગેરલાભ કરશે તેવું વિચારતા કરે છે. આવું વિચારવાનો આપણો કોઈ જ ઈરાદો નહોતો. આ ધર્મ કોઈક રીતે જુદો જ છે અને જુદા જ પ્રકારની વિચારસરણી ધરાવે છે, આવું વિચારતા માનવને તે ધર્મ પ્રત્યે અને તે ધર્મને અનુસરનારાઓ પ્રત્યે શંકા કુશંકા પેદા થાય છે !

કોઈપણ ધર્મ મુખ્યત્વે બે આધારસ્તંભો પર ટકે છે. જેના પર તે ઊભો હોય છે; આ આધારસ્તંભ છે : ઈશ્વર અને માનવ. આ આધારસ્તંભો વિના કોઈપણ ધર્મ ટકી શકતો નથી. કોઈપણ ધર્મ પ્રત્યે નફરત કે અસલામતીનો અનુભવ થવો, એનો મતલબ એ થયો કે ઈશ્વર અને આપણા માનવ બંધુઓ પ્રત્યે અસમાનતા અને તેમના તરફથી અસલામતી અનુભવવી, તેથી જ, વર્તમાન વિશ્વમાં ખ્રિસ્તી સમુદાયો આ જ વિચારધારાને કારણે ઘણી વિકટ પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે.

આ મહિનાના પ્રાર્થનાના હેતુ અનુસાર આપણા વડાધર્મગુરુ ફ્રાન્સિસ જણાવે છે કે, વિશ્વના ખ્રિસ્તી સમુદાય પોતાના અધિકારો ઓળખે અને આ અન્યાય-અસમાનતાઓથી સભાન બને, જે ખ્રિસ્તીઓ વિવિધ અત્યાચારો વેઠી રહ્યા છે, અન્યાયનો અને ધિક્કારનો ભોગ બની રહ્યા છે, તેઓ આવી પરિસ્થિતિમાં અનુભવી શકે કે પ્રભુ તેમની ખૂબ જ નજીક છે! પ્રભુ ઈચ્છે છે કે આ ખિસ્તીઓને વ્યક્તિગત અને સામૂહિક રીતે પોતાના અધિકારોની પ્રાપ્તિ થાય, આ અધિકારો ધાર્મિક હોઈ શકે, આર્થિક હોઈ શકે, સામાજિક હોઈ શકે. ધાર્મિક સ્વતંત્રતા મૂળભૂત અધિકાર છે. દરેક ધર્મની આગવી અને મૂળભૂત ઓળખ હોવી જ જોઈએ, કારણ, તેના દ્વારા જ વ્યકિત પોતાની યોગ્યતા દર્શાવી શકે છે, તેમજ ગૌરવપૂર્વક જીવન જીવી શકે છે. ખ્રિસ્તના અનુયાયીઓ મુશ્કેલભરી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે. તેઓ આવી કસોટીઓનો સામનો કરવા કેટલા દૃઢીભૂત છે, વિશ્વના ખ્રિસ્તી સમુદાયો એકબીજાની કેટલા નિકટ છે તેવું આ ખિસ્તીઓ અનુભવી રહ્યા છે. કસોટી વેઠતાં ખિસ્તીઓ જ ધર્મસભામાં નવું જીવન સીંચનાર, આશા આપનાર બની શકે છે. વડાધર્મગુરુ આમંત્રણ આપે છે કે સર્વ એકબીજા સાથે શાંતિ અને સંપ-સુમેળથી ગંઠાઈ જાય. તેઓ જણાવે છે કે, આપણે એવા લોકોનો વિચાર કરવાનો છે કે જેઓ પોતાના ધર્મને ખાતર જુલમ વેઠી રહ્યા છે. વિશ્વના બધા જ શ્રધ્ધાળુઓએ એશિયાના તેમજ વિશ્વના દેશોના ખ્રિસ્તીઓ અને લઘુમતી સમુદાય માટે પ્રાર્થના કરવી જોઈએ, કે આ ખિસ્તીઓ પોતાની શ્રધ્ધાને પૂરી સ્વતંત્રતાથી વ્યક્ત કરી શકે. વડાધર્મગુરુ વિશેષ એશિયાની ધર્મસભા માટે કહે છે કે, એશિયાની ધર્મસભા ઘણાબધા પડકારોનો સામનો કરી રહે છે અને અન્ય ધર્મ સાથે સંવાદ ઈચ્છી રહી છે.

**ખ્રિસ્તીઓ પરના અત્યાચારો મુખ્યત્વે બે પ્રકારે જોવા મળે છે:**

૧) જેઓ પ્રભુ ઈસુનું નામ ઉચ્ચારતા હોય એવા વ્યક્તિ કે સમુદાયને નિશાન બનાવવા અને ૨) સંસ્કૃતિ, આધુનિકતા અને વિકાસના નામે થતો અન્યાય, જેમાં એવો દેખાવ કરવામાં આવે છે કે, 'સર્વનું ભલું કરવામાં આવે છે' પરતું તેની પાછળનો ઉદ્દેશ કંઈક જુદો જ હોય છે ! આવો અત્યાચાર જલદીથી ઓળખાતો નથી. કારણ તે બાહ્ય રીતે ખૂબ જ સુવ્યવસ્થિત, સભ્ય અને સુશિક્ષિત દેખાતો હોય છે. પ્રભુ ઈસુનું નામ નહિ લેવાનું કહેવામાં આવે છે. બીજી, બાજુ આ જ લોકો, ઈસુખ્રિસ્તનાં મૂલ્યોને જ માન-સન્માન આપે છે, તેઓ ઈશ્વરના રાજ્યને વધુ પ્રસારી રહ્યા છે. પ્રભુ ઈસુ કહે છે, 'મારે કારણે લોકો તમારી નિંદા કરે, તમારા ઉપર જુલમ ગુજારે અને જાતજાતના આળ મૂકે ત્યારે તમે પોતાને પરમસુખી માનજો એ વખતે તમે અપાર આંનદ અને ઉલ્લાસ માનજો, કારણ, સ્વર્ગમાં તમને મોટો બદલો મળનાર છે.'

(માથ્થીઃ ૫:૧૧-૧૨)

બાઈબલમાં કહેવામાં આવ્યું છે કે, દરેક માનવ એ ઈશ્વરની પ્રતિમૂર્તિરૂપ છે. 'આથી ઈશ્વરે પોતાની પ્રતિમૂર્તિરૂપે માણસને પેદા કર્યો.' (ઉત્પતિ૧:૨૭) માનવ પરમેશ્વરનું શ્રેષ્ઠસર્જન છે. તો એક સર્જન, બીજા સર્જનને કેવી રીતે હેરાન કરી શકે? કેવી રીતે તેનો નકાર કરી શકે અને તે પણ ફક્ત ધાર્મિક વિરોધના કારણે? શું દરેક ધર્મ પરમેશ્વરને અને માનવને મહત્ત્વ નથી આપતો ? શું દરેક ધર્મ ઉચ્ચ આધ્યાત્મિકતા અને પોતાની આગવી સંસ્કૃતિ ધારણ કરી ન શકે? શું ધર્મ એ ન્યાય, સમાનતા, પ્રેમ, આનંદ અને શાંતિનું ખંડન કરવા પ્રેરે છે ? આ પ્રશ્નોના જવાબો આપણે પોતે જ આપી શકીએ. કારણ દરેક ધર્મનો મૂળભૂત પાયો પરમેશ્વર અને માનવ વચ્ચેની આત્મીયતા અને સંવાદ જ છે; તો પછી શા માટે સંગઠિત બનીને વિશ્વશાંતિ માટે પ્રયત્નશીલ ન બનીએ?

વડાધર્મગુરુ ફ્રાન્સિસ જણાવે છે કે વિશ્વના જે ખ્રિસ્તીઓ પ્રભુ ઈસુને કારણે અત્યાચારો અને જુલમો વેઠી રહ્યા છે તેમના પરત્વે પ્રેમ અને દયા અપનાવીએ, શાંતિની સ્થાપના કરીએ. આ સંજોગોમાં વિવશ બન્યા વિના આપણે નીચેના જેવા પ્રયાસ કરવા જોઈએ.

૧) એકતા સાધવી, સંગઠિત બનવું: અત્યાચારની પરિસ્થિતિમાં એકતા સાધી, એકબીજાનો બચાવ કરવો જોઈએ. કારણ આપણે દરેક જણ ખ્રિસ્તનું શરીર અને અંગો છીએ. આથી જો એક અંગને દુ:ખ કે તકલીફ થાય તો આખા શરીરને દુ:ખ થવું જોઈએ. પોતાના માનવબંધુ પ્રત્યે સાચો પ્રેમ અને સાચી સહિષ્ણુતા અત્યાચારની પરિસ્થિતિમાં જ પ્રગટે છે. જે વ્યકિત પ્રભુ ઈસુમાં સાચી શ્રદ્ધા ધરાવતી હોય તે ક્યારેય પણ ન ઈચ્છે કે ખ્રિસ્તના શરીરને એટલે કે પવિત્ર ધર્મસભાને દુ:ખ થાય કે હાનિ પહોંચે. ઊલટાનું, ખ્રિસ્તનાં શરીરનું એક એક અંગ કેવી રીતે સુગ્રથિત બનીને એકબીજાને પ્રોત્સાહન આપે અને એકબીજાનું ભલું કરી શકે તે પ્રયત્નોમાં જ સતત અવિરતપણે મંડાયેલાં રહે છે.

૨) સુગ્રથિત થવું, સંગઠિત બનવું: આ પ્રકારનું વલણ ખૂબ જ તંદુરસ્ત વાતાવરણ ઊભું કરવાની ક્ષમતા દર્શાવે છે. તેનો હેતુ જ સાદગીપૂર્ણ રીતે જીવન વ્યતીત કરવાનો, એકબીજા સાથે આત્મીયતા કેળવવાનો અને શાંતિ સેતુ રચવાનો છે. આ પ્રકારની એકતા અત્યાચારોના સમયે સમુદાયની શ્રદ્ધા વધારે છે આ પ્રકારનું વલણ આંતરધર્મીય સંવાદ, અન્ય ખ્રિસ્તી સંપ્રદાયો સાથે જોડાણ વધારે છે.

૩) અધિકારો માટે ઝઝૂમવું: આવું વલણ જે લોકો ખ્રિસ્તી સમુદાયને અને લઘુમતીઓને સતાવી રહ્યા છે તેમને ખુલ્લો પડકાર ફેંકે છે. આવો પડકાર ફેકતાં કદાચ પ્રભુ ઈસુના નામની સાક્ષી પુરવા જેલવાસ પણ ભોગવવો પડે અથવા શહીદી પણ વહોરવી પડે. શહીદી પ્રભુ ઈસુના રાજ્યમાં મળતી એક મોટી વિજયમાળા છે. આ જ રસ્તા ઉપર તો આપણા પ્રભુ પણ ચાલ્યા હતા. માનવ અધિકાર સંરક્ષણ સંસ્થા પણ આ બાબત ઉપર ભાર મૂકે છે. વળી, આપણું ભારતીય બંધારણ તેમજ આમુખ પણ આ બાબતોની પુષ્ટિ કરે છે.

ભારતીય બંધારણ અનુસાર; આર્ટીકલ(૨૫ થી ૨૮ માં) ધાર્મિક સ્વતંત્રતાના અધિકારની વાત કરવામાં આવી છે. તેમાં સૌ પ્રથમ આર્ટીકલ ૨૫ માં કહેવામાં આવ્યું છે કે, દરેક વ્યક્તિને પોતાના અંતરના અવાજ અનુસાર સ્વતંત્ર રીતે ધર્મની ઘોષણા કરવાનો અધિકાર છે. આમ, તો આપણું બંધારણ અને દેશ લોકશાહી વિચારધારાને પાળે છે. તો પછી શા માટે ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર ઉપર તરાપ મારવામાં આવે છે ? તેની ઉપર વિચાર કરવો ઘટે. આથી વડાધર્મગુરુ ફ્રાન્સિસ કહે છે કે, ખ્રિસ્તનાં અનુયાયીઓએ ક્યા બે પ્રકારનાં અત્યાચારોનો સામનો કરવાનો રહેશે, એ સમજવા માટે આપણે પ્રભુ પાસે કૃપા માગીએ.

ખ્રિસ્તના અનુયાયીઓને ઘણી વખત વગર વાંકે અત્યાચાર સહન કરવો પડશે પણ વિકટ સ્થિતિમાં આપણા પ્રભુ ઈસુ હંમેશા આપણી પડખે રહે છે, આ પ્રકારનું આશ્વાસન એક નવી આશા આપે છે અને અતિ આધુનિક દુનિયામાં વિવિધ પડકારોનો સામનો કરવાની શક્તિ આપે છે.

શ્રદ્ધાની અભિવ્યક્તિ ધાર્મિક સમાનતા દર્શાવે છે. ધાર્મિક સમાનતા આપણને નવો દૃષ્ટિકોણ ધારણ કરવાનું સ્વાતંત્ર્ય બક્ષે છે. જે ધર્મ, ધર્મની વચ્ચેના અંતરાયો અને વિરોધને નાબૂદ કરે છે. ધાર્મિક સમાનતા પ્રગટ કરવાના ઘણા રસ્તા છે પરંતુ આ બધામાં સંવાદ એ અતિ અગત્યનો રસ્તો છે જેના માટે સૌ પ્રથમ તો દરેક ધર્મએ એકબીજાનો ખૂબ આદર કરવો જોઈએ અને સન્માન આપવું જોઈએ. આ સંદર્ભમાં સંત પાઉલ જણાવે છે,'' ભાઈઓ, આપણા પ્રભુ ઇસુખ્રિસ્તને નામે મારી તમને આગ્રહભરી વિનંતી છે કે, તમે બધા એક અવાજે બોલો અને તમારામાં પક્ષો પડવા દેશો નહિ, પણ તમે બધા એક મનના અને એક વિચારના થઈને હળીમળીને રહેજો.'' (૧ કરિંથ ૧ : ૧૦)

દુ:ખ, સતામણી અને અત્યાચારો વેઠતા બંધુઓ માટે આશા: ખ્રિસ્તના શુભસંદેશનો અર્થ એવો નથી કે ત્યાં કોઈ જ પ્રકારનું દુ:ખ કે સતામણી ન હોય. ખરેખર તો શુભસંદેશનું હાર્દ જ એ છે કે આ બધી જ સતામણી અને અત્યાચારો આપણને ઈશ્વરનાં આજ્ઞાંકિત સંતાનો બનાવે છે અને તે માટેનું શ્રેષ્ઠતમ ઉદાહરણ આપણા મુક્તિદાતા પ્રભુ ઈસુ પોતે જ છે કે બધી જ સતામણી અને અત્યાચારોમાંથી એક આજ્ઞાંકિત પુત્ર તરીકે પસાર થયા છે. આ બધી જ કસોટીઓમાંથી પાર ઊતરવા માટે આપણા પ્રભુએ એક સર્વશ્રેષ્ઠ હથિયાર આપ્યું છે તે છે પ્રાર્થના.

આપણે જેઓ અત્યાચારો અને સતામણીઓનો ભોગ બની રહ્યાં છીએ તેઓ પોતાનાં દુ:ખોને પૂરી શ્રધ્ધાથી સ્વીકારીએ અને કહીએ કે, 'મારી નહિ, પણ તમારી જ ઈચ્છા પૂરી થાઓ.' (લૂક:૨૨:૪૨)

ખ્રિસ્ત સાથે દુ:ખ ભોગવવું એ એક ખૂબ જ મહાન આશીર્વાદ છે અને દુનિયામાં પાપોની મુક્તિનું કારણ છે. ખ્રિસ્ત આપણી મુક્તિ માટે રિબાયા અને મૃત્યુ પામ્યા અને અત્યારે આપણામાં જીવી રહ્યા છે. આપણે ઈસુની સાથે આવી પરિસ્થિતિઓને કારણે રિબાઈએ અને મૃત્યુ પામીએ તો જ આપણે પણ પુનરુત્થાન પામીશું. આમાં જ ખ્રિસ્તનું સાચું જ્ઞાન સમાયેલું છે કે, દુ:ખ, સતામણી અને અત્યાચાર આશીર્વાદમાં પરિવર્તન પામે છે. આપણે એ જાણી લેવું જોઈએ કે ખ્રિસ્તમાં જ આપણને સાચી રીતે દુ:ખ સહન કરવાની શક્તિ મળે છે. સ્વ. વડાધર્મગુરુ જોન પોલ બીજા પણ આ જ સંદેશને વિશ્વ સમક્ષ રજૂ કરે છે : 'આપણે આપણાં દુ:ખો, સતામણીઓ અને અત્યાચારોને પ્રભુની સાથે વેઠીને...

*અનુસંધાન પાન નં. ૧૯ પર જુઓ...*



# રાષ્ટ્રીય રસીકરણ દિવસ

✍ આલ્ફોન્સ ફ્રાન્સિસ



૧૬ માર્ચ રાષ્ટ્રીય રસીકરણ દિવસ મનાવવામાં આવે છે. રસી દ્વારા નિવારી શકાય તેવા રોગો અને સમયસર રસીકરણના મહત્ત્વ અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

રસીકરણ એક પ્રક્રિયા છે, જેના દ્વારા વ્યક્તિઓને પ્રતિરક્ષિત કરવામાં આવે છે અથવા ખાસ કરીને રસીકરણ દ્વારા ચેપી રોગો સામે રક્ષણ મેળવવા માટે પ્રતિરોધક ક્ષમતા વિકસાવવામાં આવે છે. રસીકરણ બાળકોનાં જીવન બચાવવા માટે મદદરૂપ થાય છે. તે રોગના પ્રસારણને ઘટાડવા માટે પણ મદદરૂપ થાય છે. રસીકરણ એ ચેપ અથવા બીમારીની સામે લડવા માટે મનુષ્યના શરીરમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. કેટલાક અપવાદ સિવાય મુખ્યત્વે મોટાભાગનાં બાળકો પ્રતિરોધક શક્તિ(Resistance) સાથે જન્મતાં હોય છે, તદુપરાંત માતાના સ્તનપાન દ્વારા પણ આ શક્તિમાં વૃદ્ધિ થાય છે. બાળક જેમ મોટું થાય તેમ આ જન્મજાત પ્રતિરોધક શક્તિ ક્રમશઃ ઘટે છે અને સ્વયંભૂ આ રોગપ્રતિકારક શક્તિનો તેનામાં વિકાસ થવાની શરૂઆત થઈ જાય છે.

રસીકરણ એ સ્વાસ્થ્ય રોકાણોના સૌથી ઓછા ખર્ચાઓના અસરકારક પગલાંઓમાનું એક છે. રસીકરણ માટે જીવનશૈલીના મોટા ફેરફારોની આવશ્યકતા રહેતી નથી. વિશ્વ આરોગ્ય સંઘ(*WHO*)ના જણાવ્યા અનુસાર રસીકરણ એ રોગો સામે રક્ષણ મેળવવા માટે પ્રમાણિત ઉપાય છે. તેના દ્વારા જીવનના ગંભીર ચેપી રોગોનો નાશ કરવા માટે અને દર વર્ષે બે કે ત્રણ લાખ આસપાસ થતા મૃત્યુને ટાળવાનું અનુમાન છે પરંતુ અન્ય એક અનુમાન પ્રમાણે વિશ્વમાં ૮.૭ લાખ શિશુ હજુ પણ રસીકરણ મેળવી શક્યા નથી.

ભારતની પાસે વિશ્વભરમાં પ્રસારિત રસીકરણ કાર્યક્રમોમાંથી સાર્વભૌમિક રસીકરણ કાર્યક્રમ(યુ.આઈ.પી.)છે, જેમાં રસીની માત્રા દ્વારા લાભાર્થીઓની સંખ્યાને આવરી લેવામાં આવે છે તેમજ ભૌગોલિક પ્રસારણ તથા મનુષ્ય સંસાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. યુ.આઈ.પી.ના ત્રીસ વર્ષો સુધી સંચાલન કર્યા પછી પણ રસીકરણ પ્રથમ વર્ષમાં ફક્ત પાંસઠ ટકા બાળકોના જીવન સુધી જ સક્ષમ રીતે પહોંચ્યુ છે. તેના વિસ્તારમાં વૃદ્ધિ અટકી ગઈ છે. ભારત સરકારે સંપૂર્ણ રસીકરણ વિસ્તારને આવરી લેવા માટે ડિસેમ્બર, ૨૦૧૪ માં 'મિશન ઈન્દ્રધનુષ'નો આરંભ કર્યો છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય બે વર્ષ સુધીનાં બધાં જ બાળકો અને ગર્ભવતી સ્ત્રીઓને દરેક પ્રકારની રસીઓ આપીને સંપૂર્ણ રસીકરણ કરવાનો છે. આ કાર્યક્રમ હેઠળ બધી જ રસીઓ નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

*આરોગ્ય કર્મચારી, ખેડા*

**વારંવાર પૂછાતા કેટલાક પ્રશ્નો અને અપેક્ષિત જવાબ :**

**રસીકરણ અને રોગપ્રતિકારક શક્તિ વચ્ચે શું અંતર છે ?** - રસી આપવાની પદ્ધતિને રસીકરણ કહેવામાં આવે છે. શરીરના રક્ષણ માટે જરૂરી પ્રક્રિયા દ્વારા આપવામાં આવતી વિકાસલક્ષી ગતિવિધિઓને રોગપ્રતિકારક શક્તિઓ કહેવામાં આવે છે.

**રસી શું છે ?** - રસી એક જૈવિક તૈયારી છે જે કોઈ પણ વિશેષ બીમારીની સુધારણા માટે કામ કરે છે. ખાસ કરીને રસી એક એજન્ટ તરીકે કાર્ય કરે છે.

**બાળકોને માતા પાસેથી પ્રતિદ્રવ્યો મળતાં હોય તો શા માટે રસીકરણ આપવા માટે મહત્ત્વનું છે ?** - માતા પાસેથી મળતાં પ્રતિદ્રવ્યો(Antibody), લાંબા સમય સુધી ટકી રહેતાં નથી અને ક્યારેક કોઈક કારણસર તેના શરીરમાં રોગપ્રતિકારક શક્તિનો વિકાસ મંદ હોય ત્યારે આ અવસ્થા બાળકને બીમારીની જાળમાં ફસાવે છે. ત્યારે રસીકરણ ઘાતક બીમારીઓ વિરુદ્ધ વધુ સુરક્ષા પૂરી પાડે છે.

**બાળકોને ક્યાં અને કેવી રીતે પ્રતિરક્ષિત કરી શકાય છે ?** -બાળકોને કોઈ પણ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર પર જઈને પ્રતિરક્ષિત કરી શકાય છે. નજીકનાં દવાખાનાં અને ખાનગી ડોકટરો દ્વારા પણ રસી આપવામાં આવે છે.

**તેની કિંમત કેટલી હોય છે ?** - સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ (યુ. આઈ.પી.) દ્વારા નિવારી શકાય તેવા રોગો વિરુદ્ધ સરકારી દવાખાનામાં નિઃશુલ્ક રસીકરણ કરવામાં આવે છે.

**રસીકરણ મોડું થાય તેના માટેના કોઈ કારણો હોઈ શકે છે ?** - રસીકરણ મોડું કરાવવાના કારણમાં થોડાં તબીબી કારણો (વિપરીત સંકેતો) હોઈ શકે છે : ૧.બાળકને તીવ્ર તાવ આવવો, ૨. અન્ય રસીકરણ માટે ખરાબ પ્રતિક્રિયા ઉભી થવી, ૩.ઇંડા ખાવાથી થતી ગંભીર પ્રતિક્રિયા, ૪.આંચકી, ભૂતકાળમાં આંચકી આવ્યાંનો ઈતિહાસ (ફિટ), ૫.કેન્સર અથવા બીજી બીમારી, જે રોગપ્રતિકારક પદ્ધતિને અસર કરે છે. ઉદાહરણ તરીકે એચ.આઈ.વી. અથવા એઇડ્સ.

**મારું બાળક સ્વસ્થ, સક્રિય અને યોગ્ય રીતે જમે છે તેમ છતાં તેને રસી આપવાની આવશ્યકતા રહે છે ?** - રસી રોગનો વિકાસ થાય તે પહેલાં તેને રોગ સામે રક્ષણ મેળવવાની શક્તિ પૂરી પાડે છે. જો તમે બીમારી પછી, રસી અપાવવાની રાહ જોતા હો તો બહુ મોડું થઈ શકે છે. સારવાર કરતાં તેને અટકાવવું જરૂરી છે.

**આ રસીઓની કોઈ આડઅસર હોય છે ?** - મોટે ભાગે આ રસીઓ સુરક્ષિત છે. માત્ર કેટલાંક બાળકોને સામાન્ય અસરો જેમ કે સોજો

આવવો, લાલાશ અથવા ઓછા તાપમાનવાળો તાવ આવી શકે છે પરંતુ આ આડઅસરો માત્ર થોડા દિવસ સુધી રહે છે.

**જો મારા બાળકને કેટલીક રસીના ડોઝ આપવાનું બાકી રહ્યું છે, તો શું તે ફરી વખત રસીકરણ પ્રાપ્ત કરી શકે ?** - નિશ્ચિત રીતે હા, જો બાળકને કેટલીક રસીના ડોઝ આપવાનું બાકી રહ્યું છે તો તેને રસીના અન્ય ડોઝ આપી શકો છો. તેમજ તેને રસીકરણ સૂચિ અનુસરવા માટે પણ સલાહ આપવામાં આવે છે.

**સલામત ઈન્જેક્શન કાર્યપદ્ધતિ:** દર્દીની જાગૃતિ ખૂબ જ જરૂરી છે, કારણ કે અસુરક્ષિત ઈન્જેક્શન કાર્યપદ્ધતિ આરોગ્યને ગંભીર નુકસાન કરી શકે છે. તે સ્વાસ્થ્ય સેવા પૂરી પાડતાં લોકો (ડોકટરો, નર્સો, અને ઈન્જેક્શન આપનારા) નું કર્તવ્ય છે કે દર્દીને ઈન્જેક્શન આપતી વખતે ધ્યાન રાખે.

**દર્દીઓ માટે યાદ રાખવાના મુદ્દા:** એક સોય અને એક સીરીજનો ઉપયોગ એક જ વખત થવો જોઈએ તે બાબત સુનિશ્ચિત કરી લેવી. તે નક્કી કરી લેવું કે એક જ વખત સોય અને સીરીંજ બંનેનો ઉપયોગ કર્યા બાદ તેનો નાશ કરવો જોઈએ. સોય અને સીરીજનો પુનઃઉપયોગ કરવો વધારે જોખમકારક છે. આ પ્રક્રિયા રોગ સંચારિત કરી શકે છે.

માર્ગદર્શિકા મુજબ રસીકરણ અનુસૂચિનું પાલન કરવું. તમારાં રોગ-પ્રતિરક્ષણ રેકોર્ડની જાણકારી અવશ્ય રાખવી અને કોઈપણ અનુગામી રસીકરણ કરાવતાં પહેલાં કાર્ડને સાથે લઈ જવું. કોઈપણ પ્રકારની રસી આપતાં પહેલાં ડૉક્ટરની અવશ્ય સલાહ લેવી જરૂરી છે.●


**Statement about ownership and other particulars regarding Magazine 'Pavan Hurdaya Doot' Form IV**

1. *Place of Publication*: Anand 2. *Periodicity:* Monthly. 3. *Printer's Name:* Antony Pitchai Vedamuthu S.J., *Nationality:* Indian, *Address*: Gujarat Sahitya Prakash, P.B.70, St, Xavier's Road, Anand-388001. 4. *Publisher's Name:* Antony Pitchai Vedamuthu S.J., *Nationality*: Indian, Address: Gujarat Sahitya Prakash, P.B.70, St, Xavier's Road, Anand-388001. 5. *Editor's Name*: Jasvant Macwan. *Nationality*: Indian, *Address:* Gujarat Sahitya Prakash, P.B.70, St, Xavier's Road, Anand-388001. 6. *Name and Address of the owner*: Gujarat Sahitya Prakash Society, Premal Jyoti, Navrangpura, Ahmedabad - 380009.

I, Antony Pitchai Vedamuthu S.J., hereby declare that the particulars given above are true to best of my knowledge and belief.

Sd.

Date: 5 March, 2019 Antony Pitchai V. S.J.



## પસંદગી મેળો

કેથોલિક ચર્ચ, મોચી બજાર, રાજકોટ, કેથોલિક ચર્ચ, (પ્રેમ મંદિર), બિશપ હાઉસ, કાલાવાડ રોડ, રાજકોટ તેમજ રાજકોટ કેથોલિક એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્ર-કચ્છ-ભૂજ તેમજ સમગ્ર કેથોલિક પેરીસના યુવાન-યુવતીઓ માટે લગ્ન પસંદગી મેળાનું સુંદર આયોજન 'કેથોલિક ચર્ચ' (મોચી બજાર) રાજકોટ ખાતે કરવામાં આવેલ છે. જેનો કાર્યક્રમ નીચે મુજબ છે. જેમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે.

**તારીખ : ૨૪-૦૩-૨૦૧૯, રવિવાર**
**સમય : સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક**
**સ્થળ : કેથોલિક ચર્ચ, મોચી બજાર, રાજકોટ**

**વધુ માહિતી માટે સંપર્ક કરો**

**ફાધર અંતોન મેકવાન : મો. ૭૦૪૬૦૩૯૭૬૩**
**ફાધર જેમ્સ : મો. ૯૪૨૮૫૯૦૫૫૨**
**નોરબટ મેનેજીસ : મો. ૯૪૨૭૨૨૧૦૨૬**
**કે. ડી. પરમાર : મો. ૯૮૨૫૯૩૫૭૬૯**
**E-mail : antonrmacwan@gmail.com**
રજિસ્ટ્રેશન ફી વ્યક્તિ દીઠ રૂા. ૧૦૦/-

## શિક્ષકો જોઈએ છે

**સંત આન્ના હાઈસ્કૂલ, નડિયાદ, પ્રાથમિક વિભાગ, અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ માટે (નોન ગ્રાન્ટેડ)**

**૧. પી.ટી.સી. (ધોરણ : ૧ થી ૫ માં તમામ વિષયો ભણાવી શકે તેવા)**
**૨. બી.એસ.સી.બી.એડ્. : ગણિત / વિજ્ઞાન**
**૩. બી.એ.બી.એડ્. : અંગ્રેજી / સંસ્કૃત / સામાજિક વિજ્ઞાન**

જરૂરી લાયકાત તથા કોમ્પ્યૂટરનું જ્ઞાન ધરાવતા ઉમેદવારે લાયકાતના તમામ ગુણપત્રોની પ્રમાણિત નકલો સહિત તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે દિન ૧૫માં અરજી નીચે જણાવેલ સરનામે મોકલવી.

**મેનેજરશ્રી / આચાર્યાશ્રી,**
**સંત આન્ના પ્રા.શાળા, કપડવંજ રોડ, નડિયાદ,**
**જિલ્લો - ખેડા. પીન કોડ - ૩૮૭૦૦૧**

**નોંધ :** અંગ્રેજી માધ્યમ માટે અરજી કરનાર ઉમેદવાર અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ધરાવતા હોવા જોઈએ.
અપૂર્ણ વિગતો ધરાવતી અરજી અમાન્ય ગણાશે.



# તપઋતુમાં હૃદય પરિવર્તન



✍ બ્રધર કિશોર ગાવિત એસ.જે.

તપઋતુ એટલે પ્રભુ ઈસુના પુનરુત્થાનના પર્વની ઉજવણીની આધ્યાત્મિક તૈયારી. આ તૈયારી માટે ધર્મસભા આપણને ચાલીસ દિવસનો સમયગાળો આપે છે, જેથી આપણે સારી રીતે આધ્યાત્મિક તૈયારી કરી શકીએ. પોતાનું મિશન કાર્ય શરૂ કરતાં પહેલાં પ્રભુ ઈસુએ ચાલીસ દિવસના આકરા ઉપવાસ અને તપ કર્યા હતાં. તેઓ આ ચાલીસ દિવસ ઈશ્વરના સાંનિધ્યમાં ગાળે છે, જેથી તે કસોટીના સમયે પણ ઈશ્વરની ઈચ્છાને વળગી રહી શકે. તપઋતુ આપણને ઈસુની જેમ ઈશ્વરના સાંનિધ્યમાં વધારે સમય ગાળવા આમંત્રણ આપે છે, જેથી આપણે પણ ડગલે ને પગલે ઈસુની પાછળ ચાલીએ અને ઈશ્વરની ઈચ્છાને પૂર્ણ કરી શકીએ તથા સેતાનની કસોટીમાં ના સપડાઈએ.

તપઋતુના શુભસંદેશ આપણને હૃદય પરિવર્તન માટે આમંત્રણ આપે છે. ભસ્મ બુધવારનો શુભસંદેશ સાચો દાનધર્મ અને સાચા ઉપવાસની વાત કરે છે. દાનધર્મ કે પછી કોઈ પણ જાતની મદદ આપણે પ્રેમથી નિઃસ્વાર્થ ભાવે કરવી જોઈએ. એના બદલામાં કોઈ પણ જાતની આશા-અપેક્ષા ના હોવી જોઈએ. એ જ રીતે આપણા ઉપવાસ અને ધાર્મિક ઉપાસનાઓ આપણને પ્રભુની નજીક લઈ જવાં જોઈએ. ઉપવાસમાં માત્ર અન્નજળનો ત્યાગ કરીએ એટલું પૂરતું નથી, પણ જે કાંઈ આપણને ઈશ્વરથી અને આપણા પાડોશીઓથી દૂર લઈ જાય એ સર્વનો ત્યાગ કરવો જોઈએ.

જ્યારે આપણે સાચા અર્થમાં હૃદય પરિવર્તન કરી આધ્યાત્મિકતામાં પ્રગતિ કરીશું ત્યારે આપણને અનેક કસોટીઓનો સામનો કરવો પડશે. પ્રભુ ઈસુને પણ ચાલીસ દિવસના આકરા ઉપવાસ અને તપસ્યા પછી કસોટીઓનો સામનો કરવો પડ્યો હતો. તપઋતુના પ્રથમ રવિવારના શુભસંદેશમાં એની ઝાંખી થાય છે. આપણે પણ જ્યારે હૃદય પરિવર્તન કરી આધ્યાત્મિકતામાં નવું જીવન શરૂ કરીએ ત્યારે સેતાન આપણી પણ કસોટી કરવાનો જ.

ઈસુની પહેલી કસોટી હતી ભૂખ. ચાલીસ દિવસના આકરા ઉપવાસ પૂર્ણ કર્યા પછી સેતાન ઈસુને પથ્થરમાંથી રોટલા બનાવીને ખાવાનું કહે છે. સેતાનનો પહેલો પ્રહાર પ્રાથમિક જરૂરિયાત પર હશે, આપણી નાની નાની નબળાઈઓ પર હશે જેના પર આપણું ધ્યાન સૌથી ઓછું હશે. સેતાન આપણી કમજોરી શોધીને પહેલો પ્રહાર એના પર કરશે, જેથી આપણે આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ ના કરી શકીએ. ઈસુની જેમ આપણો પણ કસોટીની સપડામણીથી ઉગારો થાય અને ઈશ્વરનાં વચનો પર આધાર રાખી પ્રભુમય જીવનમાં આગળ વધીએ.

પ્રથમ કસોટી ભૌતિક જરૂરિયાતની છે જ્યારે બીજી કસોટી

*ગુજરાત વિદ્યાદીપ - સેવાસી, વડોદરા*

માનસિક મહત્ત્વાકાંક્ષાની છે. સેતાન ઈસુને વિશ્વનાં બધાં રાજ્ય અને વૈભવ બતાવી કહે છે, 'તું જો મારી પૂજા કરતો હોય તો આ બધું તારું છે.' (લૂક ૪:૭) સત્તા અને દુન્યવી વૈભવ વ્યક્તિને ઈશ્વરથી દૂર લઈ જાય છે. સત્તા હાથમાં આવતાં વ્યક્તિ સત્તા ઉપર વધારે આધાર રાખતો થાય છે. તે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે નહીં પણ પોતાની ઈચ્છા પ્રમાણે વર્તવા લાગે છે. માણસ જ્યારે સત્તાની પૂજા કરતો થાય ત્યારે તે ઈશ્વરથી અને બીજાથી વિખૂટો પડી જાય છે. આપણે સત્તાપદનો દુરુપયોગ ના કરીએ અને ઈશ્વરે બીજાની સેવા કરવાની તક આપી છે એમ સ્વીકારી આપણે સત્તાનો સદુપયોગ કરીએ.

ત્રીજી કસોટી આધ્યાત્મિક છે. સેતાન ઈસુને મંદિરના શિખર ઉપરથી કૂદવાનું કહે છે અને ખાતરી આપે છે કે ઈશ્વર એના દૂતોને ઝીલી લેવાની આજ્ઞા કરશે. ઘણી વખત આપણે ઈશ્વરની ઈચ્છા જાણવા પ્રયત્ન કરતા નથી પણ આપણી ઈચ્છા પ્રમાણે ઈશ્વર વર્તે એવી અપેક્ષા રાખીએ છીએ. આપણા ઉપવાસ અને પ્રાર્થનામાં ઈશ્વર આપણી ઈચ્છાઓ પૂર્ણ કરે એવી માંગણી કરીએ છીએ. ઈશ્વર આપણી જરૂરિયાત જાણે છે અને તે યોગ્ય સમયે આપણી મદદ કરશે એ શ્રદ્ધાથી આપણે પ્રભુની ભક્તિ કરવી જોઈએ. ઈશ્વરે આપણને અનેક બક્ષિસ આપેલી છે. આ બક્ષિસનો ઉપયોગ આપણે ઈશ્વરના મહિમા માટે કરવો જોઈએ. જ્યારે આપણે નમ્રતાપૂર્વક સાચા મનથી અને પૂરી શ્રદ્ધાથી પ્રભુની સાધના કરીશું ત્યારે આપણે સેતાનના આ પ્રલોભનોમાંથી સફળતાપૂર્વક પાર ઊતરીશું.

તપઋતુના બીજા રવિવારના શુભસંદેશમાં ઈસુના દિવ્યરૂપ દર્શનની વાત છે. જ્યારે આપણે હૃદય પરિવર્તન કરી ઈસુ સાથે સાયુજ્ય સાધીશું ત્યારે આપણે પણ ઈસુના દિવ્યરૂપનાં દર્શન કરી શકીશું. ઈસુ પોતાના ત્રણ શિષ્યોને લોકોના ટોળાથી દૂર ઊંચા પર્વત ઉપર લઈ જાય છે. જ્યારે ઈસુ પ્રાર્થના કરવા લાગે છે ત્યારે તે દિવ્યરૂપ ધારણ કરે છે. ઈસુના દિવ્યરૂપમાં દર્શન કરવા આપણને પણ તેની સાથે જવું પડે. લોકોના ટોળારૂપી આપણી અંદર રહેલાં અભિમાન, લોભ-લાલચ, કામ, ક્રોધનો ત્યાગ કરી ઈસુની સાથે સમન્વય સાધીશું ત્યારે આપણે પણ ઈસુનાં દિવ્યરૂપનાં દર્શન કરી શકીશું. જ્યારે આપણે હૃદય પરિવર્તન કરી ઈસુની સાથે સમન્વય સાધીશું ત્યારે આપણે પણ નવું દિવ્યરૂપ ધારણ કરી શકીશું. જ્યારે આપણે પાપના આચરણથી દૂર જઈ પ્રભુના માર્ગે ચાલીએ છીએ ત્યારે આપણે પણ આંતરિક દિવ્યરૂપ ધારણ કરીએ છીએ. પ્રભુ આપણને બધાને આ દિવ્યરૂપ ધારણ કરવા આમંત્રણ આપે છે.

ત્રીજા રવિવારના શુભસંદેશમાં પ્રભુ ઈસુ અંજીરના ઝાડનું દૃષ્ટાંત આપી આપણને હૃદય પરિવર્તનની હાકલ કરે છે. આ હૃદય પરિવર્તન આપણાં કાર્યોમાં દેખાવું જોઈએ. આપણે ઈસુએ ચીંધેલા પ્રેમના માર્ગ પર ચાલીએ. આપણા દરેક કાર્યમાં પ્રભુનો હાથ હોય, આપણે ડગલે ને

પગલે ઈસુની સાથે એકરૂપ થઈએ ત્યારે આપણે સારા કાર્યો રૂપી સારાં ફળો આપી શકીશું. ચોથા રવિવારના શુભસંદેશમાં ઉડાઉ દીકરાની વાત આવે છે. જ્યારે આ ઉડાઉ દીકરાનું હૃદય પરિવર્તન થાય છે ત્યારે તે પિતાની પાસે પાછો જાય છે અને તેમના અપાર પ્રેમનો અનુભવ કરે છે. જ્યારે આપણે પણ દૂરાચાર અને પાપાચારનો ત્યાગ કરી પ્રભુ પાસે પાછાં જઈશું ત્યારે આપણે પણ પ્રભુના પ્રેમનો અનુભવ કરી શકીશું. પ્રભુનો આપણા માટેનો અપાર પ્રેમ હંમેશા છલક્યા કરે છે. આપણું પાપભર્યું જીવન આપણને પ્રભુના પ્રેમનો અનુભવ કરવા દેતું નથી, માટે હૃદય પરિવર્તન કરી પ્રભુ પાસે પાછા આવીએ. પ્રભુ હંમેશા આતુરતાથી આપણી રાહ જુએ છે.

પાંચમા રવિવારનો શુભસંદેશ આપણને નમ્ર અને પ્રેમાળ બનવાનું કહે છે. શાસ્ત્રપાઠમાં અમુક યહૂદીઓ વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રીને ઈસુ પાસે લઈ આવે છે અને તેનો ન્યાય તોળવાનું કહે છે. ન્યાય તોળતાં ઈસુ સ્ત્રી પર દયા કરી તેને હૃદય પરિવર્તન કરવાનું કહે છે. સાથે સાથે યહૂદીઓનું ધ્યાન પણ તેમના દોષો પ્રત્યે દોરે છે. આપણે પોતાની ભૂલો અને ખામીઓને જોવા કરતાં બીજાના દોષ તરફ વધારે ધ્યાન આપીએ છીએ. આપણે બીજા શું કરે છે તેમાં વધારે રસ ધરાવીએ છીએ. બીજાને પ્રેમપૂર્વક સાચા રસ્તે દોરી લઈ જવાને બદલે તેમનો ન્યાય તોળવા બેસી જઈએ છીએ. આપણે ભૂલી જઈએ છીએ કે પ્રભુ આગળ બધા સમાન છીએ. આપણે બધાં પ્રભુ આગળ પાપી છીએ પણ પ્રભુ આપણે ક્યારે પસ્તાવો કરી એની પાસે જઈએ એની રાહ જુએ છે. જ્યાં સુધી આપણે આપણા પાડોશીઓનો પ્રેમપૂર્વક સ્વીકાર ના કરીએ ત્યાં સુધી આપણે પ્રભુના પ્રેમનો અનુભવ ના કરી શકીએ.

તપઋતુના આ શુભસંદેશ આપણને હૃદય પરિવર્તન અને પ્રેમનો માર્ગ અપનાવવાનું કહે છે. જો આપણે નમ્રતાપૂર્વક પ્રભુને પગલે ચાલીશુ, જો આપણે રોજિંદા જીવનમાં પ્રભુની ઈચ્છા પ્રમાણે વર્તીશું તો આપણે સેતાનના હાથમાં પડીશું નહિ. આપણે પાપમય જીવનને છોડી હૃદય પરિવર્તન કરી ઈસુ સાથે પુનરુત્થાન પામી ઈસુના પુનરુત્થાનનું પર્વ આનંદપૂર્વક મનાવીએ એ માટે પ્રભુ પાસે કૃપાઓ માગીએ.●


## Teachers are wanted

Qualified teachers and office staff are wanted (B ed) to **St. Joseph's English medium school**, lakthar in surendranagar run by Diocese of Rajkot. Computer knowledge is preferable. Accomodation would be available. Those who are interested may send their l resumes by email and watsup.

**( frregi@rediffmail.com / 09825851221)**
**other numbers are 9726367327 / 7383209902**

## Vacancy for Teachers

in **Don Bosco English Medium School**, Dakor
for Primary section.
**Qualification Needed :** P.T.C./B.Ed. in English/ Maths/ Science
send your Bio-data/Resume soon to:
**Don Bosco English Medium School,**
**Kapadvanj Road, Dakor - 388225**


## 'દૂત'ની નીતિવિષયક સ્પષ્ટતા
## ગ્રાહકોને... કવિ/લેખકોને...વિજ્ઞાપન દાતાઓને...

૧. 'દૂત'માં પ્રસિદ્ધ થતી જાહેરાત કેથોલિક ધર્મસભાના સિદ્ધાંતો અને મૂલ્યોને સુસંગત હોવી જોઈએ.
૨. 'દૂત'માં આવતી તમામ જાહેરાતોની વિચારસરણી સાથે 'દૂત' બંધાયેલ નથી.
૩. 'દૂત'માં પ્રગટ થતી જાહેરાતની સત્યતાની ખાતરી ગ્રાહકે કરવાની રહેશે. ખાતરી બાબતે 'દૂત' જવાબદાર રહેશે નહિ.
૪. 'દૂત'માં પ્રગટ થતા વિચારો કે અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
૫. કાર્યાલયને મોકલેલ લેખની નકલ/ફોટો લેખકે પોતાની પાસે રાખવી, મળેલ નકલ પરત કરવા કાર્યાલય બંધાયેલ નથી.
૬. લેખના સુધારા-વધારાનો અબાધિત અધિકાર તંત્રીશ્રીનો રહેશે જેની નોંધ લેવી.
૭. અન્યત્ર પ્રકાશિત થયેલ સામગ્રી-લેખ 'દૂત'માં પ્રકાશિત કરવામાં આવશે નહીં. લેખકે તે અંગેની બાંહેધરી આપવાની રહેશે.
૮. અસ્વીકૃત લેખ/કાવ્ય/સમાચાર અંગે પત્રવ્યવહાર અશક્ય છે.
૯. ધર્મસભામાં નોંધપાત્ર પ્રદાન ધરાવનાર વ્યક્તિઓ વિશેષ જ 'દૂત'માં શ્રદ્ધાંજલિ લેખ પ્રસિદ્ધ કરવામાં આવશે.
૧૦. કવિ/લેખક/વિજ્ઞાપન દાતાઓએ પોતાની કૃતિ/જાહેરાત સાથે પોતાનું પૂરું નામ-સરનામું, મોબાઈલ/વોટ્સએપ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી. અવશ્ય આપવાં. કવિ/લેખકોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો પણ આપવો.
૧૧. ન્યાયિક હકૂમત (Jurisdiction) આણંદ જિલ્લો રહેશે.

## મે - ૨૦૧૯

**મહત્ત્વના દિવસો :**

૦૧ મે : આંતરરાષ્ટ્રીય મજૂર(શ્રમ) દિન
૦૩ મે : વિશ્વ ઊર્જા દિન
૦૮ મે : વિશ્વ રેડ ક્રોસ દિન
૧૦ મે : જળ સંપત્તિ દિન
૧૨ મે : આંતરરાષ્ટ્રીય નર્સ દિન
૧૨ મે : માતૃદિન
૧૫ મે : વિશ્વ પરિવાર દિન
૧૭ મે : વિશ્વ દૂરસંદેશાવ્યવહાર દિન
૨૨ મે : વિશ્વ જૈવ વિવિધતા દિન
૩૧ મે : વ્યસન મુક્તિ દિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૦૧ મે : સંત યોસેફ કામદાર
૦૩ મે : સંત ફિલીપ અને યાકોબ
૧૩ મે : ફાતિમાનાં માતા મરિયમ
૧૪ મે : સંત માથિયાસ
૩૧ મે : માતા મરિયમ-એલિસાબેતનું મિલન

**આ વિષય ઉપરાંત અન્ય વિષયના લેખ 'દૂત' કાર્યાલયને તેમજ**
**કાવ્ય, કાવ્યધારાના સંપાદકને**
**તા. ૫ મી એપ્રિલ ૨૦૧૯ સુધીમાં મોકલવા વિનંતી.**



# જ્યૂપણું

✍ જોન કાનીસ



'દૂત'ના વાચક મિત્રો, ફરી એકવાર ધર્મસભા આપણને આપણું આધ્યાત્મિક જીવન રીચાર્જ કરવા આ તપઋતુમાં આમંત્રણ આપે છે, ત્યારે તમારી આગળ કેટલાક ચિંતનાત્મક વિચારોની લ્હાણી કરવા જઈ રહ્યો છું. (એક લેખક વિચારો સિવાય બીજા શાની લ્હાણી કરી શકે ?) ખેર, છોડો એ વાત. હમણાં, ઓશો રજનીશે પોતાના શ્રોતાઓ સમક્ષ એમનાં પ્રવચનો દરમ્યાન રજૂ કરેલી કેટલીક બોધકથાઓ મારા વાંચવામાં આવી. એમાંથી એક બોધકથાનું શીર્ષક છે, 'જ્યૂપણું'. અલબત્ત, ઓશો અહીં બે બોધકથાઓ રજૂ કરે છે.

એક નાનકડો કિશોર(જ્યૂ-યહૂદી) સિનેગોગમાં પ્રાર્થના કરવા જઈ રહ્યો હતો. એની માતાએ એને બે સિક્કા આપ્યા. એક, એના ખિસ્સા ખર્ચ(પોકેટમની) માટે અને બીજો સિનેગોગમાં ઈશ્વરને અર્પણ કરવા. કિશોર બન્ને સિક્કા ઉછાળતો જઈ રહ્યો હતો ત્યાં એમાંથી એક સિક્કો હાથમાંથી છટકીને રસ્તાની કોરે પડી ગયો અને ગબડીને ગટરમાં ચાલ્યો ગયો. પેલો જ્યૂ કિશોર ઊભો રહી ગયો અને આકાશ સામે જોઈને હાથ ફેલાવીને બોલ્યો, 'હે પિતા યાહવે, તારો સિક્કો તો ગટરમાં ચાલ્યો ગયો. તું તો સર્વસમર્થ અને સર્વજ્ઞ પ્રભુ છે. તું એને પ્રાપ્ત કરવા સમર્થ છે. મારા માટે એ થોડું મુશ્કેલ છે. દુઃખી છું કે તારો જ સિક્કો ગટરમાં પડી ગયો.'

બીજી કથા આ પ્રમાણે છે. ઈબ્રાહિમ સિલ્બસ્ટેઈન નામના એક ધનિક વેપારીએ એના લગ્નની પચ્ચીસમી વર્ષગાંઠ ઉજવવા નક્કી કર્યું. એણે ઘણા બધા મિત્રો, સગાંસ્નેહીઓ, પરિચિતોને આમંત્રણપત્રિકાઓ મોકલી. નિમંત્રણ પત્રિકામાં છેલ્લે તા.ક. કરીને એણે લખ્યું હતું કે સમારંભમાં અનુપસ્થિત રહેનાર મિત્રો-શુભેચ્છકોની ભેટ-સોગાદ પરત કરવામાં આવશે.

તેના એક ગ્રાહક મિત્ર ઝાકરિયાને આમંત્રણપત્રિકા મળતાં ખૂબ ધ્યાનપૂર્વક એણે એ વાંચી અને એની નજર એ તા.ક.માં લખેલા લખાણ પર પડી. ઝાકરિયાએ પત્નીને કહ્યું, 'આપણે ચાંદીનું એક દીપવૃક્ષ ઉધારે લાવીને સિલ્બસ્ટેઈનને ભેટરૂપે મોકલી આપીશું. અલબત્ત, આપણે એ સમારંભમાં ઉપસ્થિત નહિ રહીએ. આમ જવા-આવવાનો ખર્ચ બચશે અને સમારંભમાં ઉપસ્થિત નહિ રહેવાને લીધે તા.ક.માં લખ્યા મુજબ સિલ્બસ્ટેઈન એ દીપવૃક્ષ આપણને પરત કરી દેશે. આમ, ભેટ મોકલી પણ કહેવાશે અને છતાં આપણે કંઈ ખર્ચ વેઠવો નહિ પડે.'

પત્નીએ કહ્યું, 'કેવી સરસ યુક્તિ ! આને કહેવાય ચતુરાઈ !' ઝાકરિયાએ કોઈ પરિચિત સાથે ચાંદીનું એ દીપવૃક્ષ સિલ્બસ્ટેઈનને મોકલી આપી શુભેચ્છા વ્યક્ત કરી. પછી એ દીપવૃક્ષ પરત આવવાની રાહ જોવા લાગ્યો. એક અઠવાડિયું, બીજું અઠવાડિયું, ત્રીજું અઠવાડિયું, પણ ભેટ પરત ન આવી. ઝાકરિયાએ વિચાર્યું, 'આમંત્રણ પત્રિકામાં લખ્યા મુજબ સિલ્બસ્ટેઈને ભેટ પરત મોકલી નહીં. કદાચ, એ ભૂલી ગયો લાગે છે. મને લાગે છે કે મારે જાતે જઈને આ બાબતે તપાસ કરવી ઘટે કે એ દીપવૃક્ષની ભેટ સિલ્બસ્ટેઈનને મળી છે કે નહીં ?' સિલ્બસ્ટેઈનના ઘેર પહોંચતાં જ સિલ્બસ્ટાઈને એનું ઉમળકાભેર સ્વાગત કરતાં કહ્યું, 'મારા વ્હાલા મિત્ર, મને ખાતરી હતી જ કે તમે જરૂર આવશો. ગઈકાલે જ હું મારી પત્નીને કહેતો હતો કે મારો જૂનો મિત્ર ઝાકરિયા કાલ સુધીમાં ન આવે તો એની આ કિંમતી ભેટ એને પરત કરી દઈશ; પરંતુ મિત્ર, આખરે તમે આવ્યા જ.'

*પૂર્વ તંત્રીશ્રી 'દૂત'*

વાચક મિત્રો, આ બંને કથાઓ મારી અને તમારી-આપણા સૌની છે. આ કથાઓનાં બંને મુખ્ય પાત્રો-પેલો જ્યૂ કિશોર અને ઝાકરિયા એ બીજું કોઈ નહીં, તમે અને હું અર્થાત્ આપણે સૌ છીએ. આપણા દરેકના અંતરમાં આ બંને પાત્રો છુપાઈને બેઠાં છે. યહૂદી કિશોર અને ગણતરીબાજ ઝાકરિયા, એ આપણામાં છુપાઈને રહેલી વેપારીબુદ્ધિ - ચતુરાઈ(ચાલાકી)નાં પ્રતીક છે. આપણા બધા સંબંધોમાં પછી એ માણસો સાથેના વ્યવહાર હોય કે ઈશ્વર સાથેના વ્યવહાર, આ જ્યૂપણું પ્રગટ થયા વિના રહેતું નથી.

થોડાં વર્ષો પૂર્વે મારા એક પરિચિત ભાઈ નગરા રીટ્રીટ સેન્ટરમાં દર મહિનાના એક ચોક્કસ શનિવારે જવા માટે ટેમ્પો ભાડે કરાવતા(પોતાના ખર્ચે) અને ઘણાબધા ભક્તો (?)ને નગરા લઈ જતા. એક-બે વર્ષ સુધી આ ક્રમ ચાલ્યો. પછી અચાનક ટેમ્પો ભાડે કરીને નગરા જવાના અને અન્યોને લઈ જવાના એમના એ ટેમ્પા પર બ્રેક વાગી ગઈ. એ બાબતે પૂછતાં એમણે મને ખુલાસો કરેલો - 'નગરા જઈને શું ખાટવાનું ? સતત બે વર્ષ સુધી મારા ખર્ચે ટેમ્પો કરાવીને તાબાના ઘણાબધાને નગરા કેરેસ્મેટિક રીટ્રીટ અને આરાધનાઓનો લાભ અપાવ્યો. હું ને મારી પત્ની પણ નિયમિતપણે એકપણ શનિવાર ચૂક્યા સિવાય નગરા ગયાં પણ મારી પત્નીના ડાયાબિટીસમાં કોઈ ફરક ન પડ્યો !

નિયમિત મહિનાના પ્રથમ શુક્રવારે સલુણ દિવ્ય દયાના ધામમાં જતાં એક બહેનને કહેતાં સાંભળ્યાં - 'દીકરાના લગ્નને સાત વર્ષ થયાં. દીકરાને ઘેર ઘોડિયું બંધાયું નથી. ફાધરે કહ્યું કે નવ શુક્રવાર કરો. ચોક્કસ તમારા દીકરાના ઘેર ઈસુની દિવ્ય દયાથી ઘોડિયું બંધાશે.' મિત્રો, ઈસુની દિવ્ય દયા, પવિત્ર આત્માનાં વરદાન કે માતા મરિયમની મધ્યસ્થી દ્વારા પ્રભુની કૃપા અને કરુણામાં અશ્રદ્ધા સેવવાની વાત નથી. નગરા, સલુણ કે ખંભોળજ જેવાં પવિત્ર તીર્થધામોની ઉપેક્ષા કે અવગણના કરવાનું નથી કહેતો. ઈસુ તો દયાસાગર છે જ. પવિત્ર આત્માનાં કૃપાદાનો સતત વરસતાં જ રહે છે, મા મરિયમની શક્તિશાળી મધ્યસ્થીમાં શંકા સેવવાને કોઈ કારણ નથી. આ બાબતે 'નો ડાઉટ.'

પણ પ્રશ્નાર્થચિહ્ન છે આપણી માનસિકતા, આપણામાં ઘર કરી ગયેલ પેલા જ્યૂપણા - વેપારી વૃત્તિ સામે. પ્રભુ સાથેના સંબંધોમાં પણ ગણતરીઓ, નફા-તોટાનો હિસાબ ? મારા પિતાજીના મુખે ઘણીવાર આ રમૂજ કથા સાંભળેલી. બીમાર દીકરા માટે અલ્લાહને વિનવતી મા કહે છે, ‘મેરે અલ્લા, મેરે બેટે કો અચ્છા(સાજા) કર દે તો તુઝે આભ જેસી રોટી બનાકે દુંગી.’ બીમાર દીકરો નવાઈભરી આંખે માને જૂએ છે અને પૂછે છે, ‘અરે મા, તું અલ્લાકો આભ જેસી રોટી દેનેકી બાત કરતી હૈ, લેકિન ઈતના બડા કુલ્લા(કલાડી) કહાંસે લાએગી ?’ પેલી સ્ત્રી હસીને કહે, ‘અરે મેરે ભોલે બચ્ચે, તું ચિંતા મત કર. યે તો મેં અલ્લા કો પટાતી હું !’

આ સ્ત્રીની જેમ ઘણીવાર આપણી આખી જિંદગી પણ ભગવાનને (કે આપણી જાતને ?) પટાવવામાં જ વીતી જાય છે. અરે ભાઈ, ઓછામાં ઓછું પ્રભુની સમક્ષ તો એક સાચા ભક્ત, એક સાચા પ્રેમી બનીને જઈએ, નહિ વેપારી કે યાચક બનીને.

હિન્દુ ધર્મની એક કથા મુજબ ભક્ત પ્રહ્‌લાદને બચાવવા ભગવાન નૃસિંહરૂપે પ્રગટ થાય છે. તે પ્રહ્‌લાદને પૂછે છે, ‘બેટા, માંગ. તારે શું જોઈએ છે ? અને ભક્ત પ્રહ્‌લાદનો જવાબ, ‘પ્રભુ, આપ મળ્યા એટલે બધું મળ્યું. મારે માત્ર તમે જ જોઈએ.’ આપણા એક સંત પણ ભગવાન ઈસુને આવો જ જવાબ આપે છે, ‘*I want you Jesus.*’

ધારો કે નગરામાં ખુદ પવિત્ર આત્મા કે સલુણમાં ખુદ દિવ્ય દયાના ઈસુ તમારી સામે પ્રગટ થાય અને પૂછે કે ‘બોલ દીકરા (કે દીકરી) તારે શું જોઈએ ?’ કહેવાની તાકાત ખરી કે મારા ઈસુ (પવિત્ર આત્મા) તમારા પ્રેમ અને ભક્તિ સિવાય મારે બીજું કશું ન જોઈએ. પ્રેમાનંદ રચિત ‘મામેરું’ આખ્યાન કાવ્યમાં ખુદ ભગવાન મોસાળુ ભરે છે, ભગવાનના અંતર્ધાન થયા પછી નણદીની દીકરીની પહેરામણી બાકીની ફરિયાદ ઊઠે છે ત્યારે ફરી એકવાર ભગવાન આકાશમાંથી કાપડનો વરસાદ વરસાવે છે. ‘ખુદ ભગવાન આવ્યા હતા. માંગ્યું હોત તો સ્વર્ગ આપી દેત પણ ટૂંકી બુદ્ધિના લોકો કાપડના ટુકડાથી રાજી થઈ જાય છે.’

આ તપઋતુ દરમ્યાન આપણામાં છૂપાઈને રહેલ આ જ્યૂપણું (હૃદયના કોઈ ખૂણેખાંચરે કદાચ પડ્યું હોય) શોધવાની કોશિશ કરીએ. કોઈપણ સંબંધમાં તમે જ્યારે ગણતરી કરો છો અને જ્યારે પણ ગાણિતિક રીતે જીવવાનું શરૂ કરો છો, જ્યારે પણ તમે માત્ર ને માત્ર તર્કને આધારે જીવવા માંડો છો ત્યારે તમારી અંદર છુપાયેલા આ જ્યૂપણાથી ચેતજો.

અલબત્ત, ઓશો કહે છે તેમ આ જ્યૂપણું ખતમ કરવું ખૂબ અઘરું છે. કારણ, એના માટે તમારે ઘણી આકરી કિંમત ચૂકવવી પડે છે, ઘણું બધું ગુમાવવાની તૈયારી તમારે રાખવી પડે છે, જેવાં કે માન-મોટાઈ, નામના, સત્તા, પૈસો વગેરે... પણ જ્યાં સુધી તમારા અંતરમાં રહેલા આ જ્યૂપણાથી તમે છૂટકારો નહિ મેળવો ત્યાં સુધી તમે સાચા અર્થમાં ધાર્મિક-આધ્યાત્મિક બની નહિ શકો. ઈશ્વરના રાજ્યથી તમે દૂર જ રહેશો.

આપણાં દેવળોમાં (મંદિરોમાં ખાસ)બહાર બોર્ડ મૂકેલાં હોય છે. ‘પગરખાં બહાર ઉતારો.’ મને લાગે છે કે ‘પગરખાં’ને બદલે ‘અભરખા’ બહાર ઉતારીને દેવળ કે મંદિરમાં પ્રવેશવાનું બોર્ડ લગાવવું વધુ જરૂરી છે.●


*Learn Simple and Easy Method to Crack*

**SSC / Railways / Banking / IBPS PO / CLAT**

**Jeremy Education Centre**

Jeremy Education Centre
JEC

*Trained, Certified, Awarded and Experienced faculties for National and International Competitive / Entrance Exams for Years*

**FREE DEMO - FREE COUNSELING - Avail DISCOUNT**

**OUR SPECIALITY**


- Draw out the best from candidates.
- Provide authentic study material.
- Chapter wise Practice tests.
- Conduct doubt solving session.
- Phases to systemize the coaching.
- Teach the Strategy / Method.
- TeachTime Management.
- Monitor Mock tests.

**IELTS, OET, TOEFL, PTE, SAT, ACT, GRE, GMAT, CMAT, CAT and ENGLISH SPEAKING**

Class-Online (group/personal) Coaching available

**Ahmedabad :** 307, 3rd Eye Vision, Above NEXA, IIM road, (M) 97240 31501

**Vadodara :** B/407, Manubhai Towers, Opp. Art's college, Sayajiganj. (M) 96014 21347



# મનોરંજન આધ્યાત્મિકતા !




✍ ફાધર હેરી પિન્ટો

'ફાધર તમે આજે સરસ બોધ કર્યો,' એક વ્યક્તિએ મારી કદર કરીને કહ્યું. મેં સામે સવાલ કર્યો, 'કયો મુદ્દો તમને એકદમ સ્પર્શી ગયો જે તમે આ અઠવાડિયામાં અમલમાં મૂકવાના છો?' વ્યક્તિએ સુંદર સ્મિત આપીને કહ્યું કે, 'ફાધર હું તમને પછી કહીશ.' મતલબ એ વ્યક્તિ પાસે મારા પ્રશ્નનો જવાબ ન હતો. કદાચ એ જ પરિસ્થિતિ મોટા ભાગના લોકોની પણ હોઈ શકે. આવું કેમ થાય છે ? શું આપણે મનોરંજન માટે દેવળમાં આવીએ છીએ ? અથવા દેખાવ પૂરતું કે ફરજ પૂરી કરવા ખાતર ? આપણે ચૂસ્ત ખ્રિસ્તીઓ છીએ અને દર રવિવારે પરમપૂજામાં અચૂક હાજરી આપીએ છીએ. આ ખરેખર વખાણવાલાયક બાબત છે. તો આપણે પોતાની જાતને એક ગંભીર સવાલ પૂછીએ કે ગયા વર્ષ કરતાં આ વર્ષે મેં મારા જીવનમાં કેટલી પ્રગતિ કરી છે ?

પ્રગતિનો સવાલ આવ્યો એટલે તરત જ ઘણાં બધા જવાબમાં કહેવાના કે મેં ઘરમાં એલ.સી.ડી. ટીવી, વોશિંગ મશીન, માઈક્રોવેવ વગેરે વસાવ્યાં છે અને આવતા વર્ષની યાદી પણ તૈયાર છે. ભૌતિક જીવનમાંથી પ્રગતિ દેખાઈ આવે છે અને સાથોસાથ ભવિષ્યનું આયોજન પણ તૈયાર હોય છે. ખૂબ સરસ ! અભિનંદન ! પણ ખરી પ્રગતિ કેવી રીતે માપી શકાય અથવા ખરી પ્રગતિનો માપદંડ શો છે ?

ખરી પ્રગતિનો માપદંડ તો એ છે કે હું દિલમાં કેટલી શાંતિ અનુભવું છું ? મારા જીવનમાં કેટલો આનંદ અનુભવું છું ? મારા દિલમાં ઈશ્વર પ્રત્યેના પ્રેમમાં હું કેટલો આગળ વધ્યો છું ? ઈશ્વરનો પ્રેમ પાડોશીઓમાં કેટલા અંશે વ્યક્ત કરું છું કે વ્યક્ત કરવામાં આનાકાની અનુભવું છું ? શું હું પોતાની જાતને ખરી રીતે પ્રેમ કરું છું ?

આપણે યાદ કરીએ કે ભૌતિક સગવડો વસાવવામાં અને આયોજન કરવામાં આપણે હોંશિયાર છીએ, તકેદારી રાખીએ છીએ, આગળ પડતા છીએ. તો એ જ કૌશલ્યને આપણે આધ્યાત્મિક રીતે આગળ વધવા, ઈશ્વર-પાડોશી-પોતા પ્રત્યેના પ્રેમમાં પ્રગતિ કરવા કેમ ન વાપરીએ ?

મોટા ભાગની વ્યક્તિઓ રોજબરોજનો આવક-જાવકનો હિસાબ રાખતા હોય છે, જેથી આવતા મહિનાઓમાં આયોજિત રીતે અને અગ્રિમતાના ક્રમ પ્રમાણે ખર્ચ કરી શકીએ. તો આપણે આપણી જાતને સવાલ પૂછવો પડે કે વ્યક્તિગત જીવનમાં, પ્રભુમય જીવનમાં, ઈશ્વરીય પ્રેમમાં, પાડોશી પ્રેમમાં આગળ વધવા શું આપણે કોઈ પ્રગતિની ડાયરી રાખીએ છીએ ખરા ? શું આપણે આ પ્રગતિની ડાયરીમાં આધ્યાત્મિક જીવનની લેવડ-દેવડ લખીએ છીએ ખરા ? શું એ પ્રગતિની ડાયરીમાં આધ્યાત્મિક જીવનનું આયોજન કરીએ છીએ ખરા ? આપણે એની એ જ વ્યક્તિઓ છીએ જે ભૌતિક જીવન ગંભીરતાથી લઈને, એમાં રસ લઈને, તનતોડ મહેનત કરીને આગળ વધીએ છીએ, તો આધ્યાત્મિક જીવનમાં કેમ ઢીલાશ, કેમ ઓછી ગંભીરતા, કેમ ઓછો રસ અને ચાલશેનું વલણ ? જે તકનીક આપણે ભૌતિક પ્રગતિ કરવા વાપરીએ છીએ એ જ તકનીક જો આપણે આધુનિક જીવનમાં પ્રગતિ કરવા વાપરી હોત તો કેટલું સારું થાત ? આપણે સમગ્ર જીવનમાં કેટલી બધી પ્રગતિ કરી શક્યા હોત ?

*સભાપુરોહિત, કેથોલિક આશ્રમ, ડીસા*

આપણે ખરેખર ઈશ્વરનો આભાર માનીને જીવવું જોઈએ કારણ કે આપણને પ્રભુભક્તિ કરવા, દેવળમાં જવા, પરમપૂજામાં ભાગ લેવા માટે મુક્ત વાતાવરણ છે. યાદ રાખીએ કે આજરોજ ઘણા બધા દેશોમાં ખ્રિસ્તીઓને આવી રીતે મુક્તપણે ઉપાસના કરવા મુક્તિ નથી. એ લોકોએ છાની રીતે મળીને પ્રાર્થના કે પરમપૂજા કરવી પડે છે અને પકડાય તો જેલમાં જવું પડે છે. એ ખ્રિસ્તીઓ પોતાની શ્રદ્ધા જીવંત રાખવા કેટલું સહન કરે છે, કેટલી મહેનત કરે છે અને કેટલી સાવચેતી રાખે છે. આપણે આપણને મળેલા મુક્ત વાતાવરણનો સદુપયોગ કરીને આપણી શ્રદ્ધામાં વધારો કરીએ તો કેટલું સારું !

મારી પાસે અદ્યતન ગાડી હોય, એમાં હું નિયમિત હવા પૂરું, પેટ્રોલ નાખું અને ધોવું પણ એન્જિનમાં તેલ ન નાખું તો ગાડી લાંબા સમય સુધી ચાલવાની નહિ એ આપણે બધા જાણીએ છીએ કારણ કે એન્જિન તેલ વગર ગરમ થવાનું અને તૂટી જવાનું. ગાડીની સંભાળમાં કાળજી રાખું નહિ અને સમતોલન જાળવું નહિ તો તે તૂટી જાય. એ પ્રમાણે મારા વ્યક્તિગત જીવનમાં પણ ભૌતિક અને આધ્યાત્મિક પાસામાં સમતોલન જાળવું નહિ તો મારું જીવન પણ તૂટી જવાનું. એટલે ભૌતિક અને આધ્યાત્મિક જીવનમાં સમતોલન લાવવાની તાતી જરૂર છે. ભૌતિક પ્રગતિની સાથોસાથ આધ્યાત્મિક પ્રગતિને પણ પ્રાધાન્યતા આપવાની હોય છે. પ્રાયશ્ચિત સંસ્કાર અને ખ્રિસ્તયજ્ઞ આપણી જીવાદોરી છે. એના બદલે એને મનોરંજન જેવું સ્થાન આપીએ તો ઘણું નુકસાન આપણે લાંબા ગાળે ભોગવવાનું.

આપણે તપઋતુમાં ક્રૂસના માર્ગની ભક્તિ કરીએ, પ્રભુની વેદના ઉપર મનન ચિંતન કરીને પ્રભુની દયા ખાવાની કોઈ જરૂર નથી. દયા આપણે પોતાની જાતની કરીએ કારણ કે અમૂલ્ય જીવનને ગંભીરતાથી લીધા વગર ચાલશેનું વલણ અપનાવીને જીવનને અને કિંમતી સમયને વેડફી નાખ્યો હશે. આ પવિત્ર ઋતુ એવો અનોખો અવસર છે જ્યાં આપણે પ્રભુનો પ્રેમનો અનુભવ કરીએ, એમની દયાની ધારામાં ઓતપ્રોત થઈએ, એમની કૃપાના ઝરણામાં વહેતાં થઈએ અને આપણી જાતનું ગૌરવ પુનઃસ્થાપિત કરીએ. આપણે યાદ રાખીએ કે ઈશ્વરે આપણને એમના પ્રતિમૂર્તિરૂપ ઘડ્યા છે અને આ એક સત્ય છે, કાલ્પનિક વાત નથી.

*અનુસંધાન પાન નં. ૧૯ પર જુઓ...*



# ખ્રિસ્તી જીવનની પરિપૂર્ણતા

✍ બ્રધર રોબર્ટ ક્રિસ્ટી એસ.જે.



તપઋતુમાં માતા ધર્મસભા સૌ ખ્રિસ્તીઓને પવિત્ર જીવન જીવીને ઈશ્વર, મનુષ્ય અને સમગ્ર સૃષ્ટિ સાથે સબંધ સુધારીને ખ્રિસ્તી જીવનની પરિપૂર્ણતાને પામવાનું આહ્‌વાન કરે છે. બેશક, આ એક તેડું છે જેનો પ્રતિસાદ ફક્ત ખ્રિસ્તી સમુદાયે જ નહી પરંતુ સમગ્ર માનવજાત માટે આવશ્યક છે.

દ્વિતીય વેટિકન પરિષદના દસ્તાવેજોમાં *Lumen Gentium* (ઈસુ માનવોનો પ્રકાશ)ના પાંચમા પ્રકરણમાં ‘પવિત્ર જીવન’ જીવવાનો અનુરોધ કર્યો છે.

આ સંદર્ભમાં ખ્રિસ્તી સમાજ તપઋતુ દરમિયાન અન્યોની માફક ઉપવાસ, તપ, દાન ધર્માદા, સેવાકીય પ્રવૃતિઓ અને પ્રાર્થના દ્વારા ખ્રિસ્ત પ્રત્યેની નિષ્ઠા અને પ્રેમ વ્યક્ત કરતો જ હોય છે, જે ખરેખર યોગ્ય અને અભિનંદનને પાત્ર છે; તેમ છતાંય ઘણી વખત આ બધું ચીલાચાલુ રૂઢિમાં અટવાયેલું હોય એવો ભાસ થાય છે ! પરિણામે મનની શાંતિ, સ્વ અને સમાજનું પરિવર્તન ધારીએ એવું જોઈ શકાતું નથી. શૈક્ષણિક, આર્થિક, ધાર્મિક અને સામાજિક (થોડોઘણો રાજકીય પણ )રીતે જાગૃત બનેલો સમાજ ખ્રિસ્તી જીવનની પરિપૂર્ણતા તરફ આગળ વધે એ જરૂરી છે.

પ્રભુ પરમેશ્વરે માણસને બૂમ મારી ‘તું ક્યાં છે ?’(ઉત્પતિ ૩:૯) આ પ્રશ્નને ધ્યાનથી વિચારતા સમજાય છે કે મનુષ્યને તેના પરમેશ્વર સાથેના સંબંધો વિશે આ પૂછવામાં આવ્યું છે. દરેક સમયે ઈશ્વર આપણને પણ એ પ્રશ્ન પૂછે છે અને એ દ્વારા ઈશ્વર આપણને તેની સાથેના સંબંધોને ચકાસીને આગળ વધવા માટે પ્રોત્સાહન આપે છે; એટલે જ આપણા ઈશ્વર સાથેના સંબંધોને ચકાસીને સાચું ખ્રિસ્તી જીવન જીવવા માટેની સમજ કેળવાય તે માટે તપઋતુ મદદ કરે છે.

**પવિત્ર જીવનની હાકલ :** પવિત્ર જીવન જીવવું એ સૌ મનુષ્ય માટે ઈશ્વરની હાકલ છે. પવિત્ર જીવનની હાકલ એટલે ખ્રિસ્તમાં આગળ વધવું, ખ્રિસ્તનું પરિધાન કરવું, અનુકરણ કરવું અને પવિત્ર આત્મા પ્રેરિત ખ્રિસ્તી જીવન જીવી ધર્મસભાના ઘડતરમાં સહકાર આપવો. પવિત્ર જીવનનું આચરણ વ્યક્તિના પરમેશ્વર સાથેના સંબધો મજબૂત બનાવે છે. પવિત્ર જીવન જીવવા વિશે નવા કરાર અને એમાંયે ખાસ કરીને સંત પાઉલના પત્રોના વિવિધ લખાણોમાં મળી આવે છે.

**ખ્રિસ્તમાં આગળ વધવું(Growing in Christ) :** ખ્રિસ્તી જીવનની પરિપૂર્ણતામાં ખ્રિસ્ત પ્રત્યેની શ્રદ્ધામાં આગળ વધવું જરૂરી છે. ખ્રિસ્તને જ મૂળમાં રાખીને જીવન જીવતી વ્યક્તિ ચોક્કસપણે જીવનની પરિપક્વતામાં મક્કમ બને છે. ખ્રિસ્ત પ્રત્યેની શ્રદ્ધા વ્યક્તિને નવું જીવન બક્ષે છે. તેને લીધે જ વ્યક્તિનું મન પરમેશ્વરનું આહ્‌વાન અને માનવીય પડકારો ઝીલવા સમર્થ બને છે. સંત પાઉલ જણાવે છે કે,‘જે કોઈ ખ્રિસ્તમાં વસે છે તેનું નવેસર સર્જન થયું છે; જૂનું બધુ ચાલ્યું ગયું અને જુઓ, નવું બની ગયું.’ (૨ કરિંથ ૫: ૧૭)

**ખ્રિસ્તનું પરિધાન (being clothed in Christ) :** નિસંદેહ માનસિક તૈયારી ખ્રિસ્તનું (પરિધાન) અનુકરણ કરવા માટે જરૂરી છે. શુભસંદેશમાં આ માટે નીચેની કડીઓ મળી આવે છે. ‘કારણ, સ્નાનસંસ્કાર દ્વારા ખ્રિસ્તની દીક્ષા લેનાર તમે બધાએ ખ્રિસ્તને પરિધાન કર્યા છે’. (ગલાતિયા ૩:૨૭) ‘પ્રભુ ઈસુને ધારણ કરો અને પાપી પ્રકૃતિની વાસનાઓને સંતોષવાનો વિચાર છોડી દો’.(રોમ ૧૩: ૧૪) ‘ઈશ્વરને અનુરૂપ રીતે સર્જાયેલી તથા સાચી ધાર્મિકતા અને પવિત્રતા રૂપે વ્યકત થતી નવી પ્રકૃતિ ધારણ કરો.’ (એફેસેસ ૪:૨૪)


આ પરિધાન માટે ફક્ત નૈતિક જીવનની પરિપક્વતા જ નહી પરંતુ પરસ્પર નવા સંબંધ રચવાની જરૂર છે. સંત પાઉલના શબ્દોમાં, ‘પ્રેમપૂર્વક સત્યને પંથે પળીને બધી બાબતોમાં વધતાં વધતાં ખ્રિસ્ત સુધી પહોંચવાનું છે.’(એફેસેસ ૪:૧૫) ખ્રિસ્તનું પરિધાન આપણને ખ્રિસ્ત સાથે ઓળખાવે છે અને ખ્રિસ્તના સાચા અનુયાયીઓ પૂરવાર કરે છે.

**ખ્રિસ્તી ઘડતર અને ધર્મસભા :** દરેક ઈસુપંથી એ ઈસુપંથી સમાજનો ભાગ હોય તે ધર્મસભા અને સમાજના વિકાસમાં યોગદાન આપે એ જરૂરી છે જે છેવટે ધર્મસભાને ખ્રિસ્તની જીવંત હાજરીનું પ્રતીક બનાવે છે. શરૂઆતની ધર્મસભામાં ખ્રિસ્તી સમાજ કનડગત અને અત્યાચારનો ભોગ બન્યો હતો. અત્યંત વિપરીત પરિસ્થિતિમાં પણ આદિ ખ્રિસ્તીઓએ શહાદત અને યાતનાઓમાં પણ ઈસુની ધર્મસભાને શ્રદ્ધાની જીવંત સાક્ષી બનાવી હતી. હાલની પરિસ્થિતિમાં પણ ખ્રિસ્તીઓ શ્રદ્ધામાં વધુ મક્કમ બનીને સમગ્ર ખ્રિસ્તી સમાજ અને અન્યોને ખ્રિસ્તના પ્રેમ અને હાજરીને જીવંત બનાવે એ જરૂરી છે.

**પવિત્ર આત્મા પ્રેરિતજીવન :** વ્યક્તિના પોતાના અને સમગ્ર ખ્રિસ્તી સમાજના ઘડતર માટે પવિત્ર આત્માની કૃપાઓ જરૂરી છે. પવિત્ર આત્માનો સાથ વ્યક્તિના ‘નવા જન્મ’ એટલે કે સ્નાનસંસ્કાર(યોહાન ૩:૫) અને મરણ સુધી (રોમ ૮:૧૧) રહેલો હોય છે. પવિત્ર આત્મા જ વ્યક્તિ ને દોરે છે. (રોમ ૮: ૧૪) ઈશ્વરના પ્રેમની અનુભૂતિ કરાવીને સદ્‌કૃત્યોને લાયક ઠરાવે છે.(રોમ ૫:૫) પવિત્ર આત્મા જ જીવન અને ઈશ્વર સાથેના સંબધો સમજવામાં મદદરૂપ થાય છે(યોહાન ૧૪:૨૬), અને છેવટે ખ્રિસ્તી જીવનની પરિપૂર્ણતા તરફ લઈ જાય છે. ખ્રિસ્તી સમાજ એ ઈશ્વરનો પસંદ કરેલો સમાજ છે.

*ડી નોબિલી કોલેજ પૂના ખાતે દેવવિદ્યાના ત્રીજા વર્ષનો અભ્યાસ પૂર્ણ કરેલ છે.*

*અનુસંધાન પાન નં. ૧૯ પર જુઓ...*



# યોસેફ:ઈસુના પિતા,મરિયમના પતિ



✍ ફાધર વર્ગીસ પૉલ એસ.જે.

નવા કરારમાં યોસેફનું નામ સૌ પ્રથમ આપણને ઈસુની વંશાવળીની યાદીમાં જોવા મળે છે.... અને યાકોબનો પુત્ર તે મરિયમનો પતિ યોસેફ. એ મરિયમે ખ્રિસ્ત નામે ઓળખાતા ઈસુને જન્મ આપ્યો. (માથ્થી ૧:૧૬) અહીં માથ્થીએ યોસેફને 'યાકોબનો પુત્ર' કહ્યા છે. તો લૂકે આપેલી ઈસુની વંશાવળીમાં યોસેફને 'એલીનો પુત્ર' તરીકે ઓળખાવ્યા છે. (જુઓ લૂક ૩:૨૩), મૂળ હિબ્રૂ ભાષામાં યોસેફ નામનો અર્થ 'તેને (ઈશ્વરને) ઉમેરવા દો' કે 'તેને ભેગા કરવા દો' એવો થાય છે.

શુભસંદેશકાર માથ્થી અને લૂકે ઈસુનો જન્મ તથા એમના બાળપણ અંગેની વાતમાં મરિયમના પતિ અને ઈસુના પિતા યોસેફની વાત કરી છે. માર્કકૃત શુભસંદેશમાં યોસેફનું નામ સુધ્ધાં ક્યાંય આવતું નથી. યોહાનકૃત શુભસંદેશમાં બે જગ્યાએ યોસેફને 'ઈસુના પિતા' તરીકે ઓળખાવવામાં આવ્યા છે. 'તે યોસેફના પુત્ર નાસરેથના ઈસુ છે.' (યોહાન ૧:૪૫) અને 'આ યોસેફનો દીકરો ઈસુ નથી ?' (યોહાન ૬:૪૨)

લૂક જણાવે છે તેમ, દેવદૂતે મરિયમને વધામણી આપી તે પહેલાં નાસરેથ ગામની કન્યા મરિયમનો વિવાહ દાવિદના વંશજ યોસેફ નામના માણસ સાથે થયા હતા.(લૂક ૧:૨૭) પણ માથ્થી જણાવે છે તેમ, તેમનો (યોસેફ અને મરિયમનો) સહવાસ થાય તે પહેલાં જ માલૂમ પડ્યું કે મરિયમને પવિત્ર આત્માના પ્રભાવથી ગર્ભ રહ્યો છે.(માથ્થી ૧:૧૮)

સ્વાભાવિક રીતે પોતાની સાથે સગાઈ થયેલી મરિયમની ગર્ભાવસ્થા વિશે જાણીને યોસેફ ભારે મૂંઝવણ અનુભવે છે, ધર્મસંકટમાં મુકાય છે; એટલે યોસેફ છાનામાના મરિયમને છૂટાં કરવાનો વિચાર કરે છે. આ સમગ્ર પ્રસંગ આપણે માથ્થીકૃત શુભસંદેશમાં વાંચીએ છીએ. 'તેમના પતિ યોસેફ ધર્મિષ્ઠ માણસ હતા અને તેમને ઉઘાડાં પાડવા ઈચ્છતા ન હતા, એટલે તેમની ઈચ્છા કશી હોહા વગર તેમને છૂટાં કરવાની હતી. તેઓ એ વાતનો વિચાર કરતા હતા એવામાં એક દેવદૂતે તેમને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું, 'હે દાવિદ પુત્ર યોસેફ, તારી પત્ની મરિયમને ઘેર તેડી લાવતાં ડરીશ નહીં. એને જે ગર્ભ રહ્યો છે તે પવિત્ર આત્માના પ્રભાવથી રહ્યો છે. તેને પુત્ર અવતરશે અને તું તેનું નામ ઈસુ પાડજે. કારણ, તે પોતાની પ્રજાને પાપમાંથી મુક્તિ આપનાર છે.' (માથ્થી ૧:૧૯-૨૧)

અહીં માથ્થીએ યોસેફને 'ધર્મિષ્ઠ માણસ' કહ્યા છે. ભારે મૂંઝવણ અને ધર્મસંકટની પરિસ્થિતિમાં યોસેફનો પ્રતિભાવ પુરવાર કરે છે કે યોસેફ પોતાના આચારવિચારથી ખરેખર એક ધર્મિષ્ઠ માણસ હતા. માનસિક કટોકટીના સમયમાં વિશિષ્ટ ઈશ્વરી કૃપાથી એક દેવદૂતે યોસેફને સ્વપ્નમાં દર્શન દઈને તેમના અને મરિયમ માટેની ઈશ્વરી યોજનાનો ખ્યાલ આપ્યો. એટલું જ નહીં, મરિયમને પુત્ર અવતરશે ત્યારે એનું નામ ઈસુ પાડવાનું અને એ રીતે ઈસુના પાલક પિતા તરીકેની જવાબદારી નિભાવવાનું કામ પણ યોસેફને સોંપવામાં આવ્યું. યોસેફે ઈસુના પાલક પિતા તરીકેની જવાબદારી સુપેરે નિભાવી છે. માથ્થીમાં આપણે વાંચીએ છીએ :'યોસેફે ઊંઘમાંથી ઊઠીને દેવદૂતના કહ્યા પ્રમાણે કર્યું. તેઓ પોતાની પત્નીને ઘરે તેડી ગયા. તેમનું ગમન થયા વગર મરિયમને પુત્ર અવતર્યો અને યોસેફે તેમનું નામ ઈસુ પાડ્યું.' (માથ્થી ૧:૨૪-૨૫)

પૂર્વ તંત્રી 'દૂત', લેખક અને અધ્યક્ષ, ગુજરાતી લેખક મંડળ, અમદાવાદ

આકાશમાં ઈસુના જન્મનો તારો જોઈને પૂર્વમાંથી પંડિતો બેથલેહેમમાં 'યહૂદીઓનો નવો જન્મેલો રાજા' (માથ્થી ૨:૨) ઈસુને પગે લાગવા આવ્યા. આપણે માની શકીએ છીએ કે બાળ ઈસુ અને એનાં માતા સાથે પૂર્વના પંડિતો યોસેફનાં પણ દર્શન કરીને અને બાળ ઈસુ આગળ પોતે લાવેલી ભેટો ધરીને પાછા પોતાના દેશમાં ગયા.

ફરી એકવાર દેવદૂતે સ્વપ્નમાં દર્શન દઈને યોસેફને જણાવ્યું કે, 'હેરોદ એ બાળકને(ઈસુને) શોધી કાઢીને મારી નાખવાની પેરવીમાં છે.' (માથ્થી ૨:૧૩) આ ચેતવણી મળ્યાની રાતોરાત યોસેફ બાળ ઈસુ અને એનાં માતા મરિયમને લઈને બેથલેહેમથી મિસર(ઈજિપ્ત) ભાગી ગયા. માથ્થી લખે છે, 'એટલે યોસેફ ઊઠ્યા અને બાળક અને તેનાં માતાને લઈને રાતોરાત મિસર ચાલ્યા ગયા અને હેરોદના મરણ સુધી ત્યાં રહ્યાં.' (માથ્થી ૨:૧૪-૧૫)

ઈસવીસનનાં ચાર વર્ષ પહેલાં હેરોદના મૃત્યુ પછી, એટલે મિસરમાં ઈસુને બે વર્ષ થયાં ત્યારે, દેવદૂતે ફરી એકવાર યોસેફને દર્શન દઈને બાળ ઈસુ અને એની માતાને લઈને ઈઝરાયેલની ભૂમિમાં જવા જણાવ્યું. યોસેફે સાંભળ્યું કે હેરોદનો પુત્ર આર્ખિલાઉસ યહૂદિયામાં રાજ્ય કરે છે, એટલે સ્વપ્નમાં ઈશ્વર તરફથી મળેલી સૂચના મુજબ યહૂદિયા જવાને બદલે યોસેફ ઈસુ અને માતા મરિયમને લઈને ગાલીલ પ્રાન્તના નાસરેથ ગામમાં જઈને વસ્યા.(જુઓ માથ્થી ૪:૧૯-૨૩)

યોસેફ, મરિયમ અને ઈસુ નાસરેથમાં રહેતાં હતાં ત્યારે તેઓ બીજા ઘણા યહૂદીઓની જેમ દર વર્ષે પાસ્ખાના પર્વ ઉપર યરુશાલેમ જતાં હતાં, ઈસુ બાર વર્ષના થયા તે વર્ષે યરુશાલેમની યાત્રા વખતે થયેલો પ્રસંગ લૂકે નોંધ્યો છે. પાસ્ખાપર્વ પછી યાત્રાળુઓ પરત જતાં હતાં ત્યાં એક દિવસના પ્રવાસ પછી યોસેફ અને મરિયમને ખબર પડી કે ઈસુ યાત્રાળુઓના સંઘમાં નથી ! ઈસુને શોધતાં શોધતાં તેઓ પાછાં યરુશાલેમ આવ્યાં અને ત્રીજા દિવસે મંદિરમાં તેમને ઈસુનો ભેટો થયો. લૂકે નોંધ્યું છે તેમ, 'કિશોર ઈસુ ધર્મગુરુઓનો ઉપદેશ સાંભળતા હતા અને એમને પ્રશ્ન પૂછતા હતા.' ઈસુની માએ તેમને કહ્યું, : 'બેટા, તેં આમ કેમ કર્યું ? જો, તારા બાપુ અને હું તો તને શોધી શોધીને અડધાં થઈ ગયાં.' (લૂક ૨:૪૮) 'ઈસુ ખોવાયા અને જડ્યાના' આ પ્રસંગ પછી લૂકે

નોંધ્યું છે કે, 'ઈસુ તેમની (યોસેફ અને મરિયમ) સાથે પાછા નાસરેથ આવ્યા હતા અને તેમના કહ્યામાં રહ્યા.'(લૂક ૨:૫૧) આ વાક્યમાં તેમ જ પછીના વાક્યમાં ઈસુના ઉછેરમાં એમનાં માતાપિતા યોસેફ અને મરિયમે આપેલા ફાળાનો આપણને ખ્યાલ આવે છે. કારણ કે, લૂકે વધુમાં ઉમેર્યું હતું કે, 'ઈસુ જ્ઞાનમાં અને ઉંમરમાં વધતા ગયા અને ઈશ્વરના અને માણસના વધુને વધુ પ્રીતિપાત્ર બનતા ગયા.' (લૂક ૨:૫૨)

નાસરેથના ગામવાસીઓ, યોસેફને સુથાર તરીકે પોતાના ગામમાં ઓળખતા હતા, એટલે જ ઈસુ પોતાના જાહેર જીવનની શરૂઆતમાં નાસરેથ આવે છે ત્યારે પોતાના વતનના લોકો પૂછે છે, 'આ માણસમાં આવું જ્ઞાન અને આવી ચમત્કારિક શક્તિઓ ક્યાંથી ? એ પેલા સુથારનો દીકરો નથી ?'(માથ્થી ૧૩:૫૪-૫૫) આ પ્રસંગની વાતમાં માર્કે પોતાના શુભસંદેશમાં ખુદ ઈસુને સુથાર કહ્યા છે. 'આ પેલો સુથાર નથી ? પેલી મરિયમનો દીકરો ?' (માર્ક ૬:૩)

રોલાન્ડ બ્રાઉનરિગ કહે છે તેમ યોસેફનું મૂળ ઘર અને એમના પિતાના નામ અંગે માથ્થીકૃત અને લૂકકૃત શુભસંદેશમાં મતભેદ જોવા મળે છે. યોસેફ અંગે માથ્થીએ અને લૂકે આપેલી બીજી બધી વિગતો એકબીજાની પૂરક ગણી શકાય છે. અમુક પૌરાણિક કથાઓ મુજબ યોસેફે મોટી ઉંમરે મરિયમ સાથે લગ્ન કર્યું હતું અને ઈસુ સોળેક વર્ષના હતા ત્યારે એમનું મૃત્યુ થયું હતું. ત્યાર પછી ઈસુએ પોતાના ઘરનો ધંધો સંભાળ્યો હતો, એટલે જ નવા કરારમાં ઈસુના જાહેર જીવન દરમિયાન કે એમના ક્રૂસ પરના મૃત્યુ વખતે પણ યોસેફનો કોઈ ઉલ્લેખ નથી.

આપણે જાણીએ છીએ કે ક્રૂસ પરથી ઈસુએ પોતાની માતાની સંભાળ પોતાના શિષ્ય યોહાનને સોંપી હતી. વળી પારંપરિક ચિત્રકળામાં કલાકારોએ વડીલ યોસેફનાં ચિત્રો એક હાથમાં બાળ ઈસુ અને બીજા હાથમાં લાકડી સાથે દોર્યાં છે. એ જ રીતે યોસેફ, મરિયમ અને ઈસુનાં કૌટુંબિક ચિત્રોમાં પોતાનાં માબાપ વચ્ચે ઊભેલા બાળ ઈસુ જોવા મળે છે. પંદરમી સદીથી કેથલિક ધર્મસભા પોતાની ઉપાસના વિધિમાં યોસેફના તહેવારની ઉજવણી દર વર્ષે માર્ચની ૧૯ મી તારીખે કરે છે.●

*અનુસંધાન પાન નં. ૦૯ પરથી ચાલુ...*

તેમજ પરમપિતાને અર્પણ કરીને આપણી માતા ધર્મસભાને સુગ્રથિત અને સંગઠિત બનાવવા હમેશાં પ્રયત્નશીલ રહીએ. જયારે ખ્રિસ્તના અનુયાયી જુલમ વેઠી રહ્યા હોય છે ત્યારે તેઓ ખ્રિસ્ત સાથે આખી દુનિયા માટે પિતા સમક્ષ અરજો ગુજારે છે. આવા લોકોને પ્રભુ પોતાના શબ્દોમાં આમંત્રણ પાઠવે છે.' : 'ઓ થાકેલાઓ અને ભારથી કચડાયેલાઓ, તમે બધા મારી પાસે આવો; હું તમને આરામ આપીશ કારણ હુ હૃદયનો રાંક અને નમ્ર છું અને તમારા જીવને શાતા વળશે.'● (માથ્થી:૧૧:૨૮-૩૦)

*અનુસંધાન પાન નં. ૧૬ પરથી ચાલુ...*

સાથોસાથ પ્રભુ ઈસુએ આપણને ફરી ઈશ્વરના પુત્ર-પુત્રીઓનું સ્થાન આપી બેઠાં કર્યા છે. માટે આપણી મનોરંજન આધ્યાત્મિકતા ખંખેરી નાખીએ, જીવનને ગંભીરતાથી લઈ આ ચાળીસ દિવસ દરમ્યાન આપણી પ્રગતિની ડાયરીમાં દૃઢ સંકલ્પ, નક્કર આયોજન અને સખત પુરુષાર્થ સાથે સમગ્ર જીવનમાં એક ડગલું આગળ વધીએ અને જીવનમાં સારાં ફળ આપતાં થઈએ અને એ રીતે પુનરૂત્થાનનું પર્વ ખરેખર માણી શકીએ. પુનરૂત્થાન પામેલા ઈસુ આપણને બધાને આશીર્વાદિત કરે એવી મારી પ્રાર્થના.●

*અનુસંધાન પાન નં. ૧૭ પરથી ચાલુ...*

'તમે પસંદ કરેલી જાતિ છો, રાજરાજેશ્વરના પુરોહિતો છો, પવિત્ર કોમ છો; ઈશ્વરે તમને પોતાની ખાસ પ્રજા ગણ્યા છે.' (૧ પીતર ૨:૯) ઈશ્વર પવિત્ર છે અને પવિત્રતાનો સ્રોત છે. ઈશ્વરની પવિત્રતા આપણને ઈશ્વરથી વિમુખ નહી પરંતુ ઈશ્વર ભણી દોરી જાય છે. પવિત્રતાને લીધે જ ઈશ્વર સૌ મનુષ્યોની સાથે સમાધાન કરે છે. ઈશ્વરની કૃપાઓને લીધે જ આપણે પવિત્ર જીવન જીવવા પ્રેરાઈએ છીએ. આથી દરેક વ્યક્તિ પોતપોતાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પવિત્ર જીવન જીવે. ઈશ્વર તરફથી મળેલી કૃપાઓ અને દાનનો યોગ્ય ઉપયોગ કરીને દરેક ધર્મજન પવિત્ર જીવન જીવી ઈશ્વર અને ધર્મસભાને માન અને વૈભવ અપાવી છેવટે પવિત્ર જીવનની પરિપૂર્ણતા તરફ આગળ વધે એ ઉચિત છે.●




**શેરોન** વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે પંદર વસ્તુઓનું પેકેજ
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોવ્ઝ
મેક્ષી, ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

**પરવીન એસ.:** ફેશન ડીઝાઈનર
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે. તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*





**એના ટ્રાવેલ્સ**
અર્નવ

પ્રવાસઃ-૧, તારીખઃ- ૧૨/૦૫/૨૦૧૯
સીમલા, કુલુ, મનાલી, ડેલહાઉસી, આગ્રા, અમૃતસર, વાઘા બોર્ડર, જયપુર, બીકાનેર, જેસલમેર
**પ્રવાસ દિવસ :-૧૨, ટિકિટ દર :- રૂા. ૧૩,૫૦૦/-, રહેવા હોટલ, જમવા સાથે**

પ્રવાસઃ-૨, તારીખઃ- ૦૭/૦૫/૨૦૧૯
**મહાબળેશ્વર, લીનાવાલા-ખંડાલા**
**પ્રવાસ દિવસ :-૨, ટિકિટ દર :- રૂા. ૩,૫૦૦/-, રહેવા હોટલ જમવા સાથે**

**સીમલા મહાબળેશ્વર**
વધુ માહિતી અને બુકિંગ માટે સંપર્ક કરો

રમણલાલ પરમાર
૯૯૨૫૭૫૦૩૯૫
૯૯૧૩૬૬૧૭૮૭
અમીત પરમાર
૯૭ ૨૭ ૧૩ ૨૩ ૯૭



## લગ્નવિષયક

**ગુજરાતી કેથોલિક યુવતી, જન્મ વર્ષ ૧૯૯૨, ઊંચાઈ ૫'૨", અભ્યાસ M.B.A. (Finance) હાલમાં જોબ કરતી યુવતી માટે, સારી નોકરી કરતા યુવકના વાલીએ સંપર્ક કરવો.**
**આ જાહેરાતનો હેતુ યોગ્ય પસંદગી માટેનો છે.**

**મો. ૮૮૪૯૨ ૨૦૮૫૭**



## લગ્ન વિષયક

ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૩૫ વર્ષ, અભ્યાસ - M.Phil, M.A., B.Ed., નામાંકિત અંગ્રેજી માધ્યમ સ્કૂલમાં શિક્ષક, સારું કમાતા, નિર્વ્યસની, ધાર્મિક, દેખાવડા તથા વેલસેટ યુવક માટે કેથોલિક, સંસ્કારી, નોકરી કરતી યુવતીના વાલીઓએ બાયોડેટા સહિત નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી.

**મો. નં. ૮૩૨૦૧૩૧૩૩૪, ૮૧૬૦૩૦૭૯૬૦**
**ઈ-મેલ : parmars.edu@gmail.com**



# સ્ત્રી સશક્તિકરણની સાઈડ ઈફેક્ટસ



✍ સુશીલા મેકવાન

એક સમય હતો જ્યારે, 'अबला जीवन हाय तेरी यही कहानी' જેવાં કાવ્યોથી માંડી વાર્તાઓ, નાટકો અને ચલચિત્રોમાં સ્ત્રીને અબળા, શોષિત, કમજોર, લાચાર ચિતરવામાં આવતી. સ્ત્રીઓ અંગે પરાપૂર્વથી સર્વત્ર આવી છાપ અંકિત હતી. જોકે હકીકતે એવું હતું તો નહીં પરંતુ જેમ એકની એક વાત વારંવાર કહેવાતાં તે તેનો પ્રભાવ બતાવે તેવું જ કદાચ બન્યું હોય ! વળી જીવનનિર્વાહ માટે જરૂરી આજીવિકા રળનાર વર્ગ સબળ ગણાયો હોય તેવું પણ શક્ય, બાકી તો શારીરિક કે માનસિક કૌવત દાખવવામાં દરેક ક્ષેત્રે સ્ત્રી શક્તિ દીપી ઊઠ્યાનાં અનેક દષ્ટાંત ઈતિહાસમાં પણ મોજૂદ હતાં અને વર્તમાનમાં પણ છે જ.

વાસ્તવિકતા એ પણ છે કે સ્ત્રીઓનું માનસિક તેમજ શારીરિક શોષણ ભિન્ન કારણોસર થતું હતું અને થતું રહ્યું છે. જ્યાં સુધી સ્ત્રી ઘરનો ઉંબરો ઓળંગી અર્થોપાર્જન અર્થે બહાર જતી નહોતી ત્યાં સુધી સમગ્ર ઘરનો કાર્યભાર, નોકરચાકર વિના નિષ્ઠાપૂર્વક તે ઉઠાવતી. એક થી વધુ બાળકોનો ઉછેર, જો સંયુક્ત કુટુંબ હોય તો નાનાં નણંદ, દિયરની જવાબદારી, સાસુ, સસરાની સેવા કરવા છતાં તેનાં કાર્યને ગૌણ ગણવામાં આવતું. પુરુષ-સ્ત્રી વચ્ચે વણલખ્યો કરાર અને વિના દલીલે થયેલી સમજૂતિ મુજબ કાર્યવિભાજન સ્વીકારાયેલું હતું. તમામ જવાબદારી અદા કર્યા પછી પણ કેટલાયે કિસ્સાઓમાં સ્ત્રી અવહેલના અને અપમાનનો માર સહેતી. પિતૃપક્ષે ભાઈઓથી ઓછું મહત્ત્વ ધરાવતી દીકરી, પતિગૃહે પતિથી ઓછા મહત્ત્વની જ બની રહેતી. કુટુંબની સર્જક ને સૂત્રધાર એવી સ્ત્રી હંમેશા નેપથ્યમાં જ રહેતી. સંતાનોની સફળતાથી પિતાનું નામ રોશન થતું ને માતાનું અજ્ઞાત રહેતું.

સમયના પ્રવાહ સાથે પરિસ્થિતિ બદલાઈ. વધતી જતી જરૂરિયાતોને મોંઘવારીના મારને પહોંચી વળવા કુટુંબનું કદ ઘટવા છતાં વધુ આવકની જરૂરિયાત ઊભી થઈ, સ્ત્રી શિક્ષણ પણ વધ્યું, ઘરની વહેંચાયેલી જવાબદારીઓમાં પરિવર્તન આવ્યું... 'નારી, તું ના હારી' જેવાં સૂત્રોથી પોરસાઈ સ્ત્રીઓ હવે ઉંબરો ઓળંગી બહારની દુનિયામાં આવી. સમજુ પુરુષો ઘરકામમાં સ્ત્રીઓને મદદરૂપ થવા માંડ્યા અથવા ઘરનાં કામો માટે વિકલ્પરૂપે સેવાઓ વેચાતી લેવાવા લાગી. હજુ પણ વ્યવસાય ઉપરાંત ઘરનાં નાનામોટાં કાર્યોનો ભાર સ્ત્રીઓ જ ઉપાડતી અને તે પણ ખુશીથી.

સ્ત્રી શોષણ જે સદીઓથી ચાલતું હતું તે પ્રત્યે હવે ધીમે ધીમે સામાજિક સંસ્થાઓ, સ્ત્રી સંગઠનો, સરકાર જાગૃત બન્યાં. ૧૮૧ - અભયમ્ જેવી ટેલિફોન સર્વિસ ઉપરાંત, અનેક એવા કાયદા ઘડાયા જેના થકી સ્ત્રીને રક્ષણ મળે, તેનું સન્માન જળવાય, તે આત્મગૌરવથી જીવી શકે.

*નિવૃત્ત શિક્ષિકા, નારી સ્વાતંત્ર્યનાં હિમાયતી લેખિકા*

આધુનિક સ્ત્રી તેને મળેલા શિક્ષણ, આરક્ષિત વાતાવરણ, સ્વતંત્રતા વગેરે થકી એવી તો સશક્ત બની કે અમુક કિસ્સાઓમાં તેના રક્ષણ માટે ઘડાયેલા કાયદાઓનો ઉપયોગ તેણે લગ્નસંસ્કારની પવિત્ર પ્રણાલીની ગરિમાને-ગૌરવને ખંડિત કરવામાં કર્યો. હવે ગાઈ, વગાડીને 'ब्रेकअप कर दिया' કહેનારો આધુનિક નારીસમુદાય ઊભો થયો. સ્ત્રી સશક્તિકરણની સાઈડ ઈફેક્ટ્સ દેખાવાની શરૂઆત ક્યારનીયે થઈ ચૂકી છે. અગાઉ જે માબાપ સાસરીપક્ષને એડજસ્ટ થઈ રહેવાની સલાહ આપતાં હતાં તે હવે 'કંઈ પણ ચલાવી નહીં લેવાય' ના અલ્ટીમેટમ્ આપતાં થયાં. નવી હવામાં આખેઆખો શ્વસુરપક્ષ નવી આવેલી પુત્રવધૂને અનુકૂળ થવા મથે પણ એક તે નવા ઘરને અનુકૂળ ન થાય. બે ભિન્ન વ્યક્તિત્વ લગ્ન સંબંધમાં જોડાય ત્યારે થતી ચડભણ બંને પક્ષે સ્વાભાવિક ગણાતી તે હવે પિયરપક્ષ માટે ગંભીર મામલો બને છે. કારણ કદાચ હવે સાસરેથી પરત આવતી સ્ત્રીનો આર્થિક ભાર તેમના માથે નથી આવવાનો.

અત્યારે લગ્નભંગના કારણોમાં મોટેભાગે પતિથી ખાનગી રાહે થતું ઈન્વેસ્ટમેન્ટ, ફક્ત ભૌતિક સુખોને જ પ્રાધાન્ય આપવું, હક યાદ રાખવા પણ ફરજો ન સ્વીકારવી, નાનાં નાનાં ક્ષુલ્લક કારણો ઊભાં કરી પોતાને મળેલા કાયદાઓનો અનુચિત ઉપયોગ કરી પતિ અને તેનાં કુટુંબીઓને હેરાન-પરેશાન કરવાના કિસ્સા વધતા જાય છે. આવા વિના કોઈ ગંભીર વાંકે કોર્ટના ધક્કા ખાતા, પત્નીને તમામ પ્રકારે ખુશ રાખવાના પ્રામાણિક પ્રયત્નો બાદ પણ પત્નીની ખોટી ફરિયાદોથી માનસિકરૂપે હણાયેલા, યુવકોના ઉદાહરણ આપવા બેસીએ તો વિગતો લંબાઈ જાય... લગ્નબાદ ગંભીર કારણ વિના ફક્ત સ્ત્રી તરીકેના મળેલા અધિકારથી પોતાના જીવનસાથીને ઠેસ પહોંચાડનાર માટે શું કહેવું ? મારું તો અંગત માનવું છે કે... એવા સંબંધને 'उसे कब खूबसूरत मोड दे के तोडना अच्छा !' આખરે દરેક વ્યક્તિ સુખી થવા સંસાર વસાવે છે ઉપાધિઓ વહોરવા નહીં.

જોકે... સ્ત્રીસશક્તિકરણના કાયદાઓના દુરુપયોગ પરત્વે હવે જાગૃતિ આવી છે. ઘણાં ઘરેલું હિંસા, અને દહેજના કેસ ખોટા સાબિત થયા પછી હવે પોલિસ અને કોર્ટ બંને દરેક કેસને સંદેહાત્મક દૃષ્ટિએ જોતી થઈ છે. દરેક કેસ ખોટા હોતા નથી તેમ દરેક કેસ સાચા પણ હોતા નથી. સિક્કાની બીજી તરફ તમામ કાર્યદક્ષતા, સારું પદ, માતબર આવક કમાવા છતાં પોતાના લગ્નજીવનને સુપેરે નિભાવતી આધુનિક સ્ત્રીઓ તો ધન્યવાદને પાત્ર છે જ પરંતુ તેમને આવા સંસ્કાર આપનાર તેમનાં માબાપ અદકેરા અભિનંદનને પાત્ર છે. લગ્નજીવન પારદર્શિતા, સહિષ્ણુતા અને વિશ્વાસ ઉપર અવલંબે છે. એકબીજાથી થતો ઢાંકપિછોડો, મારું-તારું, બનાવટ, આ બધું સાથે રહેતાં બે પાત્રોને અળગાં જ રાખે છે.

*અનુસંધાન પાન નં. ૨૩ પર જુઓ...*



# મહિલાઓ હાંસિયામાં !



✍ મૂળ લેખક : ફાધર ડૉ. વિનાયક જાદવ એસ.જે. / અનુ.: બકુલ મેકવાન

માર્ચમહિનોએવોપરંપરાગતમહિનોછેજ્યારેઆપણેઆંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરી રહ્યા છીએ. આ અવસર મહિલાઓ માટે અને મહિલાઓ સાથેની આપણી કામગીરી બાબતે મનન કરવા આપણને આહ્‌વાન કરે છે. શું મહિલાઓ માટેની આપણી કામગીરી હજુ પણ હાંસિયામાં છે ? ન્યાય સાથે શ્રદ્ધાનો સમન્વય કરવાની આપણી આગળ ધપતી મુસાફરીમાં સ્ત્રીઓ સાથેના આપણા સંબંધો આપણા વ્યક્તિગત અને પ્રૈષિતિક જીવનમાં ચિંતાનો મુખ્ય મુદ્દો બની રહે છે. સાધારણ સભાના ઠરાવ-૩૩ માં 'અન્યાયી વ્યવહાર' અને 'સ્ત્રીઓના શોષણ' સંદર્ભે સંક્ષિપ્ત ઉલ્લેખમાં આ બાબત પરત્વે આપણું ધ્યાન દોરવામાં આવ્યું હતું. સાધારણ સભાના ઠરાવ - ૩૪ માં ધર્મસભાની પહેલ થકી વિશેષ ચુકાદા-૧૪ દ્વારા ઈસુસંઘીઓને ધર્મસભામાં અને સમાજજીવનમાં સ્ત્રીઓની સ્થિતિ બાબતે ભારે ઉત્સાહભેર અને ભવિષ્યનો વિચાર કરીને સામેલ થવા સ્પષ્ટ અને નિર્ણયાત્મક ઢબે આહ્‌વાન કર્યું છે. વિશ્વભરમાં સાંસ્કૃતિક ભાષા અને સ્ત્રીઓના શોષણની ચેષ્ટાઓ અશિષ્ટ શૈલીમાંથી ભદ્ર ગણાતી શૈલીમાં વ્યક્ત થઈ રહી હોવાથી સ્ત્રીઓની આજની અવદશા પ્રત્યે આપણી પ્રતિક્રિયાને નવા જ સ્વરૂપે નિહાળવા આપણને પડકાર કરવામાં આવ્યો છે. સ્ત્રીઓ ચોક્કસપણે આપણા અનેક ઉમદા પ્રૈષિતિક પ્રયાસોની પ્રત્યક્ષ લાભાર્થીઓ છે. સ્ત્રીઓ માટેની અને સ્ત્રીઓ સાથેની સેવાઓ અથવા ચળવળોમાં આપણે પ્રત્યક્ષ અને અનિવાર્યપણે કેવી રીતે સંકળાયેલા છીએ ?

મારા પુરોહિત તરીકેના કાર્યકાળમાં એક ગામે મિશન કેન્દ્રમાં ખ્રિસ્તપ્રસાદ વિતરણ માટે મારી સાથે આવેલાં એક ઉત્સાહી સાધ્વીએ પુરોહિતો માટે વેદી તૈયાર કરવા માટે પોતે સાધ્વી બન્યાં નહોતાં એમ મને યાદ દેવડાવીને વેદી તૈયાર કરવા નનૈયો ભણી દીધો હતો. શરૂઆતમાં હતપ્રભ બની જતાં, મારામાં રહેલ બનાવટી નારીવાદ પ્રત્યે અંગુલિનિર્દેશ કરવા બદલ મેં તેમનો આભાર માન્યો હતો. હું ગૌરવભેર મારી ઓળખ નારીવાદી તરીકે આપતો હતો, જ્યારે મારામાં ચોક્કસ પ્રકારે યુક્તિપૂર્વકનું હીણપતભર્યું વલણ ઉછાળા મારી રહ્યું હતું જે સાચા નારીવાદ સાથે તાલમેલ મિલાવતું નહોતું.

ઈસુસંઘમાં જ્યારે આપણે પ્રૈષિતિક દૂરંદેશીતા અને મહિલાઓ સાથેના વ્યક્તિગત સંબંધોની સ્વતંત્રતાનો આનંદ માણીએ છીએ ત્યારે આપણી કોઈપણ જરૂરિયાત કરતાં પણ વિશેષ મહત્ત્વ ધરાવતી મહિલાઓની આપણામાં રહેલ સુરક્ષાના કારણની યર્થાથતા અને મહિલાઓ પ્રત્યે ઊંડા આદરની લાગણીની ખાતરી કરવી જરૂરી નથી જણાતી ? આ સિવાય, નારીવાદ કે પછી લૈંગિક સહાનુભૂતિ બાબતે આપણી સ્થિતિ છલનાભર્યા વલણની આસપાસ એક દીવાલ ખડી કરી દેશે જે એક સ્વભાવગત પૂર્વગ્રહયુક્ત વલણનો ઢાંકપિછોડો કરી શકે !

મિશન કેન્દ્રોમાં સાધ્વી બહેનો સાથેની તંગદીલીભરી ઘટનાઓને રમૂજમાં, પણ ખેદજનક રીતે તેઓના વિસ્તારને 'પાકિસ્તાન' અને અમારા વિસ્તારને 'ભારત' તરીકે ઓળખાવવામાં આવે છે. આપણી દૂરંદેશીતા અને ધર્મજનોની સહભાગિતા માટેની આપણી યોજનાઓમાં મહિલાઓ (સંન્યસ્ત કે ધર્મજન) સાથેની સહભાગિતા એક ચોક્કસ ઘટક હોવો જોઈએ. આપણા પ્રૈષિતિક માળખાઓમાં મહિલાઓના પ્રતિનિધિત્વ પ્રત્યે બેદરકારી એ ક્યારેક આપણામાં રહેલું પુરુષ તરીકે વર્ચસ્વ જમાવવાનું છૂપું લક્ષણ છે. સહભાગિતા અને આધિપત્ય સંગાથે રહી શકે નહિ. મહિલાઓ ધર્મસભા અને સમાજમાં તાબેદારીની ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે. જે મહિલાઓ તલવાર તાણે છે તેઓનો નિખાલસભાવે સ્વીકાર ના થઈ શકે, કદાચ આવી મહિલાઓને હાંસીપાત્ર પણ બનાવવામાં આવે છે. 'પોતાના આગવા ખંડ' પુસ્તકમાં વર્જિનિયા વૂલ્ફ આપણને સાવધ કરતાં જણાવે છે : 'મહિલાઓએ આ બધી જ સદીઓ દરમિયાન પુરુષની છબીને તેના કુદરતી કદ કરતાં બમણી દર્શાવવા જાદુઈ છડી જેવું કામ કરતા અને આકર્ષક એવા આયના તરીકે જ કામગીરી કરી છે.'

આપણા બધા જ પ્રૈષિતિક પ્રયાસોમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોનો ચોક્કસપણે વિચાર કરવો જ રહ્યો, પરંતુ કુલ માનવ વસ્તીના ૪૯.૬ ટકા વસ્તી ધરાવતી મહિલાઓનો આપણે વિશેષ રીતે વિચાર કરવો રહ્યો. આયોજન, અમલીકરણ, નિયમન, અને મૂલ્યાંકનની આપણી પ્રૈષિતિક પ્રક્રિયાઓ મહિલાઓની ચકાસણી કે ઝીણવટભરી તપાસ પ્રક્રિયામાંથી પાર ઊતરી શકે તેમ છે. સમગ્ર વિશ્વમાં, અને ખાસ કરીને દક્ષિણ એશિયાના દેશોમાં મહિલાઓના નિરંકુશ શોષણ અને તેઓને ચીજવસ્તુની જેમ પેશ કરવાની ઘટનાઓ, મહિલાઓ વતી અવાજ ઉઠાવવા આપણને ચોક્કસપણે પડકાર ફેંકે છે. અન્યાય, અત્યાચાર, અપમાન અને મહિલાઓના અપમાનની તમામ પ્રકારની ઘટનાઓ ભલે પાગલપનની હદ ના વટાવે તો યે સાધારણ સભાના ઠરાવ-૩૪ માં કરવામાં આવેલ વિસરાઈ ગયેલી વાતની આપણને યાદ અપાવે છે. મહિલાઓની મુક્તિની કામગીરી અન્ય લોકોના સહકારથી સ્વયં મહિલાઓને જ શા માટે સોંપવી ના જોઈએ ? મહિલાઓ માટે અને સાથેની આપણી કામગીરીમાં કદાચ આપણે હજુ પણ સામૂહિક પ્રૈષિતિક આક્રમકતા ટાળવાનું પસંદ કરીને, આ કામ પ્રત્યે ઉત્સાહ બતાવતા કેટલાક લોકોના ભરોસે છોડી દઈએ છીએ.

'Is our mission for women still on the margin?' Jivan માર્ચ-૨૦૧૮ માં પ્રકાશિત તંત્રીલેખનો અનુવાદ.●

*લેખકશ્રી 'જીવન'ના તંત્રી, 'આદિલોક'ના પ્રકાશક, 'દૂત'ના માનદ્તંત્રી અને સેન્ટ ઝેવિયર્સ કોલેજ-અમદાવાદમાં પ્રાધ્યાપક છે.*



વાર્તા

# સતી

✍ અન્નપૂર્ણા મેકવાન



છેલ્લાં પાંચ દિવસથી દેશના લોકોને તથા ટી.વી., ન્યૂઝ પેપર બધાને જાણે કે રાજસ્થાનમાં સતી થયેલી સ્ત્રીએ બાનમાં લીધા હોય તેવું વાતાવરણ જોવા મળતું હતું. ઓફિસ કે ઘર બધે જ તે સતી થયેલ સ્ત્રીની વાતો-ચર્ચાઓ સાંભળવા મળતી હતી. તો ટી.વી. ચેનલો પોતાની ચેનલમાં સતી પ્રથાની વિરુદ્ધ તથા તરફેણમાં જાણીતી વ્યક્તિઓને આમંત્રીને જાણે આ ઘટના પર રીતસરની ચર્ચાસ્પર્ધાનું આયોજન જાણે કર્યું હતું. તો વળી, બ્રેકિંગ ન્યૂઝમાં વારે-ઘડીએ પતિ સાથે જીવતી બળી મરતી સ્ત્રીની ઘટના/દશ્ય વારંવાર બતાવી રહી હતી.

સુજાતા શહેરની જાણીતા અખબારની ઓફિસમાં ક્લાર્કનું કામ કરતી હતી. તેની ઓફિસમાં પણ બધા ટી.વી. ઉપર વિવિધ ચેનલો દ્વારા બતાવાતાં દશ્યો જોઈ રહ્યાં હતાં. વીસ જણનાં સ્ટાફમાંથી બધાનાં મોંમાથી આહ નીકળી રહી હતી. તો ઘણા બિચારી, બાપડી બોલીને તે સ્ત્રી પ્રત્યે અનુકંપાની લાગણી દર્શાવી રહ્યાં હતાં ! તો અન્ય જીવતી સળગવા માટેની તેની હિંમતને દાદ આપી રહ્યાં હતાં ! તે બધામાં માત્ર સુજાતા જ ચૂપ હતી અને સ્થિર ભાવે આ બધું જોઈ રહી હતી.

સૌમિલ ત્યાંનો ચીફ એડિટર હતો. પોતાની આવડત તથા હોંશિયારીના લીધે નાની ઉંમરમાં જ તેણે આ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને તે તેના માટે ગર્વ પણ અનુભવતો અને પોતાની કાબેલિયત-આવડતને આધારે જ હોદ્દો પ્રાપ્ત કરતી કે પછી નોકરી મેળવતી વ્યક્તિને તે માનની નજરે જોતો. અને એટલે જ જ્યારે લાયક ઉમેદવાર મળતો હોવા છતાં ફક્ત સંબંધોને કારણે સુજાતાને મળેલી આ નોકરી તેને સ્વીકાર્ય ન હતી. તેણે ખાસ્સો વિરોધ પણ કર્યો હતો. જોકે માલિકના આગ્રહથી તેણે અનિચ્છાએ સુજાતાને લીધી તો હતી પણ સુજાતા તેને ગમતી નહીં અને એટલે તે તેને હેરાન કરવાનું, તેના કામમાં ખામીઓ શોધવાનું કે વધારાનું કામ આપવાનું કે વધારાના કલાકો બેસાડી રાખવાનું ચૂકતો નહિ કે જેથી કંટાળીને સુજાતા જ નોકરી છોડી દે.

સુજાતા આ બધું સમજતી હતી પણ નોકરી કરવી તેની મજબૂરી હતી ! નાણાકીય રીતે સારી પરિસ્થિતિ ધરાવતાં કુટુંબમાં તેનું લગ્ન થયું હતું. પતિએ નોકરી છોડી ધંધામાં ઝંપલાવ્યું હતું. કમનસીબે ધંધો ચાલ્યો ન હતો એટલે પતિએ વ્યાજેથી નાણાં લઈને તેને ચલાવવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો હતો પણ સતત ધંધો ન ચાલતાં લીધેલ મૂડી અને તેનું વ્યાજ રાજાની કુંવરીની જેમ વધતાં જતાં હતાં. તો સામે ઉઘરાણીવાળાઓનું દબાણ પણ વધતું જતું હતું. આ બધા માનસિક પરિતાપ સામે તેનો પતિ હારી ગયો અને તેણે જિંદગીને અલવિદા કહેવાનું યોગ્ય સમજ્યું હતું. સુજાતા તો તે સમયે દીકરાના જન્મનો આનંદ પિયરમાં મનાવી રહેલી. તેને પતિના મૃત્યુ પછી ધીમે ધીમે આ બધાની જાણકારી મળેલી.

*નારી સ્વાતંત્ર્ય અને સમાનતાનાં હિમાયતી. 'દૂત', 'મધુરિમા'-દિવ્ય ભાસ્કર, 'નયામાર્ગ', 'સમાજ દર્શન' વગેરેમાં લઘુકથા, વાર્તા, ચિંતનાત્મક લેખ પ્રસિદ્ધ.*

જોકે હિંમત ના હારતાં તેણે તેના પપ્પા અને ભાઈની મદદથી પોશ એરિયાનો તેનો બંગલો વેચી દઈને પતિનું દેવું ચૂકતે કરી દીધેલું અને અજાણ્યા શહેરમાં એક રૂમ રસોડાના ફ્લેટમાં રહેવા આવી ગયેલી. જો કે હજુ કુદરત તેની પરીક્ષા લેતી હોય તેમ તેનાં સાસુ-સસરા જુવાન દીકરાને ગુમાવવાનો આઘાત સહન નહીં કરી શકેલાં અને માંદગીને કાયમને માટે રહેવાનું નિમંત્રણ આપી દીધું હતું.

આ મોંઘવારીનાં સમયમા બીમાર સાસુ-સસરા તથા ત્રણ વર્ષના દીકરા સાથે ચાર જણનું પૂરું કરવું ખૂબ મુશ્કેલ હતું ! અને તેમાંય એક જુવાન વિધવા માટે તો અત્યંત મુશ્કેલ હતું !!! સ્ત્રીને ઈશ્વરે છઠ્ઠી ઈન્દ્રિય ખૂબ પાવરફૂલ આપી છે ! તે સામેવાળાની ખરાબ નજરને પારખી શકે છે ! સુજાતાને પણ આનો ખ્યાલ તરત જ આવી જતો અને તે નોકરી છોડી દેતી. આ ઓફિસમાં તે વાતની તેને શાંતિ હતી. સહકર્મચારીઓ સારા હતા અને એટલે તે પોતાના ચારિત્ર્યની રક્ષા કરી શકતી અને તે બાબત તેના માટે મોટું આશ્વાસન બની રહેતું અને એટલે તે સહકર્મચારીનો કે પછી સૌમિલની કોઈ કોમેન્ટ કે હેરાનગતિ ધ્યાન ઉપર લેતી નહીં અને હંમેશા હસતા મોઢે દોડાદોડી કરતી રહેતી.

આજે પણ 'સતી' થયેલ સ્ત્રીની વાત કરતાં સૌમિલે સૂચક રીતે સુજાતા સામે જોયું અને બોલ્યો, 'જીવતી સળગવાની આ સ્ત્રીની હિંમતને ખરેખર હું દાદ આપું છું અને તેની બહાદુરીને સેલ્યુટ કરું છું.' ઓફિસમાં બધાએ તેની હા માં હા પૂરાવી પણ સુજાતા ધીમેથી પણ મક્કમતાથી બોલી, 'મરવા માટે પણ જ હિંમતની જરૂર છે તે સાચી વાત છે પરંતુ, મારી દષ્ટિએ તો તે એક કાયરતાની-પલાયનવાદની નિશાની છે. જીવવા માટે તો આનાથી પણ વધારે હિંમતની જરૂર હોય છે. અને, એમાંય એક સ્ત્રીને માટે અને તેમાંય મજબૂર સ્ત્રીને માટે તો દરરોજ મરી-મરીને જીવવાનું હોય છે પરંતુ તે વાત સર, તમને નહીં સમજાય !'

સૌમિલ તંત્રીલેખ લખવા બેઠો. તે મનમોજી-અલગારી સ્વભાવનો હતો. તેને કોઈ પણ ઘટના વિચલિત કરતી નહીં. વળી કોઈ પણ વિષય ઉપર લખવું તેના માટે ખૂબ સહજ હતું અને આજે તો છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલ બનાવને ધ્યાનમાં રાખીને તેણે ખાસ્સી એવી માહિતી પણ એકઠી કરી રાખેલી હતી એટલે તેણે લેપટોપ ચાલુ કર્યું. તેણે પોતાના લેખને 'સતી' શીર્ષક આપ્યું અને લખવાનું ચાલુ કર્યું પણ કોણ જાણે...!!? જેવું તે લખવાનું ચાલું કરતો કે પેલી અજાણી સ્ત્રીની જગ્યાએ તેને સુજાતાનું શરીર અગ્નિમાં બળતું દેખાવા લાગતું... અને સુજાતાએ કહેલા શબ્દો યાદ આવી જતા. તે સારો એવો સમય સુધી શૂન્યમનસ્ક ભાવે બેસી રહ્યો. સુજાતાની પીડા આજે તેને સમજાઈ. પોતે સુજાતાની કરેલ હેરાનગતિ તથા કરેલાં અપમાન માટે તેને પોતાની જાત

અનુસંધાન પાન નં. ૨૩ પર જુઓ...



# અનોખી શરત લઘુકથા



✍ વિમળા બાસીલ પરમાર

આશ્વી શાળાએ જવા માટે તૈયાર થતી હતી એવામાં જ બાજુના ટેબલ પર મૂકેલો એનો ફોન રણક્યો. તેણે નંબર જોયો તો એને ખબર પડી કે આ તો પંકજનો નંબર હતો. તેને ખૂબ જ આશ્ચર્ય થયું. ઘણા સમય પછી પંકજનો અચાનક ફોન... પણ વધારે વિચાર કર્યા વગર આશ્વીએ ફોન ઉપાડીને વાત કરી તો સામે છેડેથી પંકજે કહ્યું, 'આશ્વી, મારાં મમ્મી પપ્પાએ આપણને અલગ રહેવા જવાની રજા આપી દીધી છે. મમ્મીએ મને કહ્યું કે, બેટા, આશ્વી અમારી સાથે રહેવા ના માંગતી હોય અને રોજનો તમારી વચ્ચે કંકાશ થતો હોય તો સારું એ છે કે તમે બંને જણા અલગ રહેવા જઈ સુખ અને સંતોષથી જીવો.' આશ્વી, મારી તો આજેય ઈચ્છા નથી કે આપણે મમ્મીપપ્પાથી અલગ રહેવા જઈએ. આશ્વી, આપણે કોનાથી અલગ રહેવાનું ? આપણે અલગ રહેવા જઈશું તો એમનું શું ?'

પણ પંકજની વાતને વચ્ચેથી કાપી નાખીને આશ્વીએ કહ્યું કે, 'આપણે અવારનવાર મમ્મી પપ્પાની મુલાકાતે જઈશું ને !' પંકજને આશ્વીનો મુલાકાત શબ્દ ચચર્યો. પંકજને બિલકુલ વિશ્વાસ નો'તો કે આશ્વી જુદા થયા પછી તેનાં માબાપની ચિંતા કરે. આશ્વીના સ્વકેન્દ્રી વલણને કારણે પંકજ ખૂબ જ ઉદાસ હતો પણ સામે છેડે આશ્વી ખુશખુશાલ હતી. બસ એને લગ્ન જીવનમાં પંકજ સિવાય બીજા કોઈ જોઈતાં ન હતાં. એને એની જિંદગીમાં પૂરી સ્વતંત્રતા ભોગવવી હતી. પોતાની કમાણીનો પૈસો એના પોતાની માટે જ વાપરવો હતો.

આશ્વી ખૂબ જ આનંદિત હતી. પંકજે એની સાથે વાત કરતાં કહ્યું, 'આશ્વી, આપણે જુદાં રહેવા જઈએ પણ તારે મારી એક શરત મંજૂર રાખવી પડશે. બોલ તને મંજૂર છે ?' 'હા...હા...બોલ પંકજ, તારી શી શરત છે ? તારી જે પણ શરત હશે એ મને મંજૂર છે.'

બસ આશ્વીને તો એક જ વાતનો આનંદ હતો કે હવે તેને સ્વતંત્રતા મળશે. એના સ્વાર્થી વિચારમાં એ બીજું બધું ભૂલી ગઈ અને પંકજની શરતને સહર્ષ સ્વીકારી લઈને એણે એને પૂછ્યું, 'બોલ તારી શી શરત છે ?' પંકજે કહ્યું 'આશ્વી, આપણે લગ્નજીવનમાં બાળક ના જોઈએ.'

પંકજની આવી વાત સાંભળીને આશ્વી ડઘાઈ ગઈ. એણે કહ્યું, 'ગાંડો થઈ ગયો છે કે શું ? લગ્ન જીવનમાં એક બાળક અને તે પણ દીકરો જ મારે તો જોઈએ જ. પંકજ ભવિષ્યનો તો તું વિચાર કર. આપણું કોણ ? પાછલી જિંદગીમાં આપણે દીકરાનો સહારો તો જોઈએ ને !'

ત્વરિત પંકજે કહ્યું, 'આશ્વી, મારાં માબાપનો હું એક માત્ર સહારો છું. મારાં માબાપનો સહારો છીનવીને આવી વાત કરવાનો તને કોઈ અધિકાર નથી.' તેના આ શબ્દો પૂરા થાય એ પહેલાં જ સામે છેડેથી ફોન મૂકાઈ ગયો...●

*ભૂતપૂર્વ તંત્રીમંડળ સભ્ય 'દૂત' અને નિવૃત્ત શિક્ષિકા - નડિયાદ*


**મીત વિઝન ફોટોગ્રાફી**

● મેરેજ ફોટોગ્રાફી એન્ડ વિડિયોગ્રાફી ● ઈવેન્ટ ફોટોગ્રાફી એન્ડ ફેશન ફોટોગ્રાફી ● ઈન્ડસ્ટ્રીયલ ફોટોગ્રાફી ● મોડેલીંગ ફોટોગ્રાફી ● મેરેજ પ્રિ. વેડીંગ ફોટો-વિડિયો શુટ ● ઓફસેટ આલ્બમ એન્ડ કરિશ્મા આલ્બમ.

**તમારા દરેક શુભપ્રસંગને ફોટો-વીડિયોરૂપે સુશોભિત કરી આપવામાં આવશે.**

**અમિત ખન્ના : મો. ૮૧૪૧૧ ૦૨૭૬૬**

*શ્રુતિપાર્ક સોસાયટી, તુલસી ગરનાળા રોડ, ગામડી, આણંદ*


*અનુસંધાન પાન નં. ૨૨ પરથી ચાલુ...*

ઉપર શરમ આવી ! તેણે માંડ-માંડ લેખ પૂરો કર્યો અને છેલ્લે સુજાતાનાં સંદર્ભમાં લખ્યું કે, 'મરવા માટે હિંમતની જરૂર છે, તે જેમ સાચી વાત છે, તેમ જીવિત રહેવા માટે અને તેમાંય સંઘર્ષભરી, મુશ્કેલીઓથી ભરપૂર કાંટાળા માર્ગ ઉપર ચાલવા માટે તો અસાધારણ હિંમતની જરૂર હોય છે. આજે હું તેવી વિરાંગનાઓને, 'જીવીત સતી'ને મારી આદરાંજલિ અર્પુ છું અને આપણે બધાએ પણ તેમની યોગ્ય કદર કરવી જોઈએ.' તે પોતાની કેબિનની બહાર આવ્યો. ઓફિસના દરવાજા તરફ જતાં સુજાતાની ડેસ્ક આગળથી પસાર થતાં તે ઊભો રહી ગયો. તેણે પોતાનું લેટરહેડ લીધું, તેમાં 'સોરી' લખ્યું અને સુજાતાના ટેબલ ઉપર મૂક્યું અને સીટી વગાડતો બહાર નીકળ્યો.●

*અનુસંધાન પાન નં. ૨૦ પરથી ચાલુ...*

સ્ત્રી સશક્ત બને તે સરાહનીય છે પરંતુ એ સક્ષમતા તંદુરસ્ત પેઢીના નિર્માણમાં વપરાય તો શોભે. સશક્ત એટલે સામા પાત્ર ઉપર હાવી થવાની આવડત નહીં. સ્ત્રીનું બુનિયાદી પાસું સંતાનો અને પતિ પ્રત્યે મમતા અને કાળજી દર્શાવનારું જ કુદરતે બનાવ્યું કે જેમ પુરુષનું બુનિયાદી પાસું કુટુંબનું રક્ષણ અને પોષણ આપવાનું રહ્યું છે. વળી સ્ત્રી મૂળભૂત કુટુંબની હૂંફ અને પ્રેમનો સ્ત્રોત અને આબરૂની રક્ષક છે. આખરે કુટુંબનાં પ્રેમ આગળ દુનિયાની કોઈ દોલત કામ આવતી નથી.

જેમ અગ્નિ હૂંફ પ્રદાન કરી શકે, પોષક દ્રવ્યો પકાવી શકે, તેમ ઘરને સ્વાહા પણ કરી શકે તે જ રીતે સ્ત્રી રક્ષક, સહાયક કાયદાને ઢાલ બનાવી તેનો થતો દુરુપયોગ લગ્ન નામની સંસ્થાના પાયાને લૂણો લગાડી શકે છે. એક સ્ત્રી જ છે જે લગ્નસંસ્થાની ઈમારતને અકબંધ રાખી તેના કાંગરા ખરવા ન દે. ઘણી બધી સ્ત્રીઓ આ પવિત્ર કાર્ય કરે જ છે પણ ક્યાંક ઉપર દર્શાવ્યા તેવાં દૃશ્યો યે દેખાય છે.

આશા છે કે આધુનિક સ્ત્રી એટલી સશક્ત બને કે તેના તેજથી એક મનદુરસ્ત અને તંદુરસ્ત પેઢીનું નિર્માણ થાય. હવે એવી સ્ત્રીઓની આવશ્યકતા છે જે સ્ત્રી - પુરુષની બરાબરી ને ચડસાચડસીથી મુક્ત બની સંયુક્તપણે, મિત્રભાવે એકબીજાને તેની ભિન્નતા સાથે સ્વીકારી પોતાના જીવનરથની સંયુક્તપણે સારથિ બને. સ્ત્રીસશક્તિકરણની પોઝીટીવ સાઈડ ઈફેક્ટસ આણવામાં સ્ત્રીઓએ જ મશાલ લઈ નીકળી પડવું પડશે. અંતે સર્વ આદરણીય સ્ત્રી વર્ગને સ્ત્રી દિનની શુભેચ્છા.●



# ટ્રાન્સજેન્ડર સમુદાયના અધિકાર

✍ સ્નેહલતા ભાટિયા

મોબાઈલની રીંગ વાગીને નામ ઝબક્યું સલમાન. ફોન ઉપાડ્યો. 'જય માતા દી મેડમ.' પા ક્ષણ માટે જવાબ ના આપી શકી. સલમાન અને જય માતા દી ? મને સવાલ થયો 'હા મેડમ, મેં ઘાઘરો પહેરી લીધો, હું કસ્તૂરી ગુરુના ચેલામાં છું, હું અખાડામાં બેસી ગઈ છું, હવે મારું કિન્નરનું નામ આરતી છે.'

સલમાન ધોરણ ૧૨ પાસ કર્યા પછી ટ્યુશન ક્લાસ ચલાવતો. તેની આવક સારી હતી. અમારી એચ.આઈ.વી. અટકાયત કામગીરી અંતર્ગત મારા સંપર્કમાં આવ્યો ત્યારે તેની 'કોતી' તરીકેની જાણ તેના કુટુંબમાં ના હતી તેવું તેણે જણાવ્યું. તે પરિવાર સાથે રહેતો.

એક બપોરે પોલીસ સ્ટેશનથી આરતીનો ફોન આવ્યો 'મેડમ અમે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં છીએ તમે જલદીથી આવો.' 'કેમ ? શું થયું ?' પૂછવાથી સરખો જવાબ ના મળ્યો. હું પોલીસ સ્ટેશને પહોંચી તો પંદર કિન્નરો બે પક્ષના ઝઘડાને કારણે પોલીસ થાણે. પોલીસ થાણાની કામગીરી પતાવતાં સાંજ પડી. અમે થાણા બહાર આવ્યા તો રસ્તા પર બંને બાજુ બે જૂથમાં કિન્નરો લડે અને હું તેમના વચ્ચે. આસપાસના બધા દુકાનદારો જુએ. રસ્તા પર પસાર થતાં વાહનો જરાક દૂર જઈ ઊભાં રહી જાય અને વાહન ચાલક વાંકા વળી અમારી તરફ જુએ. તેમની નજરોથી મેં સંકોચ અનુભવ્યો, 'શું મેં કાંઈક અયોગ્ય કર્યું છે ?' પણ પછી વિચાર્યું આ પણ માણસ જ છે અને ત્યારથી મગજમાં ઘુમરાયા કરતું 'સમાજના આવા દૃષ્ટિકોણ માટે જવાબદાર કોણ ?'

સપના રાજકારણ પરિવારની દીકરી, તે સેલીનાના સંપર્કમાં આવે છે. બંને વચ્ચે ગાઢ મિત્રતા બંધાય છે અને બંને મૈત્રી કરાર કરે છે. મૈત્રી કરાર બાદ સેલીના ગાયબ છે તેથી સપના એફ.આઈ.આર. કરે છે. થોડા દિવસમાં સપનાની નગ્ન અવસ્થામાં સળગાવેલી લાશ મળે છે. વડોદરાની વિકલ્પ સંસ્થાનાં ટ્રસ્ટી માયાબેન શર્મા કહે છે કે 'એક અંદાજ મુજબ ૧૦ ટકા સ્ત્રીઓ સજાતીય હોય છે પરંતુ ૧ ટકા પણ બહાર નથી આવતી.'

ટ્રાન્સજેન્ડરનો એક ભાગ હીજડા કે કિન્નર સમુદાય છે. હીજડા ઉર્દુ શબ્દ છે. જે હીજર જેવા અરબી શબ્દ પરથી આવેલો છે. હીજર એટલે પોતાના સમુદાયે ત્યજેલો. ગુજરાતીમાં હીજડા, પાવૈયા, કિન્નર, માસી જેવા શબ્દપ્રયોગ થાય છે. આપણે ત્યાં માન્યતા છે કે કિન્નર જન્મથી જ હોય છે. તે પુરુષ પણ નથી અને સ્ત્રી પણ નથી પરંતુ ક્યાંય સ્ત્રી પણ નહિ અને પુરુષ પણ નહિ એવું બાળક જન્મ્યાની તબીબી દૃષ્ટિએ નોંધ નથી.

બાળકનું દૃશ્ય લિંગ અને મગજની વૃદ્ધિ અલગ હોય છે. ગર્ભધારણ થતી વખતે જ ગર્ભ છોકરાનો છે કે છોકરીનો તે નક્કી થયેલું હોય છે. *XX* રંગસૂત્ર હોય તો છોકરી અને *XY* રંગસૂત્ર હોય તો છોકરો. આમ હોવા છતાં ગર્ભના પહેલાં છ અઠવાડિયા લિંગનું સ્વરૂપ છોકરો અને છોકરી બંનેમાં સરખું જ હોય છે, ત્યાર પછી *Y* રંગસૂત્ર પરનો *SRY* જીન કાર્યરત થાય છે. તેમાંથી જ પછી જનનેન્દ્રિય વિકસિત થવાની અને હોર્મોન્સ તૈયાર થવાની શરૂઆત થાય છે. પુરુષ હોર્મોન્સ એન્ડ્રોજન તૈયાર થાય છે, તેમાં ટેસ્ટાસ્ટેરોન હોર્મોન્સ મોટા પ્રમાણમાં હોય છે. તે સ્ત્રીગર્ભમાં પણ થોડા પ્રમાણમાં હોય છે. સ્ત્રીગર્ભની બાબતમાં ઈન્ટ્રોજન અને પ્રોજેક્ટેરોન હોર્મોન્સ તૈયાર થાય છે. ત્યારબાદ બાહ્ય જનનેન્દ્રિય વિકસિત થાય છે. આ કુદરતી પ્રક્રિયા છે પરંતુ કેટલીક વખત કોઈક ખામી અને ક્યારેક રંગસૂત્રોમાં અવ્યવસ્થાને કારણે લિંગ નક્કી કરવાની ગરબડ જેવી કે ટર્નર સિન્ડ્રોમ, એન્ડ્રોજન ઈન્સેન્સીટીવીટી સિન્ડ્રોમ વગેરેને કારણે પુરુષ લિંગ અને સ્ત્રી લિંગભાવ અથવા સ્ત્રી લિંગ અને પુરુષ લિંગ ભાવ જેવી પરિસ્થિતિ ઊભી થાય છે.

પુરુષ બાળકનું સ્ત્રી બાળક જેવું વર્તવું કે સ્ત્રી બાળકનું પુરુષ બાળક જેવું વર્તવું તે છ વર્ષની વય સુધીમાં સ્પષ્ટ થાય છે. પોતે અન્ય બાળકો કરતાં અલગ છે એ સમજાયા પછી તે અસ્વસ્થતા, ચિંતા અનુભવે છે. પુરુષ બાળક કોઈ વખત પોતાની લાગણીઓ દબાવીને પુરુષનું વર્તન કરવા પ્રયત્ન કરે છે. તેનું કારણ એ પણ હોય છે કે માબાપ, ઘરના વડીલ તેને છોકરી જેવું વર્તન કરતાં રોકે ટોકે છે પરંતુ તેને તો છોકરી જેવું વર્તન કરવામાં ખુશી થતી હોય છે. છોકરીઓ સાથે રમવામાં આનંદ આવતો હોય છે. કિશોરાવસ્થામાં જ્યારે તે આ માનસિક ખેંચતાણ અનુભવે છે અને તેમાં માબાપ કે ઘરના વડીલ તરફથી માર્ગદર્શન, સહારો, હૂંફ, સ્વીકાર નથી મળતો ત્યારે ઘણા ઘર છોડીને નાસી જાય છે. પરિવારે તરછોડી દીધેલા, સમાજે તુચ્છકારેલા કિન્નરની કોઈને પરવા હોતી નથી.

ગુજરાતના કિન્નર સમાજમાં હાલ પાવા અને ચોવીસી નામના ઘરાના છે. ઘરાનામાં ગુરુ અને નાયકના નીતિનિયમો ચાલે. એ ના પાળે તો દંડ થાય, સજા થાય. દરેક ઘરાનાના કાયદા, નિયમો જુદા જુદા હોય છે પરંતુ કિન્નર કોઈને નિયમો કહેતા નથી. ના કહેવું તે કાયદો છે. ગુરુ સાથે કોઈને મતભેદ થાય તો ગુરુ બદલી શકે પરંતુ તેનો ઘરાનામાં દંડ ભરવો પડે.

પરંપરાગત 'વધામણી' કરવાનો તેમનો મુખ્ય વ્યવસાય. ઘરના કોઈ શુભ પ્રસંગે કે બાળક જન્મ વખતે કિન્નરને વધામણી મળે પરંતુ આનાથી કેટલાનું પેટ ભરાય ? ભણતર નહિ અથવા ઓછું તેથી નોકરી ના મળે, પૈસા કમાવાનું કોઈ સાધન નહિ તેથી ભીખ માંગે. સેક્સ વર્કર તરીકે કામ કરે. ઓળખનો દાખલો, રેશનકાર્ડ કે અન્ય પ્રમાણપત્ર ના હોવાથી સરકારી કોઈ યોજનાનો લાભ ના મળે. સરખુ કામ ના

*ડિરેક્ટર સુરચના ટ્રસ્ટ, ફ્રિલેન્સ કન્સલટન્ટ, કથક નૃત્યાંગના*

મળતાં અને સમાજ તરફથી સારો વ્યવહાર ના થતાં તેઓ અંતર્મુખી અને આક્રમક બનતા જાય. લોકો તેમનાથી ડરે, ગભરાઈને ભીખ આપે. ભીખ ના આપે તો ગાળાગાળી, મારામારી કરે. ભીખ મળી રહે તેથી કિન્નર ના હોય તેઓ પણ સાડી પહેરી આ વ્યવસાય અપનાવે છે. આ બધા કારણોથી સમાજમાં તેમની છાપ બગડી છે.

ટ્રાન્સજેન્ડર *SRS (Sex Reassignment Surgery)* કરાવે છે, જે ખૂબ જ ખર્ચાળ હોય છે પરંતુ પુરુષ, સ્ત્રી દેખાવા માટે કે સ્ત્રી, પુરુષ દેખાવા માટે સર્જરી કરાવે છે.

વિશ્વમાં ટ્રાન્સજેન્ડર સમાજના પ્રતિબદ્ધ આગેવાન તથા અમારા સાથી કાર્યકર્તા જૂના રાજપીપળા સ્ટેટના રાજકુમાર શ્રી માનવેન્દ્રસિંહ ગોહિલ જણાવે છે કે 'સમાજમાં પુરુષમાંથી સ્ત્રીમાં પરિવર્તન કરવું, પુરુષ સ્ત્રીનાં કપડાં પહેરી લે તે સ્વીકાર્ય છે. લોકો તેમને હીજડા, માસી, કીન્નર તરીકે ઓળખાવે છે પરંતુ જ્યારે સ્ત્રી પોતાને 'ટ્રાન્સમેન' તરીકે જાહેર કરે ત્યારે તેના કુટુંબીજનો પણ તેને સ્વીકારવા તૈયાર થતા નથી. ઘરના સભ્યો આવી સ્ત્રીને હેરાન-પરેશાન કરી મૂકે છે. તેના પર અત્યાચાર કરે છે. તે સ્ત્રી છે તેવું સાબિત કરવા ક્યારેક ઘરના સભ્યો જ તેના પર બળાત્કાર કરે છે. ભારતમાં સ્ત્રીનું સ્થાન તથા તેના હક્કો સીમિત છે જ્યારે પુરુષનો મોભો, તેના હક્કો ઘણા છે. સર્વ સ્વીકાર્ય છે તેથી કોઈ સ્ત્રીનું 'ટ્રાન્સમેન' તરીકે બહાર આવવું અઘરું છે. તેમના કિન્નર જેવા કોઈ અખાડા કે ઘરાના નથી.'

છેલ્લાં થોડાં વર્ષોથી વિશ્વની સાથે ભારતમાં પણ ટ્રાન્સજેન્ડર સમાજના અધિકારોની સુરક્ષા તથા સંવર્ધન માટેની ઝુંબેશ શરૂ થઈ છે.

ભારતીય બંધારણના આમુખમાં ટ્રાન્સજેન્ડર માટે સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાય અને બધા માટે સમાનતાનો આદેશ કરવામાં આવ્યો છે. ભારતીય બંધારણની કલમ ૧૪ અને ૨૧ અન્વયે કાયદાની સુરક્ષા તથા સમાનતાની ખાતરી આપવામાં આવી છે. ભારતની સુપ્રીમ કોર્ટે એપ્રિલ ૨૦૧૪ માં *NALSA(National Legal Services Authority)* વિરુદ્ધ ભારતસંઘના ચુકાદામાં 'ટ્રાન્સજેન્ડર'ની સ્વતંત્રતા તથા અધિકાર ભારતીય બંધારણમાં સુરક્ષિત છે તેમ જણાવેલું છે. આમ છતાં ઐતિહાસિક ચુકાદાના પાંચ વર્ષ પછી પણ રાજ્ય સરકારો સ્વ-ઓળખથી ટ્રાન્સજેન્ડર તરીકે જાહેર કરતી વ્યક્તિઓને કેવી રીતે માન્યતા આપવી તે બાબતે સંઘર્ષ કરી રહી છે. આ ચુકાદાને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના બંધારણીય અધિકારો તથા તેમના સશક્તિકરણના સંદર્ભમાં સીમાચિહ્નરૂપ ચુકાદો માનવામાં આવે છે, જેમાં સમાજમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા ટ્રાન્સજેન્ડર સમુદાયને આજદિન સુધી તેમના મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા છે, તેની પુષ્ટિ કરવામાં આવી છે. નામદાર સુપ્રીમ કોર્ટે નોંધ્યું છે કે તેમની જાતીય ઓળખનો અસ્વીકાર કરવો તે ભારતીય બંધારણની કલમ ૧૪ અંતર્ગત સમાનતાના અધિકારનો ભંગ કરવા સમાન છે. તેથી ટ્રાન્સજેન્ડર સમુદાયના સમાનતાના અધિકારની સુરક્ષા જાળવવી ખૂબ જ જરૂરી છે. ચુકાદાના સમાપનમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, 'જાતીયતાના' આધારે ભેદભાવ રાખવો તે નાગરિક સમાનતાનો ભંગ છે. નામદાર કોર્ટે વાણીની તથા અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર(કલમ ૧૯/૧) મુજબ સ્વ ઓળખથી લિંગની અભિવ્યક્તિની સ્વતંત્રતાનો આદેશ કર્યો છે. કારણ કે વ્યક્તિની સ્વ ઓળખ, પહેરવેશ, ભાષા, શૈલી, વર્તન તથા અન્ય કોઈ રીતે અભિવ્યક્ત કરી શકાય છે. ટ્રાન્સજેન્ડર વ્યક્તિનું વ્યક્તિત્વ, તેનાં વર્તન તથા તેની રજૂઆત દ્વારા અભિવ્યક્ત થઈ શકે છે. તેથી રાજ્ય સરકારો ટ્રાન્સજેન્ડર વ્યક્તિની અભિવ્યક્તિની કલમ ૧૯(૨) અંતર્ગત જાહેર હુકમ, નીતિ કે નૈતિકતાના આધારે પ્રતિબંધિત કરી શકે નહિ.

વધુમાં નામદાર અદાલતે જણાવ્યું છે કે, લિંગ ઓળખ એ વ્યક્તિની ઓળખનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. 'સ્વ' નિર્ધારિત લિંગ ઓળખ અંગેની માન્યતા એ બંધારણે આપેલા મૂળભૂત અધિકારોનો જ હિસ્સો છે. વિવિધ રીતે સ્વયંને વ્યક્ત કરવાનો અધિકાર એ માનવ ગૌરવનો ભાગ છે. આમ નામદાર કોર્ટ દ્વારા રાજયની સરકારોને લૈંગિક ઓળખ માટે જે ત્રીજી જાતિના એટલે કે સ્ત્રીમાંથી પુરુષ બનવાને કે પુરુષમાંથી સ્ત્રી બનવાને કાયદાકીય માન્યતા આપી દિશા નિર્દેશ કરવામાં આવ્યો છે. કોર્ટે જાતિ નક્કી કરવા માટે 'દૈહિક પરીક્ષણ'ને બદલે 'માનસ શાસ્ત્રીય' પરીક્ષણની હિમાયત કરી છે. સમાજ 'ટ્રાન્સજેન્ડર' સમુદાય પ્રત્યે સૂગ અનુભવે છે અને તેમના પ્રત્યે ભેદભાવ ભર્યું વલણ રાખે છે, વર્તન કરે છે, તે દૂર થાય અને સમાજમાં તેમનો સ્વીકાર થાય તે અંગે સરકારે જન જાગૃતિ અભિયાન ચલાવવાની પણ હિમાયત કરી છે.

શ્રી માનવેન્દ્રસિંહ વધુમાં જણાવે છે કે, '*NALSA* ચુકાદાથી સમાજમાં ઘણી જાગૃતિ આવી છે પરંતુ 'ટ્રાન્સમેન'નો જોઈએ તેવો સ્વીકાર થયો નથી. સમાજમાં 'ટ્રાન્સમેન' મોટી સંખ્યામાં છે પરંતુ 'ટ્રાન્સવુમન' એટલે કે કિન્નરની જેમ તેઓ બહાર આવતા નથી. સામાજિક લાંછન કે લોકલાજ તેમને રોકે છે.' તેઓ જણાવે છે કે 'અમેરિકા જેવા વિકસિત દેશો કરતાં ભારત દેશમાં 'ટ્રાન્સજેન્ડર' અંગે જાગૃતિ છે. *NALSA* ચુકાદો છે. સમાજ તેમના અધિકારોને ઓળખતો અને સ્વીકારતો થયો છે. અમેરિકામાં તેમને હજી અલગ શૌચાલયના અધિકારો પણ મળ્યા નથી. આપણી લોકસભાએ બિલ પસાર કર્યું છે જ્યારે અમેરિકાએ 'ટ્રાન્સજેન્ડર'ના મીલેટરી પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે.'

વડા ધર્મગુરુ પાવન પિતા ફ્રાન્સિસે વર્ષ ૨૦૧૪-૧૫ માં જણાવ્યું હતું કે, ટ્રાન્સજેન્ડર સમુદાયની વ્યક્તિ પરત્વે ધર્મસભામાં આદર હોવો જોઈએ. જે વિશ્વભરના તમામ લોકો સાથે મળીને આગળ વધવાની ધર્મસભાની પ્રતિબદ્ધતાના સંદર્ભમાં સુસંગત તથા વાસ્તવિક હોવો જરૂરી છે.

ડિસેમ્બર ૨૦૧૮ માં કેન્દ્ર સરકારે લોકસભામાં 'ટ્રાન્સજેન્ડર' અધિકાર બીલ ૨૦૧૮ પસાર કર્યું છે જે અગાઉ વ્યક્તિગત બીલ તરીકે રાજ્યસભામાંથી પણ પસાર થયું છે. બીલમાં રહેલી ક્ષતિઓ દૂર કરવા ટ્રાન્સજેન્ડર સમાજના અગ્રણીઓ સહિત સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, કાયદા નિષ્ણાંત વકીલો તથા આમ જનતાના પ્રતિનિધિઓએ વિવિધ સ્તરે રજૂઆત કરેલી છે. કોર્ટમાં ટ્રાન્સજેન્ડરના અધિકારો માટે *NALSA* કેસમાં પીટીશન દાખલ કરનાર ત્રણ કર્મશીલોમાંના એક સુશ્રી ઝૈનબ જાવીદ પટેલ કહે છે કે,

*અનુસંધાન પાન નં. ૨૯ પર જુઓ...*



# ધર્મસભા અને મહિલા ગરિમા



✍ આગ્નેસ વાઘેલા

મોટાભાગના લોકોનું માનવું છે કે, ૨૧મી સદીમાં જીવનારાં આપણે આધુનિક અને વિકસિત સમાજમાં જીવીએ છીએ. ઉદાર વિચારસરણી અપનાવીએ છીએ. વ્યક્તિની, ખાસ તો મહિલા સ્વતંત્રતા, ગૌરવ, સન્માન અને સમાનતામાં માનીએ છીએ. એવાં સહુને એક સવાલ છે. વિકસિત દેશમાં મહિલા, પોતાના અસ્તિત્વ-સ્વમાન ઉપર થઈ રહેલાં અત્યાચાર-અન્યાય સામે અવાજ ઉઠાવે ત્યારે એને ન્યાય મળવાને બદલે પુરુષવર્ગ, વિશેષપણે સત્તાધારી પુરુષવર્ગ તરફથી અનહદ કક્ષાની હેરાનગતિ, શોષણ, અપમાન થઈ રહ્યાં હોય એને આધુનિક સમાજ કહી શકાય?

આ સવાલ પૂછવાનું મન એટલા માટે થાય છે કે, તાજેતરમાં કેથલિક સાધ્વીઓને થઈ રહેલાં અન્યાય-અત્યાચાર અંગેના સમાચાર, સમાચાર માધ્યમોમાં (પ્રિંટ-ઈલેક્ટ્રોનિક, સોશ્યલ) આવી રહ્યાં છે, એટલાં પહેલાં ક્યારેય નહોતા આવતાં! ગુજરાત સહિત સમગ્ર ભારત અને વિશ્વમાં પણ, નિઃસ્વાર્થ અને સમર્પણતાપૂર્વક, ચૂપચાપ પોતાનું સેવાકાર્ય કરતાં રહેવું એ કેથલિક સાધ્વીઓની ગૌરવવંતી ઓળખ બની રહી છે. પરંતુ આજકાલ સાધ્વીઓની ઓળખથી વિપરીત, લોકોમાં સાધ્વીઓનું જીવન-કવન ચર્ચાનો વિષય બની રહ્યું છે! ભારતની કેથલિક ધર્મસભાના સત્તાધારીઓની સામે જ, પોતાના હાથ નીચે કામ કરતી સાધ્વીઓને અપૂરતું વેતન, અસમાનતા, માનસિક-શારીરિક યાતના, જાતીય સતામણી, બળાત્કાર જેવા અપરાધો કરવામાં સામેલ છે એવી ફરિયાદ ઉઠી રહી છે! જેમની જવાબદારી બને છે સાધ્વીઓના શીલ-સ્વમાન-સન્માન-ગરિમાને જાળવવાનું, એ લોકો ઉપર જ સાધ્વીઓના શીલ-સ્વમાન-સન્માન-ગરિમાને હણવાનો આરોપ થઈ રહ્યાં છે!

એટલું જ નહીં ભારતમાં તો એવી લોકલાગણી ઉઠી રહી છે કે, સાધ્વીઓ ઉપર થતાં બળાત્કાર, જાતીય સતામણી, જાતીય-માનસિક-શારીરિક-આર્થિક શોષણ જેવાં કેસો-ફરિયાદ, પોલીસ દફતરે તેમજ ધર્મસભામાં નોંધાયા છે તે અંગે જવાબદાર ધર્માધિકારીઓ, ત્વરિત પગલાં લઈને ન્યાયિક કાર્યવાહી કરવાને બદલે, આંખ આડા કાન કરી રહ્યા છે! એવાં કિસ્સાઓને અને ભોગ બનનાર સાધ્વીને ન્યાય આપવાની જગ્યાએ ગુનામાં સામેલ આરોપીની બદલી કરીને કે પીડિત સાધ્વીને દૂ...રના સ્થળે મોકલી દેવાય છે! વધુ ગંભીર અને શોચનીય બાબત એ છે કે, ભોગ બનનાર સાધ્વીને તેમનાં જ સાધ્વીસંઘના ઉપરી-જવાબદાર સાધ્વીઓ તેમજ સાથી સાધ્વીઓનો સાથ-સહકાર-સમર્થન મળતાં નથી! આનું કારણ કદાચ એ પણ હોઈ શકે કે કુટુંબ-પરિવાર, સમાજમાં દીકરીનો ઉછેર જ એ રીતે કરવામાં આવે છે. તેને બાળપણથી જ કેળવવામાં આવે છે કે, દબાઈ-ચંપાઈને બેસી રહેવું. સહન કર્યા કરવું!

*તંત્રીમંડળ સભ્ય 'દૂત'*

ગુજરાત-ભારત કે વિશ્વની ધર્મસભામાં નજર કરીએ તો કિસ્સા નજર સમક્ષ તરવરી જશે. ગુજરાતની વાત કરીએ તો અનેક કિસ્સાઓ લોકજીભે ચર્ચાતાં રહે છે. ભારત તરફ દૃષ્ટિપાત કરીએ તો, સિસ્ટર અભયા, જેમની લાશ કેરાલાની એક કોન્વેન્ટના કૂવામાંથી મળી આવી હતી! એ કિસ્સામાં અનેક ધર્માધિકારીઓ તરફ આંગળી ચીંધાયેલી છે. સિ. જેસ્મેનના વિવાદિત પુસ્તક 'આમીન' પ્રકાશિત થયા પછી જ સાધ્વીઓને પરેશાન કરતી બાબતો પ્રત્યે લોકો સભાન બન્યાં. સાધ્વીઓની તેમનાં પોતાના જ સાધ્વીસંઘમાં તેમનાં જ ઉપરી સાધ્વીઓ દ્વારા શારીરિક-માનસિક-આર્થિક શોષણ-સતામણી થાય છે.

એટલું જ નહીં, સાધ્વીઓ જે-તે ધર્મપ્રાંતમાં કામ કરે છે ત્યાંના ધર્માધિકારીઓ (ધર્માધ્યક્ષ, ધર્મગુરુઓ, મેનેજર, ડાયરેક્ટર, આચાર્ય વગેરે) દ્વારા થઈ રહેલી અનેક પ્રકારની હેરાનગતિના સિલસિલાબંધ કિસ્સાઓ વિશ્વ સમક્ષ આવ્યા! સાધ્વીઓની થઈ રહેલી વિધ વિધ પ્રકારની સતામણીના કિસ્સાઓના અહેવાલોમાં સૌથી તાજો કિસ્સો કેરાલાના, મિશનરી ઓફ જિસસ સાધ્વીસંઘની સાધ્વીનો છે. ત્યાંના એક ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષ દ્વારા સાધ્વીને થઈ રહેલી જાતીય સતામણીનો! અલબત્ત આ બધા કિસ્સાઓમાં ચાલી રહેલી અદાલતી તપાસને અંતે જ સત્ય તો બહાર આવશે અને જાણવા મળશે, ત્યાં લગી તો વિધાનો કે નિર્ણયોનું મૂલ્ય માત્ર હંગામી જ ગણાય, બલકે 'ચુકાદા પૂર્વે દોષિત' જાહેર કર્યાનું ગણાય.

આ જોગાનુજોગ છે કે ઈશ્વરીય સંકેત એ વાચકો પોતપોતાની શ્રદ્ધા, માન્યતા મુજબ પ્રમાણે. કેથલિક ધર્મસભામાંના આ તનાવયુક્ત માહોલમાં આશાસ્પદ બાબત એ છે કે, વિશ્વ ધર્મસભામાં બદલાવનો પવન ફૂંકાઈ રહ્યો છે. સાચા અર્થમાં લોકશાહીનાં પગરણ મંડાઈ રહ્યાં છે. ગત ફેબ્રુઆરી, ૨૦૧૯ માં વડાધર્મગુરુ ફ્રાન્સિસ દ્વારા શિખર પરિષદ 'સિનડ' બોલાવવામાં આવી. 'સિનડ' એટલે-ધર્મસભાના ધર્માધિકારીઓ અને સભ્યોની અધિકૃત બેઠક-જ્યાં ધર્મસભાની નીતિ-રીતિની ચર્ચાઓ અને નિર્ણયો થતા હોય છે. વિશ્વ ધર્મસભામાં વણસી ગયેલી ને વગોવાઈ ગયેલી બાબત, ધર્મગુરુઓના જાતીય વર્તનને હવે છાવરી શકાય કે છુપાવી શકાય એવું રહ્યું નથી.

આ દૂષણને નાથવા વડાધર્મગુરુ ફ્રાન્સિસે ફેબ્રુઆરી ૨૦૧૯ માં 'ધર્મગુરુઓ દ્વારા જાતીય શોષણ અંગે પરિષદ' (કલેરિકલ સેક્સ અબ્યુસ કોન્ફરન્સ) બોલાવી. જેમાં ભાગ લેવા માટે, દરેક દેશના ધર્માધ્યક્ષ પરિષદ-(બિશપ્સ કોન્ફરન્સ)ના વડાને બોલાવ્યા છે. 'કેથલિક ચર્ચ રીફોર્મ' નામનું એક આંતરરાષ્ટ્રીય ગ્રુપ, ધર્મસભા સુધારણા બાબતે કાર્યરત છે. એ આ અંગે સક્રિય રસ લઈ રહ્યું છે. વડાધર્મગુરુશ્રીએ બોલાવેલી આ ધર્મ પરિષદ સાથે સંકળાયેલા અને જવાબદાર એવા જર્મન

થિયોલોજિયન અને મનોવૈજ્ઞાનિક ઈસુસંઘી ધર્મગુરુ હેન્સ ઝોનરનાં આ બાબતે મંતવ્યો મંગાવ્યાં છે. એ ઉપરાંત ફેબ્રુઆરી શિખર પરિષદના જવાબદાર એવા વરિષ્ઠ સભાસદ(કાર્ડિનલ) ક્યુપીચને પણ ખુલ્લા પત્રો દ્વારા સૂચનો મોકલવામાં આવ્યાં છે.

સદ્‌ભાવનાપૂર્વકની વૈચારિક ક્રાંતિ એ સુધારાત્મક-હકારાત્મક બદલાવની જનેતા છે. એ માટે પહેલ કરવાની જરૂર હોય છે. વડાધર્મગુરુશ્રીના વલણ અને વર્તન આ બાબતે સ્પષ્ટ રીતે ઉજાગર થાય છે. ધર્મસભામાં પરિવર્તનનો પવન ફૂંકાવાની શરૂઆત થઈ ચૂકી છે. વડાધર્મગુરુ યોગ્યપણે જ કહે છે, ચાર દીવાલોમાં બંધિયાર બનીને ચર્ચા મૃતપ્રાય બને, સડે, એના કરતાં જાહેર રસ્તા ઉપર આવી જાય-અકસ્માત થવાના ડરના ભોગે પણ એ વધારે સારું છે. સામાન્ય ધર્મજનને સવાલ કરવા-સંવાદ કરવા આવકારે છે ‘તમને પજવતા સવાલ મને કરો.’ ધર્મની અસર તેના અનુયાયી સમાજ ઉપર ઘણી ઘેરી પડતી હોય છે. વડાધર્મગુરુની સુધારાત્મક અસર માતા ધર્મસભા અને વિવિધ ખ્રિસ્તી સંપ્રદાયો ઉપર પડી રહી છે. સાંપ્રત સમયમાં એની તાતી જરૂરિયાત પણ છે.

એક તરફ સમજદારીપૂર્વક વડાધર્મગુરુ ફ્રાન્સિસ જાતીય શોષણના ભોગ બનનારને ન્યાય અપાવવા-દૂષણને ડામવા ગંભીરતાપૂર્વક પ્રયત્નો કરી રહ્યા છે. બીજી તરફ, ઈસુને અનુસરવાનો ધર્મ બજાવનારા દ્વારા જ મહિલાના ઈશ્વરદત્ત એ જ વિશિષ્ટ ગુણો(સહનશીલતા, ધીરજ, સર્મપણ) ને કારણે તેનું શોષણ થઈ રહ્યું છે! મહિલાના એ ગુણોને દુરુપયોગ થકી સ્ત્રીત્ત્વનું અપમાન થઈ રહ્યું છે!

ખ્રિસ્તી ધર્મસભા અને ખ્રિસ્તીઓ ઈસુને અનુસરે છે. ઈસુએ તો એમના સમયકાળ દરમિયાન મહિલાઓને હંમેશા સન્માન અને સમાનતા બક્ષી છે. પછી એ વ્યભિચાર કરતાં પકડાયેલી બાઈનો ન્યાય તોળવાનો હોય, શમરુની બાઈ હોય, લાઝરસની બહેન માર્થા મરિયમની શ્રદ્ધાને જાળવવાની હોય, માતા મરિયમના કહેવાથી જીવનનો પહેલો ચમત્કાર કરવાનો હોય. પોતાના પુનરુત્થાન પછી સહુ પહેલાં દર્શન પણ તેમણે મરિયમ માગ્દાલેનને આપેલાં. પોતાના જીવનકાળ દરમિયાન દરેક ઘટનામાં ઈસુએ સ્ત્રીનો મહિમા કર્યો છે. એટલું જ નહીં સૃષ્ટિના સર્જનહારે, સ્ત્રીના સહનશક્તિ, ધીરજ, સમર્પણના ગુણનું સન્માન કરતાં તેને માનવસર્જનના મહામૂલા કાર્યમાં સામેલ કરીને મહિમાવંત કરી છે.

સૃષ્ટિના સર્જનહારે તો સ્ત્રી અને પુરુષને પોતાની પ્રતિકૃતિરૂપ ઘડેલાં. બંનેને સમાન દરજ્જો, હક્કો અને અધિકારો આપેલાં. પરંતુ સમાજમાં પ્રવર્તમાન પિતૃસત્તાક સમાજરચનાને હળવે હળવે ધર્માધિકારીઓએ પણ અપનાવી છે. મહિલા સમાન હક્કો અને અધિકારથી વિમુખ થઈ છે. સ્ત્રી અને પુરુષ એક ગાડીનાં બે પૈડાં છે. ગાડીના એક પૈડાના મહત્ત્વને સ્વીકાર્યા વિના કામ થતું રહેશે તો વખત જતાં ધર્મસભાની અધોગતિ નિશ્ચિત છે. પરિવાર, સમાજ, ધર્મસભા અને દેશને સબળ, મજબૂત બનાવવા માટે સ્ત્રી અને પુરુષ બંનેનું સશક્ત હોવું જરૂરી જ નહીં અનિવાર્ય છે. ધર્મસભામાં લગભગ ૯૯ ટકા ધર્મજનો છે. અત્રે એ જાણવું જરૂરી છે કે વિશ્વ ધર્મસભા સાધ્વીઓનો સમાવેશ ધર્મજનોમાં કરે છે. સાધ્વીઓ માટે કોઈ આગવું સ્થાન નથી. સાધ્વીઓને ખ્રિસ્તયજ્ઞ કરવાનો અધિકાર નથી. એ એટલે સુધી કે, વડાધર્મગુરુ યોહાન પાઉલ બીજાએ સ્પષ્ટપણે આદેશ જારી કરેલો કે, હવે પછી સાધ્વીઓને પરમયજ્ઞ ચઢાવવા અંગે કોઈ ચર્ચા સુદ્ધાં કરવી નહીં ! લેટિન અમેરિકન વિસ્તારના અંતોનિયા ગ્રામસી નામના એક સામાજિક, વૈજ્ઞાનિક અને લોકશિક્ષકે વર્ષો પહેલાં ગહન અભ્યાસ બાદ દુનિયામાં બધે જ ચાલતા દરેક તંત્રનો ચિતાર રજૂ કરેલો. જે સામાજિક કર્મશીલો અને અભ્યાસુઓમાં ‘ગ્રામસી’ મોડલ તરીકે પ્રચલિત છે. જેનો હાર્દ એવો છે કે કોઈપણ તંત્ર કે વ્યવસ્થા ભલે શુભ આશયે શરૂ થયું હોય તો માનવ સ્વભાવગત રીતે શોષણખોર બની જાય છે. એને ચાલુ રાખવા-તંત્રના હિતને જાળવી રાખવા સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવે છે. તો સવાલ એ થાય કે આનો ઉકેલ શો? પરિવર્તનની સતત પ્રક્રિયા. પરિસ્થિતિનો ઊંડાણપૂર્વક અભ્યાસ-પડકાર અને પરિવર્તન એજ એનો ઉકેલ બની શકે.

નિષ્પક્ષ અભ્યાસથી પરિવર્તન એ ઈસુ ચીંધ્યો માર્ગ છે. પરિવર્તનના સહભાગી એટલે ઈસુને પગલે ચાલનાર. આ વખતનો મહિલા દિવસનો વિષય પણ આવું જ કંઈક કહે છે. આ વખતનો વિષય છેઃ ‘Balance for better’ મહિલા દિવસના આ વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને જવાબદારીપૂર્વક આપણી જાતને, દરેક ખ્રિસ્તીએ પૂછવું પડશે. શું ઈસુએ ચીંધેલ પથ સાર્થક થશે? એને સાર્થક બનાવવામાં મારો ફાળો હશે? જવાબ હા હોય તો, ચાલો, સમાજ અને ધર્મસભામાં એવા સદભાવનાપૂર્ણ બદલાવના મહાયજ્ઞમાં સામેલ થઈએ. અસ્તુ.●


**વેચવાનું છે**




● **2 BHK** મકાન વેચવાનું છે.

● ૧ ગુંઠો પ્લોટ વેચવાનો છે.

*મધર મેરી – ૨, ગ્રીન લેન્ડ સોસાયટી પાછળ, નડિયાદ*

**સંપર્ક : મો. ૯૫૭૪૮ ૨૭૦૬૬**

**મકાન વેચવાનું છે**

**સંપૂર્ણ સુવિધાવાળું ડુપ્લેક્ષ તદ્દન નવું બાંધકામ**

**(ફક્ત ખ્રિસ્તી પરિવાર માટે)**

*સેંટ જૂડ પાર્ક પાધરિયા, આણંદ, નવજીવન સો. પાછળ*

**સંપર્ક : મો. ૯૯૯૮૮ ૪૬૫૪૭**



**ઓલીવીયા ક્રિએશન**

**લગ્નની મેક્ષી માટેનું જુનું અને જાણીતું એકમાત્ર સ્થળ એટલે “ઓલીવીયા ક્રિએશન” અમારે ત્યાં કોમ્યુનીયન મેક્ષી, કલર મેક્ષી બનાવી આપવામાં આવશે.**

**ખાસ નોંધ :** ઓલીવીયા ક્રિએશન તમારી સેવામાં હંમેશાં હાજર છે. કોઈના કહેવાથી ગેરમાર્ગે દોરાશો નહિ.

**અંજના શૈલેષ પરમાર (૯૮૭૯૧ ૮૧૩૪૮, ૯૮૨૪૪૯૧૭૩૭)**

**૧૧, આશીર્વાદ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરીયા આણંદ**



# પરીક્ષાનું પ્રેશર

✍ શ્રેયા રાજેશ ચૌહાણ



માર્ચ મહિનો આવે એટલે એક એવા મહેમાનનું આગમન થવાનું હોય જેનાથી ઘરનું વાતાવરણ તમામ રીતે બદલાઈ જાય છે અને એ મહેમાન છે 'પરીક્ષા'. ઘરમાં એક પ્રકારનું ભારેખમ વાતાવરણ સર્જાઈ જાય છે. ચિંતાનું મોજું છવાઈ વળે છે. ખરેખર આ પરીક્ષા તો આવવાની જ છે, એ તો શૈક્ષણિક વર્ષની શરૂઆતથી જ બધા જાણતા જ હોય છે. પણ વર્ષની શરૂઆતથી જ તેની તૈયારી કરવાને બદલે પરીક્ષાનું સમયપત્રક હાથમાં આવે ત્યારે જ તેના પ્રત્યે મહદઅંશે ધ્યાન આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં લાગી જાય છે. તેના માટે સેમિનાર યોજાય છે અને અખબારો અને સામયિકોમાં લેખો પણ છપાય છે; પણ આ પરીક્ષાનો ડર કેમ અનુભવાય છે ?

આજના વિદ્યાર્થીને નર્યો પરીક્ષાર્થી બનાવી દેવાયો છે, પરિણામે વિદ્યાર્થી યેનકેન પ્રકારેણ પરીક્ષા દેવીનો પ્રસાદ પામવા મથે છે. આપણા દેશની પરીક્ષા પદ્ધતિ વિચિત્ર અને ભૂલભરેલી છે. પ્રશ્નપત્રમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જ જવાબ વિદ્યાર્થીએ લખવાના હોય છે. એટલે કે આ પરીક્ષા એ બીજું કશું નથી ફક્ત વિદ્યાર્થીની યાદશક્તિની કસોટી જ છે. આખા વર્ષમાં કેટલું શીખ્યા એનું મૂલ્યાંકન માત્ર ત્રણ કલાકમાં જ કરી દેવામાં આવે છે. આમાં વિદ્યાર્થીની સમજશક્તિની કસોટી જ થતી નથી, થાય છે ફક્ત યાદશક્તિની કસોટી. એક સાવ સાદા ઉદાહરણ મારફતે આ સમજવાનો પ્રયત્ન કરીએ. ધારો કે કોઈ એક નબળો વિદ્યાર્થી તેને ગમતા કે આવડતા હોય એવા દસ પંદર સવાલો જ ગોખીને તૈયાર કરી દે અને કદાચ તે જ સવાલો પ્રશ્નપત્રમાં પૂછાય તો તે આ પરીક્ષામાં સારો દેખાવ કરી દેશે. પણ કોઈ વિદ્યાર્થી કે જેને બધું આવડતું હશે પણ આ જ સવાલો સમજમાં ના આવવાથી કે અન્ય કારણોસર તેણે તૈયાર નહિ કર્યા હોય તો તેનું પરિણામ નબળું આવી શકે છે. આમાં હવે હોંશિયાર વિદ્યાર્થી કોને ગણવો ? તેથી જ આ પરીક્ષા પદ્ધતિ તદ્દન ખોટી છે. પણ તે બદલાય નહિ ત્યાં સુધી તેને સ્વીકાર્યે જ છૂટકો.

આમ, પરીક્ષાનું પરિણામ એ બીજું કશું નથી, એ ફક્ત આંકડાઓથી ભરેલું કાગળ છે. આ પરિણામ તમને આગળના ધોરણમાં લઈ જઈ શકશે પણ તમારો સાચો માનસિક વિકાસ કેટલો થયો છે, તમે કેટલી કેળવણી પામ્યા છો એ ક્યારેય નહિ બતાવે. આ વિદ્યાર્થી પરીક્ષામાં સફળ ગણાશે પણ જીવનના અન્ય ક્ષેત્રોમાં કદાચ નિષ્ફળ પણ થશે. જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા એ જ વ્યક્તિઓ મેળવે છે જેણે પોતાના કાર્યક્ષેત્રમાં નિપૂણતા હાંસલ કરી હોય.

ઉપરની વાત કહીને હું એ સમજાવવા માંગુ છું કે આ પરીક્ષા તમારી કાર્યક્ષમતાની કસોટી નથી, તમારાં જ્ઞાનની પણ કસોટી નથી, એ તો છે માત્ર તમારી યાદશક્તિની કસોટી. તો પછી એનાથી ડરવાનું શા માટે ?

*એમ.એસ.સી. મેથ્સ(ગોલ્ડ મેડાલિસ્ટ) એસ.પી. યુનિવર્સિટી, વિદ્યાનગર*

તો પણ દરેક વિદ્યાર્થીને પરીક્ષાનો થોડેઘણે અંશે ડર અને ચિંતા તો હોય જ છે. પરીક્ષાનું નામ સાંભળતાં જ ઘણા વિદ્યાર્થીઓના મોતિયા મરી જતા હોય છે. હોંશિયાર વિદ્યાર્થીને સારા ટકા નહિ આવે તો ? એવા ડરથી ધ્રૂજતા હોય છે જ્યારે average students નાપાસ થવાના ડરથી ગભરાતા હોય છે. ઉપરથી પરિણામ બાદ માબાપ શું કહેશે, શું કરશે તેની ચિંતા. પરીક્ષાની ચિંતાનું બીજું કારણ માતાપિતા પણ છે. દરેક parentsને એવી મહેચ્છા હોય છે કે તેમનું બાળક ૭૦ ટકાથી વધુ ગુણ લાવે. આ માટે વિદ્યાર્થી પર જે પ્રકારનું પ્રેશર આપવામાં આવે છે તે વાજબી નથી. તમે જાતે જુઓ, ૧૦ કે ૧૨ મા ધોરણમાં ભણતો વિદ્યાર્થી સવારે ટ્યુશનમાં જાય, ત્યાંથી ઘરે આવી પાછો શાળામાં જાય, ત્યાંથી પાછો ટ્યુશન જાય અને ઘરે આવીને પણ તેને વાંચવા બેસવાનું કહેવામાં આવે છે. આટલો બધો સમય થોથાની આસપાસ રહેવાથી જ્ઞાન મળતું નથી. જ્ઞાન સહજ હોવું જોઈએ. વિદ્યાર્થીની આસપાસ એવું વાતાવરણ બનાવવું જોઈએ કે જેથી એને જ્ઞાન મેળવવાની ઈચ્છા થાય, નહિ કે પરાણે ભણવું પડે છે એવી ભાવના આવે.

એ હંમેશા યાદ રાખવું કે જે તે પરીક્ષા એ કાંઈ જિંદગીની આખરી પરીક્ષા હોતી નથી. તમે મહેનત કરી હશે એવું પરિણામ આવશે. બે-પાંચ ટકા ઓછા આવવાથી કે નાપાસ થવાથી જિંદગી બરબાદ થઈ જવાની નથી. પાસ-નાપાસનું આ ચક્કર જ જાણે આખી જિંદગી હોય એમ કેટલાક માનતા હોય છે. પણ પાસ-નાપાસનો આ ખેલ તો માત્ર આપણી જે તે વખતની પરીક્ષાનું પ્રમાણપત્ર છે. નાપાસ થઈએ એનો મતલબ એટલો જ કે આ વખતે પૂરતી તૈયારી કરી ન હતી. વાંધો નહિ, હવે વધુ મહેનત કરવાની. નાપાસ થવાથી કોઈની જિંદગી અટકી ગઈ હોય એવું બન્યું નથી. તમે તમારી આસપાસ નજર કરશો તો તમને એવાં કેટલાયે દાખલાઓ મળી રહેશે જે એમના અભ્યાસકાળ દરમ્યાન નાપાસ થયા હોય તો પણ એમના પુરુષાર્થના બળે આગળ વધીને કંઈક બની શક્યા. હંમેશા યાદ રાખીએ કે આપણે પેલી ત્રણ કલાકવાળી યાદશક્તિની જ પરીક્ષા આપવાની છે. જેથી આ પરીક્ષાને હકારાત્મક દૃષ્ટિથી નિહાળો. 'હું અત્યાર સુધી પાસ થતો આવ્યો છું અને પાસ થવાનો જ છું' એવો પોતાની જાત સાથે વાર્તાલાપ કરો.

પરીક્ષામાં સફળ થવા માટે બધા વિષયોમાં સપ્રમાણ અને એકસરખું ધ્યાન આપવું અનિવાર્ય છે. દરેક વિષયમાં રસરુચિ પેદા કરવી જોઈએ. જે વિષય અઘરા લાગતા હોય તેમાં વધારે રસ કેળવવો જોઈએ. શિક્ષક કે સાથી મિત્રને પૂછીને પણ તેમાં વધુ ઊંડા ઉતરી શકાય. અને એ વિષય એકવાર ગમવા માંડશે પછી જોજો ચમત્કાર. હું મારી જ વાત કરું, શરૂઆતથી જ મને ગણિત ખૂબ ગમતું. મને એ વિષય જાદુમય લાગતો. મને યાદ છે, પાંચમા ધોરણમાં વિસ્તરણ(Expansion) અને અવયવીકરણ(Factorization)ના દાખલા આવતા. તમારી પાસે ચાર

પાંચ લાંબા પદ હોય તેને તમે સરળ સુંદર સ્વરૂપમાં લાવો છો ! મને વસ્તુઓને સરળ બનાવવાનું ખૂબ ગમતું, એટલે જ મારી ગણિત પ્રત્યેની રુચિ વધતી ગઈ અને તમને કશું ગમવા લાગે એટલે તમે એમાં વધુને વધુ ધ્યાન આપવા લાગો જ. મારી સાથે પણ એ જ બન્યું. અને એટલે જ પહેલા ધોરણના એકડાથી શરૂ કરી અત્યારે M.Sc.નાં ભવ્યાતિભવ્ય સમીકરણો મારી સાથે મિત્રોની માફક રહ્યાં છે. આ તો વાત થઈ મારા ગણિત પ્રત્યેના પ્રેમની. એ જ રીતે દરેકમાં પોતાની આગવી વિશેષતાઓ-લાક્ષણિકતાઓ હોય છે, ફક્ત જરૂર છે તેને શોધી કાઢીને એને ગમાડવાની.

તમે જે ભણો છો તેને તમારી આસપાસ જોવાની કોશિશ કરો. એક સાદું ઉદાહરણ આપું. સૂર્યોદય અને સૂર્યાસ્ત કઈ રીતે થાય છે એ આપણે ભણીએ છીએ. પણ એ પ્રક્રિયાને ક્યારેય નિહાળતા નથી. તો એને એકવાર નિહાળો. કેવી અદ્‌ભુત ઘટના સૃષ્ટિમાં ઘટી રહી છે અને તમે જાણો છો કે એ કેવી રીતે થઈ રહી છે. તેને સમજો. એકવાર આ અનુભવાશે પછી એને યાદ રાખવાની જરૂર નહિ પડે. આપણને ફિલ્મી ગીતો કેટલી સરળતાથી યાદ રહી જાય છે ? તે ગોખવા પડે છે ? ના, કેમકે તે આપણને ગમે છે અને એટલે આપણે તેને વારંવાર સાંભળીએ છીએ; એટલે જ એ યાદ રહી જાય છે. એવું જ ભણવા બાબતે પણ છે. જે તે વિષયને ગમાડવાની શરૂઆત કરો પછી આપોઆપ તેમાં રસ જાગશે. તમને એ વારંવાર વાંચવો ગમશે જેથી સરળતાથી યાદ પણ રહી જશે.

આ તો વાત થઈ કઈ રીતે ભણવાની પણ હવે વાસ્તવિકતામાં આવીએ તો આપણે પેલી ત્રણ કલાકવાળી યાદશક્તિની પરીક્ષા આપવાની જ છે. 'Unfortunately it is necessary to give exams...' તો તેને positive view થી જુઓ. તમને કેટલું આવડે છે એ તમારે બતાવવાનું છે. તમારી પાસે કોઈ સારી વસ્તુ હોય તો તમે તરત એને બીજાને બતાવો છો. આ પરીક્ષાનું પણ એવું જ છે, તમને આવડે છે એ તમારે લખાણ સ્વરૂપે બતાવવાનું છે. (હા, પણ તમે એ ત્યારે જ બતાવી શકો જ્યારે તમારી પાસે એ હોય !) બસ તો પછી પરીક્ષાથી ગભરાઓ નહિ.

ઘણીવાર એવું પણ બને છે કે પ્રશ્નપત્રના બધા જ જવાબો તમને આવડે છે, તમે લખ્યા છે પણ ખરા. તમને પેપર સરસ ગયાનો આનંદ પણ છે પરંતુ પરિણામ ધાર્યા કરતાં ઓછું આવે છે. આમ કેમ થયું હશે એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. એનું મુખ્ય કારણ છે તમારી જવાબ લખવાની શૈલી, તમારું પ્રેઝન્ટેશન. તમને જે તે પ્રશ્નના જવાબમાં તમે શું સમજ્યા છો તે લખવાનું હોય છે. તમારું લખાણ પેપર તપાસનારને સમજાવું જોઈએ. Your answer shold make sense to the person who is reading it. એટલા માટે જ પ્રશ્નના જવાબો લખવાની નિરંતર પ્રેક્ટીસ કરવી જોઈએ. બને ત્યાં સુધી તમારા શબ્દોમાં લખવાનો પ્રયત્ન કરો. પુસ્તકના કે ગાઈડના બેઠેબેઠા ફકરા ઉતારવા ના જોઈએ. તમારી ભાષાનું લખાણ વધુ સરળ બનશે અને તપાસનારને પણ સમજમાં આવશે.

અને છેલ્લે, પરીક્ષા વખતે આટલું ખાસ ધ્યાનમાં રાખો.

૧. સંપૂર્ણ રીતે હળવા થઈને પરીક્ષા આપો. મનને ખોટા ડર અને ચિંતાઓથી મુક્ત કરો.

૨. ઉત્તરવહીના મથાળે તમામ વિગતો બરાબર ભરો અને તેને ચકાસી લો.

૩. પ્રશ્નપત્ર હાથમાં આવ્યા બાદ તરત જ લખવાની ઉતાવળ ના કરતા તેને બરાબર વાંચી લો.

૪. અક્ષરો બહુ સારા ન હોય તો પણ એ સુવાચ્ય તો હોવા જ જોઈએ. સ્વચ્છ ઉત્તરવહી કોઈપણ પરીક્ષકને જોવી ગમે છે. ગંદા અને ના વાંચી શકાય તેવા અક્ષર પરીક્ષકના મનમાં બિનજરૂરી રીતે નકારાત્મક વિચારો પેદા કરે છે.

૫. જો ઉત્તર બરાબર ના આવડતો હોય તો ગપ્પાં મારશો નહિ, જેનાથી વિપરીત છાપ ઊભી થાય છે.

૬. 'લાંબા જવાબના વધુ ગુણ મળે' એ માન્યતા ભૂલભરેલી છે. લાંબા લાંબા ઉત્તરોથી સમય અને શક્તિનો વ્યય થાય છે. માટે જે તે પ્રશ્નના ગુણભાર નજર સમક્ષ રાખી ઉત્તરો લાંબા લખવા કરતાં સાચા અને મુદ્દાસર લખવાનો આગ્રહ રાખો.

૭. જે પ્રશ્ન ગમે છે, આવડે છે તે પહેલાં લખો.

૮. ઉત્તર લખવામાં ખોટી ઉતાવળ ના કરો.

૯. આજુબાજુ ડાફોળિયા ક્યારેય ના મારો. બીજા શું કરી રહ્યાં છે તે તરફ નજર જ ના કરો. તમારું સમગ્ર ધ્યાન બસ તમારા પ્રશ્નપત્ર અને ઉત્તરવહી પર કેન્દ્રિત કરો.

૧૦. આત્મવિશ્વાસથી અને પ્રભુ પર શ્રદ્ધા રાખી પરીક્ષા આપો.

અંતમાં હું ફરીથી કહીશ કે આ પરીક્ષા તમારી કાર્યક્ષમતા દર્શાવતી નથી. જેથી ચિંતા કર્યા વિના શાંત ચિત્તે પરીક્ષા આપો. વધુ સારો દેખાવ કરવાની ખોટી હરીફાઈમાં પણ ના પડો. બીજા સાથે તમારી સરખામણી ના કરો. તમારી આવડતની તમને ખબર છે. બસ તમારું ૧૦૦ ટકા આપો. જરા પણ ગભરાશો નહિ. તમે મહેનત કરી છે એટલે બધું આવડશે જ એવું હકારાત્મક વલણ કેળવો. શાંત મને અને પ્રસન્નતાથી પરીક્ષા આપો. All the best for your exams and your life. ●

*અનુસંધાન પાન નં. ૨૫ પરથી ચાલુ...*

'કોર્ટના ચુકાદા તથા લોકસભા અને રાજ્યસભામાંથી પસાર થયેલા બીલના કારણે ઘણી જાગૃતિ આવી છે અને પ્રગતિ થઈ છે. આમ છતાં સામાન્ય જનમાનસ 'ટ્રાન્સજેન્ડર' સમુદાયના સ્વમાનનો સ્વીકાર કરે, તેમના હક્કોનું રક્ષણ કરે તથા સમાજમાં તેમના પ્રત્યે તિરસ્કાર રાખવાના બદલે તેઓ ગૌરવ અનુભવે તેવું વર્તન અને વ્યવહાર કરે, તેમના હક્કોનું રક્ષણ કરે તે અંગે ઘણું કરવાનું બાકી છે. 'તેઓ ભારપૂર્વક જણાવે છે કે 'અમે માનવ છીએ, અમારા પણ માનવ અધિકારો છે અને અમને પણ ભારતના નાગરિકોની રૂએ સમાજમાં માન મોભો મળવો જોઈએ. અમારો સ્વીકાર થવો જોઈએ. સુપ્રીમ કોર્ટના ચુકાદાનું રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારે અમલીકરણ કરવું જ રહ્યું.'

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ટ્રાન્સજેન્ડરના વિકાસ માટે ટ્રાન્સજેન્ડર વેલ્ફેર બોર્ડની રચના કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.●



## પ્રવેશ જાહેરાત — લોયોલા ટ્રેનિંગ સેન્ટર (I.T.I), નડિયાદ — પ્રવેશ જાહેરાત

### વેકેશન બેચ

### Spoken English With Computer

અત્યાધુનિક યુગમાં કમ્પ્યુટર અને અંગ્રેજી શીખવું એ આજના દરેક માનવીની જરૂરીયાત છે. અમારી સંસ્થા ખાતે હાલના વેકેશન દરમ્યાન વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે અંગ્રેજી તથા કમ્પ્યુટર શિખવાની જરૂરીયાત ધ્યાને લઈને, એક માસ (મેઃ ૨૦૧૯) માટે વેકેશન બેચ શરૂ કરી રહયા છીએ.

**પ્રવેશ લાયકાત** ધો.૯/૧૦/૧૨ની પરીક્ષા આપનાર દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે

**સમયગાળોઃ ૧-માસ**
૨૯/૪/૨૦૧૯ થી ૨૮/૫/૨૦૧૯

**ફીની વિગત** સ્પોકન ઈંગ્લીશ તથા કમ્પ્યુટર માટે ની ફી રૂા.૨૦૦૦/-
તથા બહાર ગામના ભાઈ-બહેનો માટે હોસ્ટેલ ફી રૂા.૧૫૦૦/-

પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ સાથે સમગ્ર ફી ભરવાની રહેશે.

**પ્રવેશની કાર્યવાહી વહેલા તે પહેલાના ધોરણે ચાલુ છે.** (જાહેર રજા સિવાય)

**વિશેષતાઓઃ** સ્પોકન ઈંગ્લીશ તથા કમ્પ્યુટર શિખવા માટેની સંસ્થા ખાતે અધતન ટેકનોલોજી ધરાવતી અલગ-અલગ લેબની વ્યવસ્થા

**ભાઈ-બહેનો માટે 'Spoken English' તથા કમ્પ્યુટર (D.C.A.)**
**સંસ્થાકીય કોર્ષ ૧૦-માસ માટેની પ્રવેશ કાર્યવાહી એપ્રિલ-૨૦૧૯ થી શરૂ થશે.**

**વધુ માહિતી માટે સંપર્ક કરો.**
ડાયરેક્ટરશ્રી, લોયોલા ટ્રેનિંગ સેન્ટર, (Fr.Piyush S.J.)
વૈશાલી રોડ, નડિયાદ-૨. ☎: (૦૨૬૮) ૨૫૫૮૫૬૫ મો.૯૮૭૯૧ ૨૬૬૪૪



જાહેર આમંત્રણ... આવો... પધારો...

## સંત જોસફ પર્વની ઉજવણી તથા 'જૈતુન વાડી'ના તૃતીય ભક્તિમેળામાં...




**ખ્રિસ્તયજ્ઞ**
૧૭ માર્ચ ૨૦૧૯, રવિવાર
સાંજે ૪:૦૦ વાગે



સ્થળ : કેથોલિક ચર્ચ, કરમસદ (જિ. આણંદ)

સ્નેહાધીન
સેન્ટ જોસફ ધર્મવિભાગ,
પુરોહિતગણ
સાધ્વીબહેનો તથા ધર્મજનો...






## કિશોર મિત્ર
## માર્ચ ૨૦૧૯

*૮ માર્ચનો દિવસ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિન. વિશ્વભરમાં તેની ઉજવણી કરવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૧૯૭૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ તરીકે માનવામાં આવ્યું હતું. ૧૯૭૭ માં સંયુક્ત રાષ્ટ્ર સંઘે તેના સભ્ય દેશોમાં પ્રતિ વર્ષ ૮ માર્ચના દિવસને 'મહિલા દિન' તરીકે ઉજવવા આહ્વાન આપ્યું ત્યારથી વિશ્વભરમાં મહિલા દિનની ઉજવણી મોટા પાયે શરૂ થઈ. વિશ્વમાં લગભગ અડધો અડધ વસ્તી મહિલાઓની છે. મહિલાઓમાં શિક્ષણ વધે અને તેમને પુરુષોની સમકક્ષ સ્થાન પ્રાપ્ત થાય એ આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ છે.*

*નોંધ : આ વર્ષે આપણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહ્યા છીએ. ભારતની આઝાદીની ચળવળમાં ગાંધી બાપુની સાથે અસંખ્ય મહિલાઓએ ખભેખભો મિલાવી કામ કર્યું હતું. માર્ચના આ અંકમાં વિશ્વ મહિલા દિન નિમિત્તે બાપુની સ્વતંત્રતાની લડતમાં ભાગીદાર એવી થોડી મહિલા અગ્રણીઓને યાદ કરીશું.*



### દાંડી કૂચ

મીઠાનો સત્યાગ્રહ અથવા દાંડીકૂચ ભારતના આઝાદીના ઈતિહાસની એક અત્યંત મહત્ત્વની ઘટના ગણાય છે. બ્રિટિશ હકુમતે મીઠા પર વેરો લાદ્યો હતો. મીઠું એ આમ પ્રજાની રોજની જરૂરી ચીજ ગણાય. આ વેરાના વિરોધમાં મહાત્મા ગાંધીએ 'નમક સત્યાગ્રહ' જાહેર કર્યો. ૧૨ માર્ચ ૧૯૩૦ના દિવસે સાબરમતી આશ્રમથી ૭૯ સત્યાગ્રહીઓની આગેવાની લઈ ગાંધી બાપુ દાંડી તરફ ચાલી નીકળ્યા. દુનિયાએ પ્રથમ વખત અહિંસક રીતે ચાલેલ વિરોધને નિહાળ્યો. ગામડે ગામડે ફરીને અમદાવાદથી દક્ષિણ ગુજરાતના દાંડી ગામના સાગર તટ સુધી આ રેલી ચાલી. ઠેર ઠેર લોકોની ભીડ ઉમટતી ગઈ અને રેલીમાં જોડાતી ગઈ. રોજે રોજ લગભગ ૧૦ માઈલનું અંતર કાપતા ૩૮૫ કિમી દૂર આવેલ દાંડી ખાતે સત્યાગ્રહીઓ આખરે ૫ એપ્રિલ ૧૯૩૦ ના રોજ પહોંચ્યા હતા. બીજી સવારે ૬ એપ્રિલે પ્રાર્થના પછી ગાંધી બાપુએ દાંડીના દરિયા કિનારે ચપટી મીઠું ઉપાડી બ્રિટિશ કાયદાનો ભંગ કરી અસહકાર આંદોલનના શ્રીગણેશ કર્યા. ત્યાર પછી અસહકાર આંદોલનને વેગ પકડ્યો જે આખરે ભારતની સ્વતંત્રતામાં પરિણમ્યો.



વહાલા કિશોરમિત્રો, આ વર્ષે આપણો દેશ ગાંધી બાપુની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહ્યો છે. આ ઉજવણીના ભાગરૂપે દાંડી ખાતે મીઠાના સત્યાગ્રહનું સ્મારક બનાવવામાં આવ્યું છે. ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં બાપુની ૭૧મી પુણ્યતિથિ ૩૦ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ દાંડી ખાતે આ સ્મારક રાષ્ટ્રને ચરણે ધર્યું. અહીં બાપુ અને તેમની સાથેના પ્રારંભના ૭૮ સત્યાગ્રહીઓની દાંડીકૂચની પ્રતિમા અને ગાંધી બાપુની પ્રતિમા મૂકવામાં આવી છે. દાંડીકૂચની સમગ્ર માહિતી સભર આ સ્મારક કુદરતી ઊર્જા સ્રોત પર નિર્ભર છે. અહીં સૂર્ય ઉર્જા પેદા કરતાં સોલાર ટ્રી(સોલાર પેનલનાં વૃક્ષો) સ્થાપવામાં આવ્યા છે. આ વૃક્ષો, સ્મારકને જોઈતી સંપૂર્ણ વીજળી ઉત્પન્ન કરે છે અને વધારાની વીજળી ઈલેક્ટ્રીસિટી બોર્ડને આપે છે. અહીં સોલાર ઘડામાં મીઠું ઉત્પન્ન કરી શકાય છે અને અહીં આવતા પ્રવાસીઓ સંભારણા તરીકે પોતાની સાથે લઈ જઈ શકે છે.



## કસ્તુરબા

કસ્તુરબા ગાંધી બાપુનાં પત્ની હતાં. તેમનો જન્મ ૧૧ એપ્રિલ ૧૮૬૯ના રોજ થયો હતો. ૧૩ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન ગાંધી બાપુ સાથે થયા હતાં. એ જમાનામાં અક્ષરજ્ઞાનનો ફેલાવો ખૂબ ઓછો હતો. કસ્તુરબા પણ નિરક્ષર હતાં. પરંતુ બાપુએ તેમને ભણાવ્યાં અને લખતાં વાંચતા શીખવ્યું હતું.

કસ્તુરબા ગાંધીજીની સાથે સાથે જ રાજકીય ચળવળોમાં જોડાયેલાં રહ્યાં. તેઓ ૧૮૯૭માં ગાંધીજીની સાથે દક્ષિણ આફ્રિકા ગયા. ૧૯૦૪થી ૧૯૧૪ દરમિયાન તેઓએ ડર્બન નજીક 'ફોનિક્સ આશ્રમ'ની પ્રવૃત્તિઓમાં સહયોગ આપ્યો. ૧૯૧૩માં દક્ષિણ આફ્રિકામાં ભારતીયોની દારૂણ કામકાજી સ્થિતિ વિરુદ્ધ ચાલેલા આંદોલન દરમ્યાન તેઓની ધરપકડ થઈ અને ત્રણ માસની સખત કેદની સજા થઈ. ત્યાર બાદ ભારત આવ્યા પછી ઘણી વખત, જ્યારે ગાંધીજીને કેદ કરવામાં આવતા ત્યારે તેમણે તેમનાં સ્થાને નેતૃત્વ કર્યું. ૧૯૧૫માં જ્યારે ગાંધીજી 'ગળીના મજૂરો'(ગળી ઉત્પાદન સાથે જોડાયેલા કામદારો, ખેડૂતો)ના ટેકામાં આંદોલન કરવા ભારત આવ્યા ત્યારે કસ્તુરબા પણ તેમના સહભાગી બન્યા. તેઓ કામદારોનાં બાળકો અને સ્ત્રીઓને સ્વચ્છતા, શિસ્ત અને વાંચન-લેખન શિખવતાં.

કસ્તુરબા બ્રોંકાઈટિસનાં દર્દથી પિડાતાં હતાં. 'ભારત છોડો આંદોલન'ની ધરપકડો અને આશ્રમની કઠોરતા જેવી તણાવભરી જિંદગીથી તેઓ બીમારીમાં પટકાયાં. જેલવાસ દરમ્યાન જ અતિ નબળાઈ અને ગંભીર હૃદય રોગના હુમલાથી ૨૨ ફેબ્રુઆરી ૧૯૪૪ ના રોજ પૂનામાં આગાખાન મહેલ (યરવડા જેલ)માં તેમનું અવસાન થયું.



## સરોજિની નાયડુ

'ભારતનાં કોકિલા' તરીકે ઓળખાતાં સરોજિની નાયડુ સ્વતંત્રતા સંગ્રામના એક મહત્ત્વનાં આગેવાન નેતા ગણાય. તેમના જન્મ ૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ના રોજ હૈદરાબાદ ખાતે થયો હતો. તેમના પિતા અત્યંત તેજસ્વી હતા. પિતા અઘોરિનાથ ચટ્ટોપાધ્યાયએ એડિનબર્ગ યુનિવર્સિટીમાંથી વિજ્ઞાનમાં પી.એચ.ડી.ની ઉપાધિ મેળવી હતી. તો સરોજિનીના માતા બરદા સુંદરી બંગાળી ભાષાનાં કવિયેત્રી હતાં. આમ સરોજિનીનો ઉછેર ઉચ્ચ શિક્ષણના વાતાવરણવાળા કુટુંબમાં થયો હતો. ૧૮૯૯માં ફક્ત ૧૨ વર્ષની ઉંમરે સરોજિનીએ મદ્રાસ મહાવિદ્યાલયમાંથી મેટ્રિકની પરીક્ષા પ્રથમ ક્રમાંકે પાસ કરી. ત્યાર પછી તેઓ ઉચ્ચ અભ્યાસ માટે કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાં પણ ગયાં. રૂઢિચુસ્ત એવા એ જમાનામાં ૧૮૯૮માં તેમણે ડૉક્ટર ગોવિંદ નાયડુ સાથે આંતરજ્ઞાતિ લગ્ન કર્યાં.

સરોજિની નાયડુએ મહાત્મા ગાંધી સાથે આઝાદીના જંગમાં ખભેખભો મિલાવી સાથ આપ્યો હતો. બાપુના અસહકાર આંદોલનના તેઓ અગ્રણી નેતા હતાં. ધરાસણા આંદોલનનું નેતૃત્વ સરોજિની નાયડુએ સાંભળ્યું હતું. આઝાદીની લડાઈના ભાગરૂપે તેઓ ઘણી વાર જેલમાં પણ ગયાં. સરોજિની નાયડુએ અખિલ ભારતીય કોંગ્રેસના બીજા મહિલા પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. આઝાદી પછી તેઓ અવધ રાજ્ય(હાલના ઉત્તર પ્રદેશનો એક ભાગ)નાં રાજ્યપાલ નિમાયાં હતાં. આમ તેઓ ભારતના પ્રથમ મહિલા રાજ્યપાલ ગણાય. સ્વતંત્રતા સંગ્રામનાં અગ્રણી હોવા સાથે તેઓ એક સંવેદનશીલ કવિયેત્રી હોવાની લીધે તેમને 'ભારતના કોકિલા' (બુલબુલ) તરીકે પણ ઓળખવામાં આવે છે. ૨ માર્ચ ૧૯૪૯ના રોજ હૃદયરોગના હુમલાએ તેમના શ્વાસ થંભાવી દીધા.

કમલા નેહરુનો જન્મ ૧ ઓગસ્ટ ૧૮૯૯ના રોજ જૂની દિલ્હી ખાતે કાશ્મીરી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. ૧૭ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન જવાહર નહેરુ સાથે થયાં હતાં.



કમલા નહેરુ

જેમ કસ્તુરબાએ મહાત્મા ગાંધી સાથે ખભેખભો મિલાવી દેશ સેવાઓ આપી હતી તેવી જ રીતે કમલા નેહરુએ તેમના પતિ જવાહરલાલ નહેરુની સાથે રહી આઝાદીના જંગમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. ૧૯૨૧ના બાપુના અસહકાર આંદોલન સમયે તેમણે અલ્લાહાબાદ ખાતે દુકાનો આગળ ધરણાં કરી અસહકાર આંદોલન ચાલવ્યું હતું. એક સમયે બ્રિટિશ હકુમતે જવાહરલાલ નહેરુની ધરપકડ કરી તો કમલા નહેરુએ પણ જેલવાસ ભોગવ્યો હતો. મહિલા આંદોલનનું નેતૃત્વ કરતાં કરતાં તેમણે ખૂબ લોક ચાહના મેળવી હતી. આઝાદીના જંગના બોજને લીધે તેમના શરીરે હાર માની લીધી. તેમને ટીબીનો રોગ લાગુ પડ્યો અને ૨૮ ફેબ્રુઆરી ૧૯૩૬ના રોજ સ્વિટ્ઝર્લૅન્ડ ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા.

## ફોજના શહીદો

વહાલા કિશોરમિત્રો, આપણા દેશના સૈનિકો પોતાના જીવની પરવા કર્યા વગર માભોમની રક્ષા કરે છે. સરહદ પર ખડે પગે ચોકી કરે છે અને દેશને દુશ્મનોથી બચાવે છે. એમ કહેવાય છે કે તેઓ આપણા માટે સરહદ પર જાગે છે એટલે જ આપણે દેશવાસીઓ નિરાંતે ઊંઘી શકીએ છીએ. અત્યંત કઠિન વાતાવરણ અને દુશ્મનોના જોખમ સામે, માથે સતત મોત ભમતું હોય એવી પરિસ્થિતિમાં આ સૈનિકો દેશસેવા કરે છે.



યુદ્ધના સમયે તો તેઓ સામી છાતીએ રણમેદાન પર લડે છે. પરંતુ શાંતિના સમયે પણ તેઓ દેશસેવા કરતા રહે છે. ગમે તે આફતો આવે ત્યારે તેઓ ખડે પગે તેમની સેવા આપવા તૈયાર હોય છે. કુદરતી આફતો જેવી કે અતિવર્ષા, પૂર, ધરતીકંપ વગેરે સમયે આ સૈનિકો તેમની સેવા આપે છે. તો વળી દેશની અંદરના દુશ્મનો જેવા કે આતંકીઓ અને નક્સલીઓ સામેની લડાઈમાં પણ ફોજીઓ જી-જાનની પરવા કર્યા વગર દેશની રક્ષા કરે છે.

તાજેતરમાં થોડા દિવસો પર કાશ્મીરમાં અલગતાવાદી આતંકીઓએ આપણા સૈન્યના કાફલા પર માનવ બોમ્બર દ્વારા હુમલો કર્યો હતો. આ હુમલામાં આપણા સૈન્યના ચાલીસથી વધુ સૈનિકોએ દેશની રક્ષા કાજે પોતાના પ્રાણની આહુતિ આપી. વહાલા કિશોકમિત્રો, આપણા સૈનિકોની શહાદતને યાદ કરી તેમને નત મસ્તકે શ્રદ્ધાંજલિ આપીએ. આપણી ગુજરાતની ધર્મસભામાં મહાધર્માધ્યક્ષ અને ધર્માધ્યક્ષ દ્વારા શોક સંદેશ પાઠવવામાં આવ્યો અને આપણા દરેક દેવળમાં શહીદ સૈનિકોના આત્માની શાંતિ તેમજ ઘાયલ સૈનિકોની તંદુરસ્તી માટે ખાસ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ભસ્મ બુધવાર






છઠ્ઠી માર્ચથી આપણી ધર્મસભામાં અગત્યનો સમયગાળો શરૂ થાય છે. આ દિવસથી તપઋતુની શરૂઆત થાય છે. તપઋતુના પ્રથમ દિવસને ભસ્મ બુધવાર કહેવામાં આવે છે. આ દિવસથી ચાલીસ દિવસના ઉપવાસ શરૂ થાય. આ લાંબા ગાળાના તપનો અંત પાસ્ખા પર્વ એટલે ઈસ્ટરના આનંદમય અને મંગલમય પર્વ સાથે આવે છે.

પ્રભુ ઈસુએ તેમના જાહેર જીવનની શરૂઆત કરતાં પહેલાં અરણ્યમાં ચાલીસ દિવસ ઉપવાસ કર્યા હતા અને પ્રાર્થનામાં સમય પસાર કર્યો હતો. આ દરમિયાન સેતાને તેમને પ્રલોભનમાં નાખવાની કોશિશ પણ કરી હતી. પરંતુ પ્રભુ ઈસુની આગળ સેતાનને હાર માનવી પડી હતી.

તપઋતુમાં માતા ધર્મસભા આપણી પાસે પ્રાર્થના, ઉપવાસ અને દાનધર્મની અપેક્ષા રાખે છે. આ સમયગાળા દરમિયાન આપણે પ્રાર્થનામાં વધારે સમય પસાર કરી શકીએ. બને તો રોજ દેવળમાં ખ્રિસ્તયજ્ઞમાં હાજર રહીએ તો ઉત્તમ. ઘરે પણ નિયમિત પ્રાર્થના અને બાઈબલ વાંચન કરી શકાય. વળી ભસ્મ બુધવાર અને શુભ શુક્રવારના દિવસે ઉપવાસ કરવો ફરજીયાત છે.

પુખ્ત ઉંમરના અને સારી તંદુરસ્તી ધરાવતા દરેક શ્રદ્ધાળુઓ આ બે દિવસ માટે અને જો ઈચ્છે તો તપઋતુ દરમિયાન બીજા દિવસો દરમિયાન પણ ઉપવાસ રાખે તો સારું. ઘણા શ્રદ્ધાળુ ભક્તો તપઋતુ દરમિયાન ચાલીસ દિવસના એકટાણા ઉપવાસ કે પછી કેટલાક લોકો દર શુક્રવારે ઉપવાસ રાખે છે. આ સાથે દાનધર્મ કરવાની પણ આશા સેવવામાં આવે છે. ગરીબ, જરૂરિયાતમંદને આપણાથી બનતી મદદ પૂરી પાડી માનવધર્મ બજાવી શકાય.




### ચિંતન પુષ્પ

**મુશ્કેલીઓની વચ્ચે સફળતાની તક સંતાયેલી હોય છે.**

**- મહાન વિજ્ઞાન આલ્બર્ટ આઈન્સ્ટાઈન (જન્મ ૧૪ માર્ચ ૧૮૭૯)**



- રાજેશ ક્રિશ્ચિયન મો. ૯૪૨૬૫ ૮૪૦૨૮ E-mail : rajesh.christian@yahoo.co.in




# હાકલ શિબિર

**તારીખ : ૨૩-૦૪-૨૦૧૯**
**સવારે ૧૦:૦૦ કલાકથી**

**તારીખ : ૨૪-૦૪-૨૦૧૯**
**સાંજના ૪ કલાક સુધી**

**સ્થળ :**

**સેંટ જોસેફ સેમિનરી, પાસ્ટ્રલ સેન્ટર,**
**ડુમરાલ રોડ, નડિયાદ - ૩૮૭ ૦૦૨**

ધોરણ ૮ અને તેની ઉપરના વિદ્યાર્થીઓને હાકલ શિબિરમાં જોડાવા આમંત્રણ

આવો... અમદાવાદ ધર્મપ્રાંત આપને આવકારે છે

## સંપર્ક કરો

**ફાધર જીગ્નેશ (૦૨૬૮) ૨૫૫૪૧૭૦, ૯૭૩૭૫૮૨૮૭૮**
**ફાધર નિલેશ : ૯૪૨૭૫૪૮૪૨**
**ફાધર એડવિન : ૯૯૭૪૨૦૪૧૩૬**
**ફાધર પ્રદિપ : ૯૦૯૯૧૬૧૬૪૭**
**ફાધર લિઓ : ૯૪૨૭૭૨૮૪૮૧**
**ફાધર નટુ : ૯૮૯૮૩૫૮૬૦**

---

***The Science of today is the technology of tomorrow*** **- Edward Teller**

**Opening of Science Stream** — **વિજ્ઞાન પ્રવાહની શુભશરૂઆત**

**St Mary's School, Nadiad Announces The Opening Of Fully Furnished**

## SCIENCE STREAM (English Medium) From June 2019

Inquiry and Forms Available At Room No: 36 & 63

**Contact: 0268-2555 554 / 94263 60950 / 94263 23800 / 99048 46316**

Hostel Facility is Available Within The Campus

**જૂન ૨૦૧૯થી અદ્યતન સુવિધાઓ સાથે સેંટ મેરીસ સ્કૂલ નડિયાદ શરૂ કરે છે**

**વિજ્ઞાન પ્રવાહ (અંગ્રેજી માધ્યમ)**

વધારે માહિતી અને પ્રવેશપત્ર માટે રૂબરૂ મળો. રૂમ નં. ૩૬ અને રૂમ નં. ૬૩

**સંપર્ક: ૦૨૬૮-૨૫૫૫ ૫૫૪/ ૯૪૨૬૩ ૬૦૯૫૦/ ૯૪૨૬૩ ૨૩૮૦૦/ ૯૯૦૪૮ ૪૬૩૧૬**

*કેમ્પસની અંદર જ હોસ્ટેલની સગવડ ઉપલબ્ધ છે.*



# પરીક્ષાઃ વિદ્યાર્થી, વાલી અને આપણે



✍ શૈલેષ રાઠોડ 'અભિધેય'

માર્ચમાં બોર્ડની પરીક્ષાઓ, કોલેજની પરીક્ષાઓ પછી શાળાની પરીક્ષાઓ પછી મહત્ત્વની વિદ્યાશાખાની પરીક્ષા અને પછી પ્રવેશ પરીક્ષા. આવનાર દિવસોમાં ત્રણ મહિના વિદ્યાર્થીઓના જીવનમાં પરીક્ષામય રહેશે જેમાં વાલીઓનું પણ પરીક્ષણ થતું રહેશે.

પરીક્ષાના સમયને વાલીઓ-વિદ્યાર્થીઓ અલગ અલગ રીતે મૂલવે છે. થોડાં દ્રષ્ટાંત જોઈએ.

'બેટા! આવતી કાલે તારી બોર્ડની પરીક્ષા છે. હું તારા માટે એક ગીફ્ટ લાવ્યો છું. બોલ શું હશે?'

'પેન ? કમ્પાસ ? પેડ ? ઘડિયાળ ?'

'એ ના હવે ! એ બધુ તો તારી પાસે છે જ !'

'જો હું તારા માટે યાદશક્તિ વધારવાની દવા લાવ્યો છું અને હા, મંદિરેથી તારા માટે સ્પેશિયલ પ્રસાદ અને બાબાનું માદળિયું પણ લાવ્યો છું. રોજ આ માદળિયાને અગરબત્તી કરી પેપર આપવા જજે... તું પાસ થઈ જઈશ.'

પેપર આપ્યા પછી.... પ્રશ્નોનો મારો...

માસીએ પૂછ્યું, 'સમય તો નહોતો ખૂટ્યો ને ?!'

યુગ ડઘાઈ ગયો. એ પરીક્ષા દઈને આવ્યો હતો કે યુદ્ધ લડીને એ જ ના સમજાયું. પ્રશ્નોનો મારો એટલો બધો ચાલ્યો કે આવતી કાલની તૈયારી કરવા માટેનો એનો મુડ ખરાબ થઈ ગયો.

યુગ પરીક્ષા દઈને પાછો આવ્યો. હજુ તો એણે ઘરમાં પગ જ મૂક્યો હતો ત્યાં જ ઘરના સભ્યોએ પ્રશ્નોનો મારો ચલાવ્યો.

દાદાએ પૂછ્યું, 'કેવું ગયુ પેપર ?'

દાદીએ પૂછ્યું, 'બેટા, બધું બરાબર લખ્યું તો છે ને?'

પપ્પાએ પૂછ્યું, 'કેટલા માર્ક્સ આવશે ? ૯૦થી ઉપર તો આવવા જ જોઈએ.'

મમ્મી બોલી, 'રોજ વાંચતો હતો, એ જ પૂછાયું ને?'

આજે પરીક્ષાનો પ્રથમ દિવસ હતો. સવારના ૯ઃ૩૦ વાગી ગયા હતા.પરીક્ષાના હાઉના કારણે યુગની આંખો હજુ પણ ચોપડી પર આમ તેમ ફરતી હતી ! એવામાં એની નજર અચાનક જ ઘડિયાળ પર પડી. ઓહ ! સાડા નવ વાગી ગયા. હજુ તો ઘણું વાંચવાનું છે પણ તેમ છતાં મોડું થવાના કારણે તે ચોપડી મૂકી ઝડપથી પેન લઈ દોડ્યો. ત્યાં જ દાદીએ બૂમ પાડી,' લે,પેંડો ખાતો જા. મોં મીઠું કર.' બહેને બૂમ પાડી, 'યુગ ! ઊભો રહે... લે શુકનની પેન, પ્રાર્થના કરેલ છે. આ પ્રસાદ પણ લેતો જા... શુકન કહેવાય... તારું પેપર સારું જશે...'

'મારે મોડું થઈ ગયું છે ! કંઈ વાંધો નહિ !' 'લે... મોં મીઠું કર, બધાને પગે લાગ, સહુના આશીર્વાદ લે... આજે તો મહત્ત્વનો દિવસ છે...! તું પાસ થઈ જઈશ.'

રાત્રિના ત્રણ વાગી ગયા હતા. બીજા દિવસે સવારે બોર્ડનું પેપર આપવા જવાનું હતું. યુગને હજુ ઘણું વાચવાનું હતું. પણ સતત વાંચનના કારણે તેની આંખો બંધ થઈ જતી હતી. આથી સવારે સાતથી દસ વાગ્યામાં થોડું વાંચી લઈશ એમ મન મનાવી સૂઈ ગયો. મોડી રાતના ઉજાગરા પછી પણ એલાર્મના સહારે સવારે સાત વાગે ઊઠી જાય છે અને મોઢું ધોઈ ચોપડી પકડી બેસી જાય છે. ત્યાં તો બાજુ વાળા વનિતા માસીનો અવાજ સંભળાયો. 'બેટા, ક્યાં છે ? બેસ્ટ આફ લક હોં! બોલ! કેવી છે તારી તૈયારી. બધુ બરોબર ગોખી નાખ્યુ છે ને! જો તારે પણ તારા ભાઈની જેમ ૯૦ ટકા લાવવાના છે હોં!' એક કલાકની શુભેચ્છા પાઠવી માસી પાછાં ઘરે ચાલ્યાં ગયાં.

ઉપરના પ્રસંગો આજની પરીક્ષા, વિદ્યાર્થી અને માતા-પિતાની માનસિકતાનું ચિત્ર રજૂ કરે છે, અહીં તો માત્ર પાંચ જ પ્રસંગો આપ્યા છે. પણ પરીક્ષાની ધીકતી મોસમમાં આપણા સમાજમાં આવા અનેક પ્રસંગો ભજવાય છે. એક નજરે આ પ્રસંગો રમૂજી લાગે,પણ એની અસર બહુ ઊંડી અને મોટે ભાગે નકારાત્મક પણ હોય છે. શું આપણે પણ એક વિદ્યાર્થીના વાલી તરીકે આવા પ્રસંગોનો એક ભાગ તો નથી બની બેઠા ને?!

અબ્રાહમ લિંકને એક વાલી તરીકે પોતાના બાળકના શિક્ષકને એક પત્ર લખ્યો હતો, જે ખૂબ પ્રસિદ્ધિ પામ્યો હતો. આજે ૨૧ મી સદીમાં અબ્રાહમ લિંકન વિદ્યાર્થી તરીકે હાજર હોત તો જરૂર વિદ્યાર્થીઓને લઈને જગતના દરેક વાલીઓને એક પત્ર લખ્યો હોત. યુગ પરિવર્તન સાથે વાલીઓનું વર્તન બદલાયું નથી. વાલીઓનું વિદ્યાર્થીઓ પરનું દબાણ એટલું બધું વધી ગયું છે કે વિદ્યાર્થીઓને તેમની પરીક્ષા કરતાં માતા-પિતાને આપેલાં વચનની વધારે ચિંતા હોય છે. વાત સમજવા જેવી છે. એક બાજુ પરીક્ષાનું ટેન્શન અને બીજી બાજુ માતા-પિતાની અપેક્ષા પૂરી કરવાનું ટેન્શન. વિદ્યાર્થી ક્યાંથી વાંચી શકે ? તેને પુસ્તકના અક્ષરોમાં પણ તેના મગજમાં ભરાયેલી 'અપેક્ષા' જ વંચાય કે નહિ ?

શુભેચ્છાઓ જરૂરી છે પણ શુભેચ્છા સમયે શુભેચ્છક બાળકને ડોક્ટર અને ઇજનેર બનવાની અપેક્ષાઓ આપીને જાય તો તે યોગ્ય નથી. માતપિતાની ફરજ છે બાળકને વાતાવરણ પૂરું પાડે, નેચરલ... જે છે તે જ અવસ્થામાં. સગા સંબધીઓની ફરજ છે પ્રેમના બે બોલ થકી અપેક્ષાઓ-ટેન્શન આપ્યા વિના, સમય બગાડ્યા વિના પ્રેમપૂર્વકનો માથે હાથ ફેરવે. બાળક માત્ર રૂટિન પરીક્ષા જ આપવા જાય છે.. તેને હાઉ ઊભો કરી ડરાવી દેશો નહી.

*પત્રકાર, લેખક - નડિયાદ, મ.શિ.શ્રી માધવલાલ શાહ હાઈસ્કૂલ(ઉ.મા.) - ખંભાત*

સાચું કહું તો, આપણે ત્યાં માર્ક્સનું વધારે મહત્ત્વ છે. વર્તમાન પરીક્ષા પદ્ધતિઓ જ એવી છે કે જ્યાં ગોખણિયું અને પુસ્તકિયું જ્ઞાન જ સફળતા અપાવે છે. એમાંય વળી બધાના મનમાં એક વાત ઘર કરી ગઈ છે કે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાની અસર વિદ્યાર્થીની કારકિર્દી પર ખૂબ જ મોટી થાય છે. માટે પુત્ર કે પુત્રી બોર્ડમાં હોય એટલે વિદ્યાર્થી કરતાં માતા-પિતા આ પરીક્ષાને વધુ મહત્ત્વ આપતાં થઈ ગયાં છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ બોર્ડની પરીક્ષાને ખૂબ ગંભીરતાથી લે છે જે ખરાબ વાત નથી. વાલીઓની આ જાગૃતિ કહી શકાય. પણ જાગૃતિના નામે વિદ્યાર્થી પર જે અપેક્ષાનું વજન મૂકવામાં આવે છે તેની ચિંતા આપણે કરવી જોઈએ. શું બાળકને હળવો ફૂલ રાખી પરીક્ષા કેન્દ્ર સુધી ન જવા દઈએ?

પરીક્ષા આવે એટલે એવું જ લાગે કે પરીક્ષા વાલીઓની છે કે વિદ્યાર્થીઓની ! તમે જોયું હશે કે ૧ થી ૭ ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીના પાઠ્યપુસ્તકની વિગત વિદ્યાર્થી કરતાં તેની મમ્મીને વધુ સારી રીતે ખબર હશે ! વિદ્યાર્થીને પરીક્ષાની રીત કઈ છે તે ખબર નહીં હોય પણ તેનાં માતા-પિતાને આજે જરૂર ખબર હશે !

બાળકને તમામ અધિકાર છે, તેને રમવા દો, ભણવા દો, વિહરવા દો. જ્યાં વધારે ચિંતાઓ અને અપેક્ષાઓ છે ત્યાં ક્ષણિક સફળતાઓ દેખાય છે પણ લાંબા ગાળે સફળતાઓ માત્ર પરિણામમાં જ સમાયેલી રહે છે. બાળકના ઉછેરમાં નિર્ભયતાના પાઠ જ સફળતાના પાઠ બને છે.

બાળકોને સાધન નહિ હિંમત આપો ! નવી પેન, નવો કંપાસ, નવું પેડ, નવાં પુસ્તકો, અલગ રૂમ બધું જ આપ્યા પછી પણ આપણો પ્રશ્ન એ જ હોય છે કે, પેપર કેવું ગયું... !

આખી રાતના ઉજાગરા પછી સવારે પેપર આપવા જવાનું અને પેપર આપીને બહાર નીકળે એટલે તરત 'પેપર કેવું ગયું ?' આ પ્રશ્નનો મારો સહન કરવાનો ! જો પેપર સારું ગયું હોય તો કંઈ વાંધો નહિ, બધાં ખુશ, પેપર ખરાબ ગયું હોય અને ડરના માર્યો વિદ્યાર્થી ખોટું બોલે કે પેપર સારું ગયું છે તો વિદ્યાર્થી સિવાય બધાં ખુશ અને જો હિંમત કરીને વિદ્યાર્થી સાચું કહી દે કે પપ્પા-મમ્મી પેપર ખરાબ ગયું છે તો બસ ! પત્યું !

વાલીઓ પોતાના સંતાનને ઓળખે. પરીક્ષા આવે એટલે રમવાનું બંધ, ટીવી જોવાનું બંધ, મનોરંજન બંધ... બસ માત્ર વાંચવાનું. શું આ યોગ્ય કહેવાય ? મનોચિકિત્સકો પણ વાંચવાની સાથે સાથે થોડો આરામ અને મનોરંજન કરી લેવાનું કહે છે.

આપણે બાળકની પોતાની મૌલિકતાને ખીલવવા જ દેતાં નથી. પરીક્ષા અને સફળતાનો હાઉ ઘર અને મનમાં પેદા કરવાને બદલે આનંદની હળવી પળો તમે ક્યારેય માણી છે ? પરીક્ષાનો હાઉ ખતમ કરવા તેની સાથે ચર્ચા કરી છે ? તેને કદી વાર્તા સંભળાવી છે ? તેનો ઈન્ટરવ્યૂ લેવાની જગ્યાએ કોઈ અદ્‌ભુત ફિલ્મની વાત તેની સાથે કરી છે ? ફિલ્મ જોવા સાથે ગયા છો ? પરીક્ષા જ બધું નથી એવી વાત તમે તેના મનમાં બેસાડી દેવામાં સફળ થયા છો ? સલાહ આપવાની જગ્યાએ તેને હૂંફ આપવાની કોશિશ કરી છે ? આ બધું કરી જુઓ... અમને આશા છે તમારો દીકરો/દીકરી જીવનની કોઈ પરીક્ષામાં નાપાસ નહિ થાય.

**પરીક્ષાર્થી-વિદ્યાર્થી માટે... :** નિષ્ણાતના મતે વિદ્યાર્થીઓએ નકારાત્મક વિચારોને મનમાં પ્રવેશવા દેવા જોઈએ નહી. આત્મવિશ્વાસ વધારવો જોઈએ. ફેઈલ થવાના વિચારો લાવવા જોઈએ નહીં. આ પ્રકારના વિચારો આવશે તો તમે અભ્યાસમાં ધ્યાન આપી શકશો નહીં. જો તમને એક્ઝામનું ટેન્શન હોય તો તમારે સમજવું જોઈએ કે આ જીવનની નાની અવસ્થા છે અને તે હંમેશાં આવી જ રહેવાની નથી.

પરીક્ષામાં ઓછો સમય રહ્યો છે તેમ છતાં જે વિષયોમાં તમે નબળા છો તેમાં ધ્યાન આપવાનું શરૂ કરી દો. પદ્ધતિસરનો અભ્યાસ કરો. આખો દિવસ એક જ વિષય વાંચવાનો કંટાળો આવતો હોય તો વિષય પ્રમાણે સમયપત્રક બનાવો અને તેને અનુસરો.

શરીરને રીલેક્સ કરવા માટે વચ્ચે થોડો સમય કસરત કરવી જોઈએ. એક્ટિવિટી તણાવને ઓછો કરે છે. દોડવું, સ્વિમિંગ અને ડાન્સ કરવા જેવી એક્ટિવિટી કરવી જોઈએ. એક્ઝામ દરમિયાન પોષણક્ષમ આહાર લેવો જોઈએ. રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેડ, તાજાં ફળ, શાકભાજી, પ્રોટીનયુક્ત ભોજન લેવું જોઈએ જેથી કોઈ સ્વાસ્થ્ય સમસ્યા રહે નહીં. પરીક્ષા દરમિયાન ઉજાગરા કરવા જોઈએ નહીં. છ થી આઠ કલાકની ઊંઘ લેવી ખૂબ જરૂરી છે.

તંદુરસ્ત મને પરીક્ષા આપો. બિન જરૂરી સૂચનાઓ અવગણો. તમે કોઈની અપેક્ષાઓ પૂર્ણ કરવા નહી જીવન ઘડતરના ભાગરૂપે પરીક્ષા આપો છો તેમ સમજી ભયમુક્ત બની સ્વસ્થ મને પરીક્ષા આપો. આપણે પરીક્ષાર્થીઓ માટે સ્વસ્થ વાતાવરણ સર્જીએ એ જ અભ્યર્થના. ●


## હાર્દિક અભિનંદન





સર્વશક્તિમાન પ્રભુ ઈસુની કૃપાથી

અમારી સુપુત્રી **ડો. અંજલિ પરમાર** એ ફેબ્રુઆરી - ૨૦૧૯માં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા English literature. Ecofeminism: An ambivalent relationship between women and nature in selected novels of Arundhati Roy, Anita Desai and Sarah Joseph વિષયક પર બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર **અમિ ઉપાધ્યાયના** માર્ગદર્શન હેઠળ **પી.એચ.ડી.**ની પદવી હાંસલ કરી અમારા સમગ્ર પરિવારનું ગૌરવ વધારેલ છે. તે બદલ અમારી સુપુત્રીને ખૂબ ખૂબ અભિનંદન.

**શુભેચ્છક :**

| | |
|---|---|
| **દાઉદભાઈ સીમોનભાઈ**<br>**મધુબેન, અર્પિતા, કલ્પેશ,**<br>**પીન્કલ, કીથ**<br>**(આણંદ, વડોદ)** | **કનુભાઈ પરમાર**<br>**ગુણવંતીબેન, દિવ્યેશભાઈ,**<br>**દર્શનભાઈ, અંકિતા, ડીયાના,કેનિથ**<br>**(રાજકોટ)** |



# સ્વચ્છતા

✍ રીપલ ડાભી



'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' જેવી પુરાણી કહેવત હંમેશા સાચી ઠરી છે. કહેવાય છે કે 'જેનું તન ચોખ્ખું એનું મન ચોખ્ખું અને જેનું મન ચોખ્ખુ એનું હૃદય ચોખ્ખું.' સ્વચ્છતા વિશે આપણે નાનપણથી ઘરમાં, શાળામાં અને સગાંવ્હાલાઓ દ્વારા શીખતાં આવ્યા છીએ કે 'સ્વચ્છ રહેવું જોઈએ.' પણ શું આપણે એને અમલમાં મૂકીએ છીએ ખરા ? કેટલે અંશે મૂકીએ છીએ ? આજે હું તમને સ્વચ્છતાની વાસ્તવિક પરિસ્થિતિ અને કઈ રીતે ગંદકી દૂર કરી શકાય તે જણાવવા માંગું છું. પ્રત્યેક માનવી જીવન જીવી જાણે છે. સાચું જીવન કેટલા અંશે ? પ્રત્યેક માનવી સારાં-નરસાંથી જાગૃત છે. ઘણીવાર જે વ્યક્તિઓ જાગૃત છે તે સ્વચ્છતા રાખી જાણે છે. ઘણીવાર વ્યક્તિઓ જાગૃત હોવા છતાં ચાલશે, નહીં કરવાની ભાવના રાખી જવા દે છે. તેમને ગમે તેટલા સ્વચ્છતાના ખ્યાલો સમજાવશો છતાં, તે પોતે પોતાની આદતોને છોડી શકશે નહીં. એની પાછળ કેટલાંક કારણો હોય છે. જેમકે, કોઈ માણસને ગમે ત્યાં થૂંકવાની ટેવ પડી હોય તો તે આદતવશ તેમ કરે છે. જાણી જોઈને તે કશું કરતો નથી પણ સહજ ભાવે ગમે ત્યાં લઘુશંકા કે થૂંકાથૂંક કરી શકે.

એ જ રીતે છીંક આવે ત્યારે સામે રૂમાલ ન રાખવો તે આદતવશ જ બને છે. ક્યારેક એવું બને છે કે વ્યક્તિને સ્વચ્છ રહેવું હોય છે છતાં એની કેટલીક મજબૂરીઓ હોય છે. જેમકે મજૂર વર્ગનાં રહેઠાણો ધૂળિયા વાતાવરણમાં હોય એને વારંવાર પોતાનું રહેઠાણ સાફ કરવું પરવડે નહીં. કેમકે એ આખો દિવસ રોટલાની ચિંતામાં ભટકતો હોય છે. એવી જ રીતે રોજીરોટીની લ્હાયમાં સવારે નીકળી ગયેલો મજૂર પોતાના બાળકોને સારી રીતે નવડાવી - ધોવડાવી શકતો નથી. આમ, આ રીતે બાળકો કૂપોષણનો ભોગ બને છે અને સ્વચ્છતા જળવાતી નથી.

આપણા દેશમાં સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. પણ કેટલે અંશે સ્વચ્છતા થઈ ? એવું નથી કે સ્વચ્છતા મિશનથી કોઈ સફળતા મળી નથી. એનાથી પણ કેટલાંક ગામડાઓમાં અને શહેરોમાં સ્વચ્છતા થઈ છે. લોકો જાગૃત થવા લાગ્યા છે. કચરાને યોગ્ય જગ્યાએ કચરાપેટીમાં નાંખે છે અને ગંદકી કરતા નથી. પણ અમુક વિસ્તારોમાં અને ગામડાંઓમાં, શહેરી વિસ્તારોમાં હજુ ઘણા લોકો જાગૃત નથી અને જાગૃત છે તો તેમને ખુદ જ સ્વચ્છતા રાખવી ગમતી નથી, કાં તો ગંદકીમાં પડ્યું રહેવું છે. આ વાત થઈ જગ્યાની, કચરાની સાફ સફાઈની.

હવે, વાત કરીએ 'મનની સ્વચ્છતાની : મનની સ્વચ્છતા એટલે માનસિક સ્વચ્છતા, સારા વિચારોની સ્વચ્છતા. જે જૂનું પુરાણું આપણામાં થોપી દેવામાં આવેલું છે જેની સ્વચ્છતા.' ઘણીવાર આપણે બહું નકારાત્મક વિચાર કરતા હોઈએ ત્યારે આપણા મિત્રો, પાડોશીઓ, સગાંવ્હાલાં, મનોચિકિત્સક આપણને ટકોર કહેતાં કહે છે કે 'તું બહું નકારાત્મક વિચાર કરે છે. થોડાં હકારાત્મક બનો. નકારાત્મક વિચારસરણી ધરાવવી કંઈ ખોટી નથી પણ જ્યારે એ વિચારસરણીમાં ઊંડા ઉતરી જાવ છો ત્યારે મુશ્કેલી સર્જાય છે. જેટલા નકારાત્મક વિચાર ધરાવો છો, તેટલા જ હકારાત્મક વિચાર પણ ધરાવો. બંને બાજુ સરખી વિચારસરણી હશે તો જીવન જીવવામાં સરળતા રહેશે.

*લેખન-વાંચનનો શોખ ધરાવનાર, 'જ્યોત' સામયિકનાં પ્રથમ મહિલા તંત્રી (પૂર્વ)*

જિંદગી જીવી જાણી તો અમૃત છે. બાકી ઝેર જેવી લાગે જિંદગી ! માટે મનની સ્વચ્છતા, શરીરની સ્વચ્છતા અને આપણે જ્યાં રહીએ છીએ ત્યાં આજુબાજુ સ્વચ્છતા રહે તે અનિવાર્ય છે. સ્વચ્છતા માટે ગાંધીજીએ ઘણું યોગદાન આપેલ છે. ફક્ત એક લોટાથી મોં ધોતા હતા, જેના વિશે તમે બધા જાણકાર છો. પણ આજની પરિસ્થિતિ, કાળ અલગ છે. માટે એવું ના કહેવાય કે એક લોટાથી મોં ધુઓ પણ એટલું જરૂર કહેવાય કે, જરૂરિયાત પૂરતું જોઈએ તેટલો પાણીનો ઉપયોગ કરો અને બને તેટલી સ્વચ્છતા જાળવો.

સ્વચ્છતા રાખવા માટે સરકારે કેટલાક કાયદાઓ બનાવ્યા છે. જેમકે, જાહેર સ્થળે શૌચક્રિયા ન કરવી, ધુમ્રપાન ન કરવું, જાહેર સ્થળે કચરો ફેંકવો નહીં. આ બધાથી આપણે પરિચિત છીએ, સૂચનાઓમાં વાંચીએ છીએ તેમ છતાં આનો નિયમભંગ કરી ગંદકી ફેલાવીએ છીએ. સરકાર તરફથી કચરા પેટી આપવામાં આવી છે અને જ્યાં આપી છે ત્યાં તેનો યોગ્ય ઉપયોગ થયો નથી. જો ખરેખરી રીતે સ્વચ્છતાને સમજ્યા હોય, તેના વિશે જાગૃત થયા હોય તો આપણી પોતાની ફરજ છે, બીજા કહે કે ના કહે પોતે સ્વચ્છતા જાળવીએ. અંતમાં 'સ્વચ્છ રહો સ્વસ્થ રહો.' એ જ પ્રાર્થના.●


## સ્નેહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**કુલુ-મનાલી-સિમલા-અમૃતસર-ધર્મશાલા-ડેલહાઉસી-વાઘા બોર્ડર**

દિવસ : ૧૦, ટિકિટ દર : ૧૫,૦૦૦, તારીખ : ૧૫-૦૫-૨૦૧૯ થી ૨૪-૦૫-૨૦૧૯

રેલવે રીઝર્વેશન માટે પૂરું નામ, સરનામું,
ઉપર કોચ નંબર માટે ૫૦૦૦ ડીપોઝીટ આપવાની રહેશે.

કાઠમંડુ-પોખરણ-નેપાળ
રૂા. ૧૬,૦૦૦/-

**સ્નેહલબેન આર. ક્રિશ્ચિયન** *બી/૧૧, ઈશ્વરકૃપા એપાર્ટમેન્ટ, મણિનગર પૂર્વ*

**સંપર્ક : મો. ૮૮૬૬૧૧૬૮૬૬(વોટ્સએપ), ૯૨૬૫૮૬૭૫૮૩**


## મકાન વેચવાનું છે

**૬/એ, શ્રેયસ સોસાયટી, સેન્ટ ઝેવિયર્સ રોડ, પાધરિયા, આણંદમાં આવેલ બે માળનું, 3 BHK, ૨ ગુંઠા જમીનમાં બનાવેલ, સંપૂર્ણ સુવિધાવાળુ, ચારેબાજુ ખુલ્લી જગ્યાવાળું મકાન વેચવાનું છે.**

**મો. ૭૦૪૧૨ ૨૦૫૩૯**

# શ્રદ્ધાંજલિ

## સ્વ. ફાધર ઉત્તમ



સ્વ. ફાધર ઉત્તમના અણધાર્યા અવસાનથી તેમનાં સ્વજનો-પરિચિતોને આઘાત જરૂર લાગ્યો છે ! તેમની પડખે ઊભા રહેનારને પણ દહેશત ન હતી કે તેમની આવી ઓચિંતી વિદાય હશે ! મંગુબેન અને છગનભાઈ ધોડીયા પરિવારમાં ૨ જી જૂન, ૧૯૫૯ ના રોજ નંદીગામ (દક્ષિણ ગુજરાત)માં તેમનો જન્મ થયો હતો. સામાન્ય ખેડૂત કુટુંબમાં પાંચ બહેનોનો એક માત્ર લાડકો ભાઈ તેઓ હતા. દારુણ ગરીબીમાં માબાપ કે બહેનોની ચિંતા કરવાને બદલે સેંકડો ગરીબોની સેવાનો માર્ગ તેમણે અપનાવ્યો. ઝરોલી મિશન શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરી, ૧૯૭૯ માં ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષા ઉત્તીણ કરી 'ગુડ શેફર્ડ સેમિનરી' વડોદરામાં ધર્મપ્રાંતીય પુરોહિત બનવા તેઓ જોડાયા. માબાપ તો માનતાં હતાં કે દીકરો સારું શિક્ષણ મેળવી ઘડપણની લાકડી બનશે પણ તેઓનો મોન્સિન્ગિર છગનની પ્રેરણાથી સઘળું છોડી ચાલી નીકળ્યા હતા. દીકરો પુરોહિતપદ માટે અભ્યાસ કરી રહ્યો છે એવું જાણતાં કુટુંબમાં ભારે ખળભળાટ મચી ગયો હતો અને અંતે માબાપ-બહેનો નિરાશ પણ થયાં હતાં. તેમને સમજાવવામાં ફાધર ઉત્તમને નાકે દમ આવી ગયો હતો પણ છેવટે તેઓ માની ગયાં હતાં. અંતે ૧૪ મે ૧૯૯૩ માં ઝરોલી ખાતે તેમની પુરોહિત દીક્ષા થઈ.

તેમની પ્રથમ નિમણૂક ઉમરપાડા ખાતે થઈ, ત્યાંથી ૧૯૯૮ માં ઝરોલી મિશન, ૨૦૦૦ માં ધરમપુર, ૨૦૦૪ માં ફરી એકવાર ઉમરપાડા, ૨૦૦૭ માં રેલવા અને ૨૦૧૫માં શાળાના આચાર્ય તરીકે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ-ઉમરપાડામાં નિમણૂક થઈ. શાળામાંથી નિવૃત્ત થયા બાદ પણ ભારે ઉત્સાહથી તેઓ ધર્મવિભાગનાં સેવાકાર્ય કરતા રહ્યા. મે-૨૦૧૮ માં પુરોહિતદીક્ષાની રજતજયંતી તેમણે ઉજવી જે તેમના જીવનનો યાદગાર પ્રસંગ હતો.

ફાધર ઉત્તમ જ્યાં પણ ગયા, અનુકંપાશીલ સેવક તરીકે લોકોએ તેમને ઓળખ્યા. એક પુરોહિત તરીકે તેમનું જીવન પડકારરૂપ અને સંઘર્ષમય હતું. અલ્પ આરામ અને અનિયમિત ભોજનને કારણે તેમને મધુપ્રમેહનો રોગ લાગુ પડ્યો, તેમ છતાંયે સેવાકાર્યમાં તેમણે પાછું વળીને જોયું નથી.

૧૫ જાન્યુઆરી, ૨૦૧૯ ના બપોરે ૩:૩૦ કલાકે મોતે તેમનાં દ્વાર ખખડાવ્યાં. તેના દેહાવસાનના સમાચાર પવનવેગે ચોમેર ફેલાઈ ગયા. જેમણે પણ જાણ્યા તેઓ જાણે મૂર્છિત થઈ ગયાં ! ૧૯ જાન્યુ., ૨૦૧૯ ના રોજ માતૃધર્મવિભાગ ઝરોલી ખાતે તેમની અંતિમ વિધિ કરવામાં આવી, જેમાં ધર્માધ્યક્ષશ્રીઓ, પુરોહિતગણ, સાધ્વીબેનો તથા ધર્મજનો જોડાયા હતા. સંખ્યાબંધ લોકોએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. જ્યારે ફાધર ઉત્તમે સ્વર્ગવાસમાં પ્રવેશ કર્યો હશે ત્યારે ઈસુ બોલી ઊઠ્યા હશે, 'જુઓ, આ એક સાચો ઈસ્રાયલી આવે છે, જેનામાં લગારે કપટ નથી.' (યોહાન ૧:૪૭) ફાધર ઉત્તમ બોલકણા હતા પણ દ્વેષભાવ બિલકુલ ન હતો. હવે તેઓ સ્વર્ગરાજ્યમાં બિરાજે છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

- ફાધર પૉલ રાજ

ત્રણેક વર્ષથી જ ફાધર ઉત્તમ સાથે મને વડોદરા ધર્મપ્રાંતમાં પરિચય થયો હતો. તેમના વિશે સાંભળ્યું હતું પણ સંપર્કમાં આવ્યા પછી લાગ્યું કે કદર કરવા યોગ્ય તેમની ઘણી વિશેષતાઓ, તેમની નજીક ગયા પછી પછી જ જાણી શક્યો ! પાંચ બહેનોના વસ્તારમાં તેઓ એકમાત્ર કેથોલિક હતા. કુટુંબની દેખભાળ કરતાં ભૂવાનો બાપીકો વ્યવસાય દીકરો આગળ કરશે એવી ઈચ્છા પર પાણી ફેરવી તેઓ પુરોહિત બન્યા હતા. આરંભનાં વર્ષોમાં તેમના રક્ષક સંત જોન મેરી વિયાનીની જેમ જ ઘર, અભ્યાસ અને ધર્માધિકારીઓ તરફથી અનેક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. પણ સંતની જેમ અન્ય માનવીય અને આધ્યાત્મિક સદ્‌ગુણો તેમના સમર્થક બન્યા. પોતાની હાકલને પ્રત્યુત્તર વાળવામાં તેમની શ્રદ્ધા, સંઘર્ષનો મુકાબલો કરવામાં તેમની મક્કમતા અને દઢ નિર્ધાર, તેમના સહયોગી બન્યાં. એમનો ઉપદેશ કદાચ મુદ્દાસર ન હતો પણ સુલભતા, વિશ્વસનીયતા, તત્પરતા, સાથ અને છેવાડા માણસ પ્રત્યેની સહૃદયતાએ તેમને મૂઠી ઉંચેરા માનવીનું કદ આપ્યું છે. ગામના વડીલોને કહેતા સાંભળ્યા છે : 'લોકો પોતાના વિકાસ-સુવિધા માટે નાણાં ખર્ચે છે ત્યારે ફાધર ઉત્તમ રજાઓમાં આવે ત્યારે પરમાર્થે સર્વકાંઈ ખર્ચી નાખતા. લોકોમાં સામાજિક સભાનતા જાગૃત થાય તે માટે પ્રયાસ કરતા, વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા.' એક આદિવાસી પુરોહિતને મળેલાં માનપાનથી સૌ પ્રભાવિત થયાં હતાં. ફાધર ઉત્તમે દુનિયામાંથી વિદાય લીધી છે પણ આપણા હૃદયમાં સદાયે જીવંત રહેશે.

*- પરમ આદરણીય સ્તાનિસલાઉસ ફર્નાન્ડીઝ એસ.જે.,*
*પૂર્વ મહાધર્માધ્યક્ષ ગાંધીનગર મહાધર્મપ્રાંત અને પ્રેષિતિક વહીવટકર્તા, વડોદરા ધર્મપ્રાંત*

## સ્વ. માસ્તર આલ્બાન



માસ્તર આલ્બાનના નામથી કોણ અપરિચિત છે ? મુંબઈ ગુજરાતી કેથોલિક સમાજ ઉપરાંત ગુજરાતમાં ચરોતરનાં ગામડે વસતા આપણા વડીલો તેમનાથી સુપરિચિત છે, એવું એમનું ભેખધારી જીવન રહ્યું. સંદેશર(કરમસદ)ના ખ્રિસ્તી ફળિયામાં વસતાં આગ્નેસબેન તથા ગાબ્રિયેલભાઈ મેકવાનના પરિવારમાં ૧૫ ઓક્ટોબર, ૧૯૨૩ ના રોજ માસ્તરનો જન્મ થયો હતો. ઘર-ગામના ધાર્મિક વાતાવરણમાં તેમનો ઉછેર થયો અને એ સમયે સાતમા ધોરણના અંતે લેવામાં આવતી વ.ફા. (વર્નાક્યુલર ફાઈનલ) પરીક્ષા તેમણે પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ કરી અને લોકલ બોર્ડમાં શિક્ષક તરીકે નોકરી સ્વીકારી.

માસ્તર ગુજરાતમાં પગભર થાય ત્યાં જ ૧૯૪૭ માં ઈસુસંઘી ફાધર વ્હાઈટલીએ મુંબઈમાં વસતા ગુજરાતી કેથોલિક પરિવારનાં બાળકોને

ગુજરાતી માધ્યમમાં શિક્ષણ મળે તે હેતુથી શરૂ કરેલ 'ઈસુ જગપ્રકાશ વિદ્યાલય'માં શિક્ષણસેવા માટે આમંત્રણ આપ્યું. એકબાજુ સરકારી નોકરી, પૂરો પગાર, વતનનો લાભ અને બીજી બાજુ મિશનરી નવી શાળામાં નોકરી, અનિશ્ચિત ભવિષ્ય, વતનથી દૂર અને અડધો પગાર! આજના યુવાનોને મૂર્ખામી લાગે તેવું પગલું તેમણે ભર્યું. આ પછી ૧૯૪૮ માં મોગરની લોકલ બોર્ડની શાળામાં હાજર થવા નિમણૂક પત્ર મળ્યો પણ તેમણે સંત પાઉલની જેમ ઈસુની ઓળખવાના લાભ આગળ બાકી બધું જતું કર્યું હતું. ફાધરના આમંત્રણને પ્રભુનું આહ્‌વાન માની તેઓ મુંબઈ પહોંચ્યા અને આજીવન પોતાની હાકલને વફાદાર રહી જીવન પૂર્ણ કર્યું.

મુંબઈમાં વાંદરા ખાતે ગાડાવાવડીમાં તેમણે રહેઠાણ બનાવ્યું પણ જ્યાં જ્યાં ગુજરાતી કેથોલિક પરિવાર વસે ત્યાં ત્યાં તેઓ અચૂક પહોંચ્યા હતા. શાળામાં શિક્ષણકાર્ય ઉપરાંત શાળા પછીના સમયમાં ધર્મશિક્ષક તરીકેની જવાબદારી એટલા જ ઉત્સાહથી કરતા હતા. બાળકોને ધર્મશિક્ષણ આપવું, સંસ્કાર માટે તૈયાર કરવાં, તહેવાર પ્રસંગે ઉજવણી કરવી, આ બધું તેમણે પોતાની કોઠાસૂઝથી યર્થાથ પાર પાડ્યું. ફાધર વ્હાઈટલી પછી ફાધર મિરાન્ડા એસ.જે. ને પણ તેઓ એવા જ વફાદાર રહ્યા હતા. બલકે હવે ધર્મપરાયણતાની નવી ક્ષિતિજો તેમના થકી વિસ્તરવા માંડી હતી. ધાર્મિક પ્રચાર-પ્રસાર સાથે સમાજ સેવામાં પણ તેમણે ઝંપલાવ્યું. ગુજરાતી કેથલિક પરિવારોની આર્થિક સધ્ધરતાની ચિંતા કરી ફાધર એડવર્ડ સોલાર એસ.જે.ના માર્ગદર્શનમાં અને સમાજના અગ્રણીઓના સહયોગથી નવચેતન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની અગિયાર સભ્યો સાથે સ્થાપના કરી અને ૨૯ વર્ષ સુધી તેના સેક્રેટરીની જવાબદારી પ્રમાણિકતાથી ઉપાડી એટલું જ નહિ, શરૂઆતમાં સોસાયટીનું કામકાજ પોતાના ઘરેથી જ કરતા એટલે કે ઘર અને કાર્યાલય એક જ હતાં. વિશેષમાં શરૂઆતની તેમની સેવા તો માનદ્ હતી, સોસાયટી પગભર થતા તેઓને નજીવું વેતન મળતું પણ તેમના કામકાજમાં ક્યાંય ઉણપ જોવા મળી નથી. એ કંઈ નાનીસૂની સમાજસેવા નથી ! સોસાયટીની સ્થાપના પછી તેનો વ્યાપ વધારવાનું કામ પણ સ્વેચ્છાએ ઉપાડી લીધું. ગુજરાતી મુંબઈગરાઓની મુલાકાત વખતે સોસાયટીની વાત કરે અને સભ્ય બનવા ભલામણ કરે, આ હતી તેમની દીર્ઘદષ્ટિ. આજે વટવૃક્ષ બની અનેકને મીઠાં ફળ આપતી સોસાયટીનાં મૂળિયાં માસ્તર આલ્બાને નાખ્યા હતાં તે ક્યારેય ખોરંભે પડશે નહીં. આજે માઉન્ટ મેરી ખાતે, આપણા લોકો મધ્યે સોસાયટીનું પોતાનું પાકું મકાન છે, તે આ માસ્તરને પ્રતાપે.

આવું જ તેમનું બીજું સાહસ હતું, નવચેતન કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી, જેની રચના-નિર્માણમાં માસ્તરનાં મહામૂલાં માર્ગદર્શન સલાહસૂચન મળ્યાં હતાં, તે કોઈ કાળે ભૂલી શકાય એમ નથી. બહુમુખી વ્યક્તિત્વવાળા માસ્તરને પરમાત્માએ અનેકવિધ કામગીરી સોંપી જેનો તેમણે ક્યારેય ઈન્કાર કર્યો ન હતો. નવચેતન સર્વોદય મંડળના તેઓ સક્રિય સભ્ય હતા, જેણે સમાજસેવાની અનેકવિધ દિશાઓ ખોલી આપી. 'કેથોલિક સમાજ' અને 'દૂત'નું ઘેર ઘેર જઈ વિતરણ કરતા. વર્ષો સુધી 'દૂત'નું લવાજમ ઉઘરાવી 'દૂત' કાર્યાલયમાં પહોંચાડી 'દૂત'ના સ્વયંસેવક તરીકે વર્ષો સુધી અમૂલ્ય સેવા આપી છે.

બ્રધર સેમ્યુલના સહકારથી મુંબઈમાં 'ગુજરાતી કેથોલિક સમાજ'ની સ્થાપનાની પણ તેઓ બુનિયાદ હતા. સમાજના તેઓ સ્થાપક સભ્ય હતા અને જીવનપર્યંત તેના વિકાસ માટે કાર્યરત હતા. ૧૯૫૨ માં તેમનાં ધર્મપત્ની માર્થાબેનના અવસાન પછી પોતાના બે દીકરા અને સમાજની ચિંતામાં બીજાં લગ્ન કર્યા ન હતાં. કાળક્રમે વિદ્યાલય બંધ થતાં અને ક્રેડિટ સોસાયટીમાંથી નિવૃત્તિ બાદ પોતાનું સમગ્ર જીવન સમાજ અને ધર્મસભાને સમર્પિત કરી દીધું. અકસ્માતે એક પગને નુકસાન થયું પણ તેથી તેમના જીવનકાર્યમાં ઓટ આવવા દીધી ન હતી. જૈફ વયે પણ ચર્ચગેટથી વિરાર સુધી તેઓ ગુજરાતી કેથોલિક પરિવારોની નિયમિત મુલાકાતે જતા અને ઘરઘરના પ્રશ્નોમાં હૈયાસૂઝ પ્રમાણે માર્ગદર્શન આપતા. સમાજના યુવાનોને દારુના વ્યસનમાં પડેલા જોઈ તેમને ભારોભાર દુઃખ થતું, એટલે કેટલોક સમય તેમણે વ્યસનમુક્તિ માટે પણ ઝુંબેશ ચલાવી હતી. સમાજનાં પરિવારોમાં ફારગતી થાય તે પણ તેમને મન ઉચાટનું કારણ હતું એટલે લગ્ન અટકાવવા-ટકાવવા તેઓ મરણિયો પ્રયાસ આદરતા અને દંપતીને એક કરીને જ નિરાંતનો શ્વાસ લેતા.

સામાજિક સેવામાં આગળ વધતાં ગુજરાતની કેથોલિકો માટે માતૃભાષા-ગુજરાતીમાં ખ્રિસ્તયજ્ઞ નિયમિતપણે અર્પણ થાય તેના તેઓ ભારે આગ્રહી હતા. પોતાનું અપમાન થાય તો પણ તેને લેખામાં લીધા વગર કોઈના પ્રત્યે લગીરેય દ્વેષભાવ રાખતા નહિ. નિખાલસ સ્વભાવ, સરળ અને સાદગીપૂર્ણ જીવન, પરમાર્થી માસ્તરે સંસાર મધ્યે વસીને સમર્પિત જીવન જીવી બતાવ્યું છે. તેમના ચહેરા પર ક્યારેય થાક, કંટાળો કે ઉદાસી જોવા મળી નથી. અસલ ગુજરાતી લિબાસમાં, હાથમાં ધોતીનો છેડો, લાકડી અને થેલી સાથે હસતો ચહેરો મુંબઈની ગલીઓમાં હવે જોવા નહીં મળે ! ૯૦ વર્ષે પથારીવશ થયા ત્યાં સુધી ખોડંગાતી ચાલે પણ તેમના પગે વિરામ લીધો ન હતો. મુલાકાતે આવનાર સાથે પણ પોતાનાં દુઃખદર્દની વાતોને બદલે સામાજિક ઉત્કર્ષની જ વાતો કરે, એ અજાયબ હતું. ૧૭ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ તેમણે છેલ્લો શ્વાસ લીધો અને એક યુગ જાણે આથમી ગયો ! આલ્બાન માસ્તરે આરંભેલું કામ, અચળ ગતિએ આગળ ધપે એ




પ્રથમ પુણ્યતિથિ

"પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું"

**સ્વ. મગનભાઈ ગણેશભાઈ ચૌહાણ**

જન્મ તા. ૧-૫-૧૯૫૧ અવસાન : ૧૫-૨-૨૦૧૮

હે પ્રભુ આપના રાજ્યમાં ક્યાં ખોટ હતી જેની જરૂર અમને હતી તેની તમારે કેમ જરૂર પડી.
પ્રભુ તમારા આત્માને શાંતિ બક્ષે એજ પ્રાર્થના...

શ્રીમતી વિમળાબેન ચૌહાણ તથા પરિવાર

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. સંજયકુમાર છગનભાઈ પરમાર**

જન્મ: ૧૪-૦૧-૧૯૮૩ ★ અવસાન: ૧૬-૦૩-૨૦૧૮

પ્રભુમાં શ્રદ્ધા સાથે મરનાર પરમસુખી છે.
અંજલી આપતાં શબ્દો ખૂટે છે. શ્રદ્ધાંજલિ પુષ્પો ખૂટે છે.

લિ. જશોદાબેન છગનભાઈ પરમાર
તથા દુઃખી પરિવાર (ફાંગણી - પેટલાદ)




જોવાની મુંબઈ કેથોલિક સમાજના પ્રત્યેક સભ્યની જવાબદારી છે, એ જ માસ્તરને સાચી શ્રદ્ધાંજલિ હશે. તેમનું જીવન સફળ અને સાર્થક હતું. પરમાત્મા માસ્તર આલ્બાનના આત્માને શાશ્વત શાંતિ આપે, પરિવારજનોને સાંત્વના આપે અને અનેક ધર્મપરાયણ સમાજ સેવકો મુંબઈગરાની સેવા માટે મોકલી આપે એ જ અભ્યર્થના.

**શ્રી એડવર્ડ ઈ. પરમાર(પ્રેસિડેન્ટ, મો. ૯૮૨૦૧૫૪૯૫૭)**
**શ્રી અંતોન મેકવાન(ટ્રેઝરર), શ્રી પરસોત્તમ ચોહાણ (સેક્રેટરી)**
**ગુજરાતી કેથોલિક સમાજ, મુંબઈ**

---

# સ્વ. ફાધર લારુમ્બે એસ.જે.



૮૫ વર્ષીય સ્વ. ફાધર લારુમ્બે દોમિન્ગો એસ.જે.એ ૨૬ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ રાત્રે ૧૦:૩૦ કલાકે લોયોલા - સ્પેનમાં અંતિમ શ્વાસ લીધા. દક્ષિણ ગુજરાતના શ્રદ્ધાળુઓના હૃદયમાં તેમણે પોતાનું નિશ્ચિત સ્થાન અંકિત કર્યું હતું એટલે ભલે ભારતથી દૂર તેમનો દેહવિલય થયો પણ કર્મભૂમિનાં પ્રજાજનો સ્વર્ગસ્થને સદાય યાદ રાખશે એમાં કોઈ શંકા ન હોય. તેમનો જન્મ ૨૫ ઓગસ્ટ ૧૯૩૩ ના રોજ સ્પેનના ઈબેરો (નવારા) ખાતે એક મધ્યમવર્ગના પરિવારમાં થયો હતો. 'પુત્રનાં લક્ષણ પારણામાં' પ્રમાણે નાનપણથી જ તેમને મિશનરી બનવાની લગની લાગી હતી એટલે એક ઈસુસંઘી તરીકે સંત ઈગ્નાસ અને સંત ફ્રાન્સિસની ભૂમિ પર જ તમામ તાલીમ મેળવી ૧૮ સપ્ટે. ૧૯૫૯ માં ભારત પધાર્યા. ગુજરાતી શીખવા ૧૯૬૦માં આણંદ ખાતે નિવાસ કર્યો અને ત્યારબાદ પૂણે ખાતે દેવવિદ્યાનો અભ્યાસ પૂર્ણ કરી ૨૫ માર્ચ, ૧૯૬૫ના રોજ અખંડ આરોગ્ય માતા દેવાલય-મરિયમપુરામાં, અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષ એડવીન પિન્ટોના હસ્તે પુરોહિતદીક્ષા ગ્રહણ કરી. ૬૬-૬૭ માં હજારીબાગ-ઝારખંડ ખાતે ટર્શિયનશીપ પૂર્ણ કરી ભરૂચથી મિશનકાર્યનો આરંભ કર્યો.

આજ અરસામાં ફાધર કારીકાસનું નિધન થતાં ફાધર લારુમ્બેની બદલી ભરૂચથી ઝઘડિયા થઈ જ્યાં આદિવાસી સામાજિક કેન્દ્ર થકી જમીન સુધારણા પ્રોજેક્ટ હેઠળ ૫૦૦ નવા કૂવા અને એટલા જ પંપ સેટની કામગીરી હાથ ધરવામાં આવી. આ સાથે ફૂડ ફોર વર્ક પ્રોજેક્ટ હેઠળ વિકાસનાં વિવિધ કામકાજને વેગ આપવામાં આવ્યો, જેનાથી પ્રજા ખુશ હતી અને પ્રદેશનો નકશો બદલાઈ ગયો હતો. ઝઘડિયામાં શિક્ષણ સેવાનો આરંભ કર્યો જેણે ઝંખવાવ અને ડેડિયાપાડા ધર્મવિભાગનાં વિદ્યાર્થીઓને શિક્ષિત કર્યા. 'તમે કરી શકો છો, તમારામાં બધી જ શક્તિ રહેલી છે' એમ કહી ફાધર આદિવાસી પ્રજાને પ્રોત્સાહન પૂરું પાડતા હતા.

જૂન ૧૯૮૦ માં ફાધરની બદલી વિજયનગર ખાતે કરવામાં આવી તે જાણી તેમણે આંચકો અનુભવ્યો હતો પણ ઈશ્વરની ઈચ્છાને શિરોમાન્ય ગણી વિજયનગરના વિકાસમાં મંડી પડ્યા. ક્રમશઃ વિજયનગર-સારોલી કેન્દ્રમાં સામાજિક સેવા ઉપરાંત શાળા શરૂ કરી. ૧૯૮૩ માં સંત આન્ના મંડળનાં સાધ્વી બહેનોને આમંત્રણ આપ્યું અને તેમના સહકારથી વિકાસકાર્યને વેગ મળ્યો. આ સમયગાળામાં આ વિસ્તારમાં દુષ્કાળ પડતાં ખેડૂતોને બિયારણ અને ખાતરનું વિતરણ કર્યું. ટ્યૂબ વેલ તથા સબમર્સિબલ પંપ પ્રોજેક્ટ શરૂ કર્યો જેનો લાભ આસપાસનાં ૫૦ ગામોની પ્રજાએ કોઈ પણ જાતના ભેદભાવ વિના મેળવ્યો, પરિણામે હરિયાળી ક્રાંતિ થઈ, જેની નોંધ કૃષિ યુનિ. ખેડબ્રહ્માએ પણ લીધી હતી.

૧૫ જેટલાં ગામમાં ધર્મશિક્ષણ દ્વારા શુભસંદેશની ઘોષણા કરવામાં આવી, લોકોએ અંધશ્રદ્ધા ત્યજી શ્રદ્ધાનો એકરાર કર્યો અને ૭ સાધ્વીબહેનો તથા બે પુરોહિતની ભેટ ધર્મસભાને આપી તે સર્વ આ મિશનરીને પ્રતાપે. ફાધર લારુમ્બે બાહોશ, નીડર, ઉચ્ચ આધ્યાત્મિકતાથી સભર અને રમતપ્રેમી હતા. શાળાના વિશાળ મેદાનમાં ખેલાડીઓને ફૂટબોલ, વૉલીબોલ, બાસ્કેટબોલ તેમજ એથ્લેટિક્સની તાલીમ આપતા પરિણામે હજારો યુવાનો પોલીસ તથા લશ્કરમાં જોડાયા છે. તેમનું જીવન સંપૂર્ણ સાદગીપૂર્ણ હતું. વિજયનગરમાં ૩૭ વર્ષથી વધારે સમય પોતાનું જીવન ખર્ચી નાખનાર ફાધરને ભગવાન પર પૂરો ભરોસો હતો. લોકો કહેતા 'જો ભગવાનને જોવા હોય તો ફાધર લારુમ્બેને મળો. તેઓની હાજરીમાં પ્રભુનો અનુભવ થશે ને થશે જ !' પરદેશથી પાછા ફરવાની રાહ જોતા શ્રદ્ધાળુઓની આશા પર હવે પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે, પણ એક આશા છે, તેઓનાં કાર્ય દ્વારા ફાધર દક્ષિણથી ઉત્તર ગુજરાતની પ્રજામાં અવશ્ય જીવંત રહેશે. શતશત નમન ફાધર લારુમ્બે. 'નિષ્ઠાવાન હે ભલા હે ચાકર, આવો તમારા માલિક કેરા સુખમાં સહભાગી થાવા.' એમ સ્વર્ગદૂતોએ તેમનો આવકાર કર્યો હશે. પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ અને સ્વજનોને આશ્વાસન આપે એ જ પ્રાર્થના.●

*- પ્રકાશકુમાર મહેન્દ્રભાઈ અસારી મો. ૯૪૨૭૪૮૨૯૧૨*

---

**'હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું.' (યોહાન ૧૧:૨૫)**

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પૂજ્ય ફાધર સુસાઈ માણિક્મ**

**તારાપુર ધર્મવિભાગના પ્રથમ સભાપુરોહિત**

**જન્મ : ૦૨-૦૧-૧૯૬૮ સ્વર્ગવાસ : ૧૬-૦૩-૨૦૧૪**

**પુરોહિત દીક્ષા : ૦૫-૦૫-૧૯૯૮**

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી.
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**આપનો સંત યોસેફ દેવાલય પરિવાર**
**સભાપુરોહિત ફાધર ફ્રાન્સિસ ઝેવિયર અને ફાધર હેન્રી ફર્નાન્ડીસ**
**તથા સિસ્ટર્સ તેમજ તારાપુર પેરિસના શ્રદ્ધાળુ ભાઈઓ તથા બહેનો**



# 'સર્જક વિના સર્જન હોઈ શકે ?'

✍ ડૉ. થોમસ પરમાર

ધર્મ અને વિજ્ઞાન માનવ જીવન સાથે સંકળાયેલા મહત્ત્વનાં ક્ષેત્રો છે. કોઈપણ માનવ સમાજ સંપૂર્ણ ધર્મવિહોણો હોય એમ ક્યારેય બનતું નથી, કારણ કે માનવીને માનવ બનાવનારું તત્વ ધર્મ જ છે. ધર્મ માનવજીવનનું મહત્ત્વનું અને પ્રભાવશાળી પાસું છે. યુગોથી ધર્મ માનવ જીવનના કેન્દ્ર સ્થાને રહેલો છે. વિજ્ઞાન એટલે કુદરતના સાર્વત્રિક જ્ઞાન અંગેની મનુષ્યની ખોજ. માનવજીવનને સગવડ ભરેલું બનાવવા માટે કુદરતના નિયમોનું જ્ઞાન જરૂરી છે તેવી જ રીતે માનવ જીવનને હેતુપૂર્ણ બનાવવા માટે આધ્યાત્મિક જ્ઞાન જરૂરી છે. આમ વિજ્ઞાન અને ધર્મ એકબીજાનાં કાર્યનાં પૂરક બનીને માનવ સંસ્કૃતિમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે અને તેથી તેમાંના કોઈ પણ એકનું અવમૂલ્યન થાય તો તેથી માનવ સંસ્કૃતિને ન પુરાય એવી ખોટ પડે છે !

માનવજીવનને ઉપયોગી અને મહત્ત્વના આ બંને ક્ષેત્રે બ્રહ્માંડના સર્જનની ચર્ચા થાય ત્યારે સામસામે આવીને ટકરાય છે. ઈશ્વરવાદી ધર્મો બ્રહ્માંડના સર્જન પાછળ ઈશ્વરને કારણભૂત માનવામાં આવે છે. તેથી 'ઈશ્વર', 'દૈવી તત્વ' 'પરમાત્મા' કે ભગવાનની આરાધના કરવી એ ધાર્મિક જીવનનું હાર્દ છે. વિજ્ઞાન આ મતનો વિરોધ કરે છે. વૈજ્ઞાનિકોના મતે બ્રહ્માંડનું સર્જન ઈશ્વરે કર્યું નથી, એની મેળે એનું સર્જન થયું છે. વૈજ્ઞાનિકોના આ મત સામે પ્રશ્ન ઉભો થાય કે, 'સર્જક વિના સર્જન થઈ શકે ? કુંભાર વિના માટલું કેમનું ઘડાય ? કુંભ છે તો કુંભાર હોવા જ જોઈએ.'

બાઈબલના ઉત્પત્તિના ગ્રંથમાં બ્રહ્માંડના સર્જનની કથા પ્રમાણે સર્વશક્તિમાન પરમેશ્વરે છ દિવસમાં બ્રહ્માંડનું સર્જન કર્યું અને સાતમા દિવસે આરામ કર્યો. સૃષ્ટિના સર્જક સર્વ શક્તિમાન પરમેશ્વરને આરામની જરૂર પડે ? અને જો આરામની જરૂર પડે તો એ સર્વશક્તિમાન હોઈ શકે ? ધર્મનિષ્ઠ વ્યક્તિ ઈશ્વરની બીકે આવું ન વિચારી શકે પણ તર્કની દૃષ્ટિએ આ પ્રશ્નમાં વજુદ છે. ધાર્મિક શ્રદ્ધામાં લગાતાર તર્કનું સ્થાન હોતું નથી અને એટલે જ તો એ વિજ્ઞાન સામે ટક્કર ખાય છે. ભૌતિક શાસ્ત્ર પ્રમાણે વિશ્વમાં આ મૂળભૂત શક્તિઓ કામ કરે છે. ગઈ સદી અને આ સદીના ભૌતિકશાસ્ત્રીઓ અને ગણિતશાસ્ત્રીઓએ આ ચારેય શક્તિઓને સાંકળી શકે એવી શક્તિની શોધ આદરી છે. આ શોધમાં આગળ પડતી વ્યક્તિ હોય તો તે ભૌતિકશાસ્ત્રી સ્ટિફન વિલિયમ હોકિંગ હતા. 'સર્જક વિના સર્જન હોઈ શકે ?' એ જટિલ પ્રશ્નને હોકિંગની દૃષ્ટિએ સમજવા માટે ફેબ્રુઆરીની તા. ૮ થી ૧૦ દરમ્યાન અમદાવાદમાં ઝેવિયર રીસર્ચ ફાઉન્ડેશન, સેંટ ઝેવિયર્સ કોલેજ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રીલીજિયન (IISR), ન્યૂ દિલ્હીના ઉપક્રમે 'સર્જક વિહોણું સર્જન-સ્ટીફન હોકિંગની નજરે' એ વિશે એક આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

*ગુજરાતના જાણીતા ઈતિહાસકાર અને એચ.કે. આર્ટ્સ કોલેજ અમદાવાદના નિવૃત્ત પ્રાધ્યાપક તથા પૂર્વતંત્રી 'દૂત'*

હોકિંગ્સનો જન્મ ઈંગ્લેન્ડમાં ૮મી જાન્યુઆરી ૧૯૪૨ (ગેલેલિયોની ૩૦૦ મી પુણ્યતિથિ)ના રોજ થયો હતો. ૧૪મી માર્ચ ૨૦૧૮ ના રોજ તેમનું અવસાન થયું હતું. તેમની આ પ્રથમ પુણ્યતિથિની સ્મૃતિમાં આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૪મી માર્ચ એ આઈન્સ્ટાઈનનો જન્મદિવસ છે એ પણ યોગાનુયોગ છે. તેને વિદ્યાર્થીકાળથી જ બ્રહ્માંડની રચના વિશેના વિજ્ઞાનમાં અધિક રુચિ હતી. આ વિષયમાં સંશોધન કરીને તેણે Ph.D. ની ડિગ્રી મેળવી. ૨૧ વર્ષની ઉંમરે તેને Amyotophic Lateral Sclerosis (ALS) એટલે કે મજ્જાતંતુની કોશિકાનો રોગ લાગું પડ્યો. આવી વ્યક્તિ બે કે પાંચ વર્ષ જ જીવી શકે છે. પાંચ ટકા લોકો જ દસ વર્ષનું આયુષ્ય ભોગવી શક્યા છે. જ્યારે હોકિંગે ૭૬ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. આ રોગમાં મગજના જ્ઞાનતંતુઓના કોષો અને કરોડરજ્જુના કોષો પોતાના વિશિષ્ટ ગુણો ખોઈ બેસે છે. છેવટે વ્યક્તિ મૃત્યુને ભેટે છે. ૧૯૬૯ થી વ્હીલ ચેરનો ઉપયોગ શરૂ કર્યો. ૧૯૮૫ માં વાચા ગુમાવી. સ્પીચ સિન્થિસાઈઝરથી મદદથી તે પોતાના વિચારો વ્યક્ત કરી શકતો. તેણે આની મદદથી વિજ્ઞાન વિશેનાં અનેક પુસ્તકો અને સેંકડો લેખો લખ્યા. 'એ બ્રીફ હિસ્ટરી ઓફ ટાઈમ,' 'ગ્રાન્ડ ડિઝાઈન', 'ધી યુનિવર્સ ઈન નટશેલ', 'લાર્જ સ્કેલ સ્ટ્રક્ચર ઓફ સ્પેસ ટાઈમ' વગેરે જાણીતાં પુસ્તકો છે. બ્રહ્માંડના સર્જન માટે હોકિંગ ઈશ્વરને કારણભૂત માનતો નથી. 'નો બાઉન્ડ્રી થિયરી' પુસ્તકમાં હોકિંગ જણાવે છે કે બ્રહ્માંડ વર્તુળ જેમ છે જેને કોઈ પ્રારંભ બિંદુ કે સમાપ્ત બિંદુ નથી માટે સ્ટાટર અથવા નિર્માતાની જરૂર નથી. બ્રહ્માંડની રચના ઈશ્વરે કરી છે કે કેમ તેની વિરુદ્ધ હોકિંગે પોતાનું મંતવ્ય 'ધ ગ્રાન્ડ ડિઝાઈન'માં જણાવ્યું છે. તેનું આ મંતવ્ય ઈશ્વરવાદી ધર્મોની વિરુદ્ધ હોવા છતાં ૧૯૭૫માં તેણે રોમની મુલાકાત લીધી ત્યારે વડાધર્મગુરુ પાઉલ છઠ્ઠાના હસ્તે 'પીયુષ દસમા ગોલ્ડ મેડલ ફોર સાયન્સ' થી સન્માનવામાં આવ્યો હતો.

પરિસંવાદમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાત-ઈસુસંઘના પ્રાન્તાધ્યક્ષ ફાધર ફ્રાન્સિસ પરમારે આઈન્સ્ટાઈનના મતને ટાંકતાં જણાવ્યું હતું કે, 'ધર્મ વગરનું વિજ્ઞાન લંગડુ છે અને વિજ્ઞાન વગરનો ધર્મ આંધળો છે. કુદરતનાં કેટલાંય રહસ્યો હજુ પણ વિજ્ઞાન ઉકેલી શક્યું નથી ! પરિસંવાદનું બીજરૂપ વ્યાખ્યાન ફાધર જોબ કોઝમથકમે(ડાયરેક્ટર, I.I.S.R.) આપ્યું હતું. તેઓએ અમેરિકામાંથી ભૌતિકશાસ્ત્રમાં Ph.D. ની ડિગ્રી મેળવી છે. ફાધર જોબે જણાવ્યું હતું કે, 'ધર્મ અને વિજ્ઞાન વચ્ચેનો રસ્તો આપણે શોધવો પડશે.' હાલ સ્થિતિ એવી છે કે વિજ્ઞાન આગળ વધી ગયું અને ધર્મ પાછળ રહી ગયો છે, પરંતુ ધર્મએ પણ હવે સુધારણા (modify)ની જરૂર છે. કોઈ વૈજ્ઞાનિકે

ધર્મનો અસ્વીકાર કર્યો નથી. તમામે સ્વીકાર્યું છે કે 'તેમને કોઈ અજ્ઞાત સ્રોતમાંથી પ્રેરણા મળતી હતી.' ધર્મ અને વિજ્ઞાન બંનેની પોતાની અલગ અલગ ભૂમિકા છે. 'નો બાઉન્ડ્રી થિયરી' અનુસાર માનવજીવનના પ્રારંભ કાળથી ઈશ્વર એક રહસ્યમય કોયડો છે. કોઈ પણ વ્યક્તિ આજ સુધી તેની હયાતિ વિશે તર્કબદ્ધ રીતે કે તત્વજ્ઞાનની દષ્ટિએ સંપૂર્ણ સાચી માહિતી આપી શકી નથી. તેવી જ રીતે ઈશ્વર નથી તે વિશેના પુરાવા પણ આપી શકી નથી. બ્રહ્માંડ સ્વયં સર્જીત છે તેને કોઈ બાઉન્ડરી નથી અને તેની શરૂઆત અને અંત પણ નથી. તેથી તેનો સર્જક બીજો કોઈ હોઈ શકે નહીં તેવી થિયરી હોકિંગ્સ દ્વારા વિકસાવવામાં આવી છે. 'પરિસંવાદના મુખ્ય અતિથિ ડૉ. રાધાવન રંગરાજને(અમદાવાદ યુનિવર્સિટી) પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, 'ગ્રેવિટી(ગુરુત્વાકર્ષણ) વિશેની આઈન્સ્ટાઈનની જનરલ રિલેટીવિટી (સાપેક્ષવાદ) થિયરીને ક્લાસિકલ ગ્રેવિટી થિયરી તરીકે ઓળખવામાં આવે છે, જેમાં આઈન્સ્ટાઈન દ્વારા એવું માની લેવામાં આવ્યું છે કે યુનિવર્સ(બ્રહ્માંડ)ની શરૂઆત નથી અને તેનો અંત પણ નથી. તે એક અનંત પ્રક્રિયા છે. તેથી તેનો અંત ક્યારેય પણ થશે નહિ.'

પરિસંવાદમાં મુખ્ય ૧૫ શોધપત્રોનું વાંચન થયું હતું. કેટલાક પ્રતિનિધિઓએ પોતાના વિચારો ટૂંકમાં જણાવ્યા હતા. ઈસ્લામ ધર્મ અને શીખ ધર્મના મતે ઈશ્વર અને બ્રહ્માંડ વિશેના વિચારો પણ રજૂ થયા હતા. યુરોપ, અમેરિકા, દક્ષિણ એશિયા, તાઈવાન વગેરે દેશોમાંથી અને ભારતના વિવિધ પ્રાંતોમાંથી વિચારકો અને સંશોધકોએ આ પરિસંવાદમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. ચર્ચાનું ધોરણ ઉચ્ચ કક્ષાનું અને શિસ્તબદ્ધ હતું. બધાંને પોતાના વિચારો વ્યક્ત કરવાની તક મળે માટે સમૂહ ચર્ચાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ધર્મ અને વિજ્ઞાનને સાંકળવાની ભવ્ય પરંપરા ધરાવતા આપણા ભારત દેશમાં આ એક નવો પ્રયાસ હતો.

સંદર્ભ : યુ ટ્યુબ પર ફાધર વિન્સેન્ટ બ્રેગાન્ઝા એસ.જે.નું સર્જક વિહોણું સર્જન 'સ્ટીફન હોકિંગની નજરે', ગુજરાત સમાચાર, નવગુજરાત સમય તા. ૯-૨-૧૯, જગતના વિદ્યમાન ધર્મો (સં. ડૉ. જયેન્દ્રકુમાર યાજ્ઞિક), 'અંધારી અમાસના તેજસ્વી તારલા'

(સં. જનક શાહ, ભારતી શાહ)

'દૂત'ના પ્રતિનિધિ તરીકે
ડૉ. થોમસ પરમારે આ પરિસંવાદમાં ભાગ લીધો હતો.

- તંત્રીશ્રી ●




**પવિત્ર મારિયાની ટેકરી**

સમગ્ર ગુજરાતમાં પવિત્ર મારિયાની ટેકરી,
પર્વ સ્મારક, પુનરુત્થાન શિલ્પ વગેરેના
આબેહૂબ નિર્માણ માટે મળો અથવા ફોન કરો

**ગ્રોટો આર્ટિસ્ટ, રોહિત આર્ટ**

*મુ. ભુમેલ, તા. નડિયાદ, જિ. ખેડા*

**મો. ૯૯૭૯૧ ૬૫૬૬૨**



**HAPPY 75th BIRTHDAY**



'ઘડપણ આવ્યે તો પણ એ ફળ ધરતા
લીલાછમ રસાળા રહીને તેઓ જાહેર કરતા
પ્રભુજી તો છે સાચા, એ છે મારો રક્ષણહાર, એનો ચોખો છે વહેવાર' (સ્રોત સંહિતા ૯૨:૧૪,૧૫)

અમારા વ્હાલા પિતાજીશ્રી **થોમસ એ. દાવલા**
૧ લી માર્ચ, ૨૦૧૯ ના રોજ આયખાનાં ૭૫ વર્ષ પૂર્ણ કરે છે,
ત્યારે સમગ્ર દાવલા પરિવાર પરમેશ્વર પિતાનો આભાર માને છે,
અને અમારા પિતાશ્રીને અભિનંદન પાઠવે છે.

**વ્હાલા બાપુજી,**
સપનામાં પણ ન વિચાર્યું હોય તે સઘળું તમે અમારા માટે સર્જ્યું છે.
આપનો આભાર માનવા અમારી પાસે શબ્દો નથી.
આપના જન્મદિવસે આપના નિરામય દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના.

**હાર્દિક શુભેચ્છાઓ**

| | | | | |
|---|---|---|---|---|
| **સચિન અને હેતલ**<br>**લાયનેલ-સ્કાય**<br>**૩૩, હિમાલયા રીટ્રીટ**<br>**૧૦૦ ફૂટ રોડ, આણંદ** | **સેજલ ટી. દાવલા**<br>**મોન્ટ્રિયલ,**<br>**કેનેડા** | **અમારાં માતૃશ્રી**<br>**વંદનાબેન ટી. દાવલા**<br>**૮, જૈતુન પાર્ક,**<br>**૧૦૦ ફૂટ રોડ, આણંદ** | **સ્નેહલ ટી. દાવલા**<br>**ઓસ્ટિન**<br>**૩/બી, પારસ બંગ્લોઝ**<br>**૧૦૦ ફૂટ રોડ, આણંદ** | **સ્ટીવન અને દિપ્તી**<br>**બ્રેન્ડન**<br>**૩૫, હિમાલયા રીટ્રીટ**<br>**૧૦૦ ફૂટ રોડ, આણંદ** |

# સંન્યસ્તજીવનની સુવર્ણજયંતી

✍ સંકલન : તંત્રીશ્રી

સંત ફ્રાન્સિસ ઝેવિયરની નાની દીકરીઓનો સાધ્વી સંઘ જે ટૂંકમાં 'નાની દીકરીઓ'(L.D.F.X.) તરીકે ઓળખાય છે. 'પ્રભુના ઉપકારો સંભારીને મારો આનંદ સમાતો નથી' એ યશાયા(૬૧:૧૦) પ્રબોધકનાં વચનનું સ્મરણ કરી, સંઘમાં ૫૦ વર્ષ પૂર્ણ કરતાં સાધ્વીબહેનોએ સંઘ સાથે પરમેશ્વરનો આભાર માન્યો. ૧૩ જાન્યુ. ૨૦૧૯ ના રોજ સેંટ ઝેવિયર્સ ચર્ચ, ગામડી ખાતે સિસ્ટર પુષ્પલતા, સિસ્ટર આનંદી, સિસ્ટર કલાવતી અને સિસ્ટર શીલાએ સંન્યસ્ત જીવનનાં સુવર્ણજયંતીની ઉજવણી કરી અને સંઘ પ્રવેશ વખતે ધારણ કરેલ વ્રતોનું પુનઃ ઉચ્ચારણ કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાધર્મપ્રાંત, અમદાવાદ અને વડોદરા ધર્મપ્રાંતના વિકર જનરલ અનુક્રમે ફાધર ટેલેક્ષ ફર્નાન્ડીઝ, ફાધર પરેશ પરમાર તથા ફાધર જોયેલ પાયસે પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. અત્રે સંઘજીવનનાં દીર્ઘ ૫૦ વર્ષની મજલ કાપનાર સાધ્વીબહેનોને ઓળખીએ અને સુવર્ણજયંતી ટાણે પોંખીએ.



**સિસ્ટર પુષ્પલત્તા :** મુંબઈ નિવાસી લુસિયાબેન અને ફિલિપભાઈનાં સુપુત્રીએ પ્રાથમિક શિક્ષણ બાન્દ્રા-મુંબઈમાં અને માધ્યમિક શિક્ષણ વિમલ મિરિયમ હાઈસ્કૂલ-ગામડીમાં પ્રાપ્ત કર્યું. પ્રભુની હાકલ સાંભળી જૂન ૧૯૬૮ માં 'પુષ્પવિહાર'માં ઉમેદવાર તરીકે પ્રવેશ કર્યો અને સંઘની તાલીમ-અનુભવના અંતે ડિસેમ્બર, ૧૯૭૮ માં આજીવન વ્રત ગ્રહણ કર્યા. સેન્ટ મેરીસ-પેટલાદ અને માઉન્ટ કાર્મેલ-નવરંગપુરા ખાતે શિક્ષણ કાર્ય સાથે શ્રદ્ધાઘડતરનું પ્રૈષિતિક કાર્ય પણ તેમણે કર્યું છે. અનેક યુવક-યુવતીઓનાં સંન્યસ્ત જીવન પ્રવેશ માટે તેઓ પ્રેરણારૂપ હતાં. આત્મસૂઝ અને વ્યવહાર કુશળતાથી સાડા ત્રણ વર્ષ દરમિયાન સંઘનું સુકાન પણ તેમણે સંભાળ્યું હતું. ઉપરી, સલાહકાર અને તાલીમકાર તરીકે તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. પ્રસન્ન ચહેરો અને સ્પષ્ટ વક્તા, તેમનાં વ્યક્તિત્વનાં લક્ષણો છે. વાંચનનો તેમને અનહદ લગાવ છે, એથી સારું વાંચન સંઘભગિનીઓ વચ્ચે વહેંચવાનો અદકેરો સ્વભાવ તેમના જીવનમાં ઓતપ્રોત છે. કદાચ આ જ કારણથી કેથોલિક ઈન્ફોર્મેશન સર્વિસ સોસાયટી(CISS)ના સ્થાપક નિયામક ફાધર વર્ગીસ પોલ એસ. જે. ના અનુગામી તરીકે સિસ્ટર પુષ્પલત્તાની વરણી કરવામાં આવી છે. ૨૫ મે, ૨૦૧૮ થી આશ્રમ રોડ - અમદાવાદ સ્થિત આ સંસ્થાના નિયામક તરીકેની જવાબદારી તેમણે સ્વીકારી છે અને ધગશથી કામકાજ કરી રહ્યાં છે. 'સંઘજીવનમાં સાથી ભગિનીઓ સાથે દરેક પરિસ્થિતિમાં અનુકૂલન સાધવામાં જ જીવનનો આનંદ છે. ફરિયાદ અને અસંતોષ સંઘજીવનમાં બાધારૂપ છે. થોડું જતું કરવાની અને થોડું ઘસાઈને ઉજળા થવાની ભાવના હોય તો સંન્યસ્તજીવન સોળે કળાએ ખીલી ઊઠે છે.' એવો સિસ્ટરનો જીવન સંદેશ છે.

**સિસ્ટર આનંદી :** મૂળ સામરખાનાં પણ અમદાવાદના રહીશ રાહેલબેન તથા સિલાસભાઈના ધાર્મિક જીવનથી પ્રેરણા મેળવી ત્રણ ભાઈ-બહેનોમાંથી સિસ્ટર આનંદીએ સંન્યસ્તજીવનનો માર્ગ અપનાવ્યો. ઓલ્ડ એસ.એસ.સી. પરીક્ષા પાસ કરી ૧૯૬૮ માં નાની દીકરીઓના સંઘમાં જોડાયાં. ૧૯૭૦ માં પ્રથમ અને ૧૯૭૮ માં



કાયમી વ્રત ધારણ કર્યાં. આ વર્ષો દરમિયાન ચરોતરથી માંડી, ભરુચ જિલ્લાનાં ગામડાં સુધી મિશનરી કાર્ય આદર્યું. ૧૯૭૯ માં મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ - અમદાવાદમાં પી.ટી.સી. માં પ્રવેશ મેળવ્યો અને બે વર્ષ બાદ નડિયાદ, આણંદ અને છેલ્લે વડોદરામાં શૈક્ષણિક કાર્ય કર્યું. તે સાથે રવિવારના ધર્મશિક્ષણના વર્ગ અને બાળકોને સંસ્કાર ગ્રહણ માટેની તૈયારીમાં તેઓ વ્યસ્ત રહેતાં. શાળામાંથી નિવૃત્તિ બાદ ડૉન બોસ્કો પી.ટી.સી. કોલેજ હોસ્ટેલ ડાકોરમાં બે વર્ષ ગૃહમાતા તરીકે જવાબદારી ઉપાડી. એકાદ વર્ષ રાજકોટ ધર્મપ્રાંતમાં સરપદડ-લીમડી(સૌરાષ્ટ્ર) ઉપરી તરીકે અને ૨૦૧૫ થી કરમસદ અને ત્યારબાદ રીટ્રીટ સેન્ટર નગરા-ખંભાતમાં ચાર વર્ષ પ્રૈષિતિક કાર્યમાં જોડાયા. હાલમાં કરમસદ ખાતે રહી સંઘના હાકલ નિયામકની કામગીરી સંભાળે છે. સેકન્ડરી - હાયર સેકન્ડરીમાં અભ્યાસરત વિદ્યાર્થિનીઓની મુલાકાત અને પ્રોત્સાહન દ્વારા આ નવી જવાબદારીને ઉમદા રીતે પાર પાડવા તેઓ કૃતનિશ્ચયી છે. સતત પ્રભુનો અનુભવ કરતાં સંઘમાં અને બહાર, સંપર્કમાં આવનાર સૌને એ જ અનુભૂતિની લહાણી કરતાં રહે છે.


**સિસ્ટર કલાવતી :** મૂળ વતન ફાંગણી-પેટલાદ અને પ્રાથમિક શિક્ષણ ગામમાં જ પૂર્ણ કરી માધ્યમિક શિક્ષણ પેટલાદમાં પ્રાપ્ત કર્યું. આ સમય દરમિયાન જીસસ એન્ડ મેરી સાધ્વીસંઘનાં સિસ્ટર્સના પરિચયમાં આવતાં સંન્યસ્ત જીવન જીવવાની તેમને પ્રેરણા મળી. જાણે પ્રભુએ તેમની પ્રાર્થના સાંભળી અને 'નાની દીકરીઓના સંઘ'માં ૧૯૬૮ માં પ્રવેશ કર્યો. શરૂઆતના સફળ અને પ્રસન્નચિત જીવનમાં કાળક્રમે કઠણાઈ શરૂ થઈ, એક પછી એક દુ:ખદ પ્રસંગોએ જીવનમાં વિવશતાનો અનુભવ થયો પણ એથી બળવત્તર પ્રભુ પરની શ્રદ્ધાએ તેમને હતાશ થતાં રોક્યાં.' 'ખ્રિસ્ત પ્રેમથી આપણને કોણ વિખૂટા પાડી શકે એમ છે !' (રોમ ૮:૩૫) આ વચને તેમનામાં જોમ પૂર્યું અને સંઘજીવનમાં અડગ રહ્યાં.

પ્રભુની દયા અને કૃપાનો અનુભવ થતાં સામા પાણીએ તરીને જીવન ઉન્નત બનાવ્યું. ઈશ્વરની સહાયથી જ તેઓ પોતાના સંઘ જીવનને

ઉત્તરોત્તર વધારેને વધારે વફાદાર રહ્યાં છે. સંઘના આદેશ પ્રમાણે શિક્ષણકાર્ય પૂર્ણ કર્યાનો આનંદ હાલના નિવૃત્તજીવનમાં ઉત્સાહ પ્રેરે છે. પોતાના જીવનમાં પ્રભુના સંખ્યાબંધ ઉપકારો માટે તેઓ હંમેશા કૃતજ્ઞ રહ્યાં છે.



ઈસુના શુભસંદેશથી ઘોષણાનું કામ ફક્ત સંન્યસ્તોનું જ નહીં પણ સ્નાનસંસ્કારની દીક્ષા ગ્રહણ કરનાર પ્રત્યેક શ્રદ્ધાળુનું છે, એમ તેઓ દૃઢ પણે માને છે અને ધર્મજનોને તે માટે સદા પ્રેરણા - પ્રોત્સાહન આપતાં રહે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં યુવાવર્ગ શૈક્ષણિક, સામાજિક, આર્થિક ક્ષેત્રમાં વિકાસ સાધે તે જરૂરી છે પણ અંતઃકરણના અવાજને પારખી ઈસુનાં મૂલ્યોને આત્મસાત કરી પરમસુખી બને તે અતિ આવશ્યક છે, પણ તે માટે આંગળી ચીંધવાનું કામ વડીલોનું છે. એમ માનનાર સિ. કલાવતી પોતાના અને પ્રત્યેક ઈસુપંથીના જીવન થકી પ્રભુ ઈસુનાં પ્રેમ અને કરુણાનો અનુભવ દરેક માનવીને થાય એવી તેમની અપેક્ષા છે.



**સિસ્ટર શીલા :** આમોદનાં યોહાનાબેન અને બેનેદિક્તભાઈના બે દીકરાઓ અને પાંચ દીકરીઓના બહોળા પરિવારમાંથી સિસ્ટર શીલાએ પ્રભુનો માર્ગ પસંદ કર્યો એમાં, મિશન શાળાના શિક્ષક તરીકેનો પિતાજીનો વારસો વધારે કારગત નીવડ્યો એમ કહેવામાં અતિશયોક્તિ નથી. સેંટ મેરીસ પેટલાદમાં માધ્યમિક શિક્ષણ દરમિયાન શાળાના ધર્મશિક્ષણના વર્ગ તથા ધાર્મિક પ્રવૃત્તિઓએ સિસ્ટર શીલાના દિલ-દિમાગમાં ભારે આકર્ષણ ઊભું કર્યું અને શાળેય જીવનથી જ 'ક્રૂસે જડાયેલા ઈસુ' જાણે પ્રેરણામૂર્તિ બની ગયા. સંઘજીવનમાં શરૂઆતનાં છ વર્ષ પેટલાદ અને ત્યારબાદ ૨૪ વર્ષ ગોમતીપુર-અમદાવાદની શાળામાં શિક્ષણકાર્ય કર્યું. શિક્ષણ કાર્ય સાથે ફુરસદના સમયમાં બાળકોને ધર્મશિક્ષણ અને કુટુંબોની મુલાકાત તેમના જીવનમાં સાંગોપાંગ વણાઈ ગયાં હતાં. શિક્ષણકાર્ય અને સમાંતર પ્રૈષિતિક કાર્યથી પ્રભુના પ્રેમમાં તેઓ ગળાબૂડ બન્યાં. લગભગ આખું આયખું બાળકો મધ્યે ગાળનાર સિસ્ટર માને છે કે બાળકો નાનાં હોય ત્યારે જ શ્રદ્ધાનું વાવેતર કરવાથી મબલક પાક લણી શકીશું. જોકે પાયાનું ધર્મશિક્ષણ કુટુંબમાંથી મળે તો ઉત્તમ. ઘરમાં જ ધાર્મિક સામયિકો આવતાં હોય, ધાર્મિક પુસ્તકો વસાવ્યાં હોય તો બાળકોને ધાર્મિક વાંચન માટે સહજ પ્રેરણા અને પ્રોત્સાહન મળશે, જેમાં બેમત ન હોય, એમ તેઓ દ્રઢપણે માને છે અને પરિવારોને તેમ કરવા સંદેશ પણ આપે છે.

ખ્રિસ્તયજ્ઞ બાદ સુવર્ણજયંતી વિજેતા સાધ્વીબેનો અને તેમનાં સગાંવ્હાલાં ચર્ચ પટાંગણના શમિયાણામાં એકત્ર મળ્યાં. છ માંથી બે સાધ્વીબહેનો-સિસ્ટર નિર્મલ અને સિસ્ટર પુષ્પમાલા-સ્વર્ગસ્થ થયાં હોવાથી તેમની છબીને સિસ્ટર મેરી ડાભી (સુપીરિયર જનરલ)એ પુષ્પમાળા અર્પણ કરી હતી. સિસ્ટર પુનિતાએ આ છ સાધ્વીબહેનોનાં જીવનની આછી ઝલક રજૂ કરી હતી અને હયાત ચાર સાધ્વીબહેનોનું શાલ ઓઢાડી, બૂકે અર્પણ કરી સન્માન કર્યું હતું. વિશેષમાં આ સાધ્વીબહેનોનાં સ્વજનોનું પણ બહુમાન કરી સંઘે તેમના પ્રત્યે કૃતજ્ઞભાવ રજૂ કર્યો હતો. છેવટે સાથી સાધ્વીબહેનો અને સ્વજનોએ સુવર્ણજયંતી વિજેતા સાધ્વીબેનોનું ફૂલહાર-બૂકેથી અભિવાદન કર્યું હતું. સ્નેહભોજન બાદ ઉજવણીનું સમાપન થયું હતું. આ સાધ્વીબેનોના પગલે ગુજરાતની યુવતીઓ સંઘમાં, ધર્મસભાને પોતાનું જીવન સમર્પણ કરે એ જ પ્રાર્થના.●




**"વેલી'સ બ્લિસ"**
ડીઝાઈનર સ્ટુડિયો
બ્રાઈડલ ગાઉન, બ્રાઈડસ મેઈડ ગાઉન,
કમ્યુનિયન ફ્રોક, ડિઝાઈનર વેડિંગ ડ્રેસીસ
Geniune and quality customers only
સંપર્ક: પ્રિન્સ મેકવાન (ફેશન ડિઝાઈનર)
૮-એ, નવજીવન કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
મો.: ૮૦૦૦૯ ૫૭૦૮૦ / ૯૭૨૫૨ ૩૯૨૯૨

**મકાન વેચવાના છે**
એલીન પાર્ક 2 BHK રૉ હાઉસ ડુપ્લેક્સ
*સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાછળ, ચાવડાપુરા જીટોડિયા રોડ, આણંદ*
બુકીંગ માટે સંપર્ક કરો એન્જલ કન્સલ્ટન્ટ
મો. ૯૩૭૫૦૨૮૪૧૧

**ગુલશન સ્ટીલ ફર્નિચર**
દરેક પ્રકારના દીવાલના ગોખલા, સ્ટીલ તેમજ વુડન, અભરાઈ,
માળીયા, ડ્રેસીંગ તિજોરી, કબાટ, પેટી પલંગ, દિવાન પલંગ, ટી.વી.
શોકેસ, સોફા, ટીપોઈ બનાવનાર તેમજ વેચનાર.
*પાવરી કુંભારવાડા, ભગવતી એસ્ટેટ, પ્રતાપનગર, ઈદગાહ હોડ, વડોદરા*
સંપર્ક: મો. ૯૭૨૨૭ ૩૬૭૮૬

સરજીલભાઈ મો. ૯૫૭૪૯ ૫૪૭૮૬
૯૯૦૯૪ ૧૫૧૮૦
**MAA સ્ટીલ ફર્નિચર**
દરેક પ્રકારનાં દીવાલગોખલાનાં ડ્રેસિંગ કબાટ,
અભરાઈ કબાટ, કીચન કબાટ સંતોષકારક બનાવનાર.
*વડોદરા, પેટલાદ, આણંદ, નડીઆદ બહારગામના ઓર્ડર લેવામાં આવે છે.*

**મકાન વેચવાનું છે**


સંપૂર્ણ સુવિધાવાળુ બે માળનું મકાન
ટેનામેન્ટ્સ. ફર્નિચર સાથે.
*ઝેવિયરનગર, આણંદ*
મો. ૯૨૬૫૪ ૨૦૩૧૮



# પુરોહિતદીક્ષાની રજતજયંતી

૨૭મી જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ ઢળતી સંધ્યાએ, અનાથોની માતાના તીર્થધામ ખંભોળજમાં અમદાવાદ ધર્મપ્રાંતના દસ ધર્મપ્રાંતીય પુરોહિતગણે પુરોહિતદીક્ષાની રજતજયંતીની શાનદાર ઉજવણી કરી, જેમાં મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાન, ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામી, ગુજરાત ઈસુસંઘના પ્રાન્તાધ્યક્ષ ફાધર ફ્રાન્સિસ પરમાર, દસેય પુરોહિતગણનાં સ્વજનો, આમંત્રિત મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં. ઉજવણીના આરંભે રજતજયંતી વિજેતા પુરોહિતગણ તથા આમંત્રિત મહેમાનો સરઘસમાં તીર્થધામથી દેવાલય સુધી પહોંચ્યા હતાં જ્યાં ભારતીય સંસ્કૃતિ પ્રમાણે તિલક કરી તેમનું સ્વાગત કર્યું હતું. ખ્રિસ્તયજ્ઞમાં મહાધર્માધ્યક્ષશ્રી, ધર્માધ્યક્ષશ્રી, પ્રાન્તાધ્યક્ષશ્રી, 'પુરોહિતગણ જોડાયા હતા. આ પ્રસંગે સર્વ વતી મોન્સીગ્નોર વી.જી. દાસે, પુરોહિતદીક્ષાની રજતજયંતીની ઉજવણી શા માટે કરવી જોઈએ ?' પ્રશ્નનો મનનીય સંદેશ આપ્યો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ સત્કાર સમારંભમાં રજતજયંતી વિજેતા પુરોહિતગણનું શ્રદ્ધાળુઓ તથા સ્વજનો તરફથી શાલ-પુષ્પમાળા અર્પણ કરી સન્માન કર્યું હતું. મહાધર્માધ્યક્ષશ્રીએ 'ખ્રિસ્ત જેવા બનવા' તથા ધર્માધ્યક્ષશ્રીએ 'ખ્રિસ્તનું અનુકરણ કરવા' સંદેશ આપ્યો હતો અને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે આ પુરોહિતગણનો સામાન્ય પરિચય કેળવીએ અને પ્રાર્થના કરીએ.

૧. મૂળ વસઈના ફાધર પીટર લોપસે ૨૦ નવેમ્બર, ૧૯૯૩માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી હતી. ઉમરેઠ, મહેમદાવાદ, બાલાસિનોર, સાણંદ, કોઠ ધર્મવિભાગમાં સભાયાજ્ઞિક તરીકે સેવા આપી હાલમાં તેઓશ્રી આમોદમાં સેવારત છે.

૨. મૂળ તમિલનાડુના ફાધર લુકાસ સવરી મુત્તુએ એપ્રિલ ૧૯૯૪માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી હતી અને ત્યારબાદ ઠાસરા, ખંભોળજ, પેટલાદ અને મિરઝાપુર-અમદાવાદમાં મદદનીશ સભાયાજ્ઞિક અને લીમડાપુરા, માતર, મિશન રોડ-નડિયાદમાં સભાયાજ્ઞિક તરીકે સેવા આપી હાલમાં બોરસદ ખાતે સભાયાજ્ઞિક તરીકે કાર્યરત છે.

૩. મૂળ કર્ણાટકના ફાધર મેરી જોસફે સિવિલ તથા કેનન લૉમાં માસ્ટર ડિગ્રી મેળવી, પુરોહિતદીક્ષા બાદ વટવા, સલુણમાં સેવા આપી હાલમાં કરમસદમાં સભાયાજ્ઞિક તરીકે સેવા આપે છે. ઈન્ટર ડાયોસીસન મેરેજ ટ્રિબ્યુનલમાં ૨૦૦૯થી સેવા આપે છે.

૪. મૂળ તમિલનાડુના ફાધર અરુલાનંદમ્ અલંગારૂપે એપ્રિલ-૨૦૦૪ માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી હતી. આમોદથી શરૂ કરી ડીસા, ભિલેશ્વરપુરામાં સેવા આપી, હાલમાં હિંમતનગરમાં સેવા આપે છે.

૫. મોન્સીગ્નોર વી.જી.દાસે મે-૧૯૯૪ માં પુરોહિત દીક્ષા ગ્રહણ કરી પેટલાદ ખાતે મદદનીશ સભાપુરોહિત તરીકે સેવાકાર્યનો આરંભ કર્યો. ૧૯૯૬-૯૮ સુધી ગુડ શેફર્ડ સેમિનરીના વાઈસ રેક્ટર તરીકે કાર્યભાર સંભાળી બાદમાં બેન્ગલુરુ ખાતે ધર્મકાનૂનનો અભ્યાસ કર્યો અને ૨૦૦૦ થી બે વર્ષ માટે ધર્મપ્રાન્તીય અદાલત નડિયાદમાં ન્યાયાધીશ તરીકે સેવા આપી. ધર્મપ્રાંતીય પુરોહિતપદના ઉમેદવારોના નિયામક અને હાકલ પ્રવર્તક તરીકે પણ તેમણે સેવા આપી હતી. ૨૦૦૨-૦૫ સુધી નડિયાદ ખાતે ગાંધીનગર આંતર ધર્મપ્રાંતીય લગ્ન અદાલતના જુડિશિયલ વિકર અને ડાયોસીસન ફેમિલી કમિશનના ડાયરેક્ટર તરીકે સેવા આપ્યા બાદ જીસસનગર-ચાવડાપુરા ધર્મવિભાગમાં યાજ્ઞિક તરીકે સેવા આપી. ૨૦૦૫-૦૮ ઈટાલીના વેનિસ ખાતે ધર્મકાનૂન અને ૨૦૦૮-૧૧ રોમ ખાતે લેટરન યુનિ.માં વિદ્યાવાચસ્પતિ(પીએચડી) નો અભ્યાસ કરી, ફરી એકવાર નડિયાદ ખાતે જ્યુડિશિયન વિકર અને ગુજરાત વિદ્યાદીપ-સેવાસીમાં ધર્મકાનૂન અને પુરોહિત પરિષદના સભ્ય તરીકે કાર્યભાર સંભાળ્યો. ૨૦૧૨માં પવિત્ર-કુટુંબ દેવાલય -ગોમતીપુર, અમદાવાદમાં સભાપુરોહિત તરીકે સેવાનો આરંભ કર્યા બાદ થોડા જ વખતમાં વેટિકન ખાતે શ્રદ્ધા સિદ્ધાંત માટેના મહામંડળના ઓફિશિયલ તરીકે તેમની પસંદગી થઈ જ્યાં હાલમાં પણ તેઓ કાર્યરત છે. ૧૬ નવેમ્બર, ૨૦૧૫માં વડાધર્મગુરુ ફ્રાન્સિસે તેઓશ્રીને મોન્સીગ્નોર પદવી એનાયત કરી છે, જે આપણા સૌ માટે ગૌરવનું કારણ છે.

૬. મૂળ તમિલનાડુના ફાધર ફ્રાન્સિસ કે. એ એપ્રિલ - ૧૯૯૪ માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી બાલાસિનોર અને પેટલાદમાં મદદનીશ સભાપુરોહિત અને ત્યારબાદ ઉમરેઠ, ઠાસરા, રાજકોટ, મિરઝાપુર - અમદાવાદમાં સભા પુરોહિત તરીકે સેવા આપ્યા બાદ હાલમાં રામોલ-અમદાવાદ ખાતે સેવા આપે છે.

૭. મૂળ તમિલનાડુના ફાધર લોરેન્સ એ.ની પુરોહિત દીક્ષા એપ્રિલ-૧૯૯૪ માં થઈ હતી. ત્યારબાદ મણિનગર, લીમડાપુરા ખાતે સભાપુરોહિત તરીકે સેવા આપ્યા બાદ હાલમાં ખંભોળજ તરીકે સેવારત છે. તેઓશ્રીએ ૧૯૯૯-૦૧ બેન્ગલુરુ ખાતે એમ.ટી.એચ. અને ૨૦૦૪-૦૮ સુધી ઓસ્ટ્રિયા ઈન્સબ્રુક ખાતેથી એન.ડી.નો અભ્યાસ કર્યો હતો. ૨૦૦૮-૧૮ સુધી પાસ્ટર સેન્ટર નડિયાદના ડાયરેક્ટર તરીકેની તેમની સેવાઓ જાણીતી છે.

૮. મૂળ તમિલનાડુના વતની ફાધર સેવરીનરાજે ૧૯૯૪ માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી. એજ્યુકેશનમાં તેમણે પી.એચ.ડી.ની ઉપાધિ મેળવી છે. સેવા વિદ્યાલય-પાલૈયા તથા લુસડિયા હાઈસ્કૂલ - નાના કંથારિયામાં આચાર્ય તરીકે સેવા આપ્યા બાદ ૨૦૦૭-૦૮ અને ૨૦૧૩-૧૮ ખેરાલુ ખાતે સભાપુરોહિત તરીકે સેવા આપી છે. ૨૦૦૮-૧૦ સુધી હેમચંદ્રાચાર્ય યુનિ. પાટણમાં લેક્ચરર અને ૨૦૧૦-૧૩ આર્ચ ડાયોસીસ આઉક-ફ્રાન્સમાં તેમણે સેવા આપી છે.

૯. મૂળ તમિલનાડુના વતની ફાધર ઝેવિયર અમલનાથમે મે-૧૯૯૪ માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી લુસડિયા, જીટોડિયા-ચાવડાપુરા અને પેટલાદ ખાતે આચાર્ય તરીકે કાર્યભાર સંભાળી હાલમાં સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ-મહેમદાવાદમાં આચાર્ય તરીકે સેવા આપે છે.

૧૦. મૂળ તમિલનાડુના ફાધર એલેક્ષ ક્લેમેન્ટે એપ્રિલ - ૧૯૯૪ માં પુરોહિત દીક્ષાગ્રહણ કરી સાણંદમાં સેવા શરૂ કરી, ૧૯૯૫-૯૭ આર્ચબિશપ સ્ટેનીના સેક્રેટરી તરીકે સેવા આપી છે. ૧૯૯૮ માં સેન્ટ જોસફ સેમિનરી-અમદાવાદમાં રેક્ટર તરીકે સેવા આપ્યા બાદ પૂણેમાં એન.વી.એલ.સી. ખાતે સેવા આપી. ત્યારબાદ ૨૦૦૩-૧૨ સુધી ન્યુયોર્ક-અમેરિકા ખાતે મદદનીશ સભાપુરોહિત તરીકે સેવા આપતાં પી.એચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કર્યો. ૨૦૧૨-૧૭ ફરી એકવાર પૂણેમાં પ્રાધ્યાપક તરીકે કામગીરી કર્યા બાદ હાલમાં ગૌધલોપે માતા મરિયમ આધ્યાત્મિક કેન્દ્ર-ખડવત-ગુજરાત ખાતે નિયામક તરીકે સેવારત છે.

ખંભોળજના આંગણે પ્રથમવાર આ પ્રકારની ઉજવણી થઈ જેનું આયોજન મહિનાઓથી, સભાયાજ્ઞિક ફાધર લોરેન્સ એ.ના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું. 'પ્રેષિતોનાં રાણી' સાધ્વીસંઘનાં બહેનો, ધર્મસેવા સમિતિ તથા સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલના સભ્યગણ, મહિલા મંડળ, આર.સી. મિશન શાળાના ગુરુજનો, બાળકો અને ધર્મવિભાગના ધર્મજનોના ઉમદા સહકારથી પુરોહિતદીક્ષાની રજતજયંતીનું પર્વ સૌને માટે સંભારણું બની રહેશે. આ રજતજયંતી, સુવર્ણજયંતીમાં રૂપાંતર પામે એ જ પ્રાર્થના અને શુભેચ્છા.

**- ફ્રાન્સિસ ડાયર્સા**


# HOLY LAND TOUR

May 2019

Jordan / Israel / Palestine / Egypt

**11 Days**

"feel the experience with Gujarati Guide"

**Rs. 1,00,000/- only**



Pk Enterprise
S-7, 2nd Floor, Triveni Arcade,
Anand-Vidhya Nagar Road,
Anand-388001, Gujarat
Email : pkenterprise06@yahoo.com
Ph : +91 9727703403 /9825146833
8460859006 /7574925929

# મહેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**(૧) સિમલા - કુલુ - મનાલી - કૂફી - ખજીયાર - ડેલહાઉસી - અમૃતસર - વાઘા બોર્ડર - જોધપુર - જયપુર**

**પ્રવાસ તા.** ૧૯/૦૫/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૦૧/૦૬/૧૯ **ટિકિટ દર :** રૂા. ૧૫૯૯૦ (એ.સી. બસ)

**(૨) ગોવા - મહાબળેશ્વર - પંચગીની - લોનાવાલા - ખંડાલા - મુંબઈ**

**(બસ ૧) પ્રવાસ** તા. ૦૭/૦૫/૧૯ **બપોરે** ૧૨:૦૦ કલાકે

**પરત** તા. ૧૫/૦૫/૧૯ સવારે

**(બસ ૨) પ્રવાસ** તા. ૨૪/૦૪/૧૯ **બપોરે** ૧૨:૦૦ કલાકે

**પરત** તા. ૦૨/૦૫/૧૯ સવારે

**ટિકિટ દર :** રૂા. ૬૨૦૦ (નોન એ.સી. બસ)

**ટિકિટ દર :** રૂા. ૬૯૦૦ (એ.સી. બસ)

**(૩) દિવ - સોમનાથ - દેવળીયા પાર્ક**

**(બસ ૧) પ્રવાસ** તા. ૧૫/૦૩/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત** તા. ૧૮/૦૩/૧૯ સવારે

**(બસ ૨) પ્રવાસ** તા. ૧૯/૦૪/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત** તા. ૨૨/૦૪/૧૯ સવારે

**ટિકિટ દર :** રૂા. ૨૨૦૦ (એ.સી. બસ)

**(૪) મુંબઈ - એલિફન્ટા**

**પ્રવાસ તા.** ૨૨/૦૩/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૨૫/૦૩/૧૯ સવારે

**ટિકિટ દર :** રૂા. ૨૭૦૦ (એ.સી. બસ)

**(૫) ઉદેયપુર - હલ્દીઘાટી - ચિત્તોડગઢ - જયપુર - અજમેર - પુષ્કર**

**પ્રવાસ તા.** ૨૭/૦૩/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૦૨/૦૪/૧૯ **ટિકિટ દર :** રૂા. ૫૪૦૦ (એ.સી. બસ)

**(૬) સાપુતારા - દમણ**

**પ્રવાસ તા.** ૧૨/૦૪/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૧૫/૦૪/૧૯ સવારે **ટિકિટ દર :** રૂા. ૧૮૦૦

- દરેક પ્રવાસમાં સવારે ચ્હા-નાસ્તો, બે ટાઈમ જમવા તથા હોટલમાં રહેવા સાથે.
- દરેક ટુરની બસ અમદાવાદ-નડિયાદ-આણંદ તથા વડોદરા થઈને જશે અને સીટ બુક પણ થશે.
- રૂા. ૧૦૦૦/- આપી સીટ બુક કરાવો.

**બસ ઉપડવાનું સ્થળ :** (૧) સી.ટી.એમ. અમદાવાદ
(૨) છાણી જકાતનાકા, વડોદરા

**સંપર્ક : મહેશ એચ. વાઘેલા (ક્રિશ્ચિયન)**
**મો. ૯૮૨૫૫ ૬૮૨૮૧ / ૮૩૨૦૧ ૫૦૭૩૮**

# હેરી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**ઓફિસ :** ૩, કોશા સોસાયટીની સામે, મણિનગરપૂર્વ, અમદાવાદ
કિરીટ ક્રિશ્ચિયન મો.૯૯૦૪૭૫૨૨૧૨, હેરી ક્રિશ્ચિયન મો. ૮૭૫૮૯૬૦૮૦૮

## સીમલા કુલુ મનાલી રોયલ ટુર

**પ્લેન થી પ્લેન મુસાફરી**

તા. ૧૩-૦૫-૨૦૧૯ સવારે ૬ કલાકે પ્રવાસ શરૂ
તા. ૧૮-૦૫-૨૦૧૯ રાત્રે ૯ કલાકે પ્રવાસ પૂર્ણ
૬ દિવસ અને ૫ રાત્રિ રોકાણ (બ્રેકફાસ્ટ તથા ડીનર સામેલ, વેજ-નોનવેજ)

**ટિકિટ રૂા. ૨૧,૫૦૦/-** માર્ચ ૩૧ પહેલા બુકિંગ અનિવાર્ય

## ગોવાનું બુકીંગ ચાલુ છે

ગોવા, મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા, ખંડાલા, મુંબઈ દર્શન

પ્રવાસ ઉપડશે : તા. ૦૪-૦૫-૨૦૧૯
પ્રવાસ પરત : તા. ૧૨-૦૫-૨૦૧૯ **ટિકિટ દર રૂા. ૮૫૦૦/-**
બ્રેકફાસ્ટ, લંચ, ડીનર, (વેજ નોનવેજ જમવાનું)
હોટલ બુકીંગ (ચાર થી પાંચ વ્યક્તિઓ વચ્ચે રૂમની ફાળવણી)

**દીવ-સાસણગીર તા. ૨૪-૦૫ રાત્રે પરત ૨૭-૫ સવારે, ટિકિટ રૂા. ૪૧૦૦/- બ્રેકફાસ્ટ, લંચ, ડીનર, (વેજ, નોનવેજ જમવાનું) એસી રૂમ તથા એસી બસ**

**બસ ઉપડવાનું સ્થળ : કાર્મેલ મેથોડિસ્ટ ચર્ચ, સીટીએમ, અમદાવાદ**



# Visa... Visa... Visa...

**SINGAPORE WORK VISA ONLY FEMALE...**

- ભારતીય ફેમીલીના ઘરમાં ઘરકામ માટે બહેનોની જરૂર છે...
- ૨૩૦૦૦ થી ૨૫૦૦૦ રૂપિયા પગાર સાથે રહેવા તથા જમવાનું ફ્રી...
- ખૂબ જ ઓછા ખર્ચમાં ૨ વર્ષની વર્કપરમીટ મેળવો.
- વયમર્યાદા ૨૩ થી ૪૦ વર્ષ
- No advance... payment after visa...

# Turkey (Europe)

**RESIDENCE PERMIT તથા**
**WORK PERMIT માટે મળો. (Easy to settle)**

★UK, USA, CANADA, EUROPE તથા કોઈ પણ country ના visitor visa માટે મળો.
★Passport related કોઈ પણ પ્રકારની મુશ્કેલી હોય તો Solution લાવી આપવામાં આવશે.

**• CONTACT •**

## STREEYA SERVICES

**ANAND, GUJARAT**

**MOBILE NO.** 70163 40869 / 85114 14895
**WHATS APP NO.** 98985 13975

**Email : streeya31@gmail.com**
**સમીરભાઈ (Member of CNI Church. Anand)**



# નિલરાજ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ આયોજક પ્રવાસ

**પ્રવાસ ૧ : સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર-જયપુર**
પ્રવાસ તા. ૧ મે ૨૦૧૯ ઉપડવાની (૧૨ દિવસ)
ટિકિટ દર : રૂા. ૧૫,૦૦૦/- (એ.સી. બસ)

**પ્રવાસ ૨ : મહાબળેશ્વર, ગોવા, ખંડાલા અને મુંબઈ દર્શન**
પ્રવાસ તા. ૧૫ મે ૨૦૧૯ ઉપડવાની (૮ દિવસ)
ટિકિટ દર : રૂા. ૭૭૫૦/- (એ.સી.બસ)
ટિકિટ દર : રૂા. ૬૫૦૦/- (નોન એ.સી. બસ)

**પ્રવાસ ૩ : બરડીપાડા, ઉનાઈ, સેલવાસ, દૂધની (ડુંગરમાવલીનો મેળો) અને દમણ**
પ્રવાસ તા. ૨૯ મે ૨૦૧૯ ઉપડવાની (૩ દિવસ)
ટિકિટ દર : રૂા. ૩૦૦૦/- (એ.સી. બસ)
ટિકિટ દર : રૂા. ૨૧૦૦/- (નોન એ.સી. બસ)

● **આણંદ, બરોડા, ભરૂચના પેસેન્જર્સને પીક-અપ તથા ડ્રોપની સુવિધા આપવામાં આવશે.** ● પ્રવાસમાં સવારે ચા-નાસ્તો, બે ટાઈમ ભોજન, રહેવાની વ્યવસ્થા હોટલમાં.

**નિલેષભાઈ : મો. ૯૪૨૮૮૭૯૨૮૧**
**દિનેશભાઈ : મો. ૯૯૦૯૧૪૭૭૭૯ (આણંદ)**
**રાજેશભાઈ : મો. ૯૪૨૭૭૮૯૮૭૫ (બરોડા)**
**સેમ્યુલભાઈ : મો. ૭૫૭૪૮૭૫૨૭૩ (ચાવડાપુરા)**



# આસ્થા ટ્રાવેલ્સ (વડોદરા)

**પ્રવાસ ૧ : મહાબળેશ્વર - પંચગીની - ગોવા - લોનાવાલા - ખંડાલા - મુંબઈ દર્શન સાથે**
**ઉપડવાની તારીખ :** ૦૯-૦૫-૨૦૧૯ (૮ દિવસ)
ટિકિટ દર : રૂા. ૭૫૦૦/- (એ.સી. બસ)

**પ્રવાસ ૨ : કુલ્લુ - મનાલી - કૂફી - ડેલહાઉસી - ખજીયાર - અમૃતસર - વાઘાબોર્ડર - જોધપુર - જયપુર**
**ઉપડવાની તારીખ :** ૧૯-૦૫-૨૦૧૯
**પરત તારીખ :** ૦૧-૦૬-૨૦૧૯
ટિકિટ દર : રૂા. ૧૪,૫૦૦/-

- પ્રવાસમાં સવારે ચ્હા-નાસ્તો, બપોર અને રાત્રી ભોજન આપવામાં આવશે.
- હોટલ બુકીંગ ગોવામાં રીસોર્ટ રહેશે.
- બુકીંગ ચાલુ - ૧૦૦૦/- આપી સીટ બુક કરાવો. વહેલા તે પહેલાના ધોરણે સીટ મળશે.
- ગોવામાં ૧૧મી ટ્રીપ બદલ ઈશ્વરપિતાનો ખૂબ ખૂબ આભાર.
- નાની મોટી ગાડીઓ, ફેમીલી બુકીંગ માટે પણ સંપર્ક કરો.
- પેસેન્જરની સગવડતા મુજબ પીક-અપ, ડ્રોપની વ્યવસ્થા થશે.

**ઈમાનુએલ શર્મા**
**મો. ૯૭૧૨૬૨૦૦૯૭ / ૮૧૪૦૪૪૫૭૨૮**

✝ ઈસુ ગોવાળ છે મારો ✝

## આશીર્વાદ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

૩+૨ લક્ઝરી બસ દ્વારા પ્રવાસ

**પ્રવાસ નં. ૧ :** તપઋતુમાં ૧૪ સ્થાનની ભક્તિનો લ્હાવો લો.
વડોદરાથી-ઈન્દોર-ઉજ્જૈન
પ્રયાણ તા. ૨૨-૦૩-૨૦૧૯ રાત્રે ૯:૦૦ કલાકે દિવસ : ૨
પરત તા. ૨૫-૦૩-૨૦૧૯ સવારે ૭:૦૦ કલાકે ટિકિટનો દર : રૂા. ૨૫૦૦/-

**પ્રવાસ નં. ૨ :** કુદરતી સૌંદર્યનો અદ્ભુત નજારો
વડોદરાથી કુલુ-મનાલી-સિમલા-અમૃતસર-ધરમશાલા-વાઘા બોર્ડર-ડેલહાઉસી
પ્રયાણ : મે માસના પ્રથમ વીકમાં
દિવસ : ૧૨ ટિકિટનો દર : રૂા. ૧૫,૦૦૦/-

**પ્રવાસ નં. ૩ :** પવિત્ર ભૂમિના દર્શને આવો
ઈઝરાયેલ-જોર્ડન-પેલેસ્ટાઈન-ઈજિપ્ત (મિસર) પ્રયાણ : મે માસમાં
ટિકિટનો દર : રૂા. ૧,૦૦,૦૦૦/- દિવસ : ૧૦

**પ્રવાસ નં. ૪ :** ગોવા(૩ દિવસ)-મહાબળેશ્વર-પંચગીની-લોનાવાલા-ખંડાલા-મુંબઈ
પ્રયાણ : મે માસના અંતમાં દિવસ : ૮ ટિકિટનો દર : રૂા. ૬૨૦૦/-

- દરેક પ્રવાસ અમદાવાદ-નડિયાદ-આણંદ-વડોદરાથી પીકઅપ અને ડ્રોપ કરવામાં આવશે.
- પ્રવાસમાં સવારમાં ચા-નાસ્તો તથા બે ટાઈમ ભોજન આપવામાં આવશે.
- રહેવાની વ્યવસ્થા હોટલમાં આવે છે. ● આધારકાર્ડની ઝેરોક્ષ સાથે લાવવી.
- રૂા. ૧૦૦૦/- આપી આપની સીટ બુક કરાવો

**સંપર્ક કરો** આશીર્વાદ : મો. ૭૩૮૩૫ ૧૪૨૩૮
સંજયભાઈ : મો. ૯૭૨૩૮ ૨૨૩૧૧
રેવ. ફાધર જયંત રાઠોડ એસ.જે. : મો. ૯૪૨૭૦ ૬૨૬૨૧ (ઈઝરાયેલ માટે)

**MAY - 2019**



13 Days DUBAI, JORDAN, EGYPT, ISRAEL

Holy Trinity
Tours & Travels

**SMIT MACWAN ~ 84608 59006**

**RAMESH MACWAN ~ 98240 03986**

**Email ID ~ holytrinitytravels@gmail.com**

Address : A-28, Shri Ramvatika soc.
Near Bansidhar flat, T.P.13, Chhani Jakatnaka Vadodara - 24

16 Days EUROPE, LONDON, ITALY, SWITZERLAND, FRANCE, NETHERLAND, AUSTRIA, GERMANY



"અન્યાયથી મળેલી ઘણી આવક કરતાં,
નીતિથી મળેલી થોડી આવક સારી છે." (નીતિવચનો ૧૬:૮)

## ક્રાઈસ્ટ ટૂર્સ

(ઉનાળુ પ્રવાસ)

**ગોવા (૩ દિવસ) – મહાબળેશ્વર – પંચગીની**
**લોનાવાલા (ચીકી ખરીદી) – ખંડાલા – સાપુતારા**

| ઉપડવાની તારીખ | પરત આપવાની તારીખ |
|---|---|
| ૧૮-૦૫-૨૦૧૯ | ૨૬-૦૫-૨૦૧૯ |

**ટિકીટ : રૂા. ૮,૫૦૦/– A/c. બસ**
(રહેવા-જમવા સાથે)
ફેમિલીદીઠ પર્સનલ રૂમ આપવામાં આવશે.

## ક્રાઈસ્ટ નર્સિંગ એજ્યુકેશન

(૨૦૧૮-૨૦૧૯ માટે એડમીશન શરૂ થઈ ગયેલ છે.)

શોપ નં. ૧૩, તક્ષશિલા રેસીકોમ, ઈસનપુર ચાર રસ્તા,
સ્ટેશન રોડ, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮.

જેક્સન : ૯૯૨૫૨૨૧૬૬૩ હાર્દિક : ૯૬૮૭૪૨૪૨૫૪
આશિષ : ૮૯૮૦૫૯૨૨૭૯

## પ્રભુ ઈસુની પુણ્યભૂમિની ૨૧મી યાત્રા

| | દેશો | સમય | દિવસ | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | ઈજીપ્ત, ઈઝરાયેલ જોર્ડન, દુબઈ | એપ્રિલ ૨૦૧૯ | ૧૪ | રૂા. ૧,૩૦,૦૦૦ |
| ૨. | ઈજીપ્ત, ઈઝરાયેલ, જોર્ડન (દુબઈ વિના) | એપ્રિલ ૨૦૧૯ | ૧૦ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૩. | યુરોપ, ઈટાલી, વેટીકન, સ્વીઝરલેન્ડ, જર્મની, ઓસ્ટ્રીયા, ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગલ | મે ૨૦૧૯ | ૧૮ | રૂા. ૨,૨૦,૦૦૦ |



**: સંપર્ક :**

**કોકિલાબેન આલ્ફોન્સ પરમાર**
મો. ૯૪૨૯૬ ૬૩૩૫૪

**શિલ્પાબેન સંદિપકુમાર મેકવાન**
મો. ૯૪૦૯૧ ૫૪૨૬૨
મો. ૯૪૨૭૬ ૪૨૧૬૨

**રેવ. ફાધર વિક્ટર દેવમણી એસ.જે.**
મો. ૯૪૦૮૬ ૬૭૧૭૮

## ખ્રિસ્તી વિશ્વાસી મૂલ્યો આધારિત ઈઝરાયલનો પ્રવાસ-શિરીષ ક્રિસ્ટી સાથે જ

**ઈઝરાયલ**
• મે માસની આહ્લાદક મોસમમાં અને ઓક્ટોબર માસના દિવાળી વેકેશનની ખુશનુમા સીઝનમાં ૧૫ દિવસનો પ્રવાસ

**યુરોપ**
જર્મની, સ્વિઝરલેન્ડ, ઓસ્ટ્રીયા, લીચટેનસ્ટીન, ઈટાલી, વેટિકન, અને ફ્રાન્સના પ્રવાસે સત્તત ત્રીજા વર્ષે મે-જૂન ૨૦૧૯માં જઈશું.

**અમેરીકા**
સત્તત બીજા વર્ષે સપ્ટેમ્બર-૧૯માં ફરીથી અમેરીકાના પ્રવાસે જઈશું, ૨૦ સભ્યોનું ગ્રુપ રહેશે, રજીસ્ટ્રેશન વહેલા તે પહેલા ધોરણે જ.

**ઓસ્ટ્રેલિયા**
આગામી ઓક્ટોબર-૨૦૧૯માં ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડના પ્રવાસે જઈશું, ૨૦ સભ્યોનું ગ્રુપ રહેશે, રજીસ્ટ્રેશન વહેલા તે પહેલા ધોરણે રહેશે.

**સિંગાપોર-મલેશિયા-થાઈલેન્ડ**
નવેમ્બરની આહલાદક સિઝનમાં પ્રવાસે જઈશું. ૧૧ દિવસનો પ્રવાસ ● ૨૦ સભ્યોનું ગ્રુપ રહેશે.

● વિઝા એપ્લીકેશન માટે એપોઈન્ટમેન્ટ લઈને મળવું. ● વિઝા એપ્લાય કરવા માટે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન. ● પરદેશમાં રહેતા સગાસ્નેહી અને મિત્રોની સાથે પ્રવાસ.

૨૦૧૯માં મે અને ઓક્ટોબરની આહ્લાદક મોસમમાં
**૧૫ દિવસનો ઈઝરાયલનો પ્રવાસ**
પેટ્રા, એલેકઝાન્ડ્રિયા, શર્મ-અલ-શેખ સાથે...
જોર્ડન, ઈઝરાયેલ, પેલેસ્ટાઈન ઈજીપ્ત અને દુબઈમાં ૩ આખા દિવસ સાથેનો પ્રવાસ

**શિરીષ ક્રિસ્ટી**
દરેક પ્રવાસમાં તમારી સાથે
( M. Divinity. UBS, Pune, 2006 to 2010)



**99987 29077 • 98253 53158**
૩૮-બી, ક્રિશ્ચિયન સોસાયટી, સી.એન.આઈ. ચર્ચ સામે, બહેરામપુરા, અમદાવાદ-૩૮૦૦૨૨



## ST ANN'S GROUP OF INSTITUTIONS

Mulki, Mangalore - 574 154
Ph. : 0824 - 2293880, 2293881, 2290505 Fax : 0824 - 2293882
Website : www. saintanns.in E-mail : saintanns2003@gmail.com



Recognized by Indian Nursing Council, Karnataka State Nursing Council & Govt. of Karnataka, Directorate Medical Education
Affiliated to KSDNED, Bangalore & Rajiv Gandhi University of Health Sciences, Bangalore.

### ADMISSION NOTICE

- DIPLOMA IN MEDICAL LABORATORY TECHNOLOGY (DMLT)
- DIPLOMA IN X-RAY TECHNOLOGY WITH CT SCAN & MRI (DMXT)
  Eligibility: Pass in X[th] / SSC / SSLC / NIOS / IGNOU or equivalent
- DIPLOMA IN GENERAL NURSING & MIDWIFERY (GNM)
  Eligibility: Pass in XII[th] / HSC / PDC / NIOS / IGNOU / PUC Pass with 40% aggregate
- B.Sc. NURSING BASIC Eligibility: Pass in XII[th] / HSC / PDC / PUC with 45% in PCBE
- B.Sc. IN MEDICAL LABORATORY TECHNOLOGY
- B.Sc. IN MEDICAL IMAGING TECHNOLOGY
- B.Sc. IN OPERATION THEATRE TECHNOLOGY
  Eligibility: Pass in XII[th] / HSC / PDC / NIOS / IGNOU / PUC Science with PCB
- POST BASIC B.Sc. NURSING Eligibility: Pass in GNM
- M.Sc. NURSING - MEDICAL SURGICAL, OBG, PSYCHIATRY, PAEDIATRIC & COMMUNITY

**Students who have completed X[th] or XI[th] and XII[th] in Arts / Commerce Stream willing to pursue Allied Health Science courses may contact the office between 9 a.m. to 5 p.m. on all working days**

Supplementary passed students can also apply.

| Eric C. Lobo | Prof. Helen D'Souza | Sr. Jose Mary |
|---|---|---|
| Chairman | Principal | Administrator |
| Mob.: 09845105181 | 09591476770 | 07899494577 |

Estd: 1993 **LOBO TEACHERS FOUNDATION**® Regd: 2003
Jos Villa, D. No. 15-13-785, Kadri Coconut Garden Road, Mangalore - 575 002 Mobile: +91 9900254880

# ધર્મવસુધા

### વેટિકન રેડિયો - સ્થાપનાનાં ૮૮ વર્ષ

**વેટિકનઃ** ૧૨-૨-૧૯ ના રોજ વેટિકન રેડિયોની સ્થાપનાનાં ૮૮ વર્ષ પૂરાં થયેલ છે. આ ૮૮ વર્ષોમાં કુલ ૮ વડાધર્મગુરુશ્રીઓની સાથે વેટિકન રેડિયોએ કાર્ય કરેલ છે.

આટલી લાંબી યાત્રામાં વેટિકન રેડિયોની સેવામાં ઘણાં હકારાત્મક પરિવર્તનો આવેલ છે. વેટિકન રેડિયો હવે 'વેટિકન ન્યૂઝ'ના નામથી ઓળખાય છે. હાલમાં તેના પ્રચાર અને પ્રસારની ગુણવત્તામાં ખાસ્સો ફેરફાર કરવામાં આવેલ છે. શરૂઆતનાં વર્ષોમાં કુલ ૪૬ ભાષાઓમાં સમાચાર પ્રસારિત થતા હતા પરંતુ આર્થિક સમસ્યાઓનાં કારણે હાલમાં ૩૪ ભાષાઓમાં જ સમાચારનું પ્રસારણ થાય છે. દક્ષિણ પૂર્વ એશિયામાં બોલાતી ત્રણ ભાષાઓ હિન્દી, તમિલ અને મલયાલમનો સમાવેશ 'વેટિકન ન્યૂઝ સર્વિસ'માં થાય છે. હાલમાં ન્યૂઝ સર્વિસમાં ટેકનિકલ રીતે આધુનિક ફેરફાર કરવામાં આવી રહ્યા છે. આવનારા દિવસોમાં શ્રેષ્ઠ સેવા આપવા માટે 'વેટિકન ન્યૂઝ' પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

*– વેટિકન ન્યૂઝ*

### આરબ અમીરાતની યાત્રા

**વેટિકનઃ** વડાધર્મગુરુશ્રીએ સંયુક્ત આરબ અમીરાતની બે દિવસની પ્રૈષિતિક મુલાકાત લીધી. વડાધર્મગુરુશ્રીએ જણાવ્યું હતું કે, 'આ યાત્રા ટૂંકી હતી પણ અત્યંત મહત્ત્વપૂર્ણ રહી છે!' મહત્ત્વની વાત એ છે કે ૮૦૦ વર્ષ પહેલાં આસીસીના સંત ફ્રાન્સિસ અને સુલતાન અલ મલિક અલ કામિલ વચ્ચે પ્રથમ મુલાકાત થઈ હતી, ત્યારબાદ ૮૦૦ વર્ષ બાદ વેટિકન દ્વારા આરબ દેશની મુલાકાત લેવામાં આવેલ છે.

તેમણે ઉમેર્યું હતું કે, 'આ યાત્રા દરમ્યાન મારા હૃદયમાં ઈસુ ખ્રિસ્તનો શુભસંદેશ તથા પ્રત્યેક વ્યક્તિ માટે પ્રાર્થના હતી. ખાસ તો ગરીબ, અન્યાય પામેલ, યુદ્ધ અને ત્રાસવાદીઓના ભોગ થયેલા લોકો માટે પ્રાર્થના હતી.' કાઉન પ્રિન્સ શેખ મોહમદ બિન જાયદ અલ નાહ્યાનોએ વડાધર્મગુરુશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વિમાન મથકે એક બાળકે પુષ્પગુચ્છ અર્પણ કરેલ. બીજા બાળકે સ્પેનીશ ભાષામાં તેમનું સ્વાગત કર્યું હતું.

આ ઐતિહાસિક યાત્રાનો મુદ્રાલેખ 'તવ શાંતિનું ઝરણ બનું હું...' હતો. દુનિયા અને આ ક્ષેત્રમાં શાંતિપૂર્ણ રાહ અસ્તિત્વનાં મૂલ્યોને પ્રોત્સાહન આપવા તથા વિભાજનકારી વિચારધારા અને પૂર્વગ્રહોને દૂર કરવા અપીલ કરવામાં આવેલ છે.

સંયુક્ત અરબ અમીરાતના સંસ્થાપક શેખ જાયદ બિન સુલતાન અલ નાહ્યાનના સ્મારક ઉપર એક આંતરધાર્મિક સભા યોજવામાં આવી હતી. જેમાં સંયુક્ત નિવેદન કરવામાં આવેલ કે, 'ઈશ્વરના નામ પર હિંસાના કાર્યને ન્યાયી ઠેરવી શકાય નહિ, બલકે હિંસા, ધાર્મિક ભાવનાની વિરુદ્ધ છે.' વડાધર્મગુરુશ્રીએ જણાવ્યુંહતું કે, 'મેં અને અઝહર ગ્રેટ ઈમામે ભાઈચારાના કરાર ઉપર સંયુક્ત હસ્તાક્ષર કર્યા છે; જેમાં બધાં જ સ્ત્રી-પુરુષો ઈશ્વરના સંતાન છે, ધાર્મિક પ્રેરણા તથા પ્રમાણિક મૂલ્યો અને શાંતિ ફેલાવવા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા જાહેર કરી હતી.'

પ્રિન્સ સાથે લગભગ ૨૦ મિનિટ અંગત મુલાકાત યોજવામાં આવી હતી. 'બુક ઓફ ઑનર'માં હસ્તાક્ષર કરતાં વડાધર્મગુરુશ્રીએ લખ્યું હતું કે, 'ઉષ્માભર્યા સ્વાગત તથા આતિથ્ય માટે હૃદયપૂર્વક ધન્યવાદ'. અંતે વડાધર્મગુરુશ્રીએ 'તવ શાંતિનું ઝરણ બનું હું...' - લખેલી તકતી ભેટ આપી હતી જ્યારે પ્રિન્સ દ્વારા વડાધર્મગુરુને ૨૨ જૂન ૧૯૬૩ માં પ્રથમ નિર્માણ પામેલ દેવળનો દસ્તાવેજ ભેટ આપવામાં આવ્યો હતો.

*– વેટિકન ન્યૂઝ*

# ધર્મભારતી

### હાઈકોર્ટનો આદિજાતિ અંગેનો ચુકાદો

**છત્તીસગઢઃ** છત્તીસગઢ હાઈકોર્ટની નોંધ મુજબ જો કોઈ આદિજાતિની વ્યક્તિ ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કરે તો પણ તેની આદિવાસી, આદિજાતિની જોગવાઈ ચાલુ રહે છે.

સને ૨૦૧૩ માં અમિત અજીત જોગી સામે, સમીર પિકારા દ્વારા ચૂંટણી પિટિશન રદ કરવાની રીટ દાખલ કરેલ હતી, જેના અનુસંધાનમાં છત્તીસગઢ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ ગૌતમ ભાદુરીએ જણાવ્યું હતું.

સમીર વિકારા દ્વારા જે રીટ દાખલ કરવામાં આવી તેમાં જોગી સામેના આક્ષેપો પૈકીનો એક આક્ષેપ એ હતો કે જોગી એ કનવર જાતિના નહિ પણ ખ્રિસ્તી છે. આથી તે અનુસૂચિત જનજાતિ માટેની આરક્ષિત બેઠક ઉપરથી ચૂંટણી લડવા હકદાર બની શકે નહિ. આ આક્ષેપ સામે અદાલતે કહ્યું હતું કે, તેમનો પરિવાર ખ્રિસ્તીધર્મ અપનાવે છે પરંતુ તે હજી પણ જાતિ ધર્મનું પાલન કરે છે. આથી ભારતના બંધારણની ૩૪૧ની કલમ (૧) દ્વારા આપવામાં આવેલી સત્તાના ઉપયોગમાં રાજ્યપાલના પરામર્શ પછી રાષ્ટ્રપતિએ ઓર્ડર આપ્યો હતો. જેને 'બંધારણ(અનુસૂચિત જનજાતિ) ઓર્ડર ૧૯૫૦' 'ધ બંધારણ (અનુસૂચિત જાતિઓ) ઓર્ડર ૧૯૫૦' તરીકે ઓળખાતા અન્ય ઓર્ડરને પણ એસ.ટી. જાહેર કરતાં પહેલાં રાષ્ટ્રપતિ દ્વારા જારી કરાઈ હતી. ઓર્ડર અનુસૂચિત જાતિના આદેશ


**મકાન બાંધકામના કામ માટે મળો**

**જ્યંતીભાઈ ડાહ્યાભાઈ મેકવાન**

*ખ્રિસ્તી મહોલ્લો, મુ.પો.લીંગડા, તા. ઉમરેઠ, જિ. આણંદ*

**: સંપર્ક :**

**મો. ૭૦૪૩૦૯૧૮૭૧/૯૭૩૭૨૨૨૮૩૮**

**Matrimonial**

- Gujarati Catholic boy , BD: Feb 1988, Edu: B.Com(MSU), DHRM(SPU), Business Accounting(Canada), Ht. 5.11, Wt.70kg, PR of Canada, working in Toronto as Corporate Accountant in a reputed company.
- Seeking suitable match willing to settle in Canada, or presently in Canada. Please email bio-data with photograph on

**"joseph@icreateindia.org"**

**(M) 8780058850 / 9879320298**

૧૯૫૦ના કલમ ૩ કહે છે કે ફકરા ૨માં રહેલી કોઈપણ બાબત હોવા છતાં કોઈપણ વ્યક્તિ જે હિન્દુ, શીખ અથવા બૌદ્ધ ધર્મથી અલગ ધર્મનો ઉપદેશ આપે છે, તે અનુસૂચિત જાતિના સભ્ય હોવાનું માનવામાં આવશે નહિ. એસ.ટી. માં આ પ્રતિબંધ ગેરહાજર છે. ઓર્ડર જેને સંવિધાન (અનુસૂચિત ૩૩ જનજાતિ) ઓર્ડર ૧૯૫૦ તરીકે ઓળખાવી શકાય, આથી જરૂરી અનુમાન એ છે કે આદિજાતિ ખ્રિસ્તી ધર્મમાં રૂપાંતરિત થાય તો આદિજાતિની સ્થિતિ ચાલુ રહેશે. *– Live Law -Internet*

## દલિત સંમેલન

**બેંગલુરુઃ** નેશનલ બિબલિકલ કેટેકેટિકલ એન્ડ લિર્ટજિકલ સેન્ટર(N.B.C.L.C.) મુકામે તા. ૧૩-૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ દક્ષિણ એશિયન દલિત ખ્રિસ્તી સંમેલન યોજવામાં આવેલ. જેમાં દલિત ખ્રિસ્તીઓ, પુરોહિતગણ, ધર્માધ્યક્ષશ્રીઓ તથા કર્મશીલોએ ભાગ લીધો હતો. કાર્ડિનલ પીટર કૉડર્વા ટર્કસન, ઈન્ટિગ્રલ હ્યુમન ડેવલોપમેન્ટના પ્રીફેક્ટ-વેટિકન સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. ઈસુસંઘી ફાધર ડૉ. સેલ્વા અને ફાધર ડૉ. મારિયા અરૂલ રાજા જેઓ દલિત અગ્રણી છે, તેઓએ ધર્મશાસ્ત્રના દૃષ્ટિકોણથી સંમેલનને સંબોધન કરેલ.

નેપાળ, શ્રીલંકા, પાકિસ્તાન, મલેશિયા, સિંગાપુર અને બાંગ્લાદેશમાંથી આવેલ દલિત ખ્રિસ્તીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. કંધમાલમાં ખ્રિસ્તી વિરોધી હિંસામાં બચી ગયેલા શ્રદ્ધાળુઓએ પણ પોતાની વ્યથા અત્રે ઠાલવી હતી. 'દલિત' શબ્દનો ઉલ્લેખ ભારતની પ્રાચીન જાતિ વ્યવસ્થા હેઠળ 'અસ્પૃશ્ય' એવો થાય છે. જોકે સને ૧૯૪૯ થી ભારતીય બંધારણ દ્વારા જાતિ ભેદ સત્તાવાર રીતે નાબૂદ કરવામાં આવેલ છે. ભારતના સૌથી વધુ ગરીબ સમુદાયોમાં દલિતો જોવા મળે છે. દલિતો મોટાભાગે સામાજિક, રાજકીય અને આર્થિક રીતે વંચિત જૂથો છે. 'દલિત' મુદ્દાને વારંવાર વિવાદાસ્પદ માનવામાં આવે છે.

*– મેટર્સ ઈન્ડિયા*

## આંધ્રપ્રદેશ-મુખ્યમંત્રીશ્રી દ્વારા બિલ

**નવી દિલ્હીઃ** આંધ્રપ્રદેશનાં મુખ્યમંત્રીશ્રી દ્વારા તા. ૭-૨-૧૯ ના રોજ દલિત ખ્રિસ્તીઓને અનુસુચિત જાતિમાં સમાવવા માટે વિધાનસભામાં એક બિલ રજૂ કરવામાં આવેલ છે. ભારતીય કેથોલિક ધર્માધ્યક્ષ સંમેલન(સી.બી.સી.આઈ.) કાર્યાલય દ્વારા આ પગલાનું સ્વાગત કરવામાં આવેલ છે. સી.બી.સી.આઈ. પરિષદના એસ.સી./બી.સી. કાર્યાલયના રાષ્ટ્રીય સચિવ ફાધર દેવસગાયારાજ એમ. જકરિયાએ મેટર્સ ઈન્ડિયાને જણાવ્યું હતું કે, 'એસ.સી.ની સૂચિમાં દલિત ખ્રિસ્તીઓને સમાવવાના પગલાંને સમર્થન આપવામાં આવે છે. એસ. સી.ની સૂચિમાં દલિત ખ્રિસ્તીઓને સમાવવાની યોજના ઘણાં સમયથી વિચારધીન હતી જે હવે વાસ્તવિક બનવા જઈ રહી છે.' સને ૧૯૫૦ રાષ્ટ્રપતિના આદેશ મુજબ દલિત ખ્રિસ્તીઓ માટે શૈક્ષણિક અને રોજગારના પ્રાવધાનો તથા અનામત ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ હતો. ત્યારથી ભારતીય ધર્મસભા દ્વારા આ નીતિ બદલવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ અનેકવાર માંગણી કરવામાં આવેલ છે. સંસદમાં નીતિ બદલીને ખ્રિસ્તીઓને આરક્ષણનો લાભ મળવો જોઈએ. તેલુગુ કેથલિક ધર્માધ્યક્ષ સંમેલનના ઉપસચિવ ફાધર જોસેફ અર્વાગડાએ દલિત ખ્રિસ્તીઓને એસ.સી.નો દરજ્જો આપવા માટે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી દ્વારા જે પગલાં ભરવામાં આવ્યાં છે તેની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, 'આ નવી વાત નથી. અગાઉ સને ૨૦૦૯માં તત્કાલિન મુખ્યમંત્રી રાજશેખર રેડીએ આ બાબતનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલ્યો હતો.' *– મેટર્સ ઈન્ડિયા*

## સાધ્વીબેનને જીજાબાઈ પુરસ્કાર

**નવી દિલ્હીઃ** સિસ્ટર એની (ફ્રાંસિસ્કન મિશનરી)ને દસમો જીજાબાઈ એવોર્ડ આપવામાં આવેલ છે. આ એવોર્ડ ગ્રામ્ય વિસ્તારનાં ગરીબ લોકો મધ્યે અસરકારક કાર્ય માટે આપવામાં આવે છે. શિવાજી કોલેજ મહિલા વિકાસ વિભાગ, દિલ્હી યુનિવર્સિટી દ્વારા તા. ૧૬-૧-૨૦૧૯ ના રોજ 'જાતિ સમાનતા, સમસ્યાઓ અને પડકારો' પર એક આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. આ એવોર્ડ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સેક્રેટરી, મુખ્ય મહેમાન રાકેશ શ્રીવાસ્તવ અને અર્પણા ફાઉન્ડેશનના સ્થાપક અર્પણા નમ્બિનદાન દ્વારા આપવામાં આવેલ.

સિસ્ટર એની, જીસસ મેરી 'જીવન ઝરણા વિકાસ સંસ્થા'નાં ડિરેક્ટર છે. સિસ્ટરને એવોર્ડ આપતાં કોલેજે જણાવ્યું હતું કે, સિસ્ટર એની એ છત્તીસગઢમાં બાળ વેપારની પ્રવૃત્તિઓનો વિરોધ કરીને અસરકારક કાર્ય કરેલ છે, તે ઉપરાંત મહિલાઓની સંભાળ અને કાળજી રાખી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મહિલા આર્થિક સશક્તિકરણ તરફ ઘણો મોટો ફાળો આપેલ છે. તેમનાં કાર્યોથી ઘણી મહિલાઓ અને છોકરીઓને નવી જિંદગી અને નક્કર ધ્યેય મળ્યા છે. *– મેટર્સ ઈન્ડિયા*

**ઈસુ કેરા ચરણે ક્રૂસનું જીવનતરુવર ખીલ્યું રે, એનાં ફળ લઈ છાંયે રહીએ, ધન્ય કરીએ જીવ્યું રે. – કીર્તનસાગર–૨૮૪**


**લગ્ન પ્રમાણપત્ર MARRIAGE CERTIFICATE**

મફત લગ્નની નોંધણી કરાવવા આજે જ સંપર્ક કરો. ● ઘેર બેઠાં કુરિયર દ્વારા લગ્ન પ્રમાણપત્ર માત્ર રૂા. ૫૦૦/-માં. ● વીઝા, L.I.C., પેન્શન, આધારકાર્ડ, જન્મ-મરણનો દાખલો, સ્કૂલ પ્રવેશ વગેરે માટે નોંધાયેલ લગ્ન પ્રમાણપત્ર રજૂ કરવું ફરજિયાત છે. ● લગ્ન પ્રમાણપત્રમાં ભૂલ હોય, નામ કે અટકમાં સુધારો અથવા કોઈપણ સુધારા કરાવી આપવામાં આવશે. ● નહીં નોધાયેલ કે પાળક દ્વારા નોંધણી કરાવવાની રહી ગયેલ હોય તે લગ્ન પ્રમાણપત્રને જૂની તારીખમાં નોંધણી કરાવી સરકારી લગ્ન પ્રમાણપત્ર મેળવો. ● પાળક સાહેબ, સિનિયર સિટિઝન અને વકીલ મિત્રોને મફત સહાય આપવામાં આવશે. ● **પાસપોર્ટ માત્ર રૂા. ૧૮૦૦/-માં ફી સહિત મેળવો. ● JACOB CHRISTIAN : 73593 19101**

*5-A, Republic Christian society, Nr. Beulah Alliance Church, Maninagar (east) Ahmedabad-380008*

**સરકાર માન્ય લગ્ન-સર્ટી**

**ગુજરાત સરકાર માન્ય એવા ખ્રિસ્તી લગ્ન રજીસ્ટ્રાર દ્વારા ખ્રિસ્તી લગ્ન વિધિથી લગ્ન કરાવી, દેશ–વિદેશની સરકારી કચેરીઓમાં સ્વીકૃત એવું લગ્ન–પ્રમાણ પત્ર મેળવવાં.**

**: સંપર્ક કરો :**

**S.R. Christian (Mo.) 74878 23333**

# ધર્મગુર્જરી

## વિશ્વ દિવ્યાંગ દિન

**કઠલાલઃ** દર વર્ષે ૩ જી ડિસેમ્બરના રોજ સમગ્ર વિશ્વ દિવ્યાંગ દિન તરીકે ઉજવે છે. આ વર્ષે શ્રી વી.એસ. ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ - કપડવંજ અને આર.સી. મિશન શાળા ભાનેર - કઠલાલના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં વિશ્વ દિવ્યાંગ દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં ૧૦૦ જેટલાં દિવ્યાંગ ભાઈબહેનો હાજર રહ્યાં હતાં. સમારંભના અતિથિ વિશેષ તરીકે શાળાના મેનેજર ફાધર અરુલાનંદ અને પ્રમુખ તરીકે નગરપાલિકાના પ્રમુખશ્રી પ્રશાંતભાઈ ડી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સમાજ આપણાં જ દિવ્યાંગ ભાઈબહેનો પ્રત્યે સંવેદનશીલ બને, તેમના અધિકારોનું રક્ષણ કરે, તેમની સુખાકારીની ચિંતા કરવામાં આવે એવા ઉદ્દેશથી આ ઉજવણી કરવામાં આવી હતી. હાજર દિવ્યાંગ ભાઈબહેનોએ ભવાઈ, નાટિકા, ગરબો તથા સોલો સિંગિંગ દ્વારા પોતાનામાં પડેલી સુષુપ્ત શક્તિઓનો પરિચય આપ્યો હતો. મહેમાનોએ તેઓને અભિનંદન આપ્યાં હતાં અને હજુ આગળ વધવા શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમને અંતે સાથે ભોજન લઈ સૌએ વિદાય લીધી હતી.

*— પરમાર વિજય એમ.*

## પુણ્યતિથિ પર્વે કન્યા ઉત્થાન

**આણંદઃ** 'સંત ફ્રાન્સિસ ઝેવિયરની નાની દીકરીઓનો સંઘ' દર વર્ષે સંઘનાં સ્થાપિકા સ્વ. સિસ્ટર મારિયા ઝાવિયરની પુણ્યતિથિ- ૧૨ ડિસેમ્બર ૧૯૯૬-ને વિશેષ રીતે ઉજવે છે. આ વર્ષે ૧૬ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ સંઘ સંચાલિત સાત છાત્રાલયમાંથી પધારેલ અંદાજે ૪૫૦ યુવતીઓ, ધર્મવિભાગમાં કાર્યરત સંગઠનના સભ્યગણ, આમંત્રિણ મહેમાનોની ઉપસ્થિતિમાં સ્થાપિકાની પુણ્યતિથિની ઉજવણી સવિશેષ રીતે કરવામાં આવી. ઉજવણીના આરંભે ખેડા સોશ્યલ સર્વિસ સોસાયટી (કે.એસ.એસ.એસ.) ના યુવા નિયામક ફાધર જગદીશ મેકવાને ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો, જેમણે શ્રદ્ધાની પરિપૂર્તિ માટે ઈસુનાં જીવનમૂલ્યો જીવનમાં અપનાવવા અનુરોધ કર્યો હતો. ઘર, શાળા, છાત્રાલય, સમાજ વગેરે ઠેકાણે શુભસંદેશનાં મૂલ્યો જ પરમસુખ માટે ચાવીરૂપ છે; એવો સંદેશ તેમણે આપ્યો હતો.

નેતા-અભિનેતા પાછળ પાગલ બનતી પ્રજાને સાચો રાહ ચીંધવા હાજર યુવતીઓએ 'સાચો નેતા ઈસુ' વિષયને કેન્દ્રમાં રાખી નાટક, નૃત્યનાટિકા, રાસ, ગરબા વગેરેની શ્રદ્ધા પ્રેરિત રજૂઆત કરી હતી, જેમાં ઈસુના નેતૃત્વનાં વિવિધ પાસાં-દયાવાન, ભલો ભરવાડ, સાંભળનાર, માફી દેનાર, પ્રેમપાન કરાવનાર, ખોટે માર્ગે ગયેલાંને સન્માર્ગે વાળનાર, વેર ન લેનાર, હંમેશા બધાનું ભલું કરનાર, દીનદુઃખીઓને પડખે રહેનાર, માંદાઓને સાજાપણું અને મરેલાંને જીવનદાન આપનાર, માનવજાતને પાપથી મુક્ત કરવા જાતનું બલિદાન આપનાર-કલાત્મક રીતે રજૂ થયાં હતાં.

સંઘની સ્થાપના ૧૯૩૬થી આજીવન સ્ત્રીપુરુષ, અબાલવૃદ્ધને ઘેર ઘેર ગામેગામ ઈસુના શુભસંદેશની ઘોષણા માટે જીવન સમર્પિત કરનાર સ્થાપિકાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાની આથી રૂડી રીત બીજી શી હોઈ શકે ? મહિલા ઉત્કર્ષના ધ્યેયને વરેલા આ મિશનરી સંઘે આ પ્રમાણે સ્થાપિકાને અનુસરીને ઈસુના શિક્ષણને ઉજાગર કરવાનો સફળ કીમિયો ગુજરાતની ધર્મસભામાં દર્શાવ્યો છે. સૌને અભિનંદન. *— સિ. ખલક એલ.ડી.*

## 'દૂત વંદના' દેવાલયનું લોકાર્પણ

**કંથારિયા(આંકલાવ):** ૨૫ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ બોગોનિયાનાં માતા મરિયમના નામે પ્રસિદ્ધ 'દૂત વંદના' દેવાલયનું લોકાર્પણ અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષ રત્નાસ્વામીના હસ્તે કરવામાં આવ્યું. જૂના ખંડિત થયેલા દેવળના સ્થાને નવનિર્મિત દેવાલયનું ધર્મજનોનું સપનું જાણે સાકાર થયું હતું. ફાધર યોહાકીમ સિવિયાકે ઈ.સ. ૧૯૮૦ માં સૂર્યનગર હાઉસિંગ સોસાયટીના બાંધકામ સાથે જ આ દેવળનું નિર્માણ કર્યું હતું. પ્રારંભમાં ગ્રામપંચાયતથી શોભાયાત્રાનો આરંભ થયો હતો, જેમાં ધર્માધ્યક્ષ સાથે ગામના જ સપૂત ફાધર નગીન પરમાર એસ. જે. સુશોભિત બગીમાં બિરાજમાન હતા, આગળ છોટાઉદેપુરના વિદ્યાર્થીઓ રાઠવા નૃત્ય સાથે ધર્મજનો ભજનો ગાતા-નાચતા નૂતન દેવળે પધાર્યા હતા. જ્યાં ફાધર સિવિયાકે રીબિન કાપી નૂતન દેવળનાં દ્વાર શ્રદ્ધાળુઓ માટે ઉઘાડ્યાં હતાં. ધર્માધ્યક્ષશ્રીએ દેવળની દીવાલો અને વેદીને આશીર્વાદ આપ્યા હતા. ધર્માધ્યક્ષશ્રીની આગેવાનીમાં ખ્રિસ્તયજ્ઞમાં ૪૦૦ થી વધારે શ્રદ્ધાળુઓ જોડાયા હતા. દેવળના નિર્માણથી નૂતન નિર્માણ સુધીનો ટૂંકો ઈતિહાસ અહેવાલ સ્વરૂપે રજૂ કર્યો હતો. ત્યારબાદ ગામ-ધર્મવિભાગમાં કાર્યરત પુરોહિતગણ-સાધ્વીબહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આંકલાવ ધર્મવિભાગના સભાપુરોહિત ફાધર હિલેરી પરેરાએ શ્રદ્ધાળુઓને શ્રદ્ધામાં સતત અભિવૃદ્ધિ કરવા સંદેશ આપ્યો હતો. ગ્રામજનોના મિત્ર અને દેવળના દાતા રેવ. બ્રધર જીસસ યુગાલ્દેના સ્વાસ્થ્ય માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. ઉદ્‌ઘાટન સમારોહમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર આપનાર સૌ પ્રત્યે આભાર વ્યક્ત કરતાં, સુરુચિપૂર્ણ ભોજન સાથે ઉજવણીનું સમાપન થયું હતું. *— જે.પી. શાહ*

## બાઈબલ અધિવેશન - પ્રભુ મિલન

**બાકરોલ(કરમસદ):** કોઈનોનિયા જોન ધ બાપ્ટિસ્ટ પ્રેમ મંદિર ખાતે ૧,૨,૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ બાઈબલ અધિવેશન યોજાયું, જેનું સંચાલન પોટ્ટા-કેરલના સીનિયર ફાધર બૉબી અને વિન્સેન્શિયન ટીમે કર્યું હતું. જીવનમાંથી ડર દૂર કરી, ખ્રિસ્તિજનના આધારકાર્ડ-આનંદને આત્મસાત કરવા ફાધરે સંદેશ આપ્યો હતો. સાંપ્રત સમાજમાં બળાત્કાર, ગર્ભપાત, છૂટાછેડા, આત્મહત્યા, માબાપનો અનાદર, અનૈતિક સંબંધ જેવાં પાપ પ્રચલિત છે, જેણે ઘર-સમાજને ખોખલો બનાવ્યો છે ! પ્રાયશ્ચિત દ્વારા આ બધાં પાપથી દૂર થવા તેમણે અનુરોધ કર્યો હતો. તદુપરાંત પવિત્ર ગુલાબમાળાની ભક્તિ, દિવ્ય દયાની ભક્તિ, બાઈબલ વાંચન વગેરેથી પરિવાર શાંતિ, પ્રેમ અને આનંદની અનુભૂતિ કરવા આગ્રહ કર્યો હતો. છેલ્લા દિવસે સ્ત્રીપુરુષ અબાલ વૃદ્ધ સૌ માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી.

અધિવેશન દરમિયાન પ્રથમ, બીજા અને ત્રીજા દિવસે અનુક્રમે ધર્માધ્યક્ષ રત્નાસ્વામી, ધર્માધ્યક્ષ દેવપ્રસાદ ગણાવા(ઉદેપુર) અને મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાને ખ્રિસ્તયજ્ઞ

અર્પણ કરી ધર્મજનોને પ્રોત્સાહન આપ્યું હતું. આ પ્રસંગે ૧૧ પરિવાર અને એક બહેને, કોઈનોનિયા જોન ધ બાપ્ટિસ્ટ સમુદાયમાં સમર્પિત જીવન માટે વ્રત ધારણ કર્યા હતાં. આ અધિવેશનમાં મણિનગર, સી.ટી.એમ.-અમદાવાદ, ગામડી-આણંદ, નડિયાદ તથા ખંભાતના શ્રદ્ધાળુઓએ ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો. *– જયંતીભાઈ ભાટિયા*

## યુથ સેમિનાર

**અમદાવાદ :** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, એરિયા કાઉન્સિલ અમદાવાદ દ્વારા અમદાવાદ શહેરમાં કાર્યરત કોન્ફરન્સનાં કાર્યક્ષેત્ર-મણિનગર, ગોમતીપુર, વટવા, નવરંગપુરા, લોયોલા, થલતેજ, સાબરમતી અને મિરઝાપુર-ના યુવાવર્ગ માટે ૩ જી ફેબ્રુઆરી ૨૦૧૯ રવિવારના રોજ, ચર્ચ હોલ, મિરઝાપુર-અમદાવાદ ખાતે એક દિવસનો યુથ સેમિનાર યોજાયો, જેમાં ૧૦૮ યુવક-યુવતીઓએ હાજરી આપી હતી. સવારે રજિસ્ટ્રેશન, ચા-નાસ્તા બાદ સેમિનારનો આરંભ થયો. પ્રાર્થના, દીપ પ્રાગટ્ય બાદ કાઉન્સિલના સેક્રેટરી બ્રધર કેતન પરમારે સૌનો આવકાર કર્યો હતો. કાઉન્સિલના પ્રમુખશ્રી બ્રધર રાજેશ ગ્રેગોરે પ્રારંભિક પ્રવચનમાં યુથ સેમિનારનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો હતો. સેન્ટ જોસફ કોન્ફરન્સ-મણિનગરના પ્રમુખશ્રી બ્રધર ઈમાનુએલ ક્રિષ્ટીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યુવાનોને આગળ વધવા શીખ આપી હતી. સેન્ટ્રલ કાઉન્સિલના પ્રમુખ બ્રધર દાનિયેલ ક્રિષ્ટીએ યુવાનોને મંડળમાં જોડાવા આમંત્રણ પાઠવ્યું હતું. સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ-મિરઝાપુરના આચાર્ય ફાધર ટાઈટસ ડી'કોસ્ટાએ પોતાના ઘર-ધર્મવિભાગના વિન્સેન્શિયન વારસાની ગૌરવભેર વાત કરી, યુવાવર્ગને આ કામ ઉપાડી લેવા હાકલ કરી.

એરિયા કાઉન્સિલના આધ્યાત્મિક સલાહકાર અને 'ગુર્જરવાણી'ના નિયામક ફાધર અશોક વાઘેલા એસ.જે. એ મીડિયા ક્ષેત્રે સભાનતાથી વર્તવા આગ્રહ કર્યો હતો. 'રે ઓફ લાઈટ' સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને નવરંગપુરા કોન્ફરન્સના બ્રધર માઈકલ પોલે 'જીવન શું છે ?' વિષય પર વિશદ રીતે રજૂઆત કરી, યુવાવર્ગને ભરપટ્ટે જીવવા પ્રોત્સાહન આપ્યું. બપોરે ભોજન બાદ પોતાના અતિ વ્યસ્ત કામકાજ વચ્ચે પણ માનનીય ધર્માધ્યક્ષ રત્નાસ્વામીએ યુવાવર્ગને મુલાકાત આપી આશીર્વાદ આપ્યા હતા. ભોજન બાદ યુવાવર્ગને આઠ ટુકડીમાં વહેંચી 'યુવાવર્ગ પર મીડિયાનો પ્રભાવ' પર જૂથ ચર્ચાનું આયોજન કર્યું હતું, જેના અંતે યુવાવર્ગે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. સેમિનારના અંતિમ ચરણમાં ફાધર અશોક વાઘેલા એસ.જે.એ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. આભારવિધિ અને અંતિમ પ્રાર્થના બાદ સૌ આનંદિત વાતાવરણમાં છૂટા પડ્યા હતા. આ સેમિનારમાં કોન્ફરન્સના પ્રમુખો અને સેન્ટ્રલ કાઉન્સિલના હોદ્દેદારો, વિશેષમાં મહિલા સંયોજક સિસ્ટર ફિલોમીના ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન બ્રધર કેતન મેકવાન સેક્રેટરી તથા કાઉન્સિલના ટ્રેઝરર બ્રધર ડેનિસે કર્યું હતું.

*– સિરિલ મેકવાન*

**શું આપને 'દૂત' નથી મળ્યો ? બની શકે આપનું લવાજમ બાકી ના હોય ! 'દૂત'નું લવાજમ ભરવા સત્વરે 'દૂત' કાર્યાલય અથવા 'દૂત' સ્વયંસેવકનો સંપર્ક કરો.**



# કરુણામયી માતા
# આધ્યાત્મિક કેન્દ્ર - નગરા

Karunamayi Mata, Spirituality Centre, Nagra - 388 620,
Ta. Khambhat, Dt. Anand, Phone : 02698 223256

**આરાધના : તા. ૧૬ માર્ચ ૨૦૧૯ શનિવાર**
**ફાધર જીમી ડાભી એસ.જે. દ્વારા ચલાવવામાં આવશે.**



| આરાધના રિટ્રીટ નવલા રૂપમાં | |
|---|---|
| રાત્રિ આરાધના<br>દર મહિનાના ત્રીજા શનિવારે<br>રાત્રે ૧૦:૦૦ થી સવારના ૪:૦૦ સુધી | રિટ્રીટ<br>દર મહિનાના ચોથા અઠવાડિયે<br>શુક્રવાર સાંજથી રવિવાર બપોર સુધી |
| માર્ચ ૨૦૧૯<br>તા. ૧૬ | માર્ચ ૨૦૧૯<br>તા. ૨૨ સાંજથી તા. ૨૪ બપોર સુધી |
| આરાધના માટે દૂરથી આવનાર વ્યક્તિઓ માટે સાંજે જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. સંખ્યા અગાઉથી જણાવવા વિનંતી. | |
| (વિના મૂલ્યે આરાધના - રિટ્રીટ ચલાવવામાં આવશે. સૌ કોઈને ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે. દરેકની ક્ષમતા મુજબ દાન સ્વીકારવામાં આવશે.) | |

**ફાધર ઈગ્નાસ કાનિસ એસ.જે.**

**ફાધર ડેનિયેલ આરોગ્યદાસ એસ.જે.**
**મો. ૮૮૪૯૦૧૦૩૧૭**
**નગરા જેસ્યુટ પરિવાર**

**સિસ્ટર જ્યોતિકા એલ.ડી.**
**મો. ૯૭૧૪૧ ૩૬૪૫૭**
**અને મંગલ જ્યોત કમ્યુનિટી, નગરા**

**કરુણામયી માતા આધ્યાત્મિક કેન્દ્ર,**
**નગરા - ૩૮૮ ૬૨૦ તા. ખંભાત, જિ. આણંદ**

# માનવ ગૌરવ દિન

અમદાવાદ ધર્મપ્રાંતના સમાજ સેવા એકમ, ખેડા સોશ્યલ સર્વિસ સોસાયટી દ્વારા, તેના સ્થાપના દિન ૩ જી ફેબ્રુઆરી ૧૯૬૭ની ઉજવણી દર વર્ષે 'માનવ ગૌરવ દિન' તરીકે કરવામાં આવે છે. આ દિવસ વાર્ષિકોત્સવ, ઉપરાંત છેલ્લાં દસ વર્ષથી માનવ ગૌરવ અર્થે યશસ્વી કામગીરી કરનાર વ્યક્તિ કે સંસ્થાને 'માનવ ગૌરવ પુરસ્કાર' એનાયત કરી સમાજ સેવા પ્રત્યે કટિબદ્ધતાને બેવડાવે છે. આ વર્ષે ૬ ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ ટાઉન હોલ-આણંદ ખાતે સોસાયટીના ગરીબ અને વંચિત સમુદાયના સામાજિક વિકાસ કામનાં બાવન વર્ષ પૂરા થયાંની ઉજવણી, અંદાજે સાતસો લોકોની ઉપસ્થિતિમાં ભારે દબાદબાભેર કરવામાં આવી.

મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો. સંસ્થા સંચાલિત જગપ્રકાશ કન્યા છાત્રાલય - પણસોરાની બાળાઓએ પ્રાર્થનાનૃત્ય અને માધુર્યભુવન - બાપુનગર, અમદાવાદની દિવ્યાંગ બાળાઓએ સ્વાગત નૃત્ય રજૂ કર્યું. સંસ્થાના નિયામક ફાધર જગદીશ મેકવાને, 'માનવ ગૌરવની અનિવાર્યતા કેમ ?' પર પોતાના વિચાર રજૂ કરી, માનવ ગૌરવ દિનનું મહત્ત્વ સમજાવ્યું : 'ઈશ્વરે દરેક વ્યક્તિને પોતાની પ્રતિમૂર્તિરૂપ ઘડ્યા છે, એ ગૌરવની જાળવણી કરવી જ રહી. હાલમાં માનવસમાજ ગરીબ-અમીર, ઊંચ-નીચ, સ્ત્રી-પુરુષના ભેદભાવમાં વહેંચાઈ ગયો છે, ત્યારે કોઈપણ કારણસર તેના ગૌરવને ઝાંખપ લાગી છે. આ પરિસ્થિતિમાં માનવને પુનઃગૌરવ મળે એ સંસ્થાનો પ્રયાસ છે. જે અવિરત ચાલુ રાખવા સંસ્થા કૃતનિશ્ચયી છે,' આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ રેવ. ફાધર રોકી પિન્ટોએ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને સંસ્થાના કાર્યકરોએ પ્રત્યેકને ફૂલછોડ અને શુભેચ્છા કાર્ડ આપી સન્માન કર્યું હતું. શ્રીમતી તરલા પરમારે સંસ્થાનો ગતવર્ષની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો.

માનવ ગૌરવદિન નિમિત્તે અતિથિ વિશેષ તરીકે પધારેલા ઓલ ઈન્ડિયા પ્રેસિડેન્ટ, ગ્લોબલ ઈમામ કાઉન્સિલશ્રી ઈમામ મૌલાના લુકમાન તારાપુરીએ, વેરઝેર અને દ્વેષભાવની આ દુનિયામાં ભાઈચારા અને પ્રેમભાવની સ્થાપના માટેની સંસ્થાની કામગીરીની પ્રશંસા કરી હતી અને સેવાયજ્ઞમાં સહકાર આપવા પોતાના તરફથી ખાતરી આપી હતી. અન્યત્ર રોકાણને કારણે તેમણે સંદેશ પૂરો કરી અત્રેથી વિદાય લીધી હતી. આ પ્રસંગે સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ અમદાવાદના વાઈસ પ્રેસિડેન્ટ અને શતાયુ પાવન હૃદય 'દૂત' સામયિકના તંત્રીશ્રી જસવંત મેકવાને માનવ ગૌરવ વિજેતા




સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલનો સામાન્ય પરિચય આપ્યો હતો : 'આ મારા ભાઈઓમાં અદનામાં અદના માટે જે કાંઈ કર્યું છે, તે મારે માટે જ કર્યું છે.' (માથ્થી ૨૫:૪૦) બાઈબલનું વચન પ્રત્યેક વિન્સેન્શિયનનું સૂત્રવિધાન છે. મંડળના સભ્ય પરમેશ્વરને પૂરા દિલથી ચાહીને એ જ પ્રેમ જરૂરિયાતમંદ પ્રત્યે પ્રદર્શિત કરે છે. તેઓ ગરીબોમાં પ્રભુનો ચહેરો નિહાળે છે. કચડાયેલા, શોષિત, પીડિત માનવીની મુલાકાત અને સહાય એ મંડળનું પ્રાથમિક અને પ્રમુખ સેવાકાર્ય છે. અદના માનવીને પ્રભુના પ્રેમની અનુભૂતિ કરાવવી એ સભ્યની જીવનતરાહ છે. સંસ્થાએ, ગરીબો મધ્યે કાર્યરત મંડળને પુરસ્કાર અર્પણ કરી, માનવ ગૌરવ વધાર્યું છે. જીવનના સૂર્યાસ્ત પહેલાં દયાકૃત્ય દ્વારા અજવાળુ ફેલાવવા તેમણે સૌને આ પ્રસંગે અનુરોધ કર્યો હતો.

મંડળ વિશે જાણકારી રજૂ થયા બાદ સંસ્થાના પ્રમુખ માનનીય ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામી (અમદાવાદ ધર્મપ્રાંત)એ હાલમાં આણંદ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા જિલ્લામાં સેવારત સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ અમદાવાદ-ગુજરાતની નિઃસ્વાર્થ સેવાને બિરદાવવા આ વર્ષનો માનવ ગૌરવ પુરસ્કાર, કાઉન્સિલ વતી તેના પ્રમુખશ્રી દાનિયેલ ક્રિસ્ટીને અર્પણ કર્યો હતો વિશેષમાં શાલ, પ્રમાણપત્ર અને રૂા. ૨૦,૦૦૦ નો ચેક પણ પ્રમુખશ્રીએ સમગ્ર વિન્સેન્શિયન પરિવાર વતી સ્વીકાર કર્યો હતો. પ્રતિભાવમાં પ્રમુખશ્રીએ આ સન્માન માટે સંસ્થાનો જાહેર આભાર માન્યો હતો. આ પ્રસંગે સંસ્થાના સંસ્થાપક અમદાવાદ ધર્મપ્રાંતના તત્કાલીન ધર્માધ્યક્ષશ્રી સ્વ. એડવિન પિન્ટો શિષ્યવૃત્તિ, સંસ્થાના કાર્યક્ષેત્રની ૬૦ જેટલી બાળાઓને રૂા. ૮૭૦૦૦/- એનાયત કરી હતી. વાર્ષિક દિન પ્રસંગે જિલ્લાના અધિક આરોગ્ય અધિકારી શ્રી ઘનશ્યામદાન ગઢવી, મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા અને સંસ્થાને માનવસેવા માટે અભિનંદન પાઠવ્યા હતાં. અંતમાં સંસ્થાના પ્રમુખશ્રીએ આશીર્વચનમાં માનવ ગૌરવ વિજેતા મંડળ અને માનવસેવામાં બાવન વર્ષથી અવિરત કાર્યરત સંસ્થાને અભિનંદન પાઠવી, નવા જોમથી આગળ ધપવા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ તથા સમગ્ર વિન્સેન્શિયન પરિવારે હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

Travel with Registered Travel Agent
Passport Expert®
Your Favorite Travel Company
(M) 94290 29021
www.PassportExpert.in
દુબઈ સાથે ₹ 1,25,000*
દુબઈ વિના ₹ 99,000*
ઈઝરાયેલ, જોર્ડન, ઈજીપ્ત, દુબઈ
પ્રવાસ દિવસ-12
✝ 11N-12D રોકાણ થ્રી સ્ટાર હોટેલ
✝ ચાર દેશોનો સમાવેશ
✝ જોવાલાયક દરેક સ્થળોનો સમાવેશ
✝ બ્રેકફાસ્ટ, લંચ, ડીનર
✝ ટ્રાવેલ-મેડીકલ ઇન્સ્યોરન્સ
✝ એર ટીકીટ, ટુરીસ્ટ વીઝા
✝ કોઈપણ છુપા ચાર્જ નહી.
Address : Above Jay Jalaram Nasta House, Juna Rasta, ANAND
પાસપોર્ટના કોઈપણ પ્રકારના પ્રોબ્લેમનો નિકાલ કરી આપીશું.

## લગ્ન વિષયક

**ગુજરાતી કેથોલિક યુવક ઉં.વ. ૩૪, ગવર્નમેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલમાં સરકારી શિક્ષકની નોકરી, હેન્ડસમ, વેલસેટ ફેમિલી, સંસ્કારી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.**

**મો. ૮૮૬૬૬ ૬૯૧૨૮**

ત્રેપનમા માનવ ગૌરવદિન પ્રસંગે સંસ્થાના કાર્યક્ષેત્રમાંથી બાળકો, યુવતીઓ, મહિલાઓએ તત્કાલીન સમસ્યાઓના સંદર્ભે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સંદેશ આપ્યો હતો. ૨૨ ગામમાં સક્રિય પાડોશી બાળસંસદના બાળશાંતિ દૂતોએ નિરંતર વિકાસના ૧૭ ધ્યેય પર નૃત્ય નાટિકા રજૂ કરી, જળ-જમીન અને ઊર્જાના સંરક્ષણ, પશુ-પક્ષીઓ તથા જંતુઓની સુરક્ષા તથા પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરવા, સમાજમાંથી અન્યાય અને અસમાનતા દૂર કરવા તેમજ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવા સુંદર રજૂઆત કરી હતી. 'અન્ન અધિકાર' સંદર્ભે કાર્યરત અનારા ગામની બહેનોએ રેશનના પ્રશ્નો પર શેરીનાટક, બ્યુટી સલૂનાઈનો કોર્સ કરતી માતૃછાયા-બાલાશિનોરની યુવતીઓએ 'ગુજરાતી ક્રેઝ' પર નૃત્ય, સંત ઉર્સુલા સેન્ટર - આમોદની બહેનોએ ગરબો રજૂ કર્યો હતો, તદુપરાંત, સાબરમતી - અમદાવાદનાં બાળકોએ દેશભક્તિ નૃત્ય રજૂ કરી, રાષ્ટ્રગીતના ગાન દ્વારા ઉજવણીનું સમાપન થયું હતું. સંસ્થાના નિયામકના માર્ગદર્શન હેઠળ કાર્યકરોના અથાગ સહકારથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો. *- શૈલેષ જે. ખંભાલિયા*

## વડીલ દિનની ઉજવણી

**આણંદ:** તા. ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ રવિવારે ગામડી-આણંદ પેરિશમાં પ્રથમ વખત આણંદ ડીનરી લેવલે વડીલ દિનની ભવ્ય ઉજવણી થઈ. ડીનરીના ડીન ફાધર જસ્ટિન તિરવ્યમ્ (સભાપુરોહિત - ચાવડાપુરા - જીટોડિયા ધર્મવિભાગ)ની પ્રેરણા થકી આ આયોજન શક્ય બન્યું. ગામડી-આણંદ ધર્મવિભાગના સભાપુરોહિત ફાધર મેક્સિમ એસ.જે.એ યજમાની જવાબદારી નિભાવી.

આ પ્રસંગે સમાજ હિતને ધ્યાનમાં લઈ બે વક્તાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રથમ વક્તા શ્રીમતી ઈન્દુરાવે 'લગ્નવિચ્છેદ તથા પરિવારમાં સંતાનોનાં લગ્ન ટકાવવામાં વડીલોની ભૂમિકા' ઉપર મનનીય વક્તવ્ય આપ્યું. તેમણે સમાજમાં બનતા બનાવોનાં ઉદાહરણો દ્વારા વડીલોને માર્ગદર્શન પૂરું પાડ્યું. પવિત્ર શાસ્ત્રનાં વચનો ટાંકી જણાવ્યું કે 'લગ્ન ઈશ્વર નિર્મિત પવિત્ર સંસ્કાર છે.' પતિપત્નીએ ઈશ્વરને કેન્દ્રમાં રાખી મૃત્યુ સુધી એકબીજાને નિભાવી લેવાં. પરિવારમાં ધાર્મિક મૂલ્યોની જાળવણી ઉપર ભાર મૂક્યો. કૌટુંબિક પ્રાર્થના, ગુલાબમાળાની ભક્તિ, ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લેવો. ઈસુ મૂલ્યોથી જ પરિવારમાં એકતા જળવાઈ રહે છે. વડીલોએ અહંકારનો ત્યાગ કરવો પડે. માબાપે દીકરીને બેઝિક રસોઈ કળા તથા સમૂહમાં રહેવાની ભાવના શીખવવી પડે. મારો પરિવાર એ મારો જ પરિવાર છે, આ ભાવના ઊભી થવી જોઈએ.

બીજા વક્તા શ્રી જસવંત મેકવાને(તંત્રીશ્રી, 'દૂત' તથા પ્રમુખશ્રી સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પૉલ, એરિયા કાઉન્સિલ ઓફ ખેડા) 'નિવૃત્તિમાં પ્રવૃત્તિ' વિષય પર સુંદર પ્રકાશ પાડ્યો હતો. 'નવરું મન શેતાનનું ક્રિડાંગણ' એ ફાધર વાલેસનું વિધાન અત્રે યાદ કરાવ્યું હતું. વિશેષમાં વડીલો માટે એકબીજાને પૂરક વિષય પસંદ કરવા આયોજકોને અભિનંદન આપ્યાં હતાં. જેઓ નિવૃત્તિકાળમાં પ્રવૃત્તિશીલ રહે છે તેઓ સંતાનોના દામ્પત્યજીવનમાં નહિવત્ હસ્તક્ષેપ કરે છે, પરિણામે ટકાઉ લગ્ન માટે પ્રોત્સાહક બને છે. નિવૃત્તિમાં આપણે સમાજ અને ધર્મસભાને ઉપયોગી બનીએ. નિવૃત્તિ એટલે મુક્ત જીવન જીવવાનો સમય. આ



મુક્તિનો ઉપયોગ વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાઈને અન્ય માટે કરીએ. સમયાનુસાર આવતા પરિવર્તનને સ્વીકારીએ. 'અમારા જમાનામાં તો...' આવી વાતો બંધ કરીએ.

આજની પેઢીને ભૂતકાળની વાતો સાંભળવામાં રસ કે સમય નથી. પરિવારમાં આપણા વ્યાજનું વ્યાજને, બાળકોને સંભાળીએ. નસીબદારને જ આવી જવાબદારી મળે છે. ઘરમાં કે બજારનાં નાનાં મોટાં કામ કરીએ. વિવિધ મંડળોમાં જોડાઈને યોગદાન આપીએ. વિવિધ કલા શીખીએ, પ્રાણાયામ જેવી હળવી કસરત કરીએ. નિયમિત દવાઓ લઈએ. તેમણે વડીલોને 'ખ્રિસ્તાનુકરણ' પુસ્તક વાંચવા, પવિત્ર બાઈબલનું પઠન કરવા અનુરોધ કર્યો હતો, જે આપણને કોઈપણ સંજોગોમાં જીવન જીવવાનો કિમિયો બતાવે છે. તેમણે નડિયાદના શ્રી રમેશભાઈ જે. પરમારનો પરિચય કરાવ્યો હતો. ૭૮ વર્ષની જૈફ વયે જુવાનને શરમાવે એટલા તેઓ પ્રવૃત્તિશીલ છે. અનેકવિધ સામાજિક, ધાર્મિક, સેવા પ્રવૃત્તિમાં ધન્ય વૃદ્ધાવસ્થાનો પરમાર્થ માટે ભરપટ્ટે ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાત કેથોલિક સમાજ અને સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ તથા સ્થાનિક કબ્રસ્તાન કમિટીમાં તેમની સર્વોત્તમ સેવા મળે છે. આ ઉપરાંત રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે દોડ, કૂદ અને 'ઝડપી ચાલ'માં ચંદ્રક મેળવ્યા છે. પ્રસિદ્ધ અભિનેતા આમીરખાનના 'સત્ય મેવ જયતે' ના દૂરદર્શન પર પ્રસારિત કથાનકોમાંથી વૃદ્ધાવસ્થામાં પણ અભૂતપૂર્વ સિદ્ધિ મેળવનાર વડીલોનાં ઉદાહરણ તેમણે રજૂ કર્યા હતાં. નિવૃત્તિમાં તેમની પ્રવૃત્તિઓ વિશે જણાવી વડીલોને પ્રોત્સાહન આપ્યું હતું.

સીનિયર સિટિઝન ફોરમ ગામડી-આણંદે આ ઉજવણીમાં તમામ જવાબદારી ઉપાડી હતી. આ પ્રસંગે ફોરમની દશ વર્ષની ગતિવિધિઓનો ખ્યાલ આપવામાં આવ્યો. ડીનરીના પ્રત્યેક પેરિશમાં સીનિયર સિટિઝન ફોરમ ઊભું થાય. ડીનરી કક્ષાએ સીનિયર સિટિઝન ફેડરેશનની રચના થાય તેનો વિચાર રજૂ કર્યો. આવા ફોરમ દ્વારા સામાજિક પ્રશ્નો ઉકેલી શકાય. ડીનરીના ડીન ફાધર જસ્ટિને, સીનિયર સિટિઝન ફોરમ, ફાધર મેક્સિમ તથા ઉપસ્થિતિ વડીલોનો આભાર માન્યો તથા ભવિષ્યમાં સારું આયોજન કરવા પ્રતિબદ્ધતા દર્શાવી. ફાધર મેક્સિમે પરિવારમાં ધાર્મિક મૂલ્યો જાળવવા અપીલ કરી. આ પ્રસંગે ફાધર એન્થોની(રેક્ટર ઝેવિયર્સ કમ્યુનિટી, આણંદ), સિ. મેરી ડાભી (મધર જનરલ એલ. ડી.), સિ. આગ્નેસ (સુપીરિયર, પ્રેમજ્યોત કોન્વેન્ટ, આણંદ) તથા ડીનરીના વિવિધ ધર્મવિભાગ ખંભોળજ, લીમડાપુરા, ગામડી-આણંદ, જિસસનગર, ચાવડાપુરા-જીટોડિયા, કરમસદના ૪૫૦ જેટલા વડીલો ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ વિનુભાઈ મકવાણાએ કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પીયૂષ એમ. પરમારે કર્યું. અંતે સમૂહભોજનની મજા માણી સૌએ વિદાય લીધી. *— પીયૂષ એમ. પરમાર*

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. માર્ગરેટબેન થોમાસભાઈ મેકવાન (મણીબેન)**

જન્મઃ ૨૦-૦૬-૧૯૪૨ ★ અવસાનઃ ૦૬-૦૩-૨૦૧૪

પ્રભુ પ્રેમાળ પિતા આપના દિવ્ય આત્માને પરમશાંતિ બક્ષે એવી તમારા વ્હાલા બાળકોની અંતરની પ્રાર્થના.

**લિ. થોમાસભાઈ મેદાર્દભાઈ મેકવાન તથા સહપરિવાર**

*ખ્રિસ્તી મહોલ્લો, ચક્રવતિ ફળિયું, મુ. કરમસદ*

---

**એકત્રીસમી પુણ્યતિથિ** **તૃતીય વાર્ષિક પુણ્યતિથિ**



**સ્વ. મુળજીભાઈ જેઠાભાઈ પરમાર**

જન્મઃ ૦૪-૦૪-૧૯૩૫

અવસાનઃ ૦૭-૦૪-૧૯૮૯

**સ્વ. કાશીબેન મુળજીભાઈ પરમાર**

જન્મઃ ૨૯-૦૯-૧૯૩૯

અવસાનઃ ૨૭-૦૩-૨૦૧૬



પરમપિતા પ્રભુ, આપના આત્માને દિવ્યશાંતિનો અનુભવ કરાવે તથા દિવ્યશાંતિ બક્ષે. એ જ પ્રાર્થના.

**લિ. આપનો સમસ્ત પરિવાર**

---

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સુધાબેન પિયુષભાઈ પરમાર**

જન્મઃ ૧૮-૦૬-૧૯૬૮ ★ અવસાનઃ ૦૬-૦૩-૨૦૧૮

પ્રભુ પિતા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ અમારા અંતરની પ્રાર્થના.

**લિ. પિયુષભાઈ કે. પરમાર**
**રોનિકા, જીનલ, એલ્વીન, વડોદરા**

---

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. રેગીનાબેન પાઉલભાઈ મેકવાન**

**જન્મઃ ૦૬-૦૧-૧૯૪૯**

**અવસાનઃ ૦૬-૦૩-૨૦૧૮**

તારા સ્નેહની હૂંફ ગઈ, સ્મૃતિ માત્ર રહી ગઈ...
નજરો સામે હયાત હતી, આજે તસ્વીર બની ગઈ...
તારા વિના સુરજ તો ઉગ્યો, પણ આકાશ આથમી ગયું,
તારા વિના ફૂલ તો ખિલ્યા પણ આંખો કરમાઈ ગઈ...
ગઈ તું એ રીતે કે ઋતુ બદલાઈ ગઈ અને,
તું એકલી જ આખા ઘરને વેરાન કરી ગઈ...
તારા જીવનની અંતિમ તપઋતુનું તપ કરી,
'પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું' એ દિલાસો આપી ગઈ...
હસતાંમુખે વિદાય લઈ તારા વિના જીવન જીવતા શીખવી ગઈ...
ખાલી હાથે આવ્યા છે, ખાલી હાથે જવાના છે સૌ કોઈ,
એ કુદરતનો કાળક્રમ સમજાવી ગઈ...

**લિ. પાઉલભાઈ જી. મેકવાન તથા દુઃખી પરિવાર**

*પ્રેમલ જ્યોત સોસાયટી, નડિયાદ*

---

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. ઝવેરબેન ઈશ્વરભાઈ પરમાર**

**અવસાનઃ ૨૩-૦૩-૨૦૧૮**

મા તું ભણી ન હતી પણ દુઃખ સામે સંઘર્ષના પાઠ અમને શીખવ્યા હતા. ઝઝૂમવું, આંધી સામે આથડવું ને દુઃખમાં ટકી રહેવું એવું બધું તે અમને કશુંય બોલ્યા વિના શીખવ્યું છે. એટલે આજે તું નથી તોય દુઃખભરી પળોમાં તું યાદ આવીશ, ને અમે સંઘર્ષ કરતાં કરતાં જીતી જઈશું એ જ શ્રદ્ધાંજલિ તને...

**લિ. સમગ્ર પરિવાર**

*ખાનદાસનગર સોસાયટી, પેટલાદ*

---

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જોનભાઈ એસ. મેકવાન (મંડપવાળા)**

જન્મઃ ૦૯-૦૧-૧૯૪૭ ★ અવસાનઃ ૨૭-૦૩-૨૦૧૭

'આ મુસાફરી મેલી એકદિન જાવું જગતને તરછોડી'
જવાનું છે એક દિવસ એકલું અહેસાસ કરાવી ગયા,
અમોને ભૂલા પાડી ભગવાનનાં દરબારમાં પહોંચી ગયા.

**લિ. સવિતા જોનભાઈ મેકવાન તથા સમસ્ત પરિવાર**

*શાહીબાગ, અમદાવાદ*

---

## શ્રદ્ધાંજલિ



**સ્વ. કાન્તિલાલ વિરજીભાઈ ભાટીયા**

જન્મઃ ૨૩-૦૬-૧૯૨૫ ★ અવસાનઃ ૨૩-૦૧-૨૦૧૭

પ્રભુ પિતા આપના દિવ્ય આત્માને શાંતિ આપે પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું એ જ પ્રાર્થના.

**લિ. આપના બાળકો**
**પ્રકાશભાઈ, જ્યોત્સનાબેન, કેયુર-પ્રતિક**
**સ્વ. રેણુકાબેન, રંજનબેન, અનિલાબેન, જ્યોતિબેન, સુનિતાબેન**

---

## ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. છગનભાઈ ખેંગરભાઈ પરમાર**

જન્મઃ ૧૫-૦૮-૧૯૫૩ ★ અવસાનઃ ૧૮-૦૩-૨૦૧૫

પ્રભુ પિતા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી અમારા અંતરની પ્રાર્થના

**લિ. જશોદાબેન છગનભાઈ પરમાર**
**તથા દુઃખી પરિવાર (ફાંગણી - પેટલાદ)**

# સાતમી વાર્ષિક પુણ્યતિથિ

**'પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું'**



**સ્વ. મણીબેન મંગળભાઈ પરમાર**

**સ્વર્ગગમન : ૨૧-૦૨-૨૦૧૨**

**પૂજ્ય મા,**

જીવનભર સખત પરિશ્રમ કરી, ખૂબ જ દુ:ખો સહન કરી, દુ:ખોથી જરા પણ ડર્યા સિવાય શૂન્યમાંથી સર્જન કરી, પરિવારને તમામ રીતે સમૃદ્ધ બનાવી, સૌને સુખ અને શાંતિ આપતાં ગયાં. આપની ઉદારતા, લાગણીશીલ સ્વભાવ, કૌટુંબિક ભાવના નિખાલસતા, સહનશીલતા હૈયામાં અખંડ રહેશે. આપે આપેલ પ્રેમ અને સંસ્કારની સુવાસ સદાય મહેંકતી રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને કાયમ પરમ શાંતિ અર્પે એ જ હૃદયપૂર્વકની પ્રાર્થના

**લિ. રમેશભાઈ એમ. પરમાર**

(નિવૃત્ત ડેપ્યુટી ડાયરેક્ટર સામા. ન્યાય અને અધિ. વિભાગ, ગુજરાત સરકાર)

**નૂતનબેન રમેશભાઈ પરમાર**

**જિજ્ઞાસુ, ઉન્નતિ-પ્રકાશ**

*૧૧, નિલગીરી પાર્ક સોસાયટી, નવજીવન કોલોની પાસે, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરિયા, આણંદ*

## આઠમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. માસ્તર ફિલીપ સ્તાનીશ પરમાર**

**આલોકે આગમનઃ ૧૮-૧૦-૧૯૩૯**

**પરલોકે ગમનઃ ૦૮-૦૩-૨૦૧૧**

સ્નેહીઓને સ્મિત આપી આવકારતું સ્મિત હણાઈ ગયું,
વટવૃક્ષના એ ઘટાદાર મૂળનું અસ્તિત્વ તણાઈ ગયું.
તમારા વ્યક્તિત્વના સંભારણાઓનું સંસ્કારબીજ રોપાઈ ગયું.
પ્રભુની સર્વશ્રેષ્ઠ કલાકૃતિ સમાન વ્યક્તિત્વ પ્રભુને સોંપાઈ ગયું.
દિવ્યતા અને ભવ્યતાની ઝાંખીની આછી લ્હાણી કરાવી ગયું.
તમ છબી આગળ અભિમાન અને ગર્વથી આ શીશ ઝુકાવી ગયું.
દુનિયાના આ માયાજાળમાં અમને પોતાના કરાવી ગયું.
તમારા એકલાનો જ વ્હાલનો સંબંધ અમને એકલા મૂકી ગયું.
ધડકતું રહેતું હતું જે ઘર એ સૂમસામ થઈ ગયું.
જ્યાં મૂકવાનું હતું અલ્પવિરામ ત્યાં પૂર્ણ વિરામ થઈ ગયું.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું એવી આશા
સાથે આપને હરહંમેશ યાદ કરનાર

**આપની દીના અને બાળકો**

*શાંતિનગર સોસાયટી, આણંદ*

## ૧૨મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જયંતીભાઈ ખુશાલભાઈ પરમાર**

**જન્મઃ ૦૧-૦૬-૧૯૪૭**

**અવસાનઃ ૨૮-૦૩-૨૦૦૭**

સંવેદના ક્યાં કોઈ શબ્દોમાં મપાય છે. એ તો વહાલ બની બસ આંખમાં ઉભરાય છે.

વ્હાલા, આપની વિદાયના બાર વરસ દરમિયાન અનેક ચડતી પડતી, સારા અને નરસા પ્રસંગોમાં તમને યાદ કર્યા. આપના આશીર્વાદ થકી ઘરમાં સુખ અને શાંતિ જળવાઈ રહી છે. આપ સદેહે અમારી વચ્ચે નથી, પરંતુ આપનો શબ્દ દેહ હંમેશા અમારી સાથે રહેશે.

'પ્રભુ ઈસુ આપના દિવ્ય આત્માને
પરમશાંતિ આપે એ પ્રાર્થના સહ.'

**આપની યાદમાં**

**આનંદીબેન જયંતીભાઈ પરમાર તથા પરિવાર**

*૪, સફલકુંજ સોસાયટી, નડિયાદ*

## દ્વિતીય પુણ્યતિથિએ સંજુને અશ્રુભરી શ્રદ્ધાંજલિ



સમય પાણીની જેમ વહી જાય છે. દીકરા તું પણ એક પ્રવાહની જેમ આવ્યો અને અમને કિનારે એકલાં અટુલાં રડતાં મૂકીને આગળ નીકળી ગયો. ભૌતિક વિશ્વમાં તું નથી કિન્તુ અમારા સૌના હૃદયમાં હરપળે, હરશ્વાસે સજીવ થઈને રહે છે. અમારા દિલમાં, અમારી વાતોમાં, વાર તહેવારના અમારા ઉત્સવમાં, અમારા વોટ્સએપ સંદેશમાં, બેટા તું સદાય અમારી સાથે જીવંત રહે છે. તારું જતન કરવામાં કંઈ જ કસર ના છોડી દીકરા તોયે અમને છોડીને અમારી પહેલાં ક્યાં ચાલ્યો ગયો ? તારા જવાથી સમસમી ગયું છે પરિવાર. તારું સાંત્વન અમને કોણ દેશે ? દીકરા, તારી ખોટ કદીયે પૂરાશે નહિ. ક્યારે મળશે લાડકવાયો ભાઈ ? ક્યાંથી શોધી લાવીએ વ્હાલસોયા મામા ? પ્રભુ આપના દિવ્ય આત્માને સ્વર્ગનું સુખ અર્પે એ જ પ્રાર્થના.

**પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.**

**સંજય ઈસુદાસ પરમાર ‘સંજુ’**

**આલોક આગમન : ૦૯-૧૦-૧૯૭૮**


**પરલોક ગમન : ૧૩-૦૨-૨૦૧૭**

*‘ઈસુકુંજ’ અનુરાધા સોસાયટી, ગાયત્રી મંદિર પાછળ, ગામડી, આણંદ*

**ફોન નં. ૦૨૬૯૨ ૨૫૫૮૧૮, મો. ૮૮૬૬૨ ૦૫૪૮૫**

**લિ. દુઃખી પરિવાર, ઈસુદાસ બેર્નાદ (પપ્પા)**
**રેગીના ઈસુદાસ (મમ્મી)**
**કુ. સેજલ ઈસુદાસ (બહેન)**
**પ્રકૃતિ નિલેષ - સૃષ્ટિ, સૌમ્ય**
**સોનલ રાકેશ - હેપ્પી, ખુશી**
**પ્રતિમા ક્લેમેન્ટ - ગ્રેસન, લીઝા**

## પ્રથમ દેહવિલય તિથિએ શ્રદ્ધાંજલિ



**જન્મ**
**૨૦-૦૫-૧૯૪૧**

**અવસાન**
**૦૫-૦૩-૨૦૧૮**

**સ્વ. જ્યંતિભાઈ બાભઈભાઈ ડાભી**

**(પીજ, હાલ નડિયાદ)**

‘ઈશ્વરે આપેલું આયખું અમો માટે કર્યું અર્પણ,
નથી કદી અનુભવ્યો થાક, સતત કર્યો પરિશ્રમ,
દિવસ અને રાત ચિંતા કરી, કર્યો અમારો વિકાસ,
રાહ જોઈ અમારી બાળપણને કર્યું છે વ્હાલ,
બેસીને સાથે વિતાવેલું જીવન રહેશે સદૈવ યાદ,
નયન તમારા છબીમાં અમને નિરાવે છે,
મનને પરોયેલું કાર્યમાં હૃદયને હવે કહે છે કે,
નૂર ચહેરાનું ઝાકળ જેમ ઊડે તારા વિચારોમાં,
ભાવિ જાણે અંધારે ઘરમાં તમારી ખોટ છે,
ઈશ્વરને પણ અરજ તારી યાદોમાં જ રાખે અમોને.’
દિવ્ય દયા આપના આત્માને શાંતિ અર્પે.
સૌ પ્રિયજનોને ડાભી પરિવાર વતી પ્રણામ.
‘પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.’

લિ. સવિતાબેન જયંતીભાઈ ડાભી(પત્ની), મીતા - સુરેન્દ્ર -કેવીન (પુત્રી-જમાઈ-દોહિત્ર), પ્રફુલ્લા - ભરત - સેન (પુત્રી-જમાઈ-દોહિત્ર)
સ્વ. કુસુમબેન, જેર્સ્ફડ-ક્રીશ, કેલીન (પુત્રી-જમાઈ-દોહિત્ર), પ્રશાંત-અર્પણા-એલેક્સ (પુત્ર-પુત્રવધૂ-પૌત્ર)
*૯-જૈતુન પાર્ક, સોસાયટી, પવનચક્કી રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૨,* મો. ૮૨૦૦૩ ૫૨૦૬૬

# શ્રદ્ધાંજલિ



**સ્વ. આલ્બન જી. મેક્વાન**
પ્રમુખ, ગુ.કે. સમાજ-મુંબઈ
જન્મ: ૧૫-૧૦-૧૯૨૩
અવસાન: ૧૭-૦૧-૨૦૧૯



**સ્વ. થોમાસ ટી. મેક્વાન**
પ્રમુખ, ગુ.કે. સમાજ-મુંબઈ
જન્મ: ૩૧-૦૫-૧૯૩૩
અવસાન: ૧૯-૦૨-૨૦૧૯



**સ્વ. બાસિલ બી. પરમાર**
પ્રમુખ, ગુ.કે. સમાજ-મુંબઈ
જન્મ: ૧૦-૦૬-૧૯૫૩
અવસાન: ૦૮-૦૭-૨૦૧૭


ગુજરાતી કેથોલિક સમાજ-મુંબઈના સ્થાપક સભ્યો. જેઓએ મુંબઈમાં નિષ્ઠાપૂર્વક સમાજ સેવાની સુગંધ દૂર દૂર સુધી ફેલાવી, સામાજિક ઉત્થાનમાં સિંહફાળો આપ્યો એ વીર સેવકોને શત્ શત્ વંદન સાથે હાર્દિક શ્રદ્ધાંજલિ. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**ગુજરાતી કેથોલિક સમાજ - મુંબઈ**

# ભાવાર્દ શ્રદ્ધાંજલિ



**સ્વ. પુષ્પાબેન સી. શ્યામલ**
આલોક આગમન : ૧૨-૧૦-૧૯૩૮
પરલોક ગમન : ૧૦-૦૧-૨૦૧૫





**સ્વ. ચીમનલાલ ડી. શ્યામલ**
આલોક આગમન : ૩૦-૦૬-૧૯૩૯
પરલોક ગમન : ૨૯-૦૩-૨૦૦૯

પ્રભુ ઈસુમાં અતિ પ્રિય પપ્પા-મમ્મી, આપની જગવિદાયને વર્ષોનાં વહાણાં વહી ગયાં, પણ લાગે છે, હજી જાણે કાલની જ વાત છે ! વહાલા, પપ્પાજી હૃદયને આંચકો આપી ગયેલી આપની અચાનક વિદાયને દસ-દસ વર્ષ પૂર્ણ થઈ ગયાં, અને એકલવાયાં પાંચ વર્ષ ગાળી આયખાને આપના જ માર્ગે વાળી લેનાર વહાલી મમ્મીની વિદાયને પણ પાંચ વર્ષ પૂર્ણ થયાં. આપને યાદ કરી આપના આત્માની શાંતિ સાથે આપનો સમગ્ર પરિવાર પ્રેમતાંતણે સદૈવ ગ્રથિત રહે તેવી પ્રભુને પ્રાર્થના.

**આપના સતત સ્મરણમાં શ્વસતાં, આપનાં બાળકો**

*સી-૬, જીવન જ્યોત સોસાયટી, પેટલાદ*

# પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. અનિતા પાઉલભાઈ પરમાર

**જન્મ: ૦૫-૦૯-૧૯૭૪** **અવસાન: ૦૪-૦૩-૨૦૧૪**

**અ**મારી વ્હાલી લાડકી.

**નિ**ત તારી યાદ સતાવે છે...

**તા**રા વિના જીવતરમાં સૂનકાર લાગે છે.

તારો હસતો ચહેરો અમારી આંખો સામે હંમેશા તરવરે છે.
આંખો હજી નિહાળે તને, હૈયું હજી પુકારે છે તને.
જ્યારે જ્યારે તારું સ્મરણ થાય છે,
ત્યારે ત્યારે મન મૂકીને રડાવે છે અમને.
મન હજી માનતું નથી તું અમારી વચ્ચે નથી
ક્ષણે ક્ષણે યાદ તારી સતાવે છે અમને.

''પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તારી યાદમાં અને પ્રાર્થનામાં''

**લિ. મંજુલાબેન, નિરંજના (નીકી),**
**એન્થોની, જોય, એરોમી (ગુડ્ડીયા)**

*સત્યપ્રકાશ સોસાયટી, વૈશાલી સિનેમા પાછળ, જૂના ડુમરાલ રોડ, નડિયાદ*

# I.C.Y.M. SUMMER SPOKEN ENGLISH CAMP-2019

**APRIL-MAY, 2019** (ધોરણ ૫ થી ઉપરના વિદ્યાર્થીઓ માટે)

---

**આવો અને આપના અંદર રહેલી શક્તિઓને વિકસાવીને વેકેશનને સફળ બનાવો.**
**ધોરણ ૫ થી ૮ માટે કેમ્પનો સમયગાળો ૨૨ એપ્રિલથી ૧૨ મે સુધી. કેમ્પની ફી રૂા. ૨૨૦૦/–**
**ધોરણ ૯ થી કોલેજ માટે કેમ્પનો સમયગાળો ૨૨ એપ્રિલથી ૧૫ મે સુધી. કેમ્પની ફી રૂા. ૨૫૦૦/–**

- **ઈન્ટરવ્યુ :** તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૯ સવારે ૯ થી સાંજના ૫ વાગે સુધી.
- **સ્થળ :** કરમસદ યુથ ઓફિસ. સાથે ફી જમા કરાવવી.

**Spoken English માટેની જગ્યા : સંત પાઉલ મંદિર, કેથોલિક ચર્ચ માતર, તા. નડિયાદ, જિ. ખેડા**

## ફોર્મ મોકલવાનું સરનામું

**ફાધર વિક્રમ મહિડા : મો. ૯૭૧૪૭૬૨૯૭૯**

***યુથ ડાયરેક્ટર I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંત, લોયેલા હોસ્ટેલ, કેથોલિક ચર્ચ, કરમસદ***

**નોંધ :** મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોવાથી, આ કેમ્પ પૂરતું વહેલા તે પહેલાના ધોરણે ને અમલમાં મૂકવામાં આવશે.ફી ભરશે એનું જ એડમિશન થયું ગણાશે.

---

## I.C.Y.M. SUMMER SPOKEN ENGLISH CAMP - 2019
## APPLICATION FORM

Name : ____________________

Address : ____________________

____________________ City / Town : ____________ Pin code :____________

Contact Number : ____________________ Std : ____________________

Name of School/College : ____________________

Signature of the Applicant : ____________________

Parish: ____________________

Sign and Seal of the Parish Priest: ____________________

**નોંધ : આ ફોર્મ ભરી તા. ૦૫-૦૪-૨૦૧૯ પહેલા યુથ ઓફિસ કરમસદમાં મોકલી આપવું.**

# એકવીસમી પુણ્યતિથિએ પ્રેમાંજલિ



## બિપિનભાઈ આઝાદ

આલોકે આગમન : ૦૧-૦૬-૧૯૩૦

પરલોકે પ્રયાણ : ૧૫-૩-૧૯૯૮

**'આથી કહું છું ચિંતા છોડી લે ઈશ્વરનું નામ**
**સમજી લે તું એક જ વસ્તુ પૃથ્વી નથી સ્વધામ.'**
(સંદર્ભ : માથ્થી ૬: ૨૫-૩૩)

લેખક, કવિ અને અનુસર્જક સ્વ. બિપિનભાઈ આઝાદના જ કાવ્યથી તેમને પ્રેમાંજલિ અર્પીએ. પરમપિતા તેઓના આત્માને ચિરકાલીન શાંતિ બક્ષે.

**'તું છે સરજનહાર, પ્રભુજી, તું છે સરજન હાર...'**


બિપિનભાઈ આઝાદ એક સિદ્ધહસ્ત લેખક, કવિ અને અનુસર્જક હતા. તેમણે અનુસર્જન કરેલ 'પ્રભુને પગલે' (ધ ઈમિટેશન ઓફ ક્રાઈસ્ટ)માંથી થોડું ક ઊંડું મનન-ચિંતન કરી અનુસરણ અને અનુકરણ કરવા આ દિવ્યવાણીની અત્રે પ્રેમાંજલિ... 'ખ્રિસ્તાનુકરણનો માર્ગ અતિ સાંકડો છે'

**ઈસુખ્રિસ્ત : 'તું તારા અહમ્‌ને ત્યાગીને ખ્રિસ્તને પગલે ચાલ'**
**કેવળ ક્રૂસના ઉપાસકો જ મુક્તિ પામે છે.** ('પ્રભુને પગલે' પુ:૩:૫૬:૨)

જો તારે પરમ સત્યનું જ્ઞાન મેળવવું હોય તો તું મારી વાતોને માનજે !
જો તારે સંપૂર્ણ થવું હોય તો તું તારું સર્વસ્વ લોકોમાં વહેંચી દેજે.
જો તારે મારા શિષ્ય બનવું હોય તો તું તારા અહમ્‌નો ત્યાગ કરજે.
જો તારા સ્વર્ગનું દિવ્ય જીવન મેળવવું હોય તો દુન્યવી જીવનનો તિરસ્કાર કરજે.
જો તારે સ્વર્ગમાં જવું હોય તો આ દુનિયામાં તું નમ્ર બનજે.
જો તારે પરમ સુખી જીવન જીવવું હોય તો તું મારી સાથે સાથે ક્રૂસ ઉપાડીને ચાલજે,
કારણ કે ક્રૂસના સેવકો સિવાય અન્ય કોઈ સેવકો પરમાર્થ અને સત્યના પ્રકાશનો માર્ગ શોધી શકતા નથી.
(સંદર્ભ : માથ્થી ૧૬:૨૪-૨૬)

**પળે પળે કરીશ હું તો પ્રભુજીના ગાન, મારે કંઠે રમે એના સદાય ગુણગાન**

PAVAN HRUDAYA DOOT, March 2019 No. of Pages 64 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2018-20. Licensed to post without Prepayment Up to 31.12.2020
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.



# ચાલો... ચાલો... ચાલો...

# અંકલપુર કાલવારીના તીર્થધામે

## ભગવાન ઈસુની પીડામાં સહભાગી થવા અંકલપુરની

## ૬૩મી સામૂહિક યાત્રા

ક્રૂસના અવશેષને વંદન કરવાનું ચૂકશો નહીં

**તપઋતુનો પાંચમો રવિવાર તારીખ : ૭-૪-૨૦૧૯**

**પરમપૂજા**

સવારના ૦૬.૦૦ કલાકે પરમપૂજા (દેવળમાં)
સવારના ૦૭.૦૦ કલાકે પરમપૂજા (દેવળમાં)
સવારના ૦૮.૩૦કલાકે પરમપૂજા (મંડપમાં)
સવારના ૧૦.૦૦ કલાકે પરમપૂજા (મંડપમાં)
બપોરના ૧૨.૦૦ કલાકે પરમપૂજા (મંડપમાં)
બપોરના ૦૨.૩૦ કલાકે પરમપૂજા (મંડપમાં)




લિ. સ્નેહાધિન
અંકલપુર કાલવારીના ભક્તજનો, સાધ્વીબહેનો, ધર્મબંધુઓ, ધર્મગુરુઓ - આંકલાવ

Publisher's & Printer's Name : Antony Pitchai Vedamuthu, Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan